

॥ श्रीवल्लभ सर्वस्व ॥



શ્રીવલ્લભકુળ સમસ્ત પરિવારને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ...

श्री NAVIN ART GALLERY
ARTIST NAVIN K. PALECHAJANGIDE
09619590737 / 09610461924
[illegible] Apartment, A.G-2, Thakur Ram
[illegible] Rd., Dahisar [illegible] Mumbai - 68

॥ પુષ્ટિ મહારસ દેન ॥

- શ્રીબેઠકજીમાં શ્રીમહાપ્રભુજીની હાજરીની આપણા ઉપર અસર થાય છે.
- શ્રીબેઠકજીમાં સાનિધ્ય કેળવવું અઘરૂં છે, પણ રુચી કેળવવી પડશે.
- ૮૪ બેઠકજી જ્યાં શ્રીવલ્લભાચાર્યજીએ વ્રજધામ પધરાવ્યું છે.
- શ્રીબેઠકજીમાં ભક્તિભાવની વૃદ્ધિ એ જ ઉદ્ધાર - ભક્તિ સ્ફૂરીત થાય છે.
- શ્રીબેઠકજીમાં ૮૪ વૈષ્ણવોની શુધિ લેવા શ્રીવલ્લભનો નિત્ય નિવાસ છે.
- શ્રીબેઠકજીમાં શ્રીમહાપ્રભુજી સ્મરણ અને ચિંતનનું દાન કરે છે.
- ભૂતલ ઉપર અને ૮૪ બેઠકજીમાં જ્યાં આપ શ્રીવલ્લભાચાર્યજી પોઢયા છે ત્યાં આપનું શ્રીમસ્તક દામોદરદાસ હરસાનીજીની ગોદમાં રાખીને પોઢયાં છે. ભક્તવસ્તલ છે.
- શ્રીભાગવતજી તો પ્રથમથી જ બિરાજમાન છે. ૮૪ બેઠક જ્યાં આપ બિરાજીને શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરતાં. શ્રીમદ્ ભાગવત સર્વભોગ્યા ગ્રંથ હોય ત્યાં આસપાસના તિર્થરાજ, દેવી-દેવતાઓ, બ્રાહ્મણો, વિદ્વાનો, ગ્રામજનો આપશ્રીની ક્રાંતિથી આકર્ષાયને આપશ્રીના શ્રીમુખે શ્રીમદ્ ભાગવત કથારૂપી અમૃત રસનું પાન કરતાં અને શ્રીમદ્ વલ્લભને શરણે જતા.
- શ્રીબેઠકજીની આંતરગૃહ લીલામાં આપશ્રી વલ્લભાચાર્યજીએ શ્રીસુબોધીનીજીનું રસપાન કર્યું અને કરાવ્યું છે જ્યાં સારસ્વત કલ્પની શ્રીકૃષ્ણ લીલાના મધ્યપાતી દૈવીજીવો - નંદયશોદાજી સહિત સમસ્ત પરિકર પ્રકટ થઈને શ્રીવલ્લભસુધા રસનું પાન કરવા પધાર્યા છે.
- શ્રીબેઠકજીની આ લીલા આપશ્રીએ પોતાના દૈવીજીવો માટે ગુપ્ત રીતે પ્રકટ કરી અને આજેપણ આપશ્રીની ૮૪ બેઠકજીના પરીશરમાં નિત્ય ક્રમથી થઈ રહી છે. જ્યાં આપશ્રી વલ્લભ બિરાજીને રસવર્ષા વરસાવી રહ્યા છો. ત્યાં ૮૪-૨૫૨ વૈષ્ણવો સહિત આપનો સમસ્ત પરિકર પુષ્ટિસુધા રસનું પાન કરવા સદા આપની સન્મુખ જ રહે છે અને આપશ્રીની સેવા ટહેલ કરી રહ્યા છે.
- શ્રીબેઠકજીમાં ગદ્યમંત્ર બોલાવવામાં આવે છે અથવા તો વૈષ્ણવો બોલવાનો આગ્રહ રાખે છે તેનું કારણ શું હોઈ શકે ? શ્રીમહાપ્રભુજી સન્મુખ જીવ કબૂલે છે કે, ''મને હજુ સુધી આત્મનિવેદન ફલીત થયું નથી. લીલા પરત્વેનું અનુંસંધાન થયું નથી. સ્વરૂપ જ્ઞાન થયું નથી.'' અજ્ઞાન અવસ્થામાં થયેલું બ્રહ્મસંબંધને ફલીત કરવા માટે અથવા ફલીત થયું નથી એવી શંકાનું નિવારણ પોતાના શ્રીગુરુચરણ પાસે નિવેદીત કરી શકતા નથી અને અજ્ઞાન પણે સહજતાથી શ્રીબેઠકજીમાં શ્રીમહાપ્રભુજી સન્મુખ આપણી ભાવના પ્રકટ કરીએ છીએ.
- શ્રીઠાકોરજી અને ગોપીજનોની રસાત્મક લીલા સ્થલી એટલે વ્રજ ભૂમિ અને શ્રીમહાપ્રભુજી અને વૈષ્ણવોની રસાત્મક લીલા સ્થલી એટલે બેઠકજી.
- શ્રીબેઠકજીમાં ઝારીજી ભરતા : કહેવા છતાં પણ ન કહેવાય તેવી વાતો રહી જાય છે જે ઝારીજી દ્વારા પ્રકટ થાય છે. શરણાગત જીવથી મનમાં રહી ગયેલી ના કહેવામાં આવતી ભાવાત્મક ગૂઢ વાતનો ''ભાવરસ'' ઝારીજી ભરતા શ્રીમહાપ્રભુજીની સન્મુખ ગુપ્ત રીતે પ્રકટ થાય છે.

卐

|| શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ||

શ્રી પુષ્ટિકલા સાહિત્ય પ્રકાશન, ભરૂચ દ્વારા પંચમ પુષ્પ

|| श्रीवल्लभ सर्वस्व ||

|| ભજ સખી ભાવભાવીક દેવ ||

શ્રીપુષ્ટિમાર્ગીય ભાવાત્મક ઔર સિદ્ધાંતિક વિવેચન

ગોપાલદાસ રૂવાલા (ભરૂચ)

લેખન - મૂલ વિચારક - સંકલન - ચિત્રકાર એવં સંપાદક

પંડિત રમેશ ઉપમન્યુ (જતિપુરા)

સમન્વયાત્મક - વિવેચક

:: પ્રકાશક ::

શ્રી પુષ્ટિકલા સાહિત્ય પ્રકાશન, ભરૂચ, ગુજરાત

All Rights Reserved - 2013
© Shree Pushtikala Sahitya Prakashan
Bharuch (Gujarat)

Shree Vallabh Sarvaswa

Edited by : Gopaldas Ruwala

લેખન - મૂળવિચારક - સંશોધન-સંકલન-સંપાદક :
શ્રીગોપાલદાસ રૂવાલા

ચિત્રકાર-ફોટોગ્રાફી :
શ્રીગોપાલદાસ રૂવાલા

પ્રકાશન સ્થળ :
શ્રી પુષ્ટિકલા સાહિત્ય પ્રકાશન
૧૨૮, સરદાર શોપીંગ સેન્ટર,
શક્તિનાથ, ભરૂચ-૩૯૨૦૦૧
(ગુજરાત) ભારત.
મો.: ૦૯૩૭૭૫૫૪૦૨૮

પ્રકાશક :
શ્રી પુષ્ટિકલા સાહિત્ય પ્રકાશન
ભરૂચ, ગુજરાત.

પ્રથમ આવૃત્તિ : વલ્લભાબ્દ - ૫૩૬

ગ્રાફીક્સ ડીઝાઈનીંગ :
શ્રીજી ગ્રાફીક્સ
પાંતરાવાલા મોટર ડ્રાઈવિંગ સ્કૂલ સામે,
એ-૧/૩, પટેલ સુપર માર્કેટ, સ્ટેશન રોડ, ભરૂચ.
મો.: ૯૬૬૨૦૨૧૯૭૩

પ્રાપ્તિસ્થાન :

શ્રીમહાપ્રભુજી બેઠકજી
જિલ્લા પંચાયત કચેરી પાછળ,
સ્ટેશન રોડ, ભરૂચ-૩૯૨૦૦૧
ફોન : (૦૨૬૪૨) ૨૬૪૬૬૦

શ્રીવાક્પતિ ફાઉન્ડેશન
શ્રીબેઠક મંદિર, કેવડાબાગ,
વડોદરા - ૩૯૦ ૦૦૧
ફોન : (૦૨૬૫) ૨૪૩૪૯૫૫, ૨૪૩૫૫૪૩

શ્રી દિલીપભાઈ એ. પરીખ
ઘાટકોપર (East) મુંબઈ
મો.: ૦૯૩૨૪૦૧૦૩૮૭

શ્રી સુરેન્દ્રભાઈ શાહ
શ્રી પુષ્ટિ સાહિત્ય કેન્દ્ર
ઈ-૫૦૩, પુષ્પા હેરીટેજ, મહાવીર નગર,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૧
ફોન : (૦૨૨) ૨૮૬૩૨૩૯૬, મો.: ૯૮૩૩૨૭૨૩૮૩

શ્રી જગમોહન હરિપ્રિયાબેન અરોડા
હરિરાયજી વાચનાલય
શ્રી વિઠ્ઠલનાથજી મંદિર, નાથદ્વારા (રાજસ્થાન)

॥ श्री हरिः ॥
॥ श्री द्वारकेशो जयति ॥

गो. श्री व्रजेशकुमारजी महाराज
(शु.तृ. गृहाधिपति) कांकरोली.

स्थान : વડોદા

दिनांक : 17-06-2013

श्री गोपालभाई रुवाला

भरूच ।

श्रीमद् आचार्य चरण श्रीवल्लभाधीश के नाम, रुप और गुण सभी का भावात्मक संकलन, संप्रदाय के एतिहासिक स्थलों का आकलन और भगवत लीला की एवं भागवत की संगतियों का आलेखन आप के द्वारा श्रीवल्लभसर्वस्व के रुप में प्रकाश्य है वह भक्तिमार्ग के जिज्ञासू अभ्यासीयों को बहुत ही सानंद ज्ञान प्रस्तुत करने में साहयक होगा । यह एक सुंदर सुगठित और सचरित्र ग्रन्थ भक्तजनों के भावों में अभिवृद्धि कारक भी होगा, ऐसा हम अनुभव करते हैं ।

आपके इस श्रम के अनुसंधान में श्रीप्रभु आपको अनुग्रहीत करें यही हम उनसे अभ्यर्थना करते हैं ।

शुभाकांक्षी

गो. व्रजेशकुमार

गोस्वामी श्री व्रजेश कुमारजी महाराज
कांकरोली नरेश

पैलेस
श्री द्वारकाधीश मंदिर
कांकरोली - 313 324
फोन : 02952-230001, 230256
फेक्स : 02952-231100

श्री राजाधिराज मंदिर
राजाधिराज मार्ग,
मथुरा - 281 001.
फोन : 0565-2406372

श्री बैठक मंदिर
द्वारकेशबाग,
बडौदा - 390 001
फोन : 0265-2431461

श्री द्वारकाधीश मंदिर
बउआकी पोल, रायपुर चकला,
अहमदाबाद - 380 001
फोन : 079-22141537

॥ કૃપા સૌભાગ્ય ॥

શ્રી ઠાકોરજીને ત્યાં સર્વસ્વ છે. ચોસઠ કળાઓમાંથી કોઈપણ રીતે કળાનાં ખજાનાની ખોટ નથી. સમસ્ત અપૂર્વ રસરૂપ રીતે ક્ષેમકુશળ છે. પરંતુ એને પ્રાપ્ત કરવું (મેળવવું) જીવોનાં માટે અવશ્ય દુર્લભ છે. પરંતુ પ્રભુની (હરિની) સેવા કરનારાઓ માટે, વૈષ્ણવ કે જેમણે આચાર્ય-બાળક અને ગુરુસેવામાં યત્‌કિંચિત્‌ પણ વિશ્વાસ કર્યો હોય તો, એ અલભ્ય-અખૂટ ભંડારની ચાવી મેળવવી ખૂબ જ સરળ છે. આ વાત મારા અનુભવમાં પ્રત્યક્ષ છે. આપ મહાનુભાવોની કૃપા અને સહાનુભૂતિ પૂર્ણ ભાવનાઓથી પ્રેરિત થઈને આ ગ્રન્થ ‘શ્રીવલ્લભ સર્વસ્વ’ નામથી તૈયાર થયો છે. બધાના સ્નેહપૂર્ણ, સહૃદય સહયોગથી આ કાર્ય સિદ્ધ થયું છે.

શ્રી શુદ્ધાદ્વૈત શ્રી વલ્લભ સંપ્રદાય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ શ્રી – શ્રી ૧૦૮

ગો. શ્રી ડૉ. વાગીશકુમારજી મહોદયશ્રી (કાંકરોલી, વડોદરા)
ગો. શ્રી રવિકુમારજી મહારાજશ્રી (કાંકરોલી, વડોદરા, મથુરા, ભરૂચ)
ગો. શ્રી વ્રજાલંકારજી મહોદયશ્રી (નૈમીષકુમાર) (સુરત, ભરૂચ)
ગો. શ્રી કુંજેશકુમારજી મહોદયશ્રી (કડી-અમદાવાદ)
ગો. શ્રી મધુસૂદનલાલજી મહોદયશ્રી (શ્રીતિલકબાવા) (અમદાવાદ)
ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી (નાથદ્વારા - ઈન્દોર)

સંદર્ભ ગ્રંથ

● શ્રીવલ્લભાખ્યાન ● શ્રીવલ્લભદિગ્વિજય ● સંમ્પ્રદાયકલ્પદ્રુમ
● શ્રીગોકુલનાથજી કૃત ૮૪ બેઠક કો ચરિત્ર ● સૂર સર્વસ્વ
● નિ. લી. પૂ. પા. ગો. શ્રી શ્રી ૧૦૮ શ્રી રણછોડલાલજી મહારાજશ્રી રાજનગરવાળાના વચનામૃત
● મહાકવી વલ્લભદાસજી કા વાર્તા સાહિત્ય ● શ્રીસર્વોત્તમ સ્તોત્ર સચિત્ર વ્યખ્યા ● શ્રીનાથ રસોદધી

‘ભગવદીય’

પ.ભ. શ્રી ચંદ્રહાસભાઈ દેસાઈ (વડોદરા) ● પ.ભ. શ્રી અમિતભાઈ અંબાલાલ (અમદાવાદ)
પ.ભ. શ્રી સુભાષભાઈ પારેખ (મુંબઈ) ● રાકેશકુમાર રોહિતભાઈ મસાણી (શ્રીજી ગ્રાફીક્સ, ભરૂચ)

જેમણે મારી સંકલ્પ નૈયાને કિનારે લાવીને ઊભી કરી. આટલાં વિકટ કાર્યને સફળતા મળવામાં મારા હાથ ઉપરાંત બાળકોનાં સ્વરૂપમાં શ્રી વલ્લભે જ મારો હાથ પકડ્યો હતો અથવા સાક્ષાત્‌ શ્રી હરિએ જ મારો હાથ પકડ્યો હતો. પરંતુ એમણે જ મને હાથ પકડીને જ કિનારે આણ્યો. ઉપરોક્ત બાળકો અને ભગવદીય માટે હું ભાવવિભોર થઈને મારું હૃદય અને પ્રેમભાવ જ એમનાં ચરણોમાં મૂકી શકું છું. સમર્પિત થઈ રહ્યો છું.

-વિનમ્ર

અંતે, એટલું જ કહીશ કે, ‘હું કોઈપણ રીતે એમને લાયક નથી.’

।। श्री गोपीजन वल्लभाय नमः ।।

गोस्वामी श्री राजेशकुमारजी महाराजश्री
(कडी-अमदावाद)

श्री पुष्टिकला साहित्य प्रकाशन भरूच द्वारा पंचम पुष्प ''श्री वल्लभ सर्वस्व - भज सखी भावभाविक देव'' जो हमारे स्नेही श्री गोपालदास रुवाला (भरूच) के द्वारा संपादित इस ग्रंथ का शास्त्र-साहित्य प्रमाण एवं एतिहासिक संकलन लेखन का संपादन कार्य हो रहा है, ये बड़े ही आनंद एवं प्रसन्नता की बात है ।

हमारे संप्रदाय के परम विद्वान एवं अनुभवी पंडीत रमेशजी उपमन्यु (जतीपुरा) के द्वारा समन्वयात्मक-विवेचन हुआ है यह सभी ग्रंथ के पठन करता एवं अवलोकन करनेवाले सुज्ञजनो को श्रीमहाप्रभुजी के दिव्य चरित्र, मार्ग रहस्य, एतिहासिक तथ्य से माहितगार करने में सफल रहे है ।

आज के युग में गतिशीलता मानव मन को जब थका देती है, तब वह अपनी शांति, खोए हुए आनंद को पुनः श्रीआचार्य चरण के आश्रय से प्राप्त करता है ये सभी स्वकीय वल्लभीय जनो का निज अनुभव रहा है । ये ग्रंथ नाम धन्य है । इस प्रस्तुत ग्रंथ में जो भी साहित्य सामग्री, चित्र तथा और प्रस्तुति हुई है वो एक आदर्श विश्वविद्यालय के अभ्यास स्तर पर उच्च स्तरीय स्थान प्राप्त करने की क्षमता से उन्नत है । हमारी हार्दिक शुभकामना एवं आशीर्वाद इस प्रकाशन के अवसर पर देते हुए आनंद की अनुभूति हो रही है ।

शुभम्

गोस्वामी श्री राजेशकुमारजी महाराजश्री
(कडी-अमदावाद)
श्रीवल्लभधाम

''श्रीवल्लभधाम'', ३, पंचवटी सोसायटी, जयहिंद चार रस्ता, मणिनगर, अमदावाद



॥ प्राक्कथन ॥

श्रीमद् भागवत दशम उतरार्ध अध्याय ७८-७९ में श्री बलरामजी की तीर्थ यात्रा वर्णन है। आचार्यश्री को भारत या पृथ्वी परिक्रमा उसी रास्ते हो कर है । दो-चार तीर्थों का फर्क है । धर्म क्या है ? तदनुरूप आचरण दान करने को आचार्य श्री की ८४ बैठक यात्रा है । शास्त्रोक्त धर्म पालन करने से जीव को संतुष्टि होती है और परलोक सम्बन्धी परिणाम सुखकर होता है । महाप्रभुजी इससे कुछ ऊपर उठकर है । घर्म का जन्म ढाकुरजी के हृदय से हुआ है । भगवद् हृदय से उत्पन्न स्वारस्य रूप धर्म पालन से प्रभु भी संतुष्ट होने आवश्यक हैं । इसी उत्तर की सम्पूर्ति को श्री आचार्यचरण का अनुग्रह मार्ग है । अधिकृत अधिकार का नाम मार्ग या संप्रदाय है । संप्रदाय शब्द निजी अधिकार का सूचक है । किसी संकोर्ष चिंतन का इससे कोई लेना देना नहीं है । यदि ब्रह्म सर्व व्यापक होने से सबका है । परन्तु सेवा करने वालो का वह अपनाही है उसमें किसी का अधिकार नहीं अत: पुष्टिमार्गीय स्वरूप सेवा नितान्त अपनी निजी है । उसमें अन्यका समावेस असम्भव है । चाहे वे सेव्य स्वरूप आचार्यों के यहां बिराजे या किसी ब्रह्मसम्बन्ध परक भगवदीय के यहां । वहाँ निजत्व ही है । यह बात भागवतजी के दशम पूर्वार्ध से लेकर कुरुक्षेत्र मिलन तक सिद्ध होती चली गई है । जहां भगवत सेवा आचार्य परक नहीं होती वह भगवान सबका है । जहां आचार्य परक सेवा होती है वह भगवान केवल उसी का है जिसके माथे आचार्य आज्ञा या परम्परा से बिराजते है । इसमें किसी को किसी से विरुद्ध चिंतन का अधिकार नहीं है । यही शुद्ध विचार संरक्षणीय है । व्रज गोपियों द्वारा जो भगवद् सुख सोचा है वही चिंतन का मार्ग शुद्ध पुष्टिमार्ग है । श्रीमद् भागवत में जिसके द्वारा जो प्रश्न पूछे है, परिक्षित द्वारा शुकदेवजी से नारद द्वारा, ब्रह्माजी से विदुर द्वारा, उद्धवजी से विदुर द्वारा मैत्रेयजी से उद्धव द्वारा, कृष्ण से इनका समाधान कृष्ण सेवा में वृति रूप से मिलता है । पुष्टि पंथ का पुनर्विकास आचार्य द्वारा है । इसका शास्त्रोक्त बृहत्तम श्रृंगार श्री प्रभुचरण द्वारा है । इसकी सधन देख-रेख सात स्वरूपों (बालकों) से है । इसकी मकरन्द विस्तार श्री हरीरायजी से है ।

आचार्यश्रीने वेद-उपनीषद, व्यास, जैमिनी, कणाद, गौतम, कपिल का आधार प्रबल घोषित किया है । मायावाद निरास वृत्ति के लेए ये आधार स्तम्भ हैं । अभि अप्राप्य ''वेदवल्लभ ग्रंथ''में आचार्यश्रीने वैदिक धर्म/प्रबल धोषितकर सुबोधिनी प्रकट करी । भागवत प्रथम श्लोक के माध्यम में से ''गायत्री भाष्य'' प्रकट किया । ''श्रुतिगीता'' - पूर्वमीमांसा कारिका शास्त्रार्थ प्रकरण, भागवतार्थ प्रकरण, सर्व निर्णय प्रकरण, अणुभाष्य, अनुक्रमणिका (भागवत द. स्कंध) जो सुरदासजी को दी । भागवत एकादश स्कन्धार्थ निरूपण कारिका त्रिविध नामावली, भगवत्पीठीका, न्यासादेश, पत्रावलंबन, परिवृढ़ाष्टक, मधुराष्टक, षोडशग्रंथ, शिक्षाश्लोक, आपश्रीने ज्ञानपिपासुओं के लिए यह सब प्रगट किया । चौरासी वैष्णवों को सेवा रीत सहित पधराकर सानुभावता दान की । ब्रह्मसम्बन्ध मंत्र जो श्री गोकुलच्रन्द्रमाजी को अभीष्टथा । उससे विछुडे जीवों को प्रभु से मिलाया । यह जीव पुन: प्रभु से न विछुडें इसके लिए मारग रीत प्रगट करी । श्री गोवर्धनधर आप ही के स्वरूप है । श्री यमुनाजी व्रजलीलाकी अधिष्ठात्री है । ये आपने स्पष्ट बताया । श्री स्वामिनीजी की साक्षात्कारता अपने स्वरूप से प्रकट की । साथ में सेवा की रसरीत भी कृष्णसेवा में २४ अवतारों का रहस्य रहस्यमय ढंग से सेवा में संजोया ।

आचार्यश्री का मार्ग यद्यपि भक्ति मार्ग है । तथापि अन्य आचार्यों द्वारा भी भक्ति मार्ग है । इसे विपरीत मार्ग कह कर पुन: सबसे अलग धोषित होना पडा । जो पुष्टि से अन्य भक्ति मार्ग है वे अक्षर ब्रह्म तक की सरसता दान करने में सक्षम है । पुष्टिमार्ग परमानंद लीला तक पहुंचाने की सक्षमता वाला मार्ग है । इस में देह और लिंग देह दोनों की वासना निवृत्ति का तरीका है । वह भागवत धर्म है । यद्यपी और भी आचार्य एसे है । जिन्होने सेवक को सखी भाव सम्पन्नता के साथ निकुंज तक पहुंचाया है । परन्तु नंदालय की लीला का पक्ष कमजोर दिखाई देता है । यहां आचार्यश्री का नंदालय रास पंचाध्यायी से प्रारम्भ होता है । जो सेवक को प्रमेयबल के आधार परमिलता है ।

भगवत्पाद आचार्य शंकरने जिस युगमें अनाश्वर वाद तथा अनात्मवाद सूर्य अस्त किया था । उसके बाद भारत में प्रबल प्रकाण्ड पाण्डित्य का उदय हुआ । इस विचारधारा की पोषक विद्वान पं. लक्ष्मीधर (१२वी शदी) जीमूत वाहन (११वी शदी) सूर्यवाही वाचस्पति मिश्र - रधुनंदन मिश्री (१५ वी सदी का मध्य भाग) राजा वल्लभसेन (वलण) बंगाल के, आचार्य सायण विद्यानगर या विनयनगर के वेदभास्य कर्ता । मीथीला बिहार में श्री दत्त उपाध्याय चन्डेश्वर तथा सर्युपारेण, काशी के नन्द पंडीत (१६वी सदी) तक के पोषित जीवन को जो श्रमसूल ग्रसित ही था । उन की भूमि में जीस परमानन्द रहस्य को सरल से सरल जीवों को सुझाया उन श्रीवाक्पति को कौन नमन न करे गा ? जिन का ईतिहास आज उदयाचल से अस्ताचल तक नित्य नवीन रुप से दर्शनिय है । ''वन्दे बिमल हुताशं'' का चौरासी बैठक चरित्र श्रीमद् भागवत के दृष्टिकोण से देखा गया है । इस में कीसी को आपत्ती नहीं होनी चाहीए । आचार्य चरित्र इसी उत्कृष्टता से संबंधित है । अत: यथा मति प्रयास कीया है । पूज्य पाठक इसे अपना समझकर अपनायेंगे इसी आशा के साथे... 卐

विनित पं. रमेश उपमन्यु, व्रजधाम - जतीपुरा



॥ જો મુખ દેખ્યો સો મુખ છાપ્યો ॥

''શ્રીવલ્લભ સર્વસ્વ'' ગ્રંથ, શ્રીઆચાર્યજી મહાપ્રભુ - શ્રીવલ્લભકુલ સમસ્ત પરીવાર અને આપના કૃપાપાત્ર ભગવદીયોની અસીમ કૃપાથી પ્રગટ થયો છે. આપ મહાનુભાવીઓએ વલ્લભી સૃષ્ટિને ભક્તિનું પોષણ અને ભક્તિ દ્રઢ કરવા માટે પ્રમેયબળની કૃપા વર્ષાવવાની કોઈ કસર છોડી નથી.

કાયા અને માયાના પોષણમાં જીવન ક્યાં ગયું ? સમય આ વિચારવાનો આવી ગયો હોય તેવું લાગે છે. પુષ્ટિમાર્ગએ વિરહ-તાપ-ક્લેશ અને આતુરતાનો માર્ગ છે. ઊંડા ઉતરવામાં ભય લાગે છે. કોઈ અંદરથી લાવીને આપે તો કેવું સરસ. મનને ગમતું નહીં મારા વ્હાલાને ગમતું. મારા વ્હાલાને અર્પણ કરું અને મારો વ્હાલો પ્રસન્ન થઈ કૃપાનું દાન કરે, તો હર્ષ ભેર આપણે સૌ વલ્લભી વૈષ્ણવો આનંદોત્સવ મનાવીએ. પુષ્ટિમાર્ગ કોઈ એકથી નથી, અહીં સખી મંડળની મધ્યમાં શ્રીઠાકુરજી બિરાજે છે. પ્રથમ મંડળની રચના ગોપીજનો કરે છે પછી આપશ્રી ઠાકુરજી પધારે છે. આ નિત્યલીલાનો ક્રમ છે. ''મંડળ મધ્ય બિરાજત ગિરિધર સખી મંડળી સાથજી''

આ ક્રમનો અનુભવ આપણે સૌ વલ્લભી વૈષ્ણવો ''શ્રીવલ્લભ સર્વસ્વ'' ગ્રંથ પ્રગટ થઈ રહ્યો છે ત્યારે આનંદોત્સવથી માણી રહ્યા છીએ.

કોઈ એક કાંઈક કરીને મિથ્યા અભિમાનને વરે એ કેટલું સાચું હોઈ શકે ? આપણે સૌ વલ્લભી વૈષ્ણવો એક સાથે રહી સર્વાત્મભાવનો અંશતઃ તનીક વિચાર કરીએ. ''વલ્લભીસૃષ્ટિ''નો તો એક જ સાદ-નાદ છે, ''અમ સરખી તો અનેક દાસી પ્રભુ તમારી પાસ રે.''

કોઈ એકનું કાર્ય નથી, બધાનો સહયોગ અને વાંચન કરે તેનો પણ ઘણો મોટો સહયોગ છે. જેનાથી આપણા ''શ્રીવલ્લભ સર્વસ્વ'' સુખ પામે એજ આપણો સેવક ધર્મ છે. 卐

– દાસાનુદાસ ગોપાલદાસ રૂવાલા

॥ શ્રી મદાચાર્યચરણ કમલેભ્યો નમઃ ॥

સમર્પણ

પ.પૂ.શ્રી શ્રી ૧૦૮ ગો. શ્રી રાજેશકુમારજી મહારાજશ્રીનો

૬૧મો જન્મ દિવસ શુભ ષષ્ઠીપૂર્તિ મહોત્સવની શુભ મંગલ વધાઈ સહ ''શ્રીવલ્લભ સર્વસ્વ'' ગ્રંથ.

ગો.વા. શ્રીમતી સ્મીતાબેન ચંદ્રહાસભાઈ દેસાઈ (વડોદરા) પરિવારના

જય શ્રીકૃષ્ણ



બાપા

પ.ભ. ગોકળભાઈ વશરામભાઈ ઠુમ્મર
ગો.વા. સંવત ૨૦૨૬ મહાસુદ ૪ સોમવાર
તા. ૯-૨-૧૯૭૦ (મોટી પાનેલી)

મોટા બા

પ.ભ. રાણીબેન ગોકળભાઈ ઠુમ્મર
ગો.વા. સંવત ૨૦૫૦ જેઠસુદ ૧૫ ગુરૂવાર
તા.૨૩-૬-૧૯૯૪ (મોટી પાનેલી)

ગિરીરાજ એન્ટરપ્રાઈઝ-ભરૂચ.
૯૮૨૫૫ ૩૦૧૩૫

થર્મોટેક સિસ્ટમ્સ લી.
પરિવારના જય શ્રીકૃષ્ણ

ગો.વા. ગંગાબેન મૂળજીભાઈ પડીઆ
ગો.વા. મૂળજીભાઈ વલ્લભદાસ પડીઆ
જેતપૂર. (કાઠીનું)
પરિવારના જય શ્રીકૃષ્ણ



પ.ભ. મદનમોહનજી રમણલાલ
(અમદાવાદ)

પ.ભ. વિદ્યાબેન મદનમોહનજી રમણલાલ
(અમદાવાદ)

પરિવારના જય શ્રીકૃષ્ણ

ગો.વા.
શ્રી હરિલાલ હરગોવનદાસ પારેખ

ગો.વા.
શ્રીમતી જશોદાબેન હરિલાલ પારેખ

પારડી નિવાસી
સર્વ પરિવારના
જય શ્રીકૃષ્ણ

અંકલેશ્વરના
એક વૈષ્ણવના
જય શ્રીકૃષ્ણ

અ.સૌ. કામીનીબેન તપનભાઈ તોલાટ
(યુ.એસ.એ.)
પરિવારના
જય શ્રીકૃષ્ણ

વિમળાબેન ચંપકલાલ ગાંધી (ભરૂચ) પરિવારના જય શ્રીકૃષ્ણ

શ્રીરતનશીભાઈ જીવનભાઈ રાજા (મુંબઈ) પરિવારના જય શ્રીકૃષ્ણ

હંસાબેન નરેન્દ્રભાઈ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રીકૃષ્ણ

સ્વ. સવીતાબેન રતીલાલ દેસાઈ (ગોધરા) પરિવારના જય શ્રીકૃષ્ણ

પ.ભ. શ્રી દિલીપભાઈ પારેખ (મુંબઈ) પરિવારના જય શ્રીકૃષ્ણ

પ.ભ. કુંજબિહારી મનુભાઈ લીમડી (મુંબઈ) પરિવારના જય શ્રીકૃષ્ણ

ગો.વા. ઉર્મિલાબેન વસંતરાય સંઘવી - ગો.વા. હસુમતીબેન અંદરજીભાઈ મહેતા વતી
ડૉ. કલ્પના મહેશ સંઘવી (મુંબઈ) પરિવારના જય શ્રીકૃષ્ણ

ગં.સ્વ. કુસુમબેન જીવણલાલ શાહ (વડોદરા) પરિવારના જય શ્રીકૃષ્ણ

ગો.વા. કનૈયાલાલ દયાલજી પાટડીઆ : ગો.વા. વનીતાબેન કનૈયાલાલ પાટડીઆ (અમદાવાદ)
કમલેશભાઈ-પ્રીતિબેન-પદ્મનાભદાસ પરિવારના જય શ્રીકૃષ્ણ

શ્રી સુરેન્દ્રભાઈ શાહ - શ્રી પુષ્ટિ સાહિત્ય કેન્દ્ર (કાંદિવલી) પરિવારના જયશ્રીકૃષ્ણ

ગો.વા. ચંદ્રકાન્ત માધવજી ખંઘેડીયા - ગં.સ્વ. જયાબેન ચંદ્રકાન્ત ખંઘેડીયા (ધોરાજી)
પરિવારના જય શ્રીકૃષ્ણ

હિમાનશુ શેઠ, દેવેન્દ્રભાઈ ગાંધી, વિજય પરીખ, નિતીનભાઈ શાહ, કિશોરભાઈ શાહ,
અષેશ શાહ, ઉમેશ શાહ, નિલેશ શાહ, નિલેશ શેઠ, રિતેશ સાંચલા (ભરૂચ)ના જય શ્રીકૃષ્ણ

ગો.વા. કંચનગોરી બળદેવદાસ શાહ, ગો.વા. બળદેવદાસ પોપટલાલ શાહ (ધંધુકા)
પરિવારના જય શ્રીકૃષ્ણ

ગો.વા. મધુકાન્તાબેન રતીલાલ શાહ, ગો.વા. રતીલાલ મણીલાલ શાહ (ધંધુકા)
પરિવારના જય શ્રીકૃષ્ણ

અમદાવાદના એક વૈષ્ણવના જય શ્રીકૃષ્ણ

અ.સૌ. ઈન્દુબેન કિશોરભાઈ વસંત (નાગપુર) પરિવારના જય શ્રીકૃષ્ણ

ગો.વા. કૃષ્ણકાંત રતનલાલ દલાલ (સુરત) પરિવારના જય શ્રીકૃષ્ણ

ગો.વા. નિર્મળાબેન તથા ગો.વા. ગોવિંદજીભાઈ માધવજીભાઈ તન્ના (કેશોદ, મસ્કત)
પરિવારના જય શ્રીકૃષ્ણ

પ.ભ. દિપકભાઈ દલાલ
(ભરૂચ)
પરિવારના
જય શ્રીકૃષ્ણ



ગો.વા. ઈશ્વરલાલ જયકિશનદાસ શાહ
ગો.વા. હીરાબેન ઈશ્વરલાલ શાહ
(બહુધાનવાલા)
પરિવારના જય શ્રીકૃષ્ણ



।। વિષય સૂચી ।।

પ્રાત:સ્મરણ : ● આશીર્વચન ● કૃપા સૌભાગ્ય ● પ્રાક્કથન ● જો મુખ દેખ્યો સો મુખ છાપ્યો

પહેલું તરંગ : ● શ્રી આચાર્યજીનું પ્રાગટ્ય ● અથ શ્રીવલ્લભાચાર્ય બાલલીલા ચરિત્ર વર્ણનમ્ ● શ્રીકૃષ્ણ: શરણં મમ ● શ્રીમહાપ્રભુજીનો વિવાહખેલ ● પુષ્ટિમાર્ગના પાંચતત્ત્વ અને પંચામૃત ● શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના પ્રથમ સેવક દામોદરદાસ હરસાની ● કીર્તન મંડળી ● શ્રીમહાપ્રભુજીનો આશ્રય ● શ્રીમહાપ્રભુજીના આશ્રિત જીવો

બીજું તરંગ : ● શ્રીબેઠકજી ● શ્રીબેઠકજીમાં રસલીલાનો આનંદ ● ૮૪ બેઠક ● શ્રીમહાપ્રભુજીની પૃથ્વી પરીક્રમા ● 'સેવા' મારગરીતી દિખાઈ પ્રગટ વ્હે ● શ્રીમહાપ્રભુજીના ચોતરાજી ● છોકર-સમીવૃક્ષ ● શ્રીબેઠકજીમાં ગાદીજી ● શ્રીઆચાર્ય તિલક ● શ્રી મહાપ્રભુજીનો શૃંગાર ● શ્રીમહાપ્રભુજીના ધોતી-ઉપરણા ● શ્રીમહાપ્રભુજીના કેશ ● શીખા ● યજ્ઞોપવિત ● કંઠી ● શ્રીમહાપ્રભુજીના ચરણ ● શ્રીમહાપ્રભુજીના પાદુકાજી

ત્રીજું તરંગ : ● શ્રીબેઠકમાં સેવા ટહેલ ● સેવા ગોપીજનની ● શ્રીબેઠકજીમાં ઝારીજી ● શ્રીબેઠકજીમાં ભોગ ● મીશ્રી ● શ્રીમદ્ ભાગવત ● વ્રજયાત્રા ● સંધ્યાવંદન ● શ્રીમહાપ્રભુજીના શ્રીહસ્તમાં ગો-મુખી ● જપની માળાજી ● ગો મુખી ● જપ કરવાની રીત ● કંઠીનું મહાત્મ્ય ● શ્રીઆચાર્યજી યજ્ઞકર્તા ● શ્રીબેઠકજીમાં પીછવાઈ ● ચંદરવો અને ટેરો ● શ્રીમહાપ્રભુજીના શૈયા મંદિર ● શ્રીબેઠકજીમાં ઝૂલા-પલંગડી ● શ્રીબેઠકજીમાં ઉત્સવ પ્રણાલિકા ● શ્રી બેઠક મંદિર (ગૃહ)માં પ્રવેશ કરવાના નિયમ ● શ્રીઆચાર્યજીના ગુપ્ત બેઠકજી ● શ્રીવલ્લભાચાર્યજી કે શ્રીહસ્તાક્ષર ● શ્રીમદ્ શ્રીવલ્લભાચાર્યજી વિરચિત ગ્રન્થો ● શ્રીવલ્લભનો અસ્પર્શયોગ ● શ્રીવલ્લભાચાર્ય નિજધામગમન ● શ્રીવલ્લભની સૃષ્ટિ ● શ્રીમહાપ્રભુજીને વ્હાલા 'જે જનજાતિ કોઈ હોય રે' ● શ્રીવલ્લભદર્શન ષટ્ક વિભૂતી ● શ્રીવલ્લભકુલના વચનામૃત.

ચોથુ તરંગ : ● શ્રીસર્વોત્તમ નામાવલી ● શ્રીઆચાર્યજીના અલૌકિક ૧૦૮ નામ (સચિત્ર)

પાંચમું તરંગ : ● વ્રજના ઠાકોર ● શ્રીવલ્લભાધીસ ● ૧૩૫ વર્ષ પૂર્વેની વ્રજભૂમિ (સચિત્ર)

છઠુ તરંગ : ● શ્રીમદ્ અખન્ડભૂમન્ડલાચાર્યવર્ય ● શ્રીમદ્ વલ્લભાચાર્યજીની ૮૪ બેઠકનું ચરિત્ર વર્ણન (સચિત્ર) ● સમન્વયાત્મક શ્રીમદ્ ભાગવત સંગતી ● સમન્વયાત્મક કીર્તન સંગતી ● શ્રીવલ્લભપ્રભુ કરૂણા સાગર.

અનુગ્રહમાં હેતુ.....



॥ શ્રીવલ્લભાધીશજી ॥

સેવા કી યહ અદ્‌ભુત રીતિ । શ્રીવિઠ્ઠલેશ સોં રાખેં પ્રીતિ ।
શ્રીઆચાર્યહિં પ્રગટ બનાઈ । કૃપા ભઈ તબ મન મેં આઈ ।।
સેવા કૌ ફલ સેવા પાવૈ । 'સૂરદાસ' પ્રભુ હૃદૈ સઁમાવૈ ।।

|| શ્રી હરિઃ ||

સ્વસ્તિશ્રી શ્રીમત્ કુલદેવાધિદેવ શ્રીમદ્ ગોવર્ધનનાથમુખપદ્મ
પરાગાનુરક્ત માનસેષુ અસ્મન્મનોવિહઙ્ગમવિશ્રામકલ્પવૃક્ષેષુ
શ્રીમદ્ ભગવદાસ્યાવતાર અખંડ ભૂમંડલાચાર્ય જગદ્ગુરુ
શ્રીમદ્ વિષ્ણુસ્વામી મતાનુવર્તિ શુદ્ધાદ્વૈત સાકારબ્રહ્મવાદસ્થાપકો
પુષ્ટિભક્તિમાર્ગસંપ્રદાયાચાર્ય અનંતશ્રીવિભૂષિત
શ્રીમદ્ વલ્લભાચાર્ય ચક્રચૂડામણિઃ
શ્રીમહાપ્રભુ શ્રીવલ્લભ દીક્ષિત

શ્રીવલ્લભાધીશો

વિજયતેતમામ્...
વિજયતેતમામ્...
વિજયતેતમામ્...



સૌજન્ય : અમિત અંબાલાલ, અમદાવાદ.

શ્રીવૃન્દાવન ચંદ મુખરુચિ, અગ્નિ તે અવતાર ।
દ્વિજતીલક ત્રિભુવન નામ નિરુપમ રુપ અંગીકાર ।।૪।। (વલ્લભાખ્યાન-૨)

''શ્રીવૃન્દાવનચંદ્રપ્રભુના શ્રીમુખની કાન્તિ, અગ્નિના તેજ પુંજ સમાન બ્રાહ્મણોના શિરોમણિરૂપ છે. તેને ત્રણે ભૂવનમાં કોઈની ઉપમા આપી શકાય તેમ નથી તે શ્રીકૃષ્ણાનન દ્વિજવરાવતાર શ્રીવલ્લભરૂપે પ્રકટ થયા છે.

॥ શ્રી આચાર્યજીનું પ્રાગટ્ય ॥

॥ અથ શ્રીવલ્લભાચાર્યપ્રાદુર્ભાવવર્ણનમ્ ॥

સાહિત્ય, સંગીત અને કલાની સંગમ સ્થલી દક્ષિણ ભારતમાં ઉમડ-ઘુમડ કરતી વહેતી કૃષ્ણા નદીના દક્ષિણ ભાગમાં ત્રિલિંગ નામનો એક પ્રદેશ છે આ પ્રદેશના કાંકરવાડ નામના ગામમાં તૈલંગ જાતિ-જ્ઞાતિના એક બ્રાહ્મણ મોટા ભગવદીય, યજ્ઞકર્તા તથા પારલૌકિક સુખ પ્રાપ્ત્યર્થ પ્રભુ ચિન્તનમાં સતત પરોવાયેલા હતા. એમના જ સમાજમાં વેલ્લનાટ પરિવાર અન્તર્ગત વૈષ્ણવ ધર્માનુયાયી પરાત્પર પ્રભુ શ્રીકૃષ્ણ ચરણાનુરાગી શ્રીગોવિન્દાચાર્ય નામના એક મહાન વ્યક્તિનો ઉદય થયો. એમના પુત્ર વલ્લભ દિક્ષીત અને પૌત્ર યજ્ઞનારાયણ હતા. યજ્ઞનારાયણજીએ સુધર્મા બ્રાહ્મણની પુત્રી નર્મદા નામની કન્યા સાથે વિવાહ કર્યો અને દ્રવિડ દેશના વિષ્ણુમુનિ પાસે શ્રીગોપાલ મંત્રની દીક્ષા ગ્રહણ કરી મદનમોહનજીના સ્વરૂપ અર્ચનની સાથે સોમયજ્ઞોનો શુભારંભ કરી દીધો. આથી પ્રભુ મદનમોહનજીએ પ્રસન્ન થઈને વરદાન આપ્યું કે, ''સો સોમયજ્ઞ પૂરા થયાથી હું તમારા વંશમાં પુત્ર રૂપથી પ્રગટ થઈશ.'' યજ્ઞનારાયણજીએ આજીવન બત્રીસ (૩૨) સોમયજ્ઞ પૂરા કર્યા. એમના પુત્ર શ્રી ગંગાધર ભટ્ટજી સોમયાજી થયા. આપે તિરુમલ્લ ભટ્ટની કન્યા કાંચીથી વિવાહ કર્યો. આપે અઠ્ઠાવીસ (૨૮) સોમયજ્ઞ કર્યા અને ''મીમાંસા રહસ્ય'' નામનો ગ્રંથ લખ્યો. એમના પુત્ર ગણપતિ ભટ્ટજીએ કેશવ ભટ્ટની અમ્બિકા નામની કન્યા સાથે વિવાહ કરી ત્રીસ (૩૦) સોમયજ્ઞ કર્યા. આપે ઘણા વિદ્વાનોથી શાસ્ત્રાર્થ પણ કર્યા અને ''સર્વતન્ત્ર નિગ્રહ'' નામના ગ્રંથની રચના કરી. એમના પુત્ર શ્રીવલ્લભ ભટ્ટ થયા. આપનો વિવાહ કાશીનાથ ભટ્ટની પૂર્ણા નામની કન્યાથી થયો. આપે આપના જીવન કાલ દરમ્યાન પાંચ (૫) સોમયજ્ઞ કર્યા. એમના બે પુત્રોમાં પ્રથમ શ્રીલક્ષ્મણ ભટ્ટજી અને બીજા શ્રીજનાર્દન ભટ્ટ હતા. લક્ષ્મણ ભટ્ટનો જન્મ સંવત ૧૫૧૦માં થયો એવું માનવામાં આવે છે. આપે સુશર્મા નામના બ્રાહ્મણની પુત્રી ઈલ્લમાગારુ નામની કન્યા સાથે વિવાહ કર્યો. આપના પુત્ર રામકૃષ્ણ અને સરસ્વતી-સુભદ્રા બે પુત્રીઓ થઈ. એ પછી આપે સન્યાસ ગ્રહણ કરવાનો પાક્કો વિચાર કરી લીધો અને તીર્થ યાત્રાના બહાને ઘરમાંથી નીકળી ગયા. જનાર્દન ક્ષેત્રમાં જઈને પ્રભાકર નામના મહાત્માની સેવા કરવા લાગ્યા. પ્રભાકર મહાત્માએ એમને સંન્યાસ આપવાની ના પાડી દીધી


શ્રી યજ્ઞનારાયણ ભટ્ટજી


શ્રી ગંગાધર ભટ્ટજી


શ્રી ગણપતિ ભટ્ટજી


શ્રી વલ્લભ ભટ્ટજી

અને કહ્યું કે, ''તમારે ત્યાં પ્રભુનો અવતાર થશે.'' આ આજ્ઞાની અનુસાર લક્ષ્મણ ભટ્ટ પોતાના ઘરે પાછા આવી ગયા અને પાંચ સોમયજ્ઞને પૂરા કરી દીધી અને તરત જ શ્રીગોપાલ મંત્રનો જાપ કરવાનો શરૂ કરી દીધો. એક દિવસ સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુ શ્રીકૃષ્ણએ પ્રગટ થઈને પુત્ર રૂપમાં અવતરિત થવાની સૂચના આપી અને સાથે સાથે પોતાની માલા અને તામ્બૂલ પણ પ્રદાન કર્યા (આપ્યા).

ત્યાર પછી કૌડિન્ય ગોત્રી શંકર દિક્ષિત નામના એક વિદ્વાન એમની પાસે આવ્યા અને યાત્રા કરવાની વાત કહી. લક્ષ્મણ ભટ્ટ પોતાનું ઘર-બાર જનાર્દન ભટ્ટને સોંપીને યાત્રાએ નીકળ્યા. આમ ફરતા ફરતા સં. ૧૫૩૩ પૌષ માસની અમાવાસ્યાએ પ્રયાગ પહોંચ્યા. ત્યાર પછી કાશી અને કાશીથી ગયા ક્ષેત્ર પહોંચી પાછા કાશી આવ્યા. થોડા દિવસ પછી યવન સેનાનું આક્રમણ સાંભળી લક્ષ્મણ ભટ્ટ પોતાની ગર્ભવતી ઈલ્લમાગારુને સાથે લઈ કાશીથી ઘણા દૂર નીકળી ગયા.

મધ્ય પ્રદેશના રાયપુર જીલ્લામાં ચમ્પારણ્ય નામના વિશાળ વનમાં થઈને જ્યારે લક્ષ્મણ ભટ્ટ જઈ રહ્યા હતા ત્યારે અકસ્માત ધર્મપત્ની ઈલ્લમાગારુના ઉદરમાં પ્રસવ વેદના ઉત્પન્ન થઈ અને તેજ સમયે એક શમીવૃક્ષની નીચે આઠ માસના બાળકનો જન્મ થયો. સંવત ૧૫૩૫ (ચૈત્ર-વૈશાખ) કૃષ્ણ એકાદશી એ અહીં આ બાલકનો જન્મ થયો અને ત્યાં શ્રી ગોવર્ધન પર્વત ઉપર શ્રીનાથજીના સ્વત: મુખારવિન્દના દર્શન થયા. એટલા માટે શ્રીવલ્લભાચાર્ય ''વદનાવતાર'' કહેવાયા. બાળકમાં અતીવ ગાંભીર્યને કારણે કોઈપણ પ્રકારનું હલન-ચલાન ના જણાતા મૃત સમજીને ઘોર અંધકારમાં બંને પતિ-પત્ની વૃક્ષની બખોલમાં શિશુને પાંદડાથી ઢાંકીને આગળ નીકળી ગયા અને ચૌડા નામના નગરમાં વિશ્રામ કરવા લાગ્યા. ત્યારે સ્વપ્નમાં ભટ્ટજીને આજ્ઞા થઈ, ''મારું પ્રાગટય મારી સ્વઈચ્છાએ થશે. જેથી તમો ફરીથી ચંપારણ્યમાં આવો.'' ત્યારે પાછા ફરીને ચમ્પારણ્યમાં તે બાળકને શોધવા લાગ્યા, અચાનક તેમણે જોયું કે શમી વૃક્ષની નીચે એજ નવજાત શિશુ રમી રહ્યો છે અને ચારે બાજુ અગ્નિનો કુંડ બનેલો છે. અગ્નિ ચક્રની મધ્યમાં તે તેજસ્વી બાળકની સુંદરતા જોવાથી જ બનતી હતી. માતા ઈલ્લમાગારુનું હૃદય દ્રવિત થઈ ગયું અને સાથે સ્તનોમાંથી દૂધની ધારા વહેવા માંડી. માતાએ આગળ વધી પુત્રને ગોદમાં ઉઠાવી લીધો. સળગતી અગ્નિની જ્વાળાએ પણ માર્ગ આપીને ''મા''નું સ્વાગત કર્યું. આગળ ચાલીને આ બાળક અપૂર્વ તેજસ્વી, અનુપમ ચરિત્ર, પરમગુણાલંકૃત, અદ્ભુત સંત, શ્રીકૃષ્ણ ભક્તિની સુધાધારાના પ્રવાહક, પતનોન્મુખ ભારતના સમુદ્ધારક તથા પુષ્ટિ સૃષ્ટિના દિવાકર શ્રીવલ્લભાચાર્ય અને આપણા ''શ્રીવલ્લભ સર્વસ્વ''. 卐







॥ શ્રી વલ્લભચાર્યજીની જન્મ કુંડલિકા ॥

વિબુધેશ્વર શ્રી વલ્લાભાચાર્યજી ભૂતલપર પ્રકટ થયા તે વખતે વિવિધ પ્રકારનાં વાજીંત્રો વાગવા લાગ્યાં. વૃન્દાવન ચંદ્ર શ્રીવલ્લભ સર્વ પ્રિય હોવાથી ભક્તોને નિર્ભય સૌભાગ્ય પ્રાપ્ત થયું. તેઓના હર્ષનો પાર એમ ન રહ્યો કે, હવે માયાવાદરૂપી પાખંડ ધર્મ દૂર થશે અને આપણા કલ્યાણનો દિવસ નિકટ આવશે એવું માંગલિક વિચારતા શ્રી વલ્લભનું ગાન કરવા લાગ્યા.

એવી જન્મ સમયની વધાઈયો ગાયા પછી ભક્ત કવિઓ સોહાગથી મંગલરૂપ સોહીલા ગાય છે તમાં વેદોચ્ચાર કરી રહેલા બ્રમ્હણો, તોરણમાલા, પુષ્પ વૃષ્ટિઓ, કદલી સ્થંભો, મંગલ કલશો, યાચકોની મનેચ્છા પૂર્ણ થઈ રહી છે, અને અનંત ભક્તો ઈચ્છા મુજબ પ્રાણેશને અશિર્વાદ આપી રહ્યા છે. તે સર્વ વર્ણન સોહીલા ગાતાં કરે છે. એ પ્રમાણેની અપરિમિત આનંદ ધ્વનિ સાંભળી અંતરિક્ષ દેવો દુંદધિનાદ સાથે, કુસુમ વાર્ષાવી રહ્યા છે. અને ગર્ગાચાર્યજી જન્મોત્રિ નામ કરણાદિ કરી પરમાનંદ વર્તાવી રહ્યા છે. તેવું જ શ્રીદ્વારકેશલાલજી મહારાજે જન્મપત્રિકા સહિત જન્મ સમયનું પદ કરેલું છે- તેનું સ્વરસ્ય અને જન્મ કુંડલિકા અત્રે દર્શનાર્થ દાખલ કરેલી છે.

राग : सारंग (गोस्वामी श्रीद्वारकेशजीमहाराज कृत जन्मपत्रिका गर्भितपद)

तत्व गुणबाँण भुवि माधवासित तरणि प्रथम सौभग दिवस प्रकट लक्ष्मणसुवन ।। धन्य चंपारण्य मन्य त्रैलोक्य जन अन्य अवतार भुरि होय हे न एसो भवन ।।१।। लग्न वसु कुंभ गति केतु कवि इन्दु सुख मीन बुध उच्च रवि वैरि नाशैं ।। मंद वृष कर्क गुरु भोम युत तम सिंध योग ध्रुवकरण व यश प्रकाशै ।।२।। ऋक्ष घनिष्ठा प्रतिष्ठा अधिष्ठान स्थित विरह वदनानलाकर हरिको । यहि निश्चय द्वारकेश इनके शरण और को श्रीवल्लभाधीश सरको ।।३।।

તે પદમાં વિધિવત વૃતાન્ત છે. સંવત ૧૫૩૫ના વૈશાખ (ચૈત્ર) વદી ૧૧ ને રવિવારે ચંપારણ્યમાં શ્રીલક્ષ્મણભટજીના પુત્ર પ્રકટ થયાં, જેથી ત્રણેય લોકમાં ચંપારણ્ય ભાગ્યશાળી ગણાયું. શ્રી મહાપ્રભુજી જેવો કોઈ અવતાર થયો નથી અને બીજો છે પણ નહી, એમનું જન્મ લગ્ન વૃશ્ચિક હતું ચોથે કુંભરાશીમાં ચંદ્ર, શુક્ર અને કેતુ હતા, પાંચમે મિન રાશીમાં બુધ હતો છઠે મેષરાશીમાં ઉચ્ચમ સૂર્ય હતો કે જેથી વૈરિઓનો નાશ થાય. સાતમે વૃષભ રાશીમાં શનેશ્વર હતો, નવમે કર્ક રાશીમાં રાહુ હતા કે જેથી યશનો પ્રકાશ થાય. શ્રીવલ્લભપ્રભુનો જન્મ ધનિષ્ઠા નક્ષત્રમાં હતો, શુભ યોગ બવકરણ અને રાતની ગતઘડી ૬-૪૪ પળે.

ઉપર મુજબ સર્વ રસિક ભાગ્યવાનને અલૌકિક દર્શન થયાં તેમાંનું કર્મષ્ઠને કંઈજ સુખ નથી એ પ્રમાણે "मायावाद करिन्द्र दर्पलने नास्यन्द राजोद्दत" શ્રી મદ્‌વલ્લભ પ્રભુજી આસુરી જીવોના મદને અને તદજન્ય અજ્ઞાન રૂપી અંધકાર પોતાની ચંદ્રસમી તેજસ્વિ કાન્તિ વડે નાશ કરશે એમ જાણી દૈવિયો નાચગાનાદિ મંગલ મહોત્સવ નિ:શંક પણે કરવા લાગ્યા. પ્રકાશક અજવાળું કરવામાં આચાર્ય મહત્તા હોતી નથી પરંતુ અંધકારમાં પ્રકાશ કરે એ પ્રભુના અવતાર રૂપે આચાર્ય ગણાઈ શકે, એટલે જ શ્રી આચાર્યજી કૃષ્ણ પક્ષમાં પ્રગટ થયા છે અને સદા સર્વદા આપશ્રી અલૌકિક દર્શન નો અલભ્ય લાભ મળે જે જ, પરંતુ જીવોનો અધિકાર પ્રમાણે અનુગ્રહ થાય.

卐 ॥ श्रीकृष्णाय नमः ॥ 卐

॥ अथ श्रीवल्लभाचार्याणां जन्मपत्रिका ॥



अब्दे कुंत्यात्मजातांधकरिपुनयनेऽष्वब्जत्त्के वसोर्भे कृष्णेऽर्के माधवेऽऽभूत्स हरिशुभदिने कौर्प्य आविर्भवेऽन्हि वैरिस्थऽर्यम्णि याने शशिनि कवियुते ह्यात्मजे ज्ञऽस्तसौरौ धर्मे भौमे सजीवे तमसि गगनगे श्रीहरिर्वल्लभोऽग्निः १ अब्दे पांडववन्हिबाणकुमिते राधाऽसितैकादशी वस्वाक्षार्किबवे शुभे वृषशनौ रहौ च खे ज्ञे सुते कर्के सारगुरावलावजरवौ कुंभे च चंद्रे कबौ श्रीमद्वल्लभनामधाम जगदुद्धारार्थमेवाजनि २ संवत् १५३५ शके १४०० वैशाखकृष्ण ११ रबौ धनिष्ठानक्षेत्रे शुभयोगे बबकरण एवं पंचांगे श्रीदिनगतसमस्तरात्रिगतघट्यः ६ पलानि ४४ समये वृश्चिकलग्ने श्री ६ श्रीवल्लभाचार्यजी-प्राकट्यम्-स्थितिवर्ष ५२ मास २ दिन ७ पर्यंतम् संवत् १५८७ आषाढशुक्ल ३ दिन अंतर्धानम्.

॥ શ્રીકૃષ્ણ: શરણં મમ ॥

શ્રીઠાકોરજી જ્યારે ખેલવાને માટે વ્રજમાં પધારે છે, ત્યારે ક્યારેક બાલક્રીડાના સુલભ આનંદમાં શ્રીયશોદા મૈયાની યાદ આવે છે અને એ બાલક્રીડાના આનંદને છોડીને પાછા શ્રીયશોદા મૈયાની પાસે આવે છે. આ સમયે વારંવાર વિવિધ સ્વરોમાં વિવિધ ભાગ ભૃંગીમાં 'મા' ''મૈયા-મૈયા'' કહીને માની ગોદમાં જઈને માના ગળે (કંઠે) વળગી પડે છે અને મૈયાનું ક્યારેક વાત્સલ્ય વસ મુખ ચુંબન કરે છે.

એ સમયે શ્રીયશોદાજીને કૃષ્ણની આ વિનમ્ર ભાવ સંપન્ન બાળલીલા જોઈને સહજમાં અષ્ટાક્ષર ।।શ્રીકૃષ્ણ: શરણં મમ।।ની સ્મૃતિ થાય છે. અગર મારો પુત્ર ''હે કૃષ્ણ ! તું આવો જ છે તો તારા શરણમાં જ મારું જીવનનું સર્વસ્વ છે. તારુ શરણ જ મને જન્મો જન્મ મળે.'' આ ભાવનાથી અષ્ટાક્ષરનો સૌંદર્ય બોધ કૃષ્ણમય થાય છે. શ્રીકૃષ્ણમાં અને અષ્ટાક્ષરમાં કોઈ ફર્ક નથી.

''શ્રીસુબોધીનીજીમાં અષ્ટાક્ષરની ભાવના શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરી છે.''

શ્રીસ્વામિનીજીએ માન કર્યું અને શ્રીવલ્લભે આપને કોમલ વચનથી આપની ભ્રમણા દૂર કરી અને પછી મનાવીને શ્રીઠાકુરજી પાસે પધરાવ્યા ત્યારે શ્રીસ્વામિનીજીએ કહ્યું કે, ''હે ! કૃષ્ણ હું તમારી છું'' અને બે હાથ જોડીને વિનંતી કરતા પ્રભુએ પ્રસન્નતાથી તેમને પોતાની બાજુમાં પધરાવ્યા. આમ યુગલ સ્વરૂપની પ્રસન્નતા નિરખીને ઠાડા રહેલા શ્રીવલ્લભે ''શ્રીકૃષ્ણ: શરણં મમ'' (શ્રીસ્વામિનીજી સહિત શ્રીકૃષ્ણ મારું શરણ છે) તેમ કહ્યું. આમ, શ્રીવલ્લભના પ્રાકટયની સાથે ગોલોક ધામમાં શ્રીપંચાક્ષર અને શ્રીઅષ્ટાક્ષર મંત્ર પ્રગટ થયા. શ્રીવલ્લભની પ્રથમ બેઠક ગોલોક ધામમાં છે અને ત્યાં જવાનો મારગ હરિ-ગુરૂ-વૈષ્ણવની કૃપા વિના પ્રાપ્ત નથી. 卐



॥ અથ શ્રીવલ્લભાચાર્યબાલલીલાચરિત્રવર્ણનમ્ ॥

श्री वल्लभ व्रजचंदकी, लीलाका अनुकर्ण । करत भये मुनि वर्षके, तात मात मन हर्ण ॥

લક્ષ્મણભટ્ટજીએ સુખપૂર્વક કાશીમાં આવી પોતાના જુના ઘરમાં નિવાસ કરીને જે બ્રહ્મભોજનરૂપી સત્ર અવશેષ રહ્યો હતો તે ચલાવવા માંડ્યા અને દંપતિ પોતાના સુંદર અને આનંદના સમૂહરૂપ પુત્રનું લાલન પાલન કરીને સુખનો અનુભવ કરવા લાગ્યાં. શ્રીમહાપ્રભુજી પણ બાળલીલાના મિષથી પોતાના પ્રભાવના અનેક પ્રકારના ચમત્કાર દેખાડવા લાગ્યા. તે વિષે નિજવાર્તા નામના ગ્રંથમાં નીચે પ્રમાણે લખ્યું છે.

એક દિવસ ઈલ્લામાગારૂએ પોતાના પતિ લક્ષ્મણભટ્ટજીને **કહ્યું** કે ‘‘મને શ્રીમથુરા તથા વ્રજમંડળનાં દર્શન અને યાત્રા કરવાની ઘણી ઉત્કંઠા છે માટે આપ વ્રજયાત્રા કરો.’’ લક્ષ્મણભટ્ટજીએ કહ્યું કે ‘‘બ્રહ્મભોજનનો સત્ર સંપૂર્ણ કર્યા પછી અને બાળકને જનોઈ દીધા પછી ચાલશું.’’ પણ શ્રીમહાપ્રભુજીએ પોતાના માતાજીની વ્રજમંડળના દર્શન કરવાની બહુ ઉત્કંઠા જાણી એક દિવસ માતાજીના ખોળામાં સ્તનપાન કરતાં કરતાં બગાસું ખાઈને પોતાના શ્રીમુખમાં સઘળા વ્રજમંડળનું દર્શન કરાવી દીધું, એ જોઈને માતાજી અત્યંત વિસ્મયથી ચકિત થઈને અનેક પ્રકારની શંકા કરવા લાગતાં માતાજીની એ સ્થિતિ જોઈને શ્રીમહાપ્રભુજીએ વિચાર કર્યો કે ‘‘હમણાં મારા સ્વરૂપનું જ્ઞાન દેવાનું પ્રયોજન નથી.’’ પછી પોતે હસી પોતાની આવરણ શક્તિ પ્રકટ કરીને માતાજીને પહેલાંની પેઠે વાત્સલ્ય રસમાં નિમગ્ન કરી દીધાં. ત્યાર પછી શ્રીકાશીવિશ્વેશ્વરે શ્રીમહાપ્રભુજીનો અવતાર થએલો જાણીને મનમાં વિચાર કર્યો કે, મને તો પ્રભુએ જગતને મોહ ઉત્પન્ન થાય, એવા મતો રચવાની આજ્ઞા આપેલી છે અને પોતે જગતનો મોહ મટાડવા માટે કેમ પ્રગટ થયા હશે ? વળી તે મનુષ્યનું રૂપ ધારણ કરીને પ્રગટ થયા છે, તેથી મારે પણ મનુષ્યરૂપે જઈ તેમનાં દર્શન કરીને એ વાતનો ખુલાસો લેવો જોઈએ. એમ ધારી શ્રીમહાદેવજી યોગીનો વેશ લઈને સિંહના નખનો સોને મઢેલો કંઠલો હાથમાં લઈ લક્ષ્મણભટ્ટજીને ઘરે ગયા. પણ તેમના શિષ્યોએ ભીતર જવાની મના કરી, તેટલામાં એ વાત શ્રીમહાપ્રભુજીએ જાણી ને ઘણું જ રૂદન કરવા માંડ્યું એવું કે કોઈના છાના રાખ્યા રહે નહીં. ત્યારે લક્ષ્મણભટ્ટજીએ પોતાની પાસે સભામાં બેઠેલા જ્યોતિષિઓને પ્રશ્ન કર્યો કે, મારા પુત્રના ગ્રહ કેવા છે ? ત્યારે તેઓએ જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે તરત હોરા તપાસીને



કહ્યું જે, ગ્રહતો સારા છે, પણ બાળકને સિંહના નખનો કંઠલો પહેરાવ્યો હોય તો સારું. તે સાંભળીને લક્ષ્મણભટ્ટજીએ પોતાના શિષ્યોને કહ્યું, ‘‘સિંહના નખનો કંઠેલો દ્રવ્ય ખરચીને લઈ આવો’’, ત્યારે શિષ્યોએ બહાર નિકળતાંજ તે યોગીને, હાથમાં કંઠલો લઈ ઊભેલો જોયો. તે જોઈને શિષ્યો હર્ષ પામ્યા અને તે યોગીને પૂછવા લાગ્યા કે, આ કંઠલાનું શું મૂલ્ય લઈશ ? ત્યારે યોગી રૂપ ધારી મહાદેવજી બોલ્યા કે, તમે લક્ષાવધી દ્રવ્ય આપો તો પણ આ કંઠલો હું તમારા હાથમાં આપીશ નહીં. અને હું મારે હાથે બાળકના કંઠમાં પહેરાવું. યોગીનાં એવાં વચન સાંભળીને શિષ્યોએ લક્ષ્મણભટ્ટજીને જઈ કહ્યું. ત્યારે તેમણે યોગીને ભીતર બોલાંવ્યા, ને ઊભા થઈ ઘણો સત્કાર કરી બેસાડયા. વળી તેનું અપૂર્વ અલૌકિક રૂપ જોઈને મનમાં ઘણું આશ્ચર્ય પામ્યા. પછી લક્ષ્મણભટ્ટજીના કહેવાથી શ્રીમહાપ્રભુજીને ત્યાં તેડી લાવ્યા, ત્યારે શ્રીમહાદેવજીએ તરત ઊભા થઈને તે કંઠલો શ્રીમહાપ્રભુજીને પહેરાવીને પ્રણામ કર્યા અને વિનંતી કરી કે ‘‘**भगवान् कोऽयंवेष**’’ અર્થ : હે પ્રભુ ! આ કેવો વેશ છે ? તે વખતે શ્રીમહાપ્રભુજી બોલવા શિખ્યા ન્હોતા, તો પણ અડધો શ્લોક શ્રીમહાદેવજીને કહ્યો - ‘‘**सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति**’’ અર્થ - ભગવાન પોતાની ઈચ્છામાં આવે તેમ કરે છે. તે સાંભળીને સર્વે જનોને આશ્ચર્ય લાગ્યું. ઘણાખરા લોકોએ એમ જાણ્યું જે આ બાળક કોઈ ચમત્કારી છે અને ઘણાખરાઓએ એમ ધાર્યું કે આ યોગી કોઈ મહંત છે, તેથી તેણે બાળકને કંઠે કંઠલો બાંધ્યો કે તરત વાચા થઈ. જેવી રીતે જેનો ભાવ હતો તેવી રીતે તેમણે શ્રીમહાપ્રભુજીને જાણ્યા. શ્રીમહાપ્રભુજીની પાંચ વર્ષની અવસ્થા થતાં એક દિવસે શ્રીલક્ષ્મણભટ્ટજી અગ્નિહોત્રની શાળામાં અગ્નિના કુંડમાં ઈષ્ટિ સંબંધી હોમ કરતા હતા અને સઘળા વિદ્વાન બ્રાહ્મણો વેદમંત્ર ભણતા હતા. તે સમયે શ્રીમહાપ્રભુજીએ પોતાના સહજ બાળસ્વભાવથી અગ્નિહોત્રની શાળામાં પિતાની પાસે જઈ, બીરાજી પિતા હવન કરી રહ્યા તે સમયે પિતાજીને કહ્યું કે, ‘‘હે પિતાજી ! આપે સાધન કરવામાં ઘણો કાળ વ્યતીત કર્યો, હવે ફળનું ગ્રહણ કરો.’’ એ પ્રમાણે પુત્રના મુગ્ધ વચન સાંભળી અત્યંત વિસ્મય પામેલા શ્રીલક્ષ્મણભટ્ટજીએ પૂંછયું કે, ‘‘હે પુત્ર ! તમે હજુ સુધી કાંઈ ભણ્યા તો નથી તે છતાં આ વાત કેમ બોલો છો ? શ્રીમહાપ્રભુજીએ ઉત્તર દીધો કે, ‘‘ભણાવવુ તો આપના હાથમાં છે. મેં તો તમારા મુખથી જે સાંભળ્યું છે તે તમારી પાસે કહું છું. હું તો બાળક છું. જે ચાર વાત સાંભળી હોય તેમાંથી એક બે વાત યાદ પણ રહી જાય.’’ એ પ્રમાણે વળી પુત્રનાં મુગ્ધ રસથી ભરેલાં અતિ સુંદર વચન સાંભળીને શ્રીલક્ષ્મણભટ્ટજીએ ફરીવાર પૂંછયું કે, ‘‘હે બાળક ! તમે મારા મુખથી ક્યારે અને શું સાંભળ્યું છે તે કહો.’’ શ્રીમહાપ્રભુજી બોલ્યા કે, ‘‘પિતાજી ! આપ શ્રીભાગવતનો પાઠ કરો છો તેમાંથી મેં સાંભળ્યું છે કે :- ઈત્યાદિક વચનોથી સર્વ સિધ્ધાંતના સારરૂપ અને ફળરૂપ ભક્તિ માર્ગજ છે, એ ઉપદેશ મને તમારા મુખથીજ થયો છે, તે હું તમારી પાસે કહું છું.

એવાં શ્રીમહાપ્રભુજીનાં બાલ્યાવસ્થાનાં સ્નિગ્ધ અને મુગ્ધ વચનો સાંભળી લક્ષ્મણભટ્ટજીએ ગદ્ગદ્કંઠ થઈને તે પુત્રને પોતાના છાતીસરસોં લગાવીને આલિંગન કર્યું અને ત્યાં બેઠેલા બીજા બ્રાહ્મણો ચકિત થઈને શ્રીલક્ષ્મણભટ્ટજીના ભાગ્યના વખાણ કરાવ લાગ્યા કે ‘‘ધન્ય છે શ્રીલક્ષ્મણભટ્ટજીના ભાગ્યને કે જેને ઘરે આ અવતારી પુરૂષ પ્રકટેલ છે.’’ એટલામાં એક બ્રાહ્મણ શ્રુતિ બોલ્યો કે, ‘‘**यावज्जीवमग्निहोत्रं जुहुयात**’’ જીવતાં સુધી અગ્નિહોત્ર હોમવું.’’ એ સાંભળી શ્રીમહાપ્રભુજીએ તેમને કહ્યું કે ‘‘તમે વિદ્વાન થઈને બાળકને કેમ ભમાવો છો ? તમારી શંકાનો ઉત્તર પ્રથમ જ થઈ ગયો છે. વેદની શ્રુતિઓના અર્થ અને શાસ્ત્રાર્થ વિષય તો હું બાળક ભણ્યા વિના કેમ જાણું પણ મેં તો જે સાંભળ્યું હતું તે કહ્યું છે અગ્નિહોત્ર આદિ સઘળા ધર્મો તો દેહ સંબંધી છે માટે અનિત્ય હોવાથી ત્યાગ કરવા યોગ્ય છે. વિદ્વાન લોકોને તો નિત્ય અનિત્ય તથા સાર-અસાર વસ્તુનો વિચાર કરવો એજ મુખ્ય છે. ‘‘એ વચન સાંભળી સર્વે વિદ્વાનો અને પંડિતો લજ્જાઈને ચુપ થઈ ગયા. શ્રીલક્ષ્મણભટ્ટજીએ પુત્રની વાતો સાંભળીને મનમાં નિશ્ચય કર્યો કે ‘‘આ પુત્ર અવશ્ય આચાર્ય થશે અને ઉત્તમ ભક્તિનો વિસ્તાર કરશે.’’

તે દિવસથી શ્રીલક્ષ્મણભટ્ટજીને ઘરે જે વિદ્વાનો, પંડિતો તથા સંન્યાસી લોકો નિત્ય ભોજનને વાસ્તે આવતા હતા તેઓ સર્વ, શ્રીમહાપ્રભુજીનાં ચરિત્ર સાંભળી શ્રીમહાપ્રભુજીને પોતાની પાસે બેસાડીને વાતો કરતા હતા, તે વાતોમાં જે વિષયનો પ્રસંગ ચાલતો હતો તેના મુગ્ધભાવની મીઠાશથી ભરેલો સિધ્ધાંત ગર્ભિત ઉત્તર શ્રીમહાપ્રભુજી દેતા હતા. શ્રીમહાપ્રભુજીના એ વચનામૃત સાંભળી સર્વે મહાત્મા લોકો બહુજ પ્રસન્ન થતા હતા અને ‘‘ધન્ય ધન્ય’’ કહીને આશીર્વાદ આપતા હતા. એઓમાં જેઓ માયાવાદિ હતા તેઓ પોતાના મનમાં શ્રીમહાપ્રભુજીના વચન અસહ્ય લાગવાથી વિચાર કરતા હતા કે ‘આ બાળક આ અવસ્થામા અધ્યયન કર્યા વિના પણ આવા ચમત્કાર દેખાડે છે ત્યારે અધ્યયન કર્યા પછી કેવું ખંડન મંડન કરશે એ જાણવામાં આવતું નથી.’ આવા પ્રકારથી સર્વે પ્રતિવાદી લોકો શંકિત થયા હતા.

卐



॥ શ્રી મહાપ્રભુજીનો વિવાહ ખેલ ॥

રાગ પૂર્વી :

આગે ભક્ત પાછે ભક્ત ઈત ભક્ત ઉત ભક્ત
ભક્તનમેં સોહે પ્યારે દુલહે દુલહનિ ।
ભક્તનસોં મંડપ છાયો વલ્લભ કે મન ભાયો,
શ્યામ તમાલ કનક વેલ શોભા વનિ ।।૧।।
પાંડે જબ બોલે બોલ અંતર પટ લીયો ખોલ,
મિલે દોઉ આપસમેં કહત ન બની ।
દુલહે દુલહનિ સોહે સબનકો મન મોહે,
નભસોં સુરગણ કરે પહોપવૃષ્ટિ ઘની ।।૨।।

એક સમય શ્રી આચાર્યજી મહાપ્રભુ પંઢરપુર પધાર્યા ત્યારે પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ છે તેના દર્શને આપ પધાર્યા. જ્યાં શ્રીઆચાર્યજી આપની બેઠક છે ત્યાં આપ બિરાજ્યા, ત્યાં આપને શ્રીવિઠ્ઠલનાથજી મળ્યા અને શ્રીમુખથી કહ્યું, 'જો તુમ વિવાહ કરો.' આવું પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજી એ એટલા માટે કહ્યું કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના માર્ગની સ્થિતિ તો ઘણા લાંબા સમયની છે અને દૈવીજીવનો અંગીકાર ઘણા સમય સુધી કરવાનો છે. જો આપ વિવાહ ન કરશો તો દૈવીજીવનો અંગીકાર શિષ્ય દ્વારા થશે. જેમ શેઠ પુરુષોત્તમદાસને નામ આપવાની આજ્ઞા આપી, જે નામ સંભળાવતા. તેમ બીજા સેવકોને પણ નામ આપવાની આજ્ઞા શ્રીઆચાર્યજીની હતી. તેથી ઠાકુરજીએ વિચાર્યું કે આજે સાંપ્રત ભગવદીય નામ આપે છે તે તો શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના પરમ કૃપા પાત્ર છે અને અંગ સ્વરૂપ છે, તેથી એમને તો જીવને કૃતાર્થ કરવાનું સામર્થ્ય છે. જેમ ગદાધરદાસજીએ ભક્તિ આપી અને પ્રભુદાસજીએ મુક્તિ આપી. પણ આગળ એવું સામર્થ્ય કોઈનું રહેશે નહીં. જેમ બીજા સંપ્રદાયમાંથી વેદમાર્ગ છૂટિ ગયો, તેમ આ સંપ્રદાયમાંથી પણ છૂટી જાય તો જીવ કૃતાર્થ ન થાય. એટલા માટે પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીઆચાર્યજીને આજ્ઞા આપી. ''તુમ વિવાહ કરો તો મૈં તુમ્હારે ઘર જન્મ લેઉંગો.''

કાશીમાં મધુમંગલ નામના તેલંગ બ્રાહ્મણે પોતાના ઘરે પધરાવીને સારુ મુહૂર્ત જોઈ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો વિવાહ પોતાની કન્યા સાથે કરી દીધો. જેમ આપશ્રી પૂર્ણપુરુષોત્તમ તેવી રીતે તે સાક્ષાત શ્રીમહાલક્ષ્મીજી. 卐

॥

ક્ત
।
યો,
૨॥
ોલ,
।
ોહે,
૨॥

ાપ
ુના
જેમ
ર્યું કે
જેમ
આ
.''
શ્રી



સૌજન્ય : અમિત અંબાલાલ, અમદાવાદ.

રંગેતે રમતા દીઠડા, બળદેવ શ્રીગોવિન્દ ।
એ પુત્ર ભાવે પ્રકટશે, મન ઉપનો આનંદ ।।૨૩।। (વલ્લભાખ્યાન-૨)

''શ્રીસ્વામિનીજી સહિત શ્રીકૃષ્ણ અને બલદેવને રમતા જોઈ; આનંદ એ થયો કે આ આનંદનિધિ ભવિષ્યે મારે ત્યાં પ્રકટશે.

॥ પુષ્ટિમાર્ગના પાંચતત્ત્વ અને પંચામૃત ॥

પુષ્ટિમાર્ગનાં પાંચ તત્ત્વ નિત્ય ગાઈએ રે,
તેના જન્મો જન્મના પાપ સર્વે જાશે રે,
શ્રીજી શ્રી નવનીતપ્રિયાજી સુખકારી રે,
સમરો શ્રીમથુરાનાથ કુંજ વિહારી રે,
શ્રી વિઠ્ઠલેશરાય શ્રી દ્વારકેશરાય ગિરિધારી રે,
શ્રી ગોકુલચંદ્રમાજી શ્રીમદ્‌નમોહન પર વારી રે,
બીજું તત્ત્વ શ્રીવલ્લભકુલને ભજીએ રે,
કુડાં લોકલાજને કાજ સર્વે તજીએ રે,
ત્રીજું તત્ત્વ શ્રીગોવર્ધનધર ગાઈએ રે,
શ્રી નટવરલાલજીનું ગમતુ સર્વે થાશે રે,
ચોથું તત્ત્વ શ્રીયમુનાજીનો જાણો રે,
કરો સ્નાન જલ ને પાન એ સુખમાણો રે,
પાંચમુ તત્ત્વ શ્રીવ્રજભૂમિને ગાઈએ રે,
નિત્ય ઉઠી વૈષ્ણવજન પદરજ પાઈએ રે,
પાંચે તત્ત્વનું ધ્યાન નિરંતર ધરીએ રે,
તો મનવાંછિત ફળ સર્વે લીજે રે,
પાંચે તત્ત્વ શિવ બ્રહ્માદિકને દુર્લભ રે,
શ્રીવલ્લભ પ્રભુ પ્રગટ પ્રમાણ કર્યા સર્વે સુલભ રે,
એ શોભા જોઈ હરિદાસ જાય બલિહારી રે,
એ લીલા ગાજો નિત્ય નર ને નારી રે.

卐

પાંચ તત્ત્વ	**પંચામૃત**
શ્રીનાથજી	શ્રીમહાપ્રભુજી
શ્રીયમુનાજી	શ્રીઅક્કાજી
શ્રીવલ્લભ કુલ	શ્રીદમલાજી
શ્રીગિરિરાજજી	શ્રીશ્યામદાસ સુથાર
શ્રીવ્રજભૂમિ	શ્રીરજોબાઈ ક્ષત્રાણી





સૌજન્ય : અમિત અંબાલાલ, અમદાવાદ.

ગિરિરાજને આશ્વાસ દીધો, ધરી કોમલ ચર્ણ ।
હરખે તે સામા આવીયા, શ્રીગોવર્ધન ઉદ્ધારણ ।।૨૬।। (વલ્લભાખ્યાન-૨)

''ગિરિરાજ પર્વત પર શ્રીવલ્લભપ્રભુ પધારી, પોતાના કોમળ ચરણાર્બિન્દનો સ્પર્શ આપી, પર્વતરૂપે થયેલા હરિદાસ વર્યને ધીરજ દીધી અને ત્યાં પ્રકટ થયેલા શ્રીગોવર્ધનોદ્ધરણ શ્રીવલ્લભના સામા હરખભર્યા પધાર્યા.''

॥ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના પ્રથમ સેવક – દામોદરદાસ હરસાની ॥

શ્રીઆચાર્યજી મહાપ્રભુએ દામોદરદાસને કહ્યું, ‘‘જો યહ મારગ તેરે લિયે પ્રગટ કિયો હૈ’’. ‘‘જો જહાં લગિ શ્રીઆચાર્યજી કે મારગ કી સ્થિતિ હૈ તહાં તાંઈ દામોદરદાસ કી(ભી) મારગ મેં સ્થિતિ ગોપ્ય હૈ’’.

ગો.શ્રી હરિરાયજી મહાપ્રભુજીએ ભાવપ્રકાશમાં બતાવ્યું કે, ‘‘તાકો હેતુ યહ, જો - જબ લગિ શ્રીઆચાર્યજી મહાપ્રભુ કે મારગ કી સ્થિતિ હૈ તબ લગી દામોદરદાસ કો પ્રાગટ્ય ફેરિ ફેરિ હૈ (ગોપ્ય રીતિસોં); મારગ કો સ્તંભ યાતેં હૈ, જો શ્રીઆચાર્યજીને દામોદરદાસ કે હૃદય મેં ભગવદ્‌લીલા સ્થાપી, સો સંપૂર્ણ સૃષ્ટિ કે ઉદ્ધાર કે નિમિત. દામોદરદાસ કે જનમ દસલોં મારગ કી સ્થિતિ હૈ. જૈસે વલ્લભકુલ કો પ્રાગટ્ય હૈ. તેસેં હિ ભક્તિ દ્દઢ કરને કે લિએ દામોદરદાસ કો હૂ અનેક વૈષ્ણવન મેં પ્રાગટ્ય હૈ.’’

અહીં દસ જનમ ની વાતનો ખૂલાસો કરતા આપણા મહાનુભાવી ભગવદીયોએ બતાવ્યું છે કે, ‘‘નવધા ભક્તિ અને દસમી પ્રેમલક્ષણા ભક્તિ જ્યાં સુધી વલ્લભી સૃષ્ટિમાં દ્દઢ થાય નહીં ત્યાં સુધી આપ શ્રીદામોદરદાસજીનું ગુપ્ત રીતે પ્રાગટ્ય છે.’’

શ્રીઆચાર્યજી ‘‘દમલા’’ કહતે. જો કોઈ પ્રકાર સોં અન્ય સંબંધ કૌ ગંધ હૂ નાહીં હૈ. શ્રીઆચાર્યજી મહાપ્રભુના વચનથી બંધાયેલા દામોદરદાસ વલ્લભી સૃષ્ટિની ભક્તિ દ્દઢ કરવા માટે નિત્ય બિરાજે છે. એટલા માટે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે છે,

‘‘દમલા મોસો ન્યુન નહી, મમ રસકે અનુકૂળ,
શ્રીમુખ તે આજ્ઞા કરી, યહ મારગ કો મુલ.’’

ઔર કથા કહત મેં શ્રીઆચાર્યજી દામોદરદાસ સોં કહતે, જે - દમલા ! બડી બાર ભઈ હૈ, શ્રીઠાકુરજી કી વાર્તા નાહીં કરી’’. ત્યાં દામોદરદાસ લલિતા સખીરૂપના અલૌકિક ભાવ કહે છે,

‘‘લાવણ્ય અધરામૃત પીયો, ભીંજે રસકી રેલ,
સખીભાવ દમલા સહી, સરસ કરી વિરહ વેલ.’’

આ અલૌકિક વિરહ વેલ આજે પણ આપણી સમક્ષ પ્રગટ છે. આપણી દ્દષ્ટિ સામે અલૌકિક રસદાન કરવા માટે તત્પર ભગવદીયોની મંડળી બિરાજે છે. સત્સંગ સ્વરૂપે - વાર્તાજી સ્વરૂપે, હસ્ત પ્રતો સ્વરૂપે; હૃદયથી હૃદયનું આત્માથી આત્માનું, સ્વરૂપથી સ્વરૂપનું મિલન કરાવવા માટે બિરાજે છે જે -

‘‘નવઘન વલ્લભ માધુરી, વરસે દમલા સીંચ,
ઉમંગી હૃદય સરોવરી, રોપ્યો સબજન બીચ.’’

શ્રીમહાપ્રભુજી અને દામોદરદાસનો આ અલૌકિક ‘‘સરસ સ્નેહ વિલાસ’’, વિરહી જન જાણી શકે અને અનુભવ એનું પ્રમાણ છે. એની માટે એક માત્ર કૃપા, શ્રીઆચાર્યજી મહાપ્રભુની કામ આવે.

‘‘વ્યાપી રહ્યો સબ જનનમાં, જ્યાં લ્યો દમલા અંશ,
ત્યાં લ્યો શ્રીમહાપ્રભુનકો, દાન દેત નીજ વંશ.’’

આવું અદેય દાન દેવાવાળા આપણા શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે છે ‘‘દામોદરો ભક્તવશ્યો’’ અને શ્રીસુબોધિનીજીમાં લખ્યું છે. જે પુરુષોત્તમ સાક્ષાત્ ભક્તો ને વશ દેખાડ્યા.... ભક્ત વત્સલતા પ્રગટ કરી. તૈસેં હી દામોદરદાસ નામ કરી, દામોદર જો અનન્ય ભક્ત હૈ તિનકે બસ શ્રીઆચાર્યજી હૈ । જે દામોદરદાસને

‘‘શ્રીદામોદરદાસ કો, દાસી કહું કે દાસ,
અપની કરુણા જાણી કે, કરે દાસ કો દાસ.’’

卐



॥ કીર્તન મંડલી ॥

શ્રી વલ્લભાચાર્યજીએ શ્રીનાથજીના કીર્તનને માટે પહેલા કુંભનદાસજીને રાખ્યા હતા. પરંતુ તે ગૃહસ્થ અને કૃષિજીવી (ખેડૂત) હોવાને કારણે અધિક સમય આપવાની સ્થિતિમાં નહોતા. જ્યારે સૂરદાસ શ્રીવલ્લભાચાર્યજીના શિષ્ય થઈને ગોવર્ધન આવી ગયા, ત્યારે તે પ્રાત: કાલથી સાયંકાલ સુધી જતીપુરા સ્થિત મંદિરમાં ઉપસ્થિત રહીને શ્રીનાથજીના કીર્તન કરવા લાગ્યા હતા. પછીથી પરમાનંદદાસ પણ તેમને સહયોગ આપતા રહ્યા. આ પ્રકાર શ્રીવલ્લભાચાર્યજીના સમયમાં શ્રીનાથજીના નિયમિત કીર્તનકાર સૂરદાસ અને પરમાનંદદાસ હતા. કુંભનદાસ પોતાના અવકાશની અનુસાર અને અધિકારી કૃષ્ણદાસ પણ પોતાની સુવિધાથી એમને સહયોગ આપતા હતા.

શ્રીવિઠ્ઠલનાથજીના સમયમાં જ્યારે શ્રીનાથજીની કીર્તન સેવાને વિસ્તૃત અને સુવ્યવસ્થિત કરવામાં આવી હતી ત્યારે ઉપર્યુક્ત ચારે મહાનુભાવોની અતિરિક્ત આપના ચાર શિષ્ય - ગોવિંદસ્વામી, છીતસ્વામી, ચતુર્ભુજદાસ અને નંદદાસ પણ શ્રીનાથજીની કીર્તન સેવામાં સહયોગ આપવા લાગ્યા હતા. આ આઠોં મહાનુભાવ ગોવર્ધનના વિવિધ સ્થળોમાં નિવાસ કરતા હતા. ત્યાંથી તે દરરોજ (પ્રતિદિન) શ્રીનાથજીની સેવામાં હાજર રહીને કીર્તન કરતા હતા.

શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીનાથજીની સુનિયોજિત કીર્તન સેવા ને માટે પોતાના સંપ્રદાયના તે સમયના સાહિત્ય-સંગીત નિષ્ણાત આઠ ભક્તજનોની એક કીર્તન મંડલીનું ગઠન કર્યું હતું. એમાં ચાર શ્રીવલ્લભાચાર્યજીના સેવક હતા અને ચાર સ્વયં આપના સેવક હતા. આ આઠ મહાનુભાવ શ્રીઠાકુરજીના નિત્ય અંતરંગ સખા છે, જે શ્રીનાથજીના લીલાગાનને માટે આ ભૂતલ પર અવતરિત થયા છે. એટલા માટે એમને પહેલા અષ્ટ સખા કહેવામાં આવતા. પછી એમને 'અષ્ટ છાપ' પણ કહેતા. કારણ કે શ્રી વિઠ્ઠલનાથજીએ એમના નિર્વાચન દ્વારા એમની ઉપર આપશ્રીના આશીર્વાદની મૌખિક છાપ લગાવી હતી. 'અષ્ટ સખા'ની અપેક્ષા 'અષ્ટછાપ' નામથી વધારે પ્રસિદ્ધ રહ્યા છે.

श्री वल्लभ-विट्ठल चरन, सेवक प्राण अनन्य ।
अंतरंग श्रीहरि - सखा, 'अष्टछाप' जग धन्य ।।

આ આઠ કીર્તનકારોના આઠ સહકારી (સાથે રહેવાવાળા) પણ હતા, જેને 'ઝેલા' (ઝીલનાર) કહેવામાં આવતા. તે કીર્તનમાં સહયોગ આપતા હતા અને ગાયેલા પદોને કંઠસ્થ કરી લેતા હતા. પછી અવકાશના સમયે તે પદોને લખી લેતા હતા. આ પ્રકાર એમના દ્વારા લખેલા કીર્તન-પદ પુષ્ટિ સંપ્રદાયની ''અક્ષય નિધિ'' બની ગઈ. 卐

અષ્ટ સખા :

સૂરદાસ, કુંભનદાસ, કૃષ્ણદાસ, પરમાનંદદાસ, ગોવિંદ સ્વામી, છીતસ્વામી, ચતુર્ભુજદાસ, નંદદાસ



॥ શ્રીમહાપ્રભુજીનો આશ્રય ॥

શ્રીમદ્ ભાગવતના બીજા સ્કંધમાં લખ્યું છે, જે સમયે બ્રહ્માજી ધ્યાનમાં મગ્ન હતા ત્યારે નારદજીએ પૂછ્યું કે, ''આપ સૌથી મોટા છો, પછી કોનું ધ્યાન કરો છો ? આપથી મોટું કોઈ નથી.'' ત્યારે બ્રહ્માજીએ કહ્યું, ''હું એનું ધ્યાન કરી રહ્યો છું - જ્યારે હું નહોતો, ત્યારે એના પહેલા કોઈ હતું. જ્યારે હું નહી હોઉં ત્યારે મારા પછી પણ કોઈ હશે.'' આ દર્શન સિદ્ધાંતનો ઉત્તર છે. જીવે આ નક્કી કરવું પડશે કે, ''હું નહોતો ત્યારે મારા પહેલા કોણ હતું ? હું નહીં રહું ત્યારે મારા પછી કોનું અસ્તિત્વ હશે ?''

આ બે વાતોને જે જાણે છે, તે જ દષ્ટિવાળો વ્યક્તિ છે. આ બંને વાતોને જે નથી જાણતો તે દષ્ટિહીન (આંધળો) છે. જીવને આ બે દષ્ટિની આવશ્યકતા છે.

સુરદાસજીએ આ આશયથી કહ્યું છે, ''સૂર કહા કહે દુવિધ આંધરો'' હું બે પ્રકારનો અંધ છું. આંધળો તો એક જ પ્રકારનો હોય છે. આંધળાપણું બે પ્રકારનું ના હોય. એટલા માટે કહે છે કે, ''મારાથી પહેલાં કોણ હતું ? એ પણ હું નથી જાણતો અને મારાથી પહેલા કોણ હતું તે જોયું નથી. અને મારા પછી કોણ હશે એ પણ મારા જોવામાં નથી આવતું. આ બે વાત જોવામાં નથી આવતી, એટલા માટે કહું છું,

''સૂર કહા કહે દુવિધ આંધરો.'' હવે તો બસ આપનો એક જ આશ્રય છે.''

॥ શ્રીમહાપ્રભુજીના આશ્રીત જીવો ॥

જ્યાં સુધી કોઈપણ જીવ દુનિયામાં આવશે અને ભક્તિ કરશે તેમને જે જન્મ છે, તે જગતમાં ફરી ફરીને થશે અને ઘણી વખત થશે. એનાથી વિપ્રીત જન્મ લેવા વાળા પ્રાણી અગર જન્મ લેશે અને ભગવદ્ સેવા કરશે અને પોતાના આચાર્ય (ગુરૂ)નો આશ્રીત થઈને કરશે તો તેનો જન્મ એ જગતમાં સમય સમયે (બારી-બારી) થશે. અહીં ફરી ફરીને અને સમય સમયે (બારી-બારી)માં તફાવત છે. ફરી ફરીને જન્મ કાળને આધીન છે. સમય-સમયે જન્મ ભગવદ્ ઈચ્છાને આધીન છે. સ્વતંત્ર ભગવદ્ ધર્મ પાલન કરવાની અપેક્ષા આચાર્યશ્રીને આધીન, આશ્રીત કે આશ્રયમાં રહીને જીવન જીવવાવાળા (વ્યાપન) જીવ ક્યારેક નંદાલયમાં, ક્યારેક વ્રજમાં, ક્યારેક નીકુંજમાં, ક્યારેક પરમધામમાં સેવા કરવાનો વારો તેમને મળે છે. આટલી જગ્યાની સેવા એક સાથે ન મળતા સમય-સમય (બારી-બારી)થી મળે છે. વર્ષ આખાની સેવા, તેના ક્રમ અથવા આપણે જોઈએ તો ત્યાં પણ સમય-જગ્યા (કાલ સ્થાન) અને ગોપીજન ઉત્સવ, મનોરથ, છાક-ખંડીતા, વધાઈ, બાલલીલા, મુરલી, હુલ્લાસ, નવવિલાસ, વિલાસ, કરખા અને વસંતનો વારો (સમય) આવે છે. એવી રીતે જીવને વારો (મોકો) મળે છે. આ ફક્ત શ્રી મહાપ્રભુજીના આશ્રીત જીવોને જ મળે છે. કોઈ કવિએ (ભક્ત છે પણ અષ્ટછાપમાં નથી) કહ્યું છે, ''બારી બારી બારી જાઉં બનવારીપેં''. 卐



॥ શ્રી બેઠકજી ॥

જ્યાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી બિરાજે છે, તે સ્થાનને બેઠક કહેવાય છે. ‘‘બે’’નો અર્થ છે નિશ્ચય, ‘‘ઠ’’નો અર્થ છે જ્ઞાન શૂન્ય, ‘‘ક’’નો અર્થ છે. ‘જે પરબ્રહ્મ પુરુષોત્તમની સેવા રૂપ જ્ઞાનથી નિશ્ચય પૂર્વક શૂન્ય અથવા રહિત છે (માયાવાદ)’, તેમના કલ્યાણની વાત, ઉપકારની વાત જ્યાં વિચારવામાં આવે છે તે સ્થળ બેઠકજી કહેવાય છે.



सौन्दर्यं निजह्रद्गतं प्रकटितं स्त्रीगूढभावात्मकं
पुंरूपं च पुनस्तदंतरगतं प्रावीविशत् स्वप्रिये ।।
संश्लिष्टावुभयोर्बभौ रसमयः कृष्णो हि तत्साक्षिकम्
रूपं तत् त्रितयात्मकं परमभिध्येयं सदा वल्लभम् ।।१।।

શ્રીઠાકોરજીના હૃદયમાં શ્રી સ્વામિનીજી બિરાજે છે. શ્રી સ્વામિનીજીના હૃદયમાં શ્રી ઠાકોરજી બિરાજે છે. જ્યારે વિપ્રયોગ થયો ત્યારે બંનેના હૃદયમાંથી સ્વરૂપ પ્રગટ થયું. ત્યારે શ્રીઠાકોરજીને એવું લાગ્યું કે હું શ્રીસ્વામિનીજી છું અને શ્રીસ્વામિનીજીને લાગ્યું કે હું શ્રીઠાકોરજી છું. આવો ઘણો જ વિરહ બંનેમાં પ્રગટ થયો. ત્યારે બંનેના મુખમાંથી વિરહની જ્વાલા નીકળી. 'અગ્નિ મહાપ્રકાશવાળો' ત્યારે તે બંને અગ્નિને શ્રીઠાકોરજીએ સંયોગ રસમાં પ્રવેશ કરાવ્યો ત્યારે ત્રીજું સ્વરૂપ પ્રગટ થયું.

તે સ્વરૂપ બંનેની વિરહ અગ્નિ અને બંનેનો સંયોગ રસ, એવું તૃતિયાત્મક સ્વરૂપ થયું. તે શ્રીઠાકોરજીને પરમ પ્રિય ધ્યાન ગમ્ય અતિ અદ્ભુત છે. આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનું છે. આપની કૃપા વગર સંયોગ અને વિપ્રયોગ રસ સિદ્ધ ના થાય.

॥ શ્રીબેઠકજીમાં રસ લીલાનો આનંદ ॥

શ્રી બેઠકજી મધપુડામાં રહેલા મધ જેવું છે. જેમ મધમાખીઓ, અનેક વૃક્ષના પત્ર-પુષ્પ પર બેસી શાંતીથી રસ લઈ મધપુડો બનાવી તેમાં મધુરસ સંપાદન કરી તેને અનેક માખીઓ મળીને પાન કરતી કલ્લોલ કરે છે. તેમ ભાવુકો પણ અનંત ભેગા મળી વ્હાલા શ્રીવલ્લભની લીલારસ વ્હાલથી લઈ અખંડ કલ્લોલ કરે છે. સૌ કોઈ આનંદ માટે વલખાં મારે છે. તે આનંદ તો પરમાનંદ પાસે છે. એ આનંદ શ્રીમહાપ્રભુજીની બેઠકજીમાં મળે છે.

શ્રી બેઠકજીમાં રહેલો આનંદરસ તેનું પાન કરનાર પ્રપંચ વિસ્મૃતિપૂર્વક શ્રીપ્રભુના રૂપ માધુર્યમાં નિરોધ પામેલા છે અને દૈવીજીવો સહજમાં એ સિદ્ધ કરી શકે છે.

શ્રીગુરૂનું પરબ્રહ્મત્વ, દર્શાવનારૂ અને વૈષ્ણવનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરનારાં તથા રસિક રૂપ દર્શાવનારા આ શ્રીબેઠકજી છે.



વેદ વેદાંગ શાસ્ત્રસાર નહિ સમજી શકનાર માટે પણ આ નિષ્કંટક માર્ગ દર્શક શ્રીબેઠકજી છે. ત્યાં જતાં જ અંતરમાં આનંદની ઉર્મીઓનો કોઈ અવનવી અલૌકિક ઉદય થાય છે. જેમ વૃક્ષના મૂળમાં જળનું સિંચન થતા માત્રમાં આખુ વૃક્ષ ડાળ-પાંખડાં-પત્ર-પુષ્પ-સંચૂત પ્રફુલ્લીત થાય છે. તેવો જ શ્રીબેઠકજીનો અનુપમ રસ છે. (આલોક-પરલોક સહીત)

જેના હૃદયમાં અલૌકિક અમુલો રસ ઉતર્યો તેનાં રોમેરોમ આનંદ મગ્ન થઈ દશાનો સ્વત: હૃદય પલટો થઈ જાય છે. જેણે નથી પીધો તેણે પીને અનુભવવા યોગ્ય છે. પીધા પીધામાં ફેર છે. પ્રેમ, દૈન્ય અને વિશ્વાસ તેમાં મુખ્ય છે. છતાં અવિશ્વાસુ આસુરને પણ પીધાની અસર જ્યારે ત્યારે થવાની જ એવો શ્રીબેઠક રસ લીલાનો પ્રતાપ છે.

સ્વધર્મ વિનાનું અને હરિમાં વિશ્વાસ વગરનું જીવતર વૃથા છે. અસમર્પિત, અન્યાશ્રય, અસદ આલાપને દુ:સંગ, તેને જીતવો દુષ્ટ વિષયોથી કેમ કેમ નિવૃત્ત થવું, આધિદૈવિક જીવન કેમ જીવવું ? ભક્તિના શિખરે કેમ ચઢવું ? પ્રેમની ધ્વજા કેમ ફરકાવવી ? રોમેરોમ રસાદ્ર કેમ કેમ કરવાં, દૈન્ય પ્રેમ ભરી કથાઓ ક્યાંથી ભેગી કરવી ? વિવિધ પ્રકારની અલૌકિક રસમય ભાવનાઓથી હૃદય કેમ ભરવું, રસો વૈસ: પ્રભુના પુષ્ટિમાર્ગમાં પળાવનારી ચેતવણી ચિત્તમાં કેમ કેમ સ્થિર કરવી. ભગવાન અને ગુરુઓનું દાસત્વ કેમ સિદ્ધ કરવું ? શ્રીકૃષ્ણ અને શ્રી રાધિકાજીના યુગલ રસે રસત્તર કેમ કરી બન્યા રહેવું ? બસોબાવન, ચોરાશી, અષ્ટસખા તથા દામોદરદાસાદિનો અનુરાગ અંતરમાં કેવી રીતે ઉતારવો ? તેમનો સેવા રસાસ્વાદ આપણે કેવી રીતે મેળવી શકીએ ? એ સર્વ પ્રબંધ શ્રીબેઠકજીની રસલીલામાં નવીન (નિત્ય નવીન) રીતે નિરૂપેલો છે. તે મગજને એકાગ્રતા આપી ચિત્તનું ચાંચલ્ય તજીને જોશે તેને સર્વ જડશે.

શ્રીબેઠકજીનું સ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજીના શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તાનુસાર પ્રતિપાદન થયેલું છે. તે સર્વ સંમત છે. શ્રીબેઠકજીમાં નવધાભક્તિ, પ્રેમલક્ષણા, આસક્તિ, વ્યસન અશાંશી ભેદ, પૂજામાર્ગ અને પુષ્ટિમાર્ગનો ભેદ, ભગવદ્ જ્ઞાન, બાહ્ય જ્ઞાન, વૈષ્ણવતા, દુ:સંગ, વિજ્ઞાનાદિ અનેક સિદ્ધાન્તિક ભાવો સ્ફુરાયમાન થાય છે. સાનુભાવ થાય છે. શ્રીમહાપ્રભુજીની રસલીલાનો અનુભવ થાય છે.

શ્રીમહાપ્રભુજી જેના ઉપર અમિદષ્ટિથી જુવે તેને જ તેમનું સંપૂર્ણ જ્ઞાન થાય છે. શ્રીવલ્લભાચાર્યજીનો પરિવાર શ્રીવલ્લભ રસાત્મક રૂપમાંથી જ પ્રગટ થયેલો છે. તે સર્વ પરિકર સ્વરૂપો કુંજ, નિકુંજ, મહાકુંજ, ઉપકુંજોના ભાવોથી ભરેલો છે. તેઓશ્રીઓ અધિકાર પરત્વે સ્વત: સેવકોને સુખદાન કરે છે. કૃપા માર્ગમાં કૃપા માગી મળતી નથી.

આધિદૈવીક, આધ્યાત્મિક, આધિભૌતિક પ્રકારે ભગવદ્લીલા સ્વરૂપે તેમનાં બિરાજવાનાં સ્થાન અને તે તે સ્વરૂપોના ભક્તોની જુજવા પ્રકારની ભક્તિ તે સૌ અત્રે શ્રી બેઠકજીમાં નિરૂપેલી છે. 卐



॥ શ્રીમહાપ્રભુજીની પૃથ્વી પરીક્રમા ॥

સંપ્રદાયના પુષ્ટિમાર્ગીય પ્રારંભકાલ (જે સમયમાં કનકાભિષેક થયો હતો)થી જ શ્રીમહાપ્રભુજીને ભગવદ્ સ્વરૂપ માનવામાં આવ્યું છે. શ્રીમદ્ ભાગવત્ એકાદશ સ્કંધમાં ઉધ્ધવજીને ભગવદ્ આજ્ઞા છે, ‘‘આચાર્ય મામ વિજાનીયત્’’ અને બીજા પણ પુરાણોના પ્રમાણે શ્રીમહાપ્રભુજી ‘‘વસ્તુત: કૃષ્ણ’’ જ છે અને શ્રીહરિરાય મહાપ્રભુજીએ ૨૪ અવતારોના ગુણ અને ધર્મના સામ્યવાદ શ્રીમહાપ્રભુજીમાં પ્રમાણીત કર્યા છે. આમાં વામન ભગવાનના પણ ગુણ અને ધર્મ શ્રીમહાપ્રભુજીમાં બતાવ્યા છે. જેવી રીતે શ્રીવામન ભગવાનનું મૂળ નામ ‘ત્રિવીક્રમ’ છે અને એમણે ત્રણ લોક બે પગના વિક્રમથી માપ્યા હતા, અને ત્રીજા પગના વિક્રમથી બલીરાજાનો અંગીકાર કર્યો હતો. આજ ક્રમ શ્રીમહાપ્રભુજીની ત્રણ પૃથ્વી પરીક્રમાથી છે. આ ત્રણ પરીક્રમા રાજસ-તામસ અને સાત્વીક ભક્તોને અનાયસ પોતાની તરફ આકર્ષીત કરવાને માટે છે. અત: ત્રણવાર ત્રણ રીતે પૃથ્વી પરીક્રમા છે.

(૧) જેવી રીતે રાજા બલીને ત્યાં શ્રીઠાકુરજી પોતાની ઈચ્છાનુસાર પધાર્યા (૨) ઈચ્છાનુસાર પોતાની યાચના રાખી (૩) પોતાની ઈચ્છાનુસાર જ ત્રણ લોક માપ્યા. (૪) પોતાની ઈચ્છાનુસાર જ રાજા બલીને ત્યાં સેવાર્થે પાતાલમાં બિરાજ્યા. આવી રીતે જ શ્રીમહાપ્રભુજીના ચાર કાર્ય છે. (૧) ભગવદ્ આજ્ઞા ઈચ્છા આ બન્નેનું પાલન કરવું. (૨) ભગવદીય જીવોનો અંગીકાર કરવો. (૩) પુષ્ટિમાર્ગની સમગ્રતાનું વિચારપૂર્વક સ્થાપન કરવું. (૪) સેવ્ય સ્વરૂપ શ્રીહરિને ગોવર્ધન પર્વતથી પ્રગટ કરવા.

શ્રીમદ્ ભાગવત્ના છ અધ્યાયોમાં નારદજી અને ભક્તિનો સંવાદ વૃન્દાવનમાં કહ્યો છે. ભક્તિ એ અહીં નારદજીને પોતાનું જીવન વૃતાંત સંભળાવ્યું છે. ભક્તિએ કહ્યું છે (૧) મારો જન્મ દ્રવિડમાં થયો છે. (૨) મારું પાલન-પોષણ કર્ણાટકમાં થયું છે. (૩) ગુજરાતમાં આવી હું જીર્ણ થઈ. ‘‘ગુર્જરે જીર્ણતામ ગતા’’, અહીં જીણનો અર્થ કમજોર અથવા સુકાયેલું નથી, અહીં જીર્ણનો અર્થ પ્રાચીન છે. આને એવી રીતે સમઝીએ કે ભક્તિ ગુજરાતમાં પ્રમાણ રૂપ રહી ગઇ અને પ્રમાણ ગ્રંથોમાં સુરક્ષીત રહે છે. અત: હું ભક્તિ પુસ્તકાલયની જીર્ણ ગ્રંથોની ધરોહર થઇ ગઈ. (૪) અને આ વૃન્દાવનમાં આવવાથી નવા-નવીન સ્વરૂપ વાળી (પૂર્ણ યૌવનવાળી) થઇ ગઈ. જે વસ્તુ દુનિયામાં અતી પ્રાચીનતામાં લુપ્ત થઈને પાછી જોવામાં આવે છે ત્યારે તે નવી જેવી દેખાય છે. આ જ પુષ્ટિમાર્ગના લક્ષણ છે. જે અતી પ્રાચીન સારસ્વત કલ્પમાં હતો તે હવે દ્વાપરના અંતમાં અને આ અઠ્ઠાવીસમાં કલીયુગમાં પ્રગટ થયો છે તે એકદમ નવો છે. ‘‘નીત્ય લીલા નીત્ય નૌતમ શ્રુતિ ન પામે પાર’’

આ પુષ્ટિમાર્ગીય ભક્તિ નીત્ય-નુતન છે. સારસ્વત કલ્પની પછી જે ભગવદ્ ભક્તિને પ્રભુ ચરણોમાં સમર્પીત થવાનો આટલા દિવસો પછી અવસર મળ્યો હોય એ ભક્તિને ક્ષણ-પ્રતિક્ષણ વિરહાનુભવ નિશ્ચીત છે. એટલા માટે પુષ્ટિની વર્તમાન સ્થિતિમાં વિરહ અને તાપ ભાવને મુખ્ય ગણ્યા છે. ભક્તિની આ ચાર જીવન યાત્રાઓના ક્લેશને શ્રીઠાકુરજી સહન કરી શક્યા નહીં. એ પુષ્ટિભક્તિની ચાર અવસ્થાઓના ચાર પ્રકારના ક્લેશને નિવારણ કરવાને માટે શ્રીઠાકુરજી શ્રીવલ્લભના સ્વરૂપમાં પ્રગટયા. શ્રીકૃષ્ણ રૂપે ગીતામાં ચાર પ્રકારના ભક્તને ચાર પ્રકારની ભક્તિથી આનંદીત કરવાને માટે શ્રી મહાપ્રભુજીએ ત્રણ પૃથ્વી પરીક્રમા અને ચોથા વ્રજવાસ પ્રમુખ-મુખ્ય રૂપથી નિશ્ચય કર્યો. આ ભક્તિને અને ચાર પ્રકારના ભક્તોને આનંદથી જોડવાને માટે નંદાલયમાં પહોંચાડયા. આ શ્રીકૃષ્ણ જન્મના નંદમહોત્સવ વાળો દિવસ છે. પ્રભુ ચરણો એ આ દિવસથી સેવા પ્રણાલીકા પ્રારંભ કરી છે. શ્રીમહાપ્રભુજીના અનુસાર ભગવતના દશમ સ્કંધ, ઉત્તરાર્ધના, ચોર્યાસીમાં અધ્યાયમાં શ્રુતિઓની દ્વારા શ્રીકૃષ્ણની આરાધના છે. એમાં શ્રુતિઓએ જગતની માયાને ભસ્મ કરવાને માટે શ્રીકૃષ્ણની પ્રાર્થના કરી છે. આ અધ્યાયના પ્રથમ શ્લોકના આધારથી જગતની માયાને શ્રીકૃષ્ણમાં લીન કરવાને માટે 'બ્રહ્મસંબંધ'નો ભાવ ઉત્પન્ન થયો છે. આ ભાવની પૂર્તિને માટે શ્રી ઠાકુરજીએ આચાર્યશ્રીને 'બ્રહ્મસંબંધ' આપવાની આજ્ઞા આપી છે.

આચાર્યશ્રીએ ત્રણ પરીક્રમા (યાત્રા)માં
ભારતભૂમિ સહીત બધા તીર્થ સનાથ કર્યા છે.
ભક્તિની સ્થાપના કરી છે.
જીવોનો અંગીકાર કર્યો છે.
જ્યાં પણ કહી પૃથ્વીની ઉપર રહીને જે ગોવર્દ્ધનધર પ્રગટ કર્યા હતા
તેમની સાથે પુષ્ટિધર્મની સ્થાપના કરી છે.

આચાર્યશ્રીની વર્તમાન પ્રગટ ફક્ત ચોરાસી બેઠકો, પહેલા કહેલા - વામન પ્રાદુર્ભાવના રહસ્ય અને ભક્તિની જીવન ગાથાના ઈતિહાસથી જોડાયેલી છે. એમાં શ્રીમદ્ ભાગવતના પ્રમાણે અઠ્ઠાવીસ અધ્યાયોની જેમ પ્રકરણ બને છે, એવી રીતે અહીં કોઈપણ અઠ્ઠાવીસ બેઠકોનું પ્રકરણ બને છે. એને ત્રણથી ગુણાકાર કરવાથી ૮૪ (ચોરાસી) થાય છે, એટલા માટે શ્રીમદ્ ભાગવતના એક એક અધ્યાયના ગુણ અને ધર્મની અનુસાર શ્રીમહાપ્રભુજીની ૮૪ બેઠક છે અને એમના ૮૪ સેવક પણ શ્રીમદ્ ભાગવતની અનુસાર ગોપીજનોના ભાવ રૂપ છે. આગળના પ્રકરણમાં હવે આપણે એમની આ ૮૪ બેઠકોની પ્રમાણીકતા શ્રીમદ્ ભાગવત્ ધર્મના લીલા પ્રકરણોથી સમઝીશું.

જેવી રીતે ભાગવતમાં લીલા પ્રકરણના વર્ણનનું ૩ થી ૧૨ સ્કંધ સુધી કોઈપણ ક્રમ ક્રમબદ્ધ નથી. એવી રીતે શ્રીમહાપ્રભુજીની ૮૪ બેઠકોના ક્રમપણ ક્રમબદ્ધ નથી.

'કહીં કે ભી ભક્તોં, કહીં પર ભી અંગીકાર કીયા હૈ.' 卐

॥ ૮૪ બેઠક ॥



આચાર્યજીશ્રીના ચોરાસી વૈષ્ણવ છે. આપશ્રીની ચોરાસી બેઠક છે. આપશ્રીના બ્રહ્મસંબંધ મંત્રમાં પણ ચોરાસી શબ્દ છે અને વ્રજની સીમા પણ ચોરાસી કોશ છે. અહીં કોશ નો અર્થ કીલો મીટર અથવા માઈલથી થતો નથી. અહીં કોશનો અર્થ પર્ત ની ઉપર પર્ત છે. (પાન ઉપર પાન છે). જેવી રીતે ગિરિરાજ ગોવર્ધનમાં સાત કોશ છે, જેવી રીતે સેવામાં સહસ્રદલ કમલનો કોશ છે. એમ વ્રજમાં લીલાના ચોરાસી કોશ અથવા કમલ દલ છે.

આમાં વ્રજ ચોરાસી કોશ છોડીને શેષ પણ ત્રણ ચોરાસી જોડવાથી બસો બાવન થાય છે. શ્રીગુસાંઈજીના બસો બાવનમાંથી ચોરાસી બેઠકજીના સારરૂપ છે. (સારભુત છે). ચોરાસી શ્રીમહાપ્રભુજીના ચોરાસી વૈષ્ણવો સારભુત છે. આમાં કોઈ પણ ચોરાસી બ્રહ્મસંબંધ મંત્રના શબ્દ બ્રહ્મના સારભુત છે. અત: શ્રીગુસાંઈજીના બસો બાવન છે.

જ્યારે ચોરાસી (૮૪) લખવામાં આવે છે ત્યારે ૮ (આઠ)નો અંક અષ્ટવીધ પટરાણીઓનું સ્વરૂપ છે અને ૪ (ચાર)નો અંક ચાર પ્રકારની ગોપીજનોનું સ્વરૂપ છે. આ ચોરાસીનું આંતરીક સ્વરૂપ છે. ૮ (આઠ)ના અંકમાં અષ્ટવિધ ઐશ્વર્ય અને ૪ (ચાર)ના અંકમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું સ્વરૂપ છે. ૮ (આઠ)ના અંકમાં અષ્ટક અને અષ્ટપદી છે, ચાર (૪)ના અંકમાં ચતુ:શ્લોકી છે.

પ્રભુ ચંપારણ્યમાં પ્રગટ કેમ થયા ? ચંપાના ફૂલમાં સુંદર રંગ રૂપ અને ગુણ છે. સુંદર મોહક મીઠી સુવાસ છે. છતાં ભ્રમર તેની પાસે આવતો નથી, તેમ દૈવીજીવો પણ અહંતા-મમતા રૂપી સંસારમાં ફસાઈ જઈને પોતાનું મુળ સ્વરૂપ ભૂલી ગયા છે. આવા જીવોમાં દેખાવની સુંદરતા છે, લૌકિક ગુણોની સુવાસ છે. કેટલાંક કાર્યોની સુંદરતા જોવા મળે છે તેમ છતાં અલૌકિક પ્રેમના ભોગી ભ્રમર જેવા પ્રભુ તેમનાથી દૂર રહે છે. આવા ચંપા જેવા ઉપેક્ષિત દૈવીજીવોનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય કૃપાશક્તિ રૂપ કેવળ શ્રીવલ્લભમાં હોવાથી આવા નિ:સાધન દૈવીજીવોને શરણે લેવા પેતો પ્રગટ થયા છે. તેમ સુચવવા આપે ચંપારણ્યમાં પ્રગટ થવાનું ઊચીત માન્યું. જ્યાં પહેલા ચંપાના વનો હતા. 卐

છે. આ
ક અને

વો પણ
ા જોવા
લભમાં

॥ પરબ્રહ્મ શ્રીકૃષ્ણવત્ વલ્લભની ષોડશ લીલા ॥

શ્રીકૃષ્ણ લીલા	શ્રી વલ્લભ લીલા
૧. પૂતના ઉદ્ધાર	૧. પૂત-પવિત્રના એમનો ઉદ્ધાર
૨. તૃણાવર્ત ઉદ્ધાર	૨. વાયુ-વંટોળ ભ્રમ નિવારણ કરી સન્માર્ગ દ્રષ્ટા થઈ ઉદ્ધારનું કાર્ય
૩. શકટાસુર ઉદ્ધાર	૩. ભજન વગર કાષ્ઠ (લાકડા) જેવો છે. એમને ભજન સિખવાડી "તુલસી કાષ્ઠા માલા" થી દૈવીજનનો ઉદ્ધાર કર્યો.
૪. માખન ચોરી	૪. પાપને ચોરવા વાળા.
૫. બકાસુર ઉદ્ધાર	૫. અવિદ્યા રુપી કવકવાદીઓનો ઉદ્ધાર
૬. ધેનુકાસુર ઉદ્ધાર	૬. માયાવાદી (રાસભન) નો ઉદ્ધાર.
૭. વન-વન ગૌચારણ કરી, ગૌ સેવા કરી	૭. પૃથ્વી પ્રદક્ષિણા કરી ગૌ-વેદ, ગો-વાણી ને પ્રગટ કરી સેવા સિદ્ધ કરી "ગૌ-વાણી જો વેદ કી કહિયે, શ્રી ભાગવત લેં અવગાહી"
૮. વેણુનાદથી ગોપી મોહિત કરી કામને પરાસ્ત કર્યો	૮. શ્રીમદ્ભાગવત સુબોધિની વગેરે સંભળાવી જીવન ને સેવા ફળ આપી કામ નિરસન કર્યો
૯. દાવાગ્નિપાન	૯. લોભ-મોહ-મદ રુપી દાવાગ્નિ સમાન જ્વાલા દૂર કરી.
૧૦. ગોવર્ધન ધારણ કરી વ્રજની રક્ષા કરી	૧૦. સંસાર રુપી ભય - જે ઈન્દ્ર કોપ, તેનો શ્રીનાથજીની છત્ર-છાયા આપી રક્ષા કરી.
૧૧. શ્રીદામાદિ સાથિઓની સાથે લીલા સુખદાન	૧૧. દામોદરદાસ-કૃષ્ણદાસ વી. ની સાથે ભગવદ્ રસદાન
૧૨. નન્દનન્દન	૧૨. દ્વિજનન્દન
૧૩. વ્રજમાં બિરાજ્યા	૧૩. ચંપારણ્ય થી કાશી બિરાજ્યા.
૧૪. સમસ્ત દેવતા વ્રજમાં પધારી પરાસ્ત થયા	૧૪. સેવા માર્ગ બતાવી સમસ્ત લોક-આલોકના દેવ માનવ, ઋષિગંધર્વાદિ પરાસ્ત કર્યા.
૧૫. મહારાસ કર્યો	૧૫. શ્રી કૃષ્ણની રાસલીલા ના ભગવદીયોને પ્રત્યક્ષ દર્શન કરાવ્યા "રાસમેં નાચત લાલ બિહારી!"
૧૬. વ્રજમાં અગીયાર વર્ષ બિરાજ્યા	૧૬. વ્રજ માંથી અગીયાર વિગ્રહ (સ્વરૂપ) પધરાવી પુષ્ટ કર્યા.

॥ "સેવા" मारगरीती दिखाई प्रगट व्हे ॥



એક સુભાષિતમાં 'સેવા' ને "પરમ ગહન ધર્મ" માનવામાં આવતા એને યોગિઓ સુધી ને માટે 'અગમ' બતાવ્યો છે. - "**सेवा धर्मो परम गहनो, योगिना मपत्य गम्यः** ।" આથી સેવા ધર્મની ગહનતા અને અગમતાનું પરિજ્ઞાન થાય છે. આ 'અગમ' સેવા ધર્મની શ્રીવલ્લભાચાર્યજીએ "પુષ્ટિમાર્ગીય સેવા"ના રુપમાં ભક્તજનોને માટે 'સુગમ' બનાવી દીધી છે. અહીં એ બતાવ્યું છે કે પુષ્ટિમાર્ગીય સેવાનું શું રુપ છે અને એના કેટલા પ્રકાર છે. "**પુષ્ટિમાર્ગીય સેવા**": 'સેવા' અને 'પૂજા'માં અંતર - સામાન્ય રીતે 'સેવા' અને 'પૂજા' સમાનાર્થક શબ્દ સમજવામાં આવે છે. પરંતુ પુષ્ટિમાર્ગના પ્રવકતા શ્રીહરિરાયજીએ એમાં અંતર બતાવ્યું છે. એ કહે છે, "લૌકીક યુક્તિથી ઉપાસ્ય દેવની સ્નેહ પૂર્વક કરેલી પરિચર્યા 'સેવા' છે અને સ્નેહ સહિત કેવળ શાસ્ત્રીય વિધિના આગ્રહથી કરવામાં આવેલી દેવ અર્ચના 'પૂજા' છે.

सेवायां लौकिकी युक्तिस्तथा स्नेहो नियामकः । पूजयां तु विधिः स्नेह विरुद्ध इति निश्चयः ॥

'સેવા'નું પ્રચલન પુષ્ટિમાર્ગીય પુષ્ટિ સંપ્રદાયમાં છે અને 'પૂજા' મર્યાદામાર્ગીય સંપ્રદાયોમાં પ્રચલીત છે. 'સેવા' ને માટે વર્ણ, જાતિ, લિંગ વગેરે નું કોઈ પણ બંધન નથી. જ્યારે 'પૂજા' કરવાનો અધિકાર ફક્ત દ્વિજોને (બ્રાહ્મણોને) આપવામાં આવ્યો છે. કૃષ્ણ-સેવાનું મહત્વ - શ્રીવલ્લભાચાર્યજીએ "સિધ્ધાન્ત મુક્તાવલી" ના આરંભમાં જ બતાવ્યું છે કે - ભક્ત જને નિરંતર કૃષ્ણ-સેવા કરતા રહેવું જોઈએ. આથી સંસારિક દુઃખોની નિવૃત્તિ થશે અને તેને બ્રમ્હનો બોધ થશે," "**कृष्ण सेवा सदाकार्या तः संसार दुःखस्य निवृत्तिब्रह्म बोधनम्**" (सि.मु. १२) ત્યારે તે પરબ્રહ્મ કૃષ્ણના દિવ્ય પ્રેમને પ્રાપ્ત કરવાનો અધિકારી થશે.

શ્રીઆચાર્યજીએ "અન્તઃકરણપ્રબોધ" ગ્રંથમાં બતાવ્યું છે કે કૃષ્ણથી વધીને કોઈ અન્ય ઉપાસ્ય દેવ નથી. "**कृष्णात् परं नास्ति दैवम्**" (અ. પ્ર. ૧) એટલા માટે વ્રજાધીશ કૃષ્ણ જ સદૈવ સર્વભાવથી ભજન કરવા યોગ્ય છે, "**सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः**" (ચતુ : શ્લોક - ૧) અહીં આ "**भज सेवायाम्**" સૂત્રની અનુસાર ભજનનો અભિપ્રાય પણ સેવાથી છે. શ્રી આચાર્યજીએ 'શ્રીસુબોધિનીજી'માં ભજનને જ સેવા બતાવી છે. "**अस्मिन मार्गे भजनं सवैव** ।" આપના મત અનુસાર સેવાને 'સર્વભાવ' થી કરવી જોઈએ. 'ભાવ'-ભાવનાથી સિધ્ધથાય છે. "**भावो भावनया सिद्धः, साधनं नान्यदिष्यते**" (સંન્યાસ નિર્ણય - ૮) આ પ્રકારે ભાવ યુક્ત સેવાનું ઘણુ મહત્વ છે. એનાથી અતિરિક્ત કોઈ બીજુ ઉત્તમ સાધન નથી.

સેવાના વિવિધ પ્રકાર : પુષ્ટિમાર્ગીય સેવાના બે મુખ્ય પ્રકાર છે (૧) ક્રિયાત્મક સેવા અને (૨) ભાવતાત્મક સેવા. ક્રિયાત્મક સેવા પણ બે પ્રકારની છે (૧) તનુજા અને (૨) વિત્તજા. ભાવનાત્મક સેવા 'માનસી' છે. આ રીતે 'તન' થી કરેલી સેવા 'તનુજા' છે. 'ધન' થી કરેલી સેવા 'વિત્તજા' છે અને 'મન'થી કરેલી સેવા 'માનસી' છે.

શ્રીઆચાર્યજીના મતાનુસાર સેવાનો ઉદ્દેશ છે, ચિત્તને ભગવાન શ્રીકૃષ્ણમાં અનન્ય ભાવે જોડવું. એટલા માટે આપશ્રીએ સર્વ પ્રથમ તનુજા અને વિત્તજા સેવા કરવાની આવશ્યકતા-જરૂરિઆત બતાવી છે. "**चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा**"(સિ.મુ. ૨) પોતાની જાતે અને સ્ત્રી પુત્રાદી અને કુટુંબ-પરિવાર દ્વારા કરેલી શારીરિક પરિચર્યા ને "તનુજા" કહેવાય છે અને ધન-સંપતિ તથા તેના સંબંધિત બધા સાધનોથી કરવામાં આવેલી સેવા 'વિત્તજા' કહેવાય છે. તનુજા સેવાથી જીવની 'અહંતા' અને વિત્તજા સેવાથી 'મમતા'ની નિવૃત્તિ થાય છે. અને ભક્તિ ભાવ દ્દઢ થાય છે. ત્યારે કાંઈ સેવા કરનાર "માનસી" સેવા કરવાને યોગ્ય બને છે. શ્રીઆચાર્યજીએ 'માનસી' સેવાને સર્વોપરિ બતાવી છે. "**मानसी सा परा मता**" (સિ.મુ-૧) પરંતુ એની સિદ્ધિ તનુજા-વિત્તજા પ્રકારવાળી ક્રિયાત્મક સેવાની અનંતર જ થાય છે. એટલા માટે તનુજા-વિત્તજા સેવાને 'સાધન' રુપ અને માનસી સેવાને 'ફલ' રુપ માનવામાં આવી છે. 卐



સૌજન્ય : અમિત અંબાલાલ, અમદાવાદ.

આપ સેવા કરી શીખવે શ્રીહરિ, ભક્તિપક્ષ વૈભવ સુદઢ કીધો; ।
આપની લીલા તે વદન પોતે કહી, ઉચ્ચાર આનંદ અધિક દીધો ।।૧।।
(વલ્લભાખ્યાન-૭)

''શ્રીહરિ પોતેજ શ્રીવલ્લભ સ્વરૂપે પ્રકટ થઈને, પોતાની સેવા પોતે જ કરી ભક્તોને શીખવાડી છે અને પોતાની દિવ્ય લીલાનો વિસ્તાર પોતે જ શ્રીમુખ વચનામૃત દ્વારા કરી ભક્તોને અત્યાનંદ આપી, ભક્તિમાર્ગનો પક્ષ ખેંચી માર્ગને સુદઢ કરવા વિસ્તારથી વર્ણવ્યો છે.''

॥ શ્રીમહાપ્રભુજીના ચોતરાજી ॥

શ્રીમહાપ્રભુજીએ જ્યારે ભારતના તિર્થોની યાત્રા કરી, એ યાત્રાના સમયમાં પોતાની સાથે રહેવાવાળા સેવકોને આપ સચેત અને સાવધાન કરતા હતા કે, ''હવે આ (અમૂક) તિર્થ આવી ગયુ છે અને અમો અહીં બિરાજીશું.'' આચાર્યશ્રીની આ પ્રમાણેની આજ્ઞાને સાંભળીને સાથે રહેવાવાળા સેવક, જ્યાં સુધી આપ શ્રીમહાપ્રભુજી રસ્તે ચાલવાનો શ્રમ નિવારણ કરે ત્યાં સુધી આપશ્રી લાયક શુદ્ધ અને પવિત્ર માટીનો એક ચોતરો સિદ્ધ કરી દેતા અને તેને તિર્થના જળ અને રજથી લીપી અને પોતીને વ્યવસ્થીત રૂપથી પરીર્ષ્કીત (સુવ્યવસ્થીત) કરી દેતા. મોટેભાગે તે સ્થળ છોંકરની છાયામાં જ હતા. આ ચોતરો એટલા પ્રમાણથી (માપથી) બનતો કે ત્યાં નીત્ય હવન, ભાગવતપાઠ, પોતાના શ્રીઠાકુરજીની સેવા સંધ્યા-વંદન, જપ-પાઠ અને ધર્મ ઉપદેશ સરળ રીતે થઈ શકતા. એ (ચોતરા) એટલા માટે હતો કે સેવક અને સ્વામિ સમાન સ્તર પર કે સાથે નથી બેસી શકતા. સ્વામિની સાથે જ્યારે સેવક હોય ત્યારે બેસવાનો નિયમ નથી, ઊભા રહેવાનો નિયમ છે. સ્વામિ જ્યારે આજ્ઞા આપે કે બેસી જાઓ, ત્યારે વિશેષ પદ્ધતિથી સ્વામિની ડાબી-જમણી બાજુએ બેસી શકતા. પરંતુ સ્વામિનું સ્થાન તો સેવકથી ઊંચુ જ હોવું જોઈએ. અતઃ શ્રીમહાપ્રભુજીએ પોતાના સેવકોની દ્વારા સિદ્ધ કરેલ ઉન્નત સ્થળનો અંગીકાર કર્યો. જ્યાં જેટલો પ્રાકૃતિક મનોરમ વિચારધારાના પોષણને સિદ્ધ અને સૌભાગ્ય સ્થળ હોય છે, તેમનો લાભ લેવા ને માટે દેવતા-તિર્થ-વન-નદી-પર્વત-અજ્ઞાત અને અદશ્ય શક્તિઓ પણ લાભ લેવા પધારે છે. ઉપરોક્ત શક્તિઓને લાભાનવિત થવાનો પ્રસંગ, યથા સ્થળના બેઠક ચરિત્રમાં આપણને એટલા માટે મળે છે.

જ્યાં આવા સ્થળે (જગ્યાએ) આચાર્યશ્રી બિરાજે છે ત્યાં વેદ-ઉપનીષદ-કર્મકાંડ, પોતાના અંગોની સાથે ધર્મ, સાક્ષાત શ્રીઠાકુરજી સદેહ સ્વરૂપથી બિરાજે છે. આ શ્રીબેઠકજીની આરાધના નિ:સંદેહ ધર્મના મંદિરની આરાધના છે. અહીં કોઈપણ પ્રકારની તૃટી અથવા અવગુણના દર્શનની આવશ્યક્તા નથી. આપણે ફક્ત એટલું જ પરસ્પરથી સમજવાનું છે કે સર્વત્ર ધર્મની ચર્ચાઓ તો છે અને તે માત્ર આજ્ઞાત્મક સ્વરૂપથી છે. એ આજ્ઞાઓમાં સંદેહ નિવૃત્તિની ગુંજાઈસ નથી. આચાર્યશ્રીની બેઠક ચરીત્રાવલીથી જે રીતે ધર્મ સંદેશ પ્રસારીત કરવામાં આવી રહ્યો છે, એમાં ધર્મનું નિ:સંદેહ સ્વરૂપ પણ સામે આવે છે. ઉદાહરણને માટે ભાગવત્ ધર્મની નિ:સંદેહતાનું સ્વરૂપ શ્રીસુબોધિનીજી છે. શ્રીબેઠકજી આપણા જેવા જીવોને માટે સર્વસ્વ છે.

શ્રીબેઠકજીને માટે જે ચોતારજીનું સ્વરૂપ નિર્માણ કરવામાં આવે છે, ત્યાં જે રજનું (માટીનું) પોતનું થાય છે, તે તિર્થની રજ હોય છે. આપણે બધા વૈષ્ણવો એ રજમાં બેસીને પોતાને ધન્ય માનીએ છીએ, પરંતુ શ્રીમહાપ્રભુજી જ્યારે તે રજના ચોતરા ઉપર બિરાજે છે, ત્યારે તે તિર્થ પોતાને ધન્ય માને છે. ''સકલ તિર્થ કીધા સનાથ'' માનસી સેવાના પ્રાકરમાં જે જે ક્રિયામાં ભાવના રાખવામાં આવે છે તે ભાવના વિપ્રયોગ દશા હોય છે, જેમ નંદાલયની લીલા સંયોગ હોય છે. 卐



॥ છોકર – સમી વૃક્ષ ॥

ઘણું ખરું કરીને બધી શ્રીમહાપ્રભુજીની બેઠકો સમી વૃક્ષની નીચે છે. આ સમી વૃક્ષ ધર્મનું સ્વરૂપ છે. જેમ પીપળો વિષ્ણુનું સ્વરૂપ છે, એવી રીતે સમી વૃક્ષને સમજવું. ધર્મના આરાધ્ય સ્વરૂપ પુરાતન કાલમાં અગ્નિ છે. સમીવૃક્ષ કાષ્ઠથી ઉત્પન્ન અગ્નિ ધર્મનું સ્વરૂપ છે. આચાર્ય શ્રીવલ્લભ આ ધર્મરૂપ અગ્નિથી પ્રગટયા છે. આ વિચારથી સમીવૃક્ષનું અને શ્રીવલ્લભનું આંતરીક ભીતરના સ્વરૂપમાં સમાનતા છે. અત: મોટે ભાગે સમીવૃક્ષની નીચે આપ બિરાજ્યા છે.

શ્રીમદ્ ભાગવતમાં રાજા પરીક્ષિતને શ્રાપ આપવાવાળા ઋષી બાલકના પિતા સમીક ઋષિ હતા. જેમની જાણકારીથી એવો નિષ્કર્શ મળે છે, જે સમીવૃક્ષની નીચે યજ્ઞાદીક કર્મ કરે છે તે સમીક ઋષી છે. આ ઋષી અહીં સમીવૃક્ષની નીચે બીજાના ઉદ્ધારની વાત વિચારે છે. શ્રીઆચાર્ય ચરણ પણ સમીવૃક્ષની નીચે બિરાજમાન થઈ ને કોઈને કોઈના ઉધ્ધારની જ વાત વિચારે છે.

આપશ્રીએ આ જીવન સાદું, સરળ અને સંયમી જીવન ગાળ્યું. સફેદ ધોતી અને ઉપરણો, ખુલ્લા ચરણારવિંદ, બને ત્યાં સુધી ગામ બહાર જળાશયના કિનારે જ મુકામ. સેવા અને સ્મરણને જ જીવનના મુખ્ય કાર્યો બનાવ્યા અને પોતે તે કાર્યો આચરી બતાવ્યા. ઝાડ અને ઝૂંપડી પસંદ કર્યા. શ્રીમહાપ્રભુજી કાયમ છોંકરના (ખિજડાના) વૃક્ષને પસંદ કરતા, કેમકે આ વૃક્ષના પાન નાના અને કાંટા ખૂબ જ હોય છે. તેની છાયા અલ્પ હોય છે, તે એમ સુચવે છે કે કાંટા જેવા વિચાર અને વર્તનવાળા દુષ્ટજીવો અલ્પ છાયાની જેમ લૌકિક સુખમાં રચ્યા-પચ્યા રહે છે. તેમનો ઉદ્ધાર કરવા માટે આપનું પ્રાગટ્ય થયું છે. જે અનાથ છે, જેમને કોઈએ સ્વીકાર્ય નથી તેમને આપે સનાથ કર્યા છે. તેથી આપ છોંકરનું વૃક્ષ પસંદ કરતા. 卐


॥ શ્રી વલ્લભાધીશો જયતિ ॥

॥ શ્રીબેઠકમાં ગાદીજી (સિંહાસન) ॥

આચાર્ય અને ભગવાનમાં ફર્ક નથી હોતો. ભાગવત્‌ના અગીયારમાં સ્કંધમાં ''આચાર્ય મામ્ બીજાનીયત્'' એવું શ્રીકૃષ્ણ વાક્ય છે. આથી સિદ્ધ થાય છે, શ્રીઠાકોરજી અને શ્રીઆચાર્યજી એકજ રૂપ હોય છે. જ્યારે કોઈ આચાર્ય ભૂતલ ઉપર પધારે છે ત્યારે સ્વયં ભગવાન પોતાના સિંહાસન પર પરમધામમાં જે ગાદી-તકીયા પોતાના માટે અંગીકાર કરે છે તે ગાદી-તકીયા તે આચાર્યને માટે સ્વયં ભગવાન મોકલાવે છે. આ ગાદી-તકીયા ધર્મરાજ્ય સિંહાસન કહેવાય છે. આ ગાદી-તકીયામાં વેદ-ઉપનીષદ સહીત બધા શાસ્ત્રોનો સાર હોય છે. આ સાર (શાસ્ત્રોનો)ની ગોદીમાં શ્રીઆચાર્યજી બિરાજે છે અને શાસ્ત્રરૂપી શસ્ત્ર બળથી ધર્મરાજ્યની રખેવાળી કરે છે અને સમય-સમય પર ધર્મનો વિજય કરાવે છે. 卐



દંડાકાર તિલક અતિ રાજતું, કેસરી રંગે શુભ ભાલજી.

॥ શ્રીઆચાર્ય તિલક ॥

વૈષ્ણવ અને વૈષ્ણવ આચાર્યોમાં વિષ્ણુપદ પ્રમુખ (મુખ્ય) હોય છે. એટલા માટે આચાર્ય શ્રીવલ્લભ એ વિષ્ણુપદ રૂપ તિલક અંગીકાર કર્યું છે. આચાર્યશ્રીના શ્રીમસ્તક ઉપર શોભાયમાન વિષ્ણુપદ રૂપ ઉર્ધ્વપૂંડ તિલકને જોઈને ધર્મને ધીરજ - આશ્વાસન મળે છે કે, ‘‘આ જ આચાર્ય મારા ધર્મના પોષક છે - પોષણ કરનારા છે.’’ એટલા માટે તિલક શોભાયમાન છે.

શ્રીઆચાર્ય ચરણ શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ છે. શ્રીસ્વામિનીજી સ્વરૂપ હોવાના કારણે આપના શ્રીમસ્તક પર તિલકનું ચિન્હ શ્રીકૃષ્ણના ચરણ ચિન્હ છે.

શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકુરજી બંનેના મધ્ય (વચ્ચે) શ્રીકૃષ્ણના ચરણ શ્રીસ્વામિનીજીના મસ્તક પર સુશોભીત થવું કોઈ વિપરીત રસલીલાનું સૂચક છે. ‘‘સૂરશ્યામ તુમ બનો રાધિકા, મેં નંદલાલ કહાઉં’’ આ વિપરીત લીલાનું સૂચક છે.

રાગ–બિલાવલ

શ્રી વલ્લભ રાજ કી બલ બલ જાઉં ।।
મુદ્ર તિલક સહિત મુખ જાંકી છબિ નિરખ મેરે નયન સિરાઉં ।।૧।।
શ્રીવલ્લભ પુન શ્રીગિરિધર મુરતી એક અનેક હિયેં સોભિત નાઉં ।।
અભય રાસ વિલાસ કરોપ્રભુ લાલ ગોપાલ સકલ ગુણ ગાઉં ।।૨।।

卐

॥ શ્રીમહાપ્રભુજીના ધોતી-ઉપરણા ॥

શ્રીમહાપ્રભુજીએ ધોતી-ઉપરણા ધારણ કર્યા છે, જેનો રંગ સફેદ (શ્વેત) છે. આ જે ધોતી-ઉપરણાની જોડનો સફેદ રંગ ઉજ્જવલ ભક્તિનું સૂચક છે અને એ ઉજ્જવલ ભક્તિ છે, તેની જન્મદાતા શ્રીજમુનાજી છે. શ્રીજમુનાજીના સ્વરૂપની ભાવના અહીં માનવામાં આવી છે, જે રાસમાં સ્થિત શ્રીજમુનાજીનો ભાવ છે. રાસમાં જ ઉજ્જવલ ભક્તિ પ્રગટ થઈ છે.

શ્રીમહાપ્રભુજીએ જે ધોતી-ઉપરણા ધારણ કર્યા છે, એમાં ઉપરણા શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીવલ્લભ બાળકોના ખુલ્લા ઉપરણા શ્રીયશોદાજીની આજ્ઞાનું જ સ્વરૂપ છે. જેમ શ્રી ચંદ્રાવલીજી અને શ્રીસ્વામિનીજી સ્વરૂપ શ્રીગુસાંઈજી અને શ્રીમહાપ્રભુજી સ્વરૂપ છે. તેવી જ રીતે સમસ્ત શ્રીવલ્લભકુળ શ્રીયશોદાજીની આજ્ઞાનું સ્વરૂપ છે. એટલા માટે ગડી વાળેલો નહીં, ખુલ્લા ઉપરણાની આજ્ઞા છે. (બાકી નીજી સ્વતંત્રતા है) 卐

શોભા દેખત હી બની આવે ।



॥ શ્રીમહાપ્રભુજીના કેશ ॥

આચાર્ય રૂપ શ્રીમહાપ્રભુજી, શ્રીઠાકુરજીનું સ્વરૂપ છે. જ્યાં શ્રીમહાપ્રભુજીના ખુલેલા કેશના દર્શન થાય છે, તે કેશ ભક્તિના વનમાં રસવૃષ્ટિ કરવાવાળા મેઘોના (વાદળો) બરાબર છે. મેઘ રસવૃષ્ટિ ત્રણ રીતે કરે છે. જે અમૃત સમાન ગુણકારી છે.

(૧) ચાતકને માટે વરસવું, (૨) મોરને માટે વરસવું, (3) ભક્તિના વનમાં જે વૃક્ષ છે અને એ વૃક્ષ વૈષ્ણવ સ્વરૂપ છે. આ વૃક્ષરૂપી વૈષ્ણવોને માટે વરસવું. જ્યારે મેઘ ચાતકની તરસ (પ્યાસ) છીપાવે છે, ત્યારે બ્રહ્મસંબંધ દાતા આચાર્યના રૂપમાં હોય છે. જેથી વિપ્રયોગ નિવારણ થાય છે. જ્યારે શ્યામ રંગના ખુલેલા કેશ (વાળ) શોભીત થાય છે, ત્યારે મયુરો (મોરો)ની જેમ પ્રભુ મિલનની ચાહના ઉત્પન્ન કરે છે. જેનાથી જીવમાં સેવાપયોગી યોગ્યતા સમ્પન્ન થાય છે.

વનમાં વરસવા વરસવાવાળા વદળ (મેઘ) જેમ વૃક્ષોની શોભા વધારે છે. આ ગુણ વૈષ્ણવને માટે પ્રભુને લાયક યોગ્યતા સેવકને દાન આપે છે. જેનાથી શ્રીઠાકુરજી સેવકથી સેવા કરાવવાની ઈચ્છાવાળા થાય છે. 卐

કેશ સચીકણ ને પાતળા, શોભા સકલ શ્રીઅંગજી.

॥ શ્રી મહાપ્રભુજીનો શૃંગાર ॥

મૂળ સિદ્ધાતોમાં જે વિષય જ્યાંથી પ્રારંભ થાય છે એનું પૂર્ણ વિરામ અથવા સમાપન પણ ત્યાંજ થાય છે. જેવી રીતે શ્રીઠાકોરજીને જગાડવામાં પ્રથમ આચાર્યજી શ્રીમહાપ્રભુજીના જ કીર્તન ગાવામાં આવે છે. આખા દિવસની સેવાથી પહોંચીને પછી આશ્રયના પદોમાં શ્રીમહાપ્રભુજીના જ પદ ગાવામાં આવે છે. આજ ક્રમ સેવામાં રાખવામાં આવ્યો છે. બીજા પદ મંગલામાં શ્રીગુસાંઈજીના પછી શ્રી યમુનાજીના થાય છે. શયનમાં જ્યારે શૃંગાર બડા (વડા) થાય છે, ત્યારે તે શૃંગાર આપણે આપણી વ્યવસ્થાની અનુસાર ભલે શૃંગાર મંજુસા (પેટી)માં પધરાવીએ છીએ. પરંતુ તે શૃંગાર મંજુસા શ્રીયમુનાજીનું સ્વરૂપ છે અને શ્રીયમુનાજી એ શૃંગારને શ્રીમહાપ્રભુજીને આપીને શૈયા મંદિરમાં પધારી જાય છે. આ શૈયા મંદિરમાં શયનથી પહેલા રસકેલી અને રસવાર્તા શ્રી અને સ્વામિનીજીની મધ્યમાં થાય છે. શ્રીયમુનાજી એ વાર્તા પ્રસંગોમાં રસ વૃદ્ધિ કરે છે. અહિં જે શૃંગાર છે, તે સ્વરૂપાત્મક છે. શ્રીઠાકુરજીથી બડે થયા પછી તેમને તીવ્ર (અતી) વિરહ ના થાય, એટલા માટે આ વિરહની નિવૃત્તિને માટે શ્રીયમુનાજી એ શ્રીમહાપ્રભુજીને સોંપ્યા છે અને તે શૃંગાર ભાવનાત્મક સ્વરૂપથી શ્રીમહાપ્રભુજી બેઠકજીમાં અંગીકાર કરે છે અને એ સ્વરૂપાત્મક શૃંગારને આજની શયન વિધિમાં જે રસવાર્તા રસને માટે હોય છે એને સંભળાવીને એમનો તાપ નિવારણ કરે છે.

અંગ પ્રતિઅંગ અદ્‌ભૂત રસ બરસે, નીરખત હી મન મોહે ।

શ્રીબેઠકજીમાં આ શૃંગાર અંગીકાર કરવાવાળા શ્રીમહાપ્રભુજીનું પુરૂષોત્તમ સ્વરૂપ છે. જે શૃંગાર ધરાવવામાં આવ્યો છે તે આજની ભાવ પરક ગોપીજનોનું મન છે. વ્રજ ગોપીઓનું મન જ્યારે સાકાર સ્વરૂપ હોય છે, ત્યારે તે શૃંગારમાં આભરણનું સ્વરૂપ થઈ જાય છે. એટલા માટે રાસપંચાધ્યાયીમાં શ્રી શુકદેવજીએ શ્રીકૃષ્ણનો આશય કહેવા માટે 'માનસચક્ર' શબ્દ કહ્યો છે. જેનો અર્થ થાય છે 'મનને સ્વરૂપાત્મક કર્યું'. એટલા માટે શ્રીમહાપ્રભુજીને બેઠકજીમાં શૃંગાર ધરાવવાની વ્યવસ્થા-પ્રણાલીકા છે.

અહીં થોડી રામદાસજીની બાનકી (વાનકી) સમઝવા જેવી છે.

''वल्लभ की वानिक मन भाई । करि स्नान संवारि केश माथे तिलक बनाई ।।१।।
संध्या करत हरत मेरो मन इत उत नयन चलाई । करि शृंगार तब मो तन चितयो रामदास बलि जाई ।।२।।

॥ શીખા ॥

વેદજનીત સનાતન અને આર્ય ધર્મને જેમણે પોતાના પૌરૂષ પ્રતાપથી ભારતવર્ષમાં સર્વોચ્ચ શિખર સ્થાન ઉપર સુશોભિત કર્યું, એટલા માટે આર્ય અને સનાતન અને વૈદિક ધર્મ રૂપ શીખા (ચોટી) આપની સુશોભિત છે. 卐



॥ યજ્ઞોપવિત ॥

વર્ણધર્મની દક્ષતા સૂચિત કરવાને માટે યજ્ઞોપવિત અંગીકાર છે. 卐

॥ કંઠી ॥

કંઠમાં (ગળામાં) તુલસીની કંઠી અંગીકાર છે. સાક્ષાત્ તુલસીજી જે ભક્ત સ્વરૂપા છે, જેમનું વિષદ્ મહાત્મ્ય શ્રીમહાપ્રભુજીના કંઠથી પ્રગટ થઈને ચૌમુખી પ્રતિભાના વિસ્તારને પ્રાપ્ત થયો. આ તુલસીમાલા આપશ્રીના શ્રીકંઠનો આશ્રય નથી છોડતી. અતઃ (તેથી) શુષોભિત છે. 卐

॥ શ્રીમહાપ્રભુજીના ચરણ ॥

ચરણારવિંદ મકરંદે ભર્યા, ભક્ત ભ્રમર કરે ત્યાં પાનજી.

શ્રીમદ્ ભગાવત્માં અંબરીષ અને દુર્વાસાના પ્રસંગમાં સ્વયં શ્રીહરિએ દુર્વાસાને પોતાનું મંતવ્ય બતાવ્યું છે કે, ''અહં ભક્ત પરાધિન''માં ભક્તોના આધિન છું. જીવોને જાણતા હોવા છતાં સ્વયં શ્રીઠાકુરજી સીધે સીધો હાથ નથી પકડતા. જે જીવોનો હાથ શ્રીમહાપ્રભુજી, શ્રીઠાકુરજીને સોંપે છે, એ જ જીવોને પ્રભુ પોતાના શરણમાં રાખે છે. અહીં પણ ક્યારે શ્રીવલ્લભ કયા જીવને સોંપસે તે આશામાં સ્વયં શ્રીઠાકુરજી, શ્રીઆચાર્ય ચરણના પરાધિન છે.

હાથ પકડેલા જીવોને શ્રીઠાકુરજીમાં અને શ્રીમહાપ્રભુજીમાં ભેદ બુદ્ધિ ના આવે એટલા માટે શ્રીમહાપ્રભુજીના ચરણચિન્હોમાં અને શ્રીઠાકુરજીના ચરણચિન્હોમાં સંખ્યાત્મક અને ફલાત્મક સમાનતા છે. આ ચરણચિન્હોના કારણે શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજી બે (૨) હોવા છતાં એક છે.

જે સમયે ભગવાને વામન અવતાર લીધો હતો અને ત્રણ પગલામાં સર્વસ્વ માપવાની પ્રણાલીમાં બીજા પગના અંગુષ્ઠ (અંગુઠા)થી જે બ્રહ્માંડ ભેદન થયું અને એ અંગુષ્ઠનું કેસર સ્નાન જ્યારે બ્રહ્માએ બ્રહ્મકમંડલના જલથી કર્યું, ત્યાં શ્રીગંગાજી પ્રગટ થયા. ભક્તોના દ્વારા આપવામાં આવેલ સર્વસ્વ પ્રભુ અંગીકાર કરે છે. આ શ્રીગંગાજીનો મૂલ વિચાર છે. આ મૂલ વિચારના આધાર ઉપર શ્રીગંગા પાપ હરનારી છે. આ વિચારની સંગતી પૂંજ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ છે. આપશ્રીએ અનેકાનેક જીવોનું સર્વસ્વ પ્રભુને અંગીકાર કરાવ્યું. શ્રીગંગાજી અને શ્રીમહાપ્રભુજી બંનેની વૈચારીક સંગતી છે. એટલા માટે શ્રીમહાપ્રભુજીએ આસૂર વ્યામોહલીલા કાશીમાં ગંગા પ્રવાહમાં આપી.

આચાર્યનું સ્વરૂપ સત્યનો અવતાર હોય છે. સત્ય પોતાની જગ્યાએ જ્યારે પણ હોય છે ત્યારે ઓછુ અથવા અડધું નથી હોતું, તે પૂર્ણ હોય છે. કાશી નામની ભૂમિ ભગવાન શંકર અને સત્યવાદી હરિશ્ચંદ્રથી જોડાયેલી છે. આ બંનેના ઈતીહાસથી સત્ય પ્રમાણીત હોય છે અને શ્રીઆચાર્યજી વલ્લભે જગત સત્ય છે એ પ્રમાણીત કર્યું છે. પૂર્વ-વર્તી સત્ય પ્રમાણ કરવાવાળા ઈતિહાસ નિર્માતા શંકર અને હરિશ્ચંદ્ર આ બંનેની વચ્ચે જગત સત્યના પ્રમાણ કર્તા શ્રીવલ્લભે, કાશી સ્થિત ગંગાને (પોતાનો સંબંધ માન્યો) આસૂરવ્યામોહ લીલા સ્થળ માન્યો. 卐


॥श्रीठाकुरजीकेचरणकमलके॥
स्वस्तिक १ रथ २
शंख ३ शक्ति ४
सिंहासन ५ अंकुश ६
उरधरेखा ७ कमल ८
अष्टकोण ९ घोडा १०
हाथी ११ वेणु १२
मीन १३ वज्र १४
बरछी १५ कुमुद १६
॥ यह दक्षिणपदके चिन्ह॥
३२
चिन्ह
कुंभ १७ धनुष १८
चंद्रमा १९ नरकार २०
गदा २१ छत्र २२
नवकोण २३ जव २४
तिल २५ त्रिकोण २६
रस्सी २७ बाण २८
गऊ २९ अग्निकुंड ३०
सर्प ३१ सैल ३२
॥यह वामपदके चिन्ह॥
॥श्रीस्वामिनीजीकेचरणकमल॥
छत्र चक्र ध्वज लता
पुष्प कंकण अंबुज
पुनि॥ अंकुश उरध
रेख अर्द्ध ससियव
बायें गुनि॥
पाश गदा रथ जग्य
वेदी अरु कुंडल आ
नौ॥ बहुरि मत्स्य गि
रिराज शंख दहिने
पद मानौ॥
के चिन्ह
॥श्रीमहाप्रभुश्री आचार्यजीके॥
कमल पताका गदा वज्र
तोरण अति सुंदर॥ कुं
भ लता पुनि धनुष
धरत दहिन पद मेवर
॥ ध्वज अंकुश रूप
चक्र अष्टदल अंबुज
मानौ॥ अमृतकुंभ
यव चिन्ह वाम पदमें
पुनि जानौ॥
तुलसी क्यारा॥
॥चरण चिन्ह॥
इतिश्रीवल्लभविलासद्वितीयभागसेवाप्रकाशदामानुदास
दरशना
व्रजभूषनदास



॥ શ્રીમહાપ્રભુજીના પાદુકાજી ॥

શ્રીમહાપ્રભુજી આપની પૃથ્વી પરિક્રમામાં કોઈ વાહનનો ઉપયોગ નહોતા કરતા અને પગે ચાલીને પધાર્યા છે. એનું કારણ એ છે **કે** શાસ્ત્રોમાં પૃથ્વી ભગવાનની પત્ની છે. આ પત્નીરૂપ પૃથ્વીને ભગવદ્ લીલાનો તાપ છે. એ તાપને પૃથ્વી ઉપર આપના ચરણ પધરાવીને નિવારણ (દૂર) કરે છે. પૃથ્વીને પૂર્ણ આસ્વાદન પ્રદાન કરવાને માટે શ્રીમહાપ્રભુજી શ્રીમદ્ ભાગવત રૂપ શ્રીગોવર્ધનનાથજીને હૃદયથી લગાવીને હંમેશા રાખે છે. એનો અર્થ થાય છે કે શ્રીભાગવત રૂપ શ્રીનાથજીનો શ્રીસ્વામિનીજી શ્રીમહાપ્રભુજી પોતાના હૃદયની વાત કહેતા રહે છે.

શ્રીમહાપ્રભુજીએ જે શ્રીસુબોધિનીજીને પ્રગટ કર્યા છે, તેનાથી જીવોને એવું જણાવ્યું છે **કે** સેવા પરાયણ, શરણાગત અને બ્રહ્મસંબંધી જીવોને માટેની શ્રીભાગવત રૂપ શ્રીનાથજીનો સુગમ બોધ છે. એટલા માટે ભૂતલના વૈષ્ણવોની જાણકારી શ્રીભાગવતના માધ્યમથી જેમના દ્વારા કરાવવામાં આવે છે તે ભાષા શ્રીસુબોધિનીજી છે. આ ભાષા સેવાના અને નિકુંજના ગુપ્તરસને શ્રીઠાકુરજીના સામે પ્રગટ **કરે** છે. અતઃ શ્રીસુબોધિનીજીની આ ભાષાને સમાધી ભાષા કહેવામાં આવે છે.

શ્રીમહાપ્રભુજી સર્વ શાસ્ત્ર વિષારદ્ છે. એનું તાત્પર્ય એ છે **કે**, જેમ અવ્યક્ત જીવના જન્મ લેવાથી **દેહ** જોવામાં આવે છે. એવી જ રીતે અલૌકિક શાસ્ત્રોનો પણ અંગપ્રત્યંગ સહીત સ્વરૂપ છે. એ શાસ્ત્રોએ પણ શ્રીમહાપ્રભુજી એવો આભાસ કરાવે છે કે આપ ભગવદ્ સંબંધી છો.

આપની કાષ્ટ (લાકડાની) પાદુકા બે પ્રકારની છે - (૧) ખુંટીવાળી (૨) ખુંટી વગરની. એ પાદુકાઓ જેના ઉપર શ્રીમહાપ્રભુજીએ આપના તરફથી કૃપા કરીને ચરણ રજ પધરાવી છે. ખુંટી વગરની પાદુકાજી એવા ભાવથી છે, જે ભગવદીય શ્રીમહાપ્રભુજીની જ ચરણરજ ઈચ્છે છે, કે તેઓ પણ ભગવદીય છે. એમની આશા પૂર્ણ કરવાને માટે શ્રીમહાપ્રભુજીએ આપના ચરણ એ ભગવદીયોને દાન કર્યું. જેમ શ્રીદામોદરદાસ હરસાનીજી, માધવભટ્ટ કાશ્મીરી, શ્યમદાસ સૂતાર. જેવા ભગવદીયોના હૃદયમાં ફક્ત શ્રીમહાપ્રભુજીની જ ચાહના (ઈચ્છા) હતી.

આ પાદુકાજી લાકડાની (કાષ્ટની) પાદુકા છે. તે ઉપરથી નીરસ જોવામાં આવે છે અને અંદરથી લીલાના ગુપ્તરસના જે અધિકારી છે એવા ભગવદીયોના હૃદય પાદુકાજી છે. એટલા માટે ભગવદીયોના હૃદય રૂપ અને શ્રીઆચાર્ય ચરણોની ચરણ રજથી સંપન્ન ભગવદીયોના હૃદય છે. આજ કારણ છે કે આ પાદુકાજી નીજ મંદિરમાં શ્રીઠાકોરજીની પાસે ચોકી ઉપર-ગાદીજીની ઉપર અલગથી સ્વતંત્ર બિરાજે છે. અગર આ પાદુકા કદાચીત ચરણોની સુરક્ષા માટે પહેરવાની (અવલંબન) માટે હોતી તો એ નીજ મંદિરમાં ના હોત, ક્યાંક બહાર હોતી. આ પાદુકાજી વિપ્રયોગ સંપન્ન ભગવદીયોના હૃદયનું સ્વરૂપ છે. એટલા માટે નીજ મંદિરમાં પાદુકાજી બિરાજવાના શોભાયમાન દર્શન થાય છે અને આ પાદુકાજીની ઉપર ફૂલોની માલા ધરાવવામાં આવે છે. કારણ કે આ પાદુકાજી હૃદયરૂપ હોવાથી જ હૃદયનો શૃંગાર છે. આ પાદુકાજીને બિરાજવાનું સ્થાન શ્રીઠાકોરજીના બરોબર (સમકક્ષ) ઊંચાઈવાળુ ન હોઈ, થોડું નીચાણવાળુ હોય છે. કારણકે શ્રીમહાપ્રભુજીના ચર્ણાશ્રીત ભક્તોનું હૃદય શ્રી ઠાકોરજીની આડમાં નીચેની ત**રફ** રહીને પોતાને ધન્ય સમજે છે.

શ્રી બેઠકજીમાં જ્યાં આપ ચોતરા ઉપર બિરાજો છો ત્યાંજ ભાવ સ્વરૂપ પાદુકાજી બીરાજે છે. હિંડોરા, પલના, ડોલ વગેરે મનોરથોમાં આપના સ્વરૂપ ગાદીજી પધરાવાય છે પણ પાદુકાજી ચોતરાજી પાસે જ રહે છે. 卐



॥ શ્રીબેઠકજીમાં સેવા ટહેલ ॥

શ્રીવલ્લભકુળના બાળકોના વચનામૃત દ્વારા હ્રદયમાં પ્રગટ થયેલા ભાવનું સ્મરણ ચિંતન શ્રીબેઠકજીમાં શ્રીમહાપ્રભુજી સન્મુખ જઈએ ત્યારે ભાવરૂપ ભાવનામાં સ્થિતિ થાય છે. ૮૪ પ્રકારની ભગવદ્ લીલાનું અનુસંધાન (ગાનકરી) શ્રીમહાપ્રભુજીની સેવા (સુબોધીનીજી પ્રસ્થાપિત) ૮૪ બેઠકજીમાં શ્રીમહાપ્રભુજીએ લીલાભાવના સ્વરૂપ પ્રસ્થાપીત કર્યું છે. જ્યાં આપની નિત્ય સેવામાં બિરાજતા ૮૪-૨૫૨ ભગવદીયો અથવા આપશ્રી સ્વામિનીજીની સખી વૃંદો, સેવા ટહેલમાં નિત્ય અષ્ટપ્રહર તત્પર છે.

દૈવી જીવો, બાળકોના (ગુરૂના) વચનામૃતનું સ્મરણ ચિંતન અને મનન કરી શ્રીબેઠકજીમાં શ્રીમહાપ્રભુજીની સન્મુખ થાય છે. તે દૈવીજીવો ઉપર આપશ્રીની સેવા-ટહેલમાં તત્પર ૮૪-૨૫૨ ભગવદીયો (વૈષ્ણવો) (ગોપીજનો)ના ચરણની રજમાં મન પરોવાય અથવા તેઓની દષ્ટિમાં આવીએ, તેઓની છાયા પ્રચ્છાયા પડે, તેઓનો સ્પર્શ થાય, ત્યારે આંતરચક્ષુ દ્વારા આપશ્રીના સ્વરૂપના બંધનમાં બંધાઈ જઈએ (આપની દષ્ટિમાં રહીએ). જ્યાં ૮૪-૨૫૨ ભગવદીયોની સાથે સેવા-ટહેલ કરવાનું મન થાય. એ સેવા ટહેલના ફલ સ્વરૂપે બેઠકજીમાં બિરાજતા (સેવામાં તત્પર) ૮૪-૨૫૨ ભગવદીયોની દષ્ટિમાં આવીએ, તેમનો સંગ થાય, સત્સંગ થાય અને ભક્તિને પોષણ મળતાં શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદમાં આપણી આસક્તિ, ભક્તિ દઢ થાય. જેથી શ્રી બેઠક ચરિત્ર લીલાના નાયક (આપશ્રી)ની નાયીકાના કૃપાપાત્ર બનીએ. (નાયક શ્રીમહાપ્રભુજી અને નાયીકા શ્રી દામોદરદાસજી) ત્યારે દૈવીજીવને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના ચરણારવિંદનો સ્પર્શ મળે અને નખચંદ્રની છટા દ્વારા આત્મામાં વ્યાપેલ વિરહતાપ ક્લેશનો અંધકાર દૂર કરી ઉજીયારો પક્ષ શ્રીમહાપ્રભુજીના રૂપ-સ્વરૂપનું જ્ઞાન થાય એનું નામ સર્વોત્તમ.

આપણા વડીલો (ભગવદીય) આપણને કહી ગયા છે કે, ‘‘પ્રથમ ચરણની રજનો સ્નેહી બનેજ - તેમાં આસક્તિ કરજે - તેની સ્નેહપૂર્વક - વિરહભાવ સહીત આજીજી કરજે - તેનું શરણ સ્વીકારજે - નિત્ય તેનું સ્મરણ અને ચિંતન કરજે જેથી આપણા પરમ કૃપાળુ શ્રીવલ્લભ પ્રભુ જરૂરથી કૃપાદાન કરશે જ. અમો જે આપશ્રીએ બતાવેલ માર્ગ ઉપર ચાલીને આપશ્રી વલ્લભપ્રભુની કૃપાથી આપશ્રીની નિત્ય સેવામાં સ્થિર છીએ. એથી વધુ શું કહીએ ? માર્ગ (રસ્તો) તો અમે આપસૌ અમારા સ્નેહીજન માટે સરળ કરીને રાખ્યો છે. આપણા શ્રીવલ્લભાધીશજીના પરમ કૃપાપાત્ર સ્નેહીઓએ પુષ્ટિમાર્ગમાં પગ માંડયા છે. તેમના પગલે સર્વે સહજતાથી સાનુકુળ કૃપામાર્ગના રસ્તે સૌ સહેલું થઈ પડશે.’’

॥ સેવા ગોપીજનની ॥ (ચોકમાં અષ્ટકોણ)

પ્રભુ જ્યાં બિરાજે છે, એમના આંગણાંમાં (ચોકમાં) શોભાયમાન મણીક મંડળ (ગોળાકાર) છે. એની અંદર આઠ ખૂણાનો (કોણનો) સુખદ્ સિંહાસન શોભાયમાન છે. કોણ કોણ ગોપીજન કોની કોની સાથે રહીને પોત-પોતાની રૂચી પ્રમાણે સેવા કરે છે. જે સેવામાં અંતરાય નહી આવે એવી સેવા કરે છે. આ ગોપીજન અષ્ટયામ સેવાની અધિકારી છે.

મંદિરના ચોકમાં દર્શન કરવાને માટે જઈએ છીએ, ત્યાં ચોકની રચનામાં એક અષ્ટકોણ બનાવેલું હોય છે. ક્યાંક આરસના પથ્થરથી બનાવેલું અષ્ટકોણ ના હોય તો, હળદરથી બનાવવામાં આવે છે અથવા લાકડાના પાટીયાની ઉપર અષ્ટકોણ ચિત્રીત (ચિતરીને) કરીને બિરાજમાન કરી દેવામાં આવે છે. એનો એવો ભાવ છે કે અહીં જે સેવા કરવાવાલા છે, તે આ આઠ ગોપીઓને આધિન પોત-પોતાની કુંજોમાં સેવા કરે છે. નંદાલયમાં આજ વ્રજગોપીઓના ભાવનો પ્રકાર છે. શ્રીસ્વામિનીજી સહીત આઠ સખીઓને મળીને કુલ નવ સખી હોય છે. શ્રી યશોદાજી અને એમની આઠ દેરાણી-જેઠાણી બધી મળીને એમને પુછી-પુછીને લાડ લડાવે છે. સેવા કરવી અને લાડ-લડાવવા બંને અલગ-અલગ (જુદા-જુદા) છે.

સેવા શ્રી યશોદાજી વગેરે ગોપીઓના ભાવની છે. લાડ-લડાવવું શ્રી સ્વામિનીઓના ભાવથી છે. વાત એક છે, રહસ્ય બે છે. 卐


ઉત્તર
શ્રી લલીતાજી
(રહસી કુંજ)
વાયવ્ય
સુદેવી
(રસદ્ કુંજ)
ઈશાન
વિશાખા
(વસુદા કુંજ)
પશ્ચિમ
રંગદેવી
(રંગદ્ કુંજ)
શ્રી મુખ્ય
સ્વામિનીજી
(મધ્યમાં)
ચંપકલતા
(વિશદ્ કુંજ)
પૂર્વ
ઈન્દુલેખા
(અમૃતકુંજ)
નૈઋત્ય
તુંગ વિદ્યા
(અમીતકલા કુંજ)
દક્ષિણ
ચિત્રા
(વિચિત્ર કુંજ)
અગ્નિ

आंगन मोहन महलके, मोहन मंडल मंजु ।। ता उपर आठकोन को, सुख सिंहासन रंजु ।।१।।
कौन कौन प्रत्येक इक। प्रिय प्रमदागन संग ।। रुचि अनुसारे सेवहि, उर अनुराग अभंग ।।२।।



સૌજન્ય : અમિત અંબાલાલ, અમદાવાદ.

કૃષ્ણ તન વરણ ગુણ ધર્મ શ્રીકૃષ્ણ કે । કૃષ્ણ લીલા મઈ કૃષ્ણ સુખકન્દની ।। (કૃષ્ણદાસ)

''શ્રીકૃષ્ણએ માન ધારણ કર્યું. શ્રીસ્વામિનીજી ઘણા પ્રયત્નો છતાં માન છોડાવી શક્યા નહીં. શ્રીયમુનાજીએ કૃષ્ણનો વેષ ધારણ કરી શ્રીકૃષ્ણની સામે ઊભી રહી, પોતાનું દિવ્ય અલૌકિક રૂપ જોઈને શ્રીકૃષ્ણ હસી પડયા. શ્રીસ્વામિનીજીને પરમાનંદની કોઈ ગણત્રી જ ના રહી. શ્રીસ્વામિનીજી યમુનાજી ઉપર ઘણા પ્રસન્ન થયા અને કહ્યું કે, ''મેરી અભિલાષા હૈ કિ આજ સે પુષ્ટિમાર્ગીય જનોં કે દ્વારા યમુના ઈસી રૂપ મેં સેવ્ય, આરાધિત હોં.'' ત્યારથી શ્રીયમુનાજીને કૃષ્ણમય સ્વરૂપની જ પુષ્ટિમાર્ગમાં આરાધના થાય છે.'' (ઉપરોક્ત ચિત્રજીમાં શ્રીસ્વામિનીજીએ શ્રીવલ્લભાધીશનું સ્વરૂપ ધારણ કર્યું છે. - જે આ લીલાની પુષ્ટિકૃપા છે.)

॥ શ્રીબેઠકજીમાં ઝારીજી ॥

શ્રીમહાપ્રભુજીની ઝારીજી અને શ્રીઠાકોરજીની ઝારીજી બંનેમાં સ્વરૂપતઃ સમાનતા છે. આ ઝારીજી શ્રીયમુનાજીનું સ્વરૂપ છે. જ્યારે રાસમાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીએ નૃત્ય કર્યું હતું અને આ નૃત્યમાં જે શ્રમકણ (પરસેવો)નો ઉદય થયો હતો અને તે શ્રમકણ વહીને આગળ વધવા લાગ્યો, એ પ્રવાહ વૃન્દાવનની શ્રીયમુનાજીનું સ્વરૂપ છે. આ એક બીજાના (શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીના) હૃદયનો આનંદ રસ છે. શ્રમકણ કહીને સમજાવવામાં આવ્યું છે. આ રસનું પાન શ્રીઠાકોરજી કરે છે, જે ઝારીજી કહેવાય છે. રાસમાં નૃત્યના સમય શ્રમકણ ઝર-ઝર કરતું વહેવા લાગ્યું એટલા માટે એને ''ઝારી'' શબ્દ કહીને સંબોધીત કરીએ છીએ. કીર્તન : ''પીયાસંગ સંગમ શ્રમ સરીતા મમ ઉરહી વહો''

આ રાસનું જલ શ્રીમહાપ્રભુજીની ઝારીમાં બિરાજીને જ્યારે આપના હૃદયમાં પહોંચ્યું ત્યારે શ્રીમહાપ્રભુજીએ આ ઝારીના હૃદય સ્થિત જલ પ્રભાવથી પ્રભાવિત થઈને શ્રીમદ્ ભાગવતરૂપ સમુદ્રનું મંથન કર્યું. જેવી રીતે સમુદ્ર મંથનથી દેવતા અને અસુરોંને ચૌદ રત્ન મળ્યા, એવી રીતે શ્રીભાગવત્ સમુદ્રનું મંથન કરવાથી શ્રીમહાપ્રભુજીને રાસમાં સ્થિત ચૌદ ગોપીઓ મળી, અને પંદરમી ગોપી શ્રીયમુનાજી ઝારીજી સ્વરૂપે બિરાજમાન છે. સોળમાં આપ શ્રીસ્વામિનીજી સ્વરૂપ સ્વયં છે. એટલા માટે શ્રી ગુસાંઈજીએ સર્વોત્તમમાં ''શ્રીભાગવત્ પીયૂષ સમુદ્ર મથન ક્ષમ:'' અને ''તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહ:'' એવું કહ્યું છે. અષ્ટછાપે પણ શ્રીગોવર્ધન પૂજામાં પ્રકારાન્તરથી આ વાતનું સ્મરણ કર્યું છે.

''ગોપીનકો સાગર ભયો, ગિરિ ભયો મદરાચાર । રતનભઈ વ્રજ ગોપિકા, કાન વિલોમણ હાર ।।''

આ વ્રજની ગોપીઓ શ્રીસ્વામિનીજીના કારણે જ રત્ન રૂપ છે. રત્ન અલૌકિક હોય છે. શ્રીસ્વામિનીજી શ્રીકૃષ્ણલીલામાં બધી ગોપીઓને અલૌકિક બનાવે છે, કારણ કે આપ સ્વયં અલૌકિક છે. ''બ્રજ મેં રતન રાધિકા ગોરી'' આ રાધિકા ગોરીની સાથે તેમની બધી સખી અલૌકિક છે.

પ્રાચીન કેટલાક ગ્રંથોના પ્રમાણથી આ અષ્ટસખીઓનું પ્રાગટ્ય શ્રીકૃષ્ણની ભાવ ભૃંગમાં યુક્ત અંગ અંગની અલગ-અલગ સૌંદર્ય લહેરીથી, એક-એક સખીનું પ્રાગટ્ય થયું છે. જેવી રીતે ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં પ્રગટ દિવ્ય અને અલૌકિક છે, છતાં પણ દેવકી અગર યશોદાના પુત્ર છે. એવી રીતે આ વ્રજ ગોપીઓ પ્રભુના શ્રીઅંગકાંતિથી અલગ-અલગ અંગોથી પ્રગટ થઈ હોવા છતાં કોઈને કોઈ ગોપ ભાર્યાની પુત્રી છે.

શ્રી મહાપ્રભુજી પાસે બિરાજતું ઝારીજીનું સ્વરૂપ પણ આવું અલૌકિક છે. 卐

॥ શ્રીબેઠકજીમાં ભોગ ॥

શ્રી મહાપ્રભુજીની બેઠકમાં અપરસવાળા વૈષ્ણવ જલ, દૂધઘર, મિશ્રી અને લીલા-સુકા મેવાનો જ ભોગ ધરી શકે છે. પ્રકારાંતરથી (ભાવવિભોર થઈ) દૂધની લોટીજી સહીત અગર કોઈ નાગરી ધરાવવા ઈચ્છે તો વૈષ્ણવોને માટે તે પણ યોગ્ય-ઉચીત નથી.

સખડી-અનસખડી બેઠકજીમાં ફક્ત શ્રીવલ્લભ બાળક જ ધરાવી શકે છે અન્ય કોઈ નહીં. એમાં પણ તપેલી સિદ્ધ થાય છે, ત્યાં બહુજી અગ્નિની ઉપર સિદ્ધ કરાવવા માટે ધરાવી (મૂકી) શકે છે. સામગ્રી સિદ્ધ થયા પછી ઉતારી શકતા નથી, તે સામગ્રીને (સિદ્ધ થયેલ) શ્રીવલ્લભ બાળક અથવા સજાતિય બ્રાહ્મણ જ ઉતારી શકે છે. કારણ કે આ વાત યજ્ઞ પદ્ધતિથી જોડાયેલી છે અને વૈદિક વર્ણ વ્યવસ્થાના નિયમોમાં છે. માનવામાં આવ્યું છે કે સ્ત્રીઓને યજ્ઞોપવિત પહેરવાનો અધિકાર નથી. પ્રાયઃ જ્યારે ધોતી અથવા સાડી પહેરે છે ત્યારે લાંગ (પાછળ છેડો) નથી બાંધતી, લાંગ (કછેટો) લગાવ્યા વગરના વસ્ત્ર પહેરવાવાળાને આચાર-વિચારથી થોડા દૂર રાખવામાં આવે છે. એટલા માટે આ ખાલીપો (દૂરી) દૂર કરવાને માટે ભારતમાં કેટલી જગ્યાએ સ્ત્રીઓ લાંગ બાંધે છે અને રસોઈ સિદ્ધ કરવાના સમયે ઉપરના ભાગે વક્ષસ્થળની ઉપર અથવા પાછળની બાજુએ ગાંઠવાળા વસ્ત્રો પહેરે છે અથવા નથી પહેરતી.

ઝારીજી ભરવાના સમયે-વખતે ઉપરના ભાગમાં ગાંઠવાળા વસ્ત્ર જ પહેરવાનો નિયમ છે. પુરુષોની માટે પણ ધોતી-બગલ બંધી અને ઉપરણાનો નિયમ છે. માથાની ઉપરથી પહેરવાના અથવા ઉતારવામાં આવતા બનીયાન, કુર્તા અને કાજ-બટનવાળા વસ્ત્ર પહેરીને સેવા અથવા બેઠકજીમાં જવાની સંપ્રદાયમાં આજ્ઞા નથી. જે નિયમોની સંપ્રદાયમાં આજ્ઞા નથી ત્યાં ધર્માચાર્ય અથવા ગુરુજનો ને પણ વિશેષ આજ્ઞા આપવાની પણ આજ્ઞા નથી. પગમાં પહેરવાના કંતાન અથવા કાષ્ટ પાદુકા (પાવડી)નો અંદરના ભાગમાં સ્વીકાર છે. બહારની જગ્યાઓમાં સુષ્ક ચર્મની સ્વીકૃતિ છે. ''સુષ્કચર્મ કાષ્ઠવત'' એટલા માટે પખાવજ-તબલા-નગારા-ડફ (ઢફ)નો પ્રવેશ-નિજમંદિરની બહાર કીર્તનીયા ગલી સુધી જ આપવામાં આવ્યો છે. 卐





॥ મીશ્રી ॥

સંપ્રદાયમાં શ્રીઠાકુરજીની સેવા ક્રમમાં મીશ્રી ભોગની મુખ્યતા છે. જેને શ્રીઠાકુરજી અંગીકાર કરે છે. સખડી, અનસખડી અને નાગરીની જ્યાં આજ્ઞા નથી, તેમના ઘરે શ્રી ઠાકુરજી દૂધઘર આરોગે છે તે મીશ્રી ભોગના જ ઠાકોરજી કહેવામાં આવે છે. રસના બે પ્રકાર હોય છે (૧) વહેતો રસ (બહેતા હુઆ રસ) (૨) સ્થિર રસ. વહેતા રસમાં બધા પ્રકારની તરલ સામગ્રી માનવામાં આવે છે અને રસ સ્થિર હોય છે એને ઘન્ રસ કહેવાય છે. એ ઘનરસ સ્થિર રસ છે તે વહેતો નથી. સેવા કરવાવાળાના હૃદયનો ભાવ તરલ રસની જેમ હોય છે અને ઘનરસની પ્રમાણે પણ હોય છે. જેવી રીતે કોઈનો અંદરનો ભાવ બાલ સ્વરૂપમાં હોય છે. હવે એવા સેવકની સામે શ્રીઠાકુરજીની સ્વરૂપ આકૃતિ ભલે કિશોર લીલાની હોય, પણ કોઈ સેવકનું ચિત્ત અને કિશોરલીલા યુક્ત સ્વરૂપમાં પણ બાલભાવથી જોડાઈ ગયું છે. તો એ વ્યક્તિના ઘરમાં શ્રીઠાકોરજી દૂધઘરની સેવા જ અંગીકાર કરશે, કારણ કે એ સેવકનો ભાવ બાલભાવના પ્રતિ ઘન રસ (મિશ્રી) જેવો દ્રઢ થઈ ગયો છે. આવા ભાવવાળા ભગવદીયને સખડી, અનસખડી ભોગ ધરાવવાની આજ્ઞા ક્યારે પણ પુષ્ટિમાર્ગીય આચાર્યોએ નથી આપી. કારણકે આ ભગવદીયોનો ભાવરસ બાલભાવમાં જ સ્થિર છે.

એક ઉદાહરણ છે, ભાગવત દશમ સ્કંધ ઉત્તરાર્ધમાં વર્ણીત શ્રીકૃષ્ણના સૂર્ય ગ્રહણના પ્રસંગનો છે. જ્યારે ભગવાન દ્વારકાવાસીઓને કુરુક્ષેત્રમાં સૂર્ય ગ્રહણના મહાત્મય સ્નાન માટે લાવ્યા હતા એ સમયે વ્રજમાંથી નંદબાબા અને યશોદાજીની સાથે કેટલીક ગોપીઓ પણ પધારી હતી. એ સમયે દેવકીજીએ યશોદાજીને પ્રત્યે આભાર પ્રદર્શન કર્યો છે અને એ આભાર પ્રદર્શનના સમયે બંને પક્ષોના હૃદયમાં શ્રીકૃષ્ણનું બાલ સ્વરૂપ જ હતું. ખરેખર આ પ્રત્યક્ષ સમયે શ્રીકૃષ્ણ કિશોરાવસ્થાથી ઉપર-વધુ યુવાવસ્થામાં છે. અહીંના પ્રસંગથી બાલભાવમાં જેમના ચિત્ત સુદ્રઢ છે એમના શ્રી ઠાકુરજી મીશ્રી ભોગના જ છે. એમજ ભગવદીયોએ કોઈ તર્ક ના આધાર પર સખડી, અનસખડીની વિચારધારા રાખવી સાધારણ રીતે નથી. 卐

જેને
આજ્ઞા
ોરજી
) (૨)
ે રસ
નથી.
માણે
એવા
કોઈ
છે. તો
કે એ
આવા
ર પણ
વરસ

સૂર્ય
ણના
જીની
પ્રત્યે
દયમાં
ર આ
થાથી
ગથી
ા શ્રી
ેમજ
પર
ખવી


સૌજન્ય : અમિત અંબાલાલ, અમદાવાદ.

સ્વમારગસ્થિર સ્થાપવા, આપવા ભજનાનન્દ ।
નામ આપ્યાં જીવને શુભ મિષ્ટ મુખ મકરંદ ।।૧૨।। (વલ્લભાખ્યાન-૨)

“સ્વમારગને સ્થિર કરવા માટે અને પોતાના સેવકોને ભજનાનંદ પ્રાપ્ત થવા સારું આપના સુગંધ યુક્ત મુખાર્બિન્દમાંથી, આત્મ નિવેદન મંત્રનું દાન કર્યું.”



॥ શ્રીમદ્ ભાગવત્ ॥

આપણી આ ભાવના જેવી રીતે આપણા ઉપર લાગુ પડે છે, શ્રીમહાપ્રભુજીની આ ભાવના ગોપીજનોથી જોડાયેલી છે. એટલા માટે શ્રીમહાપ્રભુજી વ્રજગોપીઓને પોતાના ગુરુ સ્વીકાર કરે છે. ।। અસ્મદ્ ગુરુવ: ગોપાપ્રોક્તહ ।। ગોપીઓને આ પ્રકારની પ્રેરણા કૌંડિન્યત્ર ઋષિ પાસેથી મળી છે. કૌંડિન્યત્ર ઋષિને આ પ્રેરણા શ્રી યમુનાજીથી મળી હતી. શ્રીયમુનાજીને આ પ્રેરણા શ્રીશેષજી પાસેથી મળી હતી. શ્રીશેષજીની પાસે આ પ્રેરણા શ્રીમદ્ ભાગવત લીલા ચિંતનથી મળી હતી. આ વિકાસની ઉપર ધ્યાન કરવાથી સ્વત: સ્પષ્ટ થી જાય છે કે, ''આચાર્યશ્રીએ શ્રીમદ્ ભાગવત પ્રમાણનો કેમ સ્વીકાર કર્યો અને કરાવ્યો.'' આનું નામ પ્રમાણ ચતુર્ષ્ટ કહેવાય છે. વેદ-બ્રહ્મસૂત્ર-ગીતા ત્રણ પ્રમાણની પછી શ્રીમદ્ ભાગવત ચોથુ પ્રમાણ થયું. આ અર્થમાં પ્રમાણ ચતુર્ષ્ટ સબ અનુપયોક્ત છે. કારણ કે ક્રમના હિસાબે જેનો ક્રમ ચોથો છે તે બધાથી મોટો કેમ હોઈ શકે ? વાસ્તવમાં (૧) ગોપીકા અને કૌંડિન્યત્ર ઋષિ, (૨) શ્રીયમુનાજી, (૩) શ્રી શેષજી, (૪) ભક્તોની મધ્ય (વચ્ચે) ભગવદ્ લીલા પ્રકરણ, આ ચાર વાત જેનામાં એક સાથે બિરાજે છે તે 'ચતુર્ષ્ટ' સ્વરૂપ જ શ્રીમદ્ ભાગવત પ્રમાણ છે. આ પ્રમાણ ચતુર્ષ્ટનું જ પ્રમાણ છે. પહેલો અર્થ જો ચોથા નંબરનું પ્રમાણ છે, તે તો કોઈ વાતને સમજવાને માટે આભાષ અથવા ઈશારો છે. (ભાગવત શ્રીમહાપ્રભુજી સન્મુખ બિરાજે છે.) 卐

॥ વ્રજભાષા ॥



શ્રીકૃષ્ણનો પરીકર અને શ્રીરાધાજીનો પરીકર જ્યારે પણ જે સમયે વ્રજના ઉત્સવ, મનોરથમાં ક્યાંક એકઠા થાય છે તે સમયે એકબીજા સાથે મધુર ચર્ચા-વાર્તાઓમાં જે વાત થતી હતી એ વાતોના જવાબમાં અને તેની સામેનો જવાબ જે શૈલીમાં આપવામાં આવતો હતો, તેમાં હૃદયમાં બિરાજમાન પ્રેમ સંગીતના રૂપથી પ્રગટ થતો હતો. એ ભાષામાં રસ ભરેલો હતો. એ ભાષા શૈલીને ''રસિયા'' **કહે છે.** આ રસિયાની પ્રાચીનતમ ભાષાનું નામ ''મનરંજની'' પણ છે.

આનો ઈતિહાસ વચમાં લૂપ્ત થઈ ગયો હતો. શ્રીનંદરાયજીના કૃષ્ણકાલમાં જ્યારે ભગવાન શ્રીકૃષ્ણના છોકરાના છોકરા વ્રજનાભજી દ્વારા વ્રજની શોધ કરી ત્યારે તે સમયે એમણે વ્રજભાષા પણ શોધી હતી. આ વ્રજભાષાની શોધની પછી સમય-સમયે (વખતો-વખત) સાધુ-સંત-મહાત્મા જે વ્રજમાં વસ્યા (રહ્યા) એમના વ્રજના પ્રેમથી વ્રજભાષાને ભરપૂર પ્રોત્સાહન મળ્યું. એમાં ફક્ત પદ્યશૈલી મુખ્ય હતી. જો તે કેવું પણ હોય, પરંતુ જ્યારે વ્રજમાં શ્રીવલ્લભાચાર્યજીનો યુગ આવ્યો ત્યારે આ વ્રજભાષાની સર્વથી અધિક ઉન્નતિ થઈ. એમાં પદ્યશૈલીની સાથે ગદ્યશૈલી પણ મુખ્ય બની. જેમાં વાર્તા સાહિત્ય, પ્રવચન, વ્યાખ્યાન અને કોઈ ગ્રંથોની ટીકાઓ વ્રજભાષાની ગદ્યશૈલીમાં થઈ. એમાં વૃન્દાવનનાં મુખ્ય-મુખ્ય સંત-મહાત્મા અને આચાર્યોનું યોગદાન ત્યારથી લઈને આજે પણ છે.

જો કોઈએ ભક્તિમાર્ગીય રીત-પદ્ધતિથી વ્રજનાથની શોધેલી, વ્રજના ભાવોથી કૃષ્ણ સેવા કરવી હોઈ, એમણે **શ્રીકૃષ્ણ સેવામાં વ્રજભાષા બોલવાનું ફક્ત એક પ્રમાણ છે. અન્ય પ્રકારની બીજી ભાષા સેવામાં ના બોલે.**

''ધન્ય ધન્ય રી વ્રજભાષા, તીન લોક કે રચૈયાકુ તેં બોલવો શીખાયો **હૈ** ।''

આ વ્રજભાષા વેદથી વધારે મહાત્મ્યશીલ છે. કારણ કે વેદનો જન્મ શ્વાસોથી થયો છે અને વ્રજભાષાનો જન્મ શ્રીમુખથી થયો છે. વેદમાં ભગવાનને પોતાને માટે, પોતાના મનની કોઈ વાત કહી નથી. વ્રજભાષામાં પોતાને માટે પોતાના મનની બધી જ વાતો કરી છે. વ્રજમાં ઉધ્ધવજીના આગમન સમયે જે શ્રીકૃષ્ણનો સંદેશ અથવા પત્ર લાવ્યા હતા, જો તે સંસ્કૃતમાં હોત તો આ વ્રજગોપીઓ ઉધ્ધવને પોતાના તરફથી કોઈપણ પ્રકારની વાત કરવાનો અવસર આપતે નહીં. આ સંદેશ અથવા પત્ર વ્રજભાષામાં જ હતો. એટલા માટે ઉધ્ધવજીને પોતાની વાત (ચર્ચા) કહેવા માટે બેસવાનો અવસર મળ્યો અને છ (૬) મહીના સુધી રાખ્યો. ઉધ્ધવજી વ્રજમાં છ મહીના અખંડ હતા. જેમ રાસમાં છ મહિના અખંડ હતા. જે રીતે રાસમાં છ મહિના સુઈ જવું, બેસવું, ખાવું અને આરામની વાતો નથી, ઠીક આવી જ રીતે વ્રજમાં ગોપી-ઉધ્ધવજી સંવાદના પ્રસંગમાં છ મહિના સુધી આ વાતો (દેહાધ્યાસની) થઈ નથી.

ભગવાન શ્રીકૃષ્ણએ પ્રભાસ ક્ષેત્રમાં ઉધ્ધવજીને અને મૈત્રિય ઋષિને પોતાનો છેલ્લો (આખરી) ઉપદેશ સંસ્કૃતમાં સંભળાવ્યો હતો. એટલા માટે ઉધ્ધવજીને આજ્ઞા આપી હતી કે આપ બદ્રિનારાયણ જાઓ અને શ્રીભાગવતનું મનન ચિંતન કરો. અગર આ ઉપદેશ વ્રજભાષામાં આપ્યો હોત તો ઉધ્ધવજીને શ્રીભાગવત લઈને વ્રજમાં જ રહેવું પડત. જ્યારે પ્રભાસ ક્ષેત્રથી બદ્રિનારાયણ જતી વખતે મથુરામાં વિદૂરજીથી મેળાપ (મિલન) થયો હતો, ત્યાંથી ક્યાંક ગોકુલ અથવા વૃન્દાવન જતા રહેતે. ઉધ્ધવજીના મનમાં વ્રજ ગોપીઓને મળીને તેમના ભાવોમાં અને ભાષામાં રહી રહીને વ્રજની યાદ સતાવતી રહી. આ પશ્ચાતાપનું કારણ બન્યું કે કોઈ આગળના આવવાવાળા જન્મમાં ઉધ્ધવજી-સૂરદાસ બન્યા અને એમણે આખી ભાગવત્ લીલાનું ગાન વ્રજભાષામાં કર્યું, ''વિરહાનલ ઉર મેં જરે, અસુવન સો જલધાર, અચરજ કહાં જો, સૂરકો ઉધો કો અવતાર ।'' **''નંદરાય કે સમય વ્રજમેં જીસ જરૂરત પર જહાં વ્રજગોપીઓં કે દ્વારા જો વ્રજભાષા બોલી જાતી થી, શ્રી ગુસાંઈજીને શ્રીનાથજી કી સેવામાં ઉસી વ્રજભાષા કા પ્રયોગ કીયા હૈ ।''** 卐

॥ સંધ્યા વંદન ॥

શ્રીમહાપ્રભુજીનું પ્રાગટય બ્રાહ્મણ કૂળમાં થયું છે. જે વર્ણાશ્રમમાં બ્રાહ્મણ શબ્દ ભગવાનના મુખારવિંદથી પ્રગટેલો માનવામાં આવે છે. મુખારવિંદથી થોડું ઉપર નાક (નાસીકા) છે. ત્યાંથી શ્વાસનો જન્મ છે. શ્વાસોથી વેદનો જન્મ છે. સર્વ પ્રથમ વેદનો ઉદ્‌ગમ જ્યારે ભગવાનના શ્વાસોથી થયો ત્યારે મુખારવિંદથી જન્મ લેવાવાળા બ્રાહ્મણ વર્ણએ વેદના પ્રથમ અધિકારી થયા. વેદની માતા ગાયત્રી છે. એ વેદનું પોષણ ગાયત્રીથી થયું છે. ગાયત્રીના બીજરૂપ અને વેદના બીજરૂપ પ્રણવ એટલે ઓમ્‌કાર છે અને વિભૂતીયોગમાં ઓમ્‌કારના માધ્યમથી ભગવાન બધા વેદોમાં અને વેદોક્ત કર્મમાં બિરાજે છે. ''અહં પ્રણવઃ સર્વ વેદેસુ''. આ પ્રણવ પ્રભાવથી ધ્યાનાવસ્થિત થવાથી ભગવાનના નેત્રોથી સૂર્યનો જન્મ થયો. સૂર્ય કાલને (કાળને) વિભાજન કરવામાં સમર્થ છે. ઘડી-પ્રહર-દિન-સપ્તાહ-પક્ષ-માહ-ઋતુ-વર્ષ-યુગ-યુગમાન અને કલ્પના રૂપમાં આ સૂર્ય જ કાળનું વિભાજન કરે છે.

આપણા જોત જોતામાં પ્રાતઃ (સવાર), મધ્યાન (બપોર) અને સાયન (સાંજ) ત્રણ વાર સૂર્ય કાલનું વિભાજન કરે છે. આ ત્રણે સમયને સંધ્યાકાલ કહેવાય છે. આ સમયે સૂર્યની સામર્થવાળી અવસ્થાની સામે આપણા દેહ કૃત્યોને પાવન કરવાને માટે આપણે સૂર્યની સન્મુખ વંદન (નમસ્કાર) કરીએ છીએ. અતઃ તેને સંધ્યા વંદન કહેવાય છે. કોઈ કેટલો પણ મોટો મહાપુરૂષ હોય, એમણે શાસ્ત્રોક્ત કર્મ વિધિ સ્વીકાર કરવો જરૂરી (આવશ્યક) છે. ઘણા બધા શાસ્ત્ર ભારતીય સંસ્કૃતિમાં સૂર્યથી જ પ્રકાશીત છે. એટલા માટે શ્રીમદ્‌ ભાગવત ગાયત્રી પરક છે. એટલે ''યત્રાધીં કૃત્ય ગાયત્રીમ્'' એવું કહ્યું છે. આ સૂર્ય વંદનાથી જોડાઈને લૌકિકમાં બિરાજતા મહાનુભાવોના કાર્યમાં કાલ બાધક થતો નથી એટલા માટે આ મોટા મહાનુભાવ 'કાલાતીત' હોય છે. 卐



॥ જપની માળાજી ॥

શ્રીમદ્ ભાગવતમાં ‘મા’ના ગર્ભમાં કપીલદેવજીની દ્વારા જીવના જન્મની વિકાસની શૈલી સ્પષ્ટ કરી છે. ‘મા’ના ગર્ભમાં જીવના દેહનો વિકાસ થાય છે, ત્યારે તેના દેહમાં એક એક અંગ પ્રગટ થાય છે અને આ અંગોમાં દેવતા બિરાજમાન હોય છે. ત્યારે તે અંગે કાર્યરૂપમાં દેખાય છે અથવા પરણીત થાય છે. આ રીતે જીવનો આ દેહ સામાન્ય નથી. એટલા માટે વ્યાકરણના પાણેનીય મુનિ એ દેહ શબ્દની ઉત્પત્તિ ‘દિવ્ય દિપ્તોવ’ ધાતુ સાથે કરી છે. એટલે દેહ શબ્દ ‘દિવ્ય દિપ્તોવ’ ધાતુથી બન્યો છે. કારણ કે જન્મના આરંભમાં (શરૂઆતમાં) જ દિવ્ય અને દિપ્તીમાન દેવતાઓએ એક એક અંગમાં સ્થાન ગ્રહણ કર્યો છે. આ એજ દેવતા છે જેમના માટે શ્રુતિઓ કહે છે ‘‘દેવા નારાયણાંગ જા’’ દેવતા નારાયણના અંગથી જન્મ લઈને જીવના દેહમાં એક એક અંગમાં બિરાજમાન થઈ ગયા. આ દેવતાઓની પદ્ધતી નીચે મુજબ છે.

અંગ	દેવતા	મહાશક્તિઓ	અંગ	દેવતા	મહાશક્તિઓ
પગ	શ્રીવિષ્ણુ	૪	નાભી	બ્રહ્મા	૪
હાથ	ઈન્દ્ર	૭	પ્રાણ		૧૦
કાન	દિશાઓના દેવતા	૧૦	રજો		૧
મન	ચંદ્રમા	૧૬	તમો		૧
આંખ	સૂર્ય	૧૨	સતો		૧
નાસીકા	અશ્વીનીકુમાર	૨	તત્વો		૨૮
જીવ્હા	વરૂણ	૧			
મસ્તક	રૂદ્ર	૧૧	કુલ		૧૦૮

આ ૧૦૮ જીવની મહાશક્તિઓ છે. જે સમર્પીત જીવ છે, તે શ્રીમહાપ્રભુજીએ માલાજીના રસ્તાથી પોતાના હાથમાં પકડી રાખ્યો છે. જ્યારે શ્રીમહાપ્રભુજી માલાજી પોતાના હાથમાં લઈને અષ્ટાક્ષર ઉચ્ચારણ કરે છે. જે મનના રૂપ જીવની ઉપર અષ્ટાક્ષરનો પ્રભાવ પડે છે. આ પ્રભાવથી જ જીવમાં સેવાને લાયક સંપન્ન થાય છે અને તે જીવ સેવાના નામથી પ્રભુની સન્મુખ થાય છે. આ શ્રીમહાપ્રભુજીની જીવ ઉપર અષીમ કૃપા છે, આ રીતે શ્રીગુસાંઈજીને માનવા (સમઝવા).



(ઉપર બતાવ્યા પ્રમાણે ઈન્દ્રીય ધર્મમાં બિરાજમાન દેવતા અને શક્તિઓ ૧૦૮ હોય છે. આત્મા તેમાં સર્વોપરી છે. તે ‘‘સુમેરૂ’’ છે. એટલા માટે માલા જપતી વખતે ‘‘સુમેરૂ’’ ઉલ્લંઘન કરવાની રીત નથી.) 卐



॥ ગો મુખી - જપ કરવાની રીત - કંઠીનું મહાત્મ્ય ॥

'ગો-મુખી' શબ્દનો અર્થ છે, અંતરમુખી વૃત્તિવાળી ઈન્દ્રિયો. પુષ્ટિમાર્ગમાં પ્રથમ તો ગો-મુખી સાદી હતી, પાછળથી ચારે બાજુ કિનારીવાળી થઈ. આ સ્વરૂપં (ગો-મુખીનું) શ્રીમહાપ્રભુજીના સમય સુધી રહ્યું. એના પછી ગો-મુખીના એક તરફ સૂર્યના મુખની આકૃતિ આવી. ગો-મુખીની ઉપર સન્મુખ ભાગમાં બીજી તરફ અર્ધચંદ્ર અથવા પૂર્ણચંદ્રની આકૃતિ કરવામાં આવી, આ ભાગ હૃદયની તરફ (ભીતર) આવતો. નીચેના બન્ને ભાગોમાં ગાયનું સ્વરૂપ આવતુ હતું. આ પ્રકારની આકૃતિ શ્રીગુસાંઈજીના સમયથી આવી, જે આજે પણ કોઈક જગ્યાએ જોવામાં આવે છે. સૂર્ય ધર્મનો સાક્ષી છે, એટલા માટે સૂર્યની આકૃતિ બનાવવામાં આવે છે. ચંદ્રમા મનનો સાક્ષી છે, એટલા માટે હૃદયથી સ્પર્શ થવા વાળા ભાગમાં ચંદ્રમાની આકૃતિ સિદ્ધ કરવામાં આવે છે.

શ્રીમહાપ્રભુજીએ સોડષ ગ્રંથમાં જપને માટે આજ્ઞા કરી છે, "।।વદદ્‌ભીરેવ સતતં, શ્રીકૃષ્ણઃ શરણં મમ્।।" સતત્ જપના સમયે, દિવસમાં સૂર્યની સાક્ષી છે. રાત્રીના જપમાં રાસસ્થિત ચંદ્રની સાક્ષી છે. આ બન્નેની સાક્ષીમાં દિવસ-રાત લીલા થતી રહે છે. વૈષ્ણવો જ્યારે પણ, જે સમયે જપ કરવા હોય ત્યારે એ વાત સમજવી પડશે કે, "આ સમયે શ્રીઠાકુરજી આજે અને હમણાં, આ સમયની લીલામાં ક્યાં બિરાજી રહ્યા છે ?" આ વાત સેવા પ્રણાલી અને કીર્તન તથા મનોરથ દ્વારા અથવા ઉત્સવથી નક્કી થાય છે. જપના સમયે જપ કરવાવાળાએ પોતાનું મન ત્યાં પહોંચાડીને જપ કરે તો યોગ્ય છે. જો જપ કરવાવાળા એ શ્રીઠાકોરજીનું ધ્યાન કરીને પોતાની પાસે બોલાવ્યા તો શ્રીઠાકુરજીએ લીલા છોડીને ત્યાં (તમારી પાસે) આવવું પડશે. જ્યાં આપનું મન છે. આ વાત લીલા પરકરને (લીલાના જીવને) ગમશે નહીં.

જો વૈષ્ણવ ઉપર બતાવ્યા પ્રમાણે (અનુસાર) ભાવ આકૃતિવાળી ગો-મુખી નથી રાખતા, તે જપ કરતી વખતે દિપક (દીવો) અને જળ રાખે છે. દીપક સૂર્યનું સ્વરૂપ છે અને જળ (પાણી) ચંદ્રમાનું સ્વરૂપ છે. પોતાની અંતરમુખી ઈન્દ્રિઓ ગાયનું સ્વરૂપ છે. જપ પુરા કર્યા પછી જપની સંખ્યા



ના બોલીને જે સમય, જે શ્રદ્ધા, શ્રીગોપીજનવલ્લભને માનસી ભાવીથી ''કૃષ્ણાર્પણ'' કરવો જોઈએ.

જે આસન ઉપર બેસીને જપ કરીએ છીએ, તે આસન શ્રીયમુનાજીની સીઢી (સીડી) અથવા નંદાલયની સીઢીનો ભાવ હોય છે. શ્રીયમુનાજી અને નંદાલયની સીઢીઓ (પગથીયા) નવધાભક્તિ રૂપ હોય છે. જપ કરતી વખતે દર્શન ખુલ્યા હોય અથવા કોઈ ચિત્ર સામે રાખીને જપ કરવાની રીત નથી, અને પાઠ કરવાની પણ રીત નથી. કારણ કે જેમને માટે જપ અથવા પાઠ કરી રહ્યા છે, તે તો સન્મુખ જ છે. તો કોને માટે જપ અથવા પાઠ કરવા ?

જપ કરતી વખતે ગો-મુખીને પણ એક વસ્ત્રથી ઢાંકીને રાખવાનો નિયમ છે. ગો-મુખીનો સ્પર્શ હૃદયથી રહેવો જોઈએ. વર્તમાન લીલાનું ચિંતન કરીને માનસીમાં ત્યાંનું ધ્યાન કરીને (અલૌકિક લીલાનું) જપ કરવા જોઈએ. ચરણામૃત લીધા વગર જપ કરવાની આજ્ઞા નથી. જપની માલાને ''સુમેરૂ'' સહીત અને ગો-મુખી સહીત, સુદર્શનજી અથવા શ્રીઠાકુરજીની પ્રસાદી અત્તર-સુગંધીથી સુગંધીત કરવા જોઈએ અને આપણા ગળામાં (કંઠમાં) જે તુલસીની કંઠી છે, તેને પણ સુગંધી (અત્તર) લગાવવું પણ જરૂરી છે. તુસલીની કંઠી, સુતરના દોરાની, રેશમી દોરાની, ચાંદીના તારની, સોનાના તારની જેવી પણ હોય તેમાં કોઈ પણ પ્રકારનું યંત્ર-મુર્તિ રાખવાનો નિયમ નથી. કારણ કે સ્નાન કરતા પહેલા છીવે (હજાતે) જ્યારે જઈએ છીએ તે સમયે તે યંત્ર-મૂર્તિનું ઘોર અપમાન છે. અશૌચ અથવા ગ્રહણની પરિસ્થિતિની પછી સુતરના દોરાની કંઠીને બદલવાનો અથવા બીજો દોરો બાંધવાનું વિધાન છે. કંઠી બે (૨) પહેરવી જોઈએ. માર્ગની રીત અનુસાર ફક્ત સુતરના દોરામાં પરોવેલી તુલસીની કંઠી ધારણ કરવી જોઈએ.

જ્યાં આપણા શરીરની રચનામાં છાતી અથવા વક્ષસ્થલ સમાપ્ત થાય છે અને ઉદર (પેટ)ની સીમા જ્યાંથી શરૂ થાય છે ત્યાં સુધીની લાંબી કંઠી પહેરવી. કારણ કે શ્રીમદ્ ભાગવતમાં બીજા સ્કંધથી પ્રમાણીત હૃદયારૂઢ શ્રીહરિનાં ત્યાં બન્ને ચરણ છે. ત્યાં તુલસીની કંઠીનો ચરણ સ્પર્શનો અધિકાર છે. જ્યાં હૃદયારૂઢ શ્રીહરિનો આ ભાવ માન્ય નથી રાખતા, તે લોકો તુલસીની કંઠી નથી પહેરતા (પહેરવા છતાં). જેના સંપ્રદાયમાં નામ રૂપ હરિની વિસદતા (મહત્તા) છે, તેમને ત્યાં ભગવદ્ નામ કંઠમાં રહે છે. એટલા માટે તે નામાત્મક હરિ ભાવનાથી તુલસીની કંઠી કંઠ (ગળા) સુધીની જ ધારણ કરે છે. 卐



॥ શ્રીમહાપ્રભુજીના શ્રીહસ્તમાં ગો મુખી ॥

'ગો' શબ્દ ઈન્દ્રીયોનો સુચક છે. આ ઈન્દ્રીયો દેવમય છે. જે જીવ દેવમય આ દેહને લઈને ભગવદ્ સેવા નથી થઈ, તેની ઉપર જે પશ્ચાતાપ કરે છે, એ જ દૈવીજીવ છે. આવા દૈવી જીવના ઉધ્ધારને માટે શ્રીમહાપ્રભુજીએ ગો-મુખી અંગીકાર કરી. ગો-મુખીને અંતરમુખી પણ કહેવાય છે. જીવની ઈન્દ્રીયોથી ઉત્પન્ન કર્તવ્ય બોધ ઉપર શ્રીમહાપ્રભુજીની દષ્ટિ છે. જે સેવા કરે છે તે તો આપના જીવનો, શ્રીમહાપ્રભુજીની અને શ્રીઠાકુરજીની આજ્ઞા પાલન રૂપ ધર્મ છે. શેષ (અંતે) તો જીવનું સરસ કલ્યાણ આ ગો-મુખીના માધ્યમથી છે. એટલે બધા જીવ શ્રીમહાપ્રભુજીના કરકમલોની પકડમાં છે. આ કરકમલોથી સોંપેલા જીવોની માટે શ્રીઠાકુરજી કહે છે, ''તુમ્હારે સોંપે હુએ જીવ યદી બાયેં હાથસે ભી ઝારી ભરેંગે તો ભી મેં નહીં છોડુંગા.'' કહેવાનો આશય એ છે કે જો શ્રીઠાકુરજી છોડી પણ દે, તો કોઈ પણ ફર્ક નથી કારણ કે આપ શ્રીવલ્લભજીએ તો જીવને ઈન્દ્રીય ધર્મ સહીત દક્ષીણ (જમણા) હાથથી ગો-મુખીમાં પકડી રાખ્યા છે. એટલા માટે મારી (કૃષ્ણની) પણ જીવના ઉધ્ધાર માટે પકડીને રાખવા અને સેવાના સમયે એમને ત્યાં રહેવું મારું પરમ કર્તવ્ય થઈ જાય છે. અંતરમુખી હોવાને લીધે શ્રીમહાપ્રભુજીની ચરણ-રજ અને આશ્રયમાં દ્રઢતા રાખવી એ જીવનો સ્વધર્મ હોવો જોઈએ.

ગો-મુખીનું વસ્ત્ર રેશમી હોય છે. રેશમ એક કીડાના દેહ ત્યાગની પરી પાટીથી બને છે. એક સામાન્ય જીવ પરોપકારને માટે દેહ ત્યાગ કરીને પણ પરોપકારનું ધ્યાન રાખે છે. આપણે પણ આ રેશમની ગો-મુખીથી જોડાઈને કોઈ અન્ય ભગવદીયના ક્લેશના સુધાર માટે સહયોગી બનીએ, આ રેશમની ગો-મુખીનું તાત્પર્ય છે.

ઉપર બતાવેલા લેખના આધારે જીવ બધી જ રીતે શ્રીમહાપ્રભુજીના હાથમાં છે. સમગ્ર દેવતાઓ શરીરમાં હોવા છતાં પણ કંઈ પણ કરવા માટે અસમર્થ છે. એટલા માટે જીવ નિ:સાધન છે. નિ:સાધનનો અર્થ કોઈ લૌકિક, ગરીબી અને સંસારના પ્રપંચથી ઉથ્થાન અને પ્રપંચની સાથે જોડાએલી વાત નથી. પહેલાથી જ આપણું બધુ બળ આ ગો-મુખીની માલાજીથી - માલાના બહાને શ્રીમહાપ્રભુજીના હાથમાં છે. એટલે આપણે નિ:સાધન છીએ. ''સાધન ઔર નહી આ કલીમેં'' 卐

॥ શ્રીઆચાર્યજી - યજ્ઞકર્તા ॥

જેમ આકાશ મંડલમાં સૂર્ય બ્રહ્માંડને પોતાના તેજ-પ્રકાશથી બે ભાગમાં વહેંચે છે અને અચેતન બ્રહ્માંડને ચેતનમાં બદલે છે. આ સૂર્યનું એક સ્વરૂપ ભૂ-મંડલ ઉપર અગ્નિ છે. આ અગ્નિની આરાધના પદ્ધતિ વેદમાર્ગથી યજ્ઞ કહેવાય છે. આ અચેતન જીવને લૌકિકમાં અલૌકિક ચેતનાનો આભાષ કરાવે છે. જો લૌકિકમાં યજ્ઞ ન હોત તો અહીંનો કોઈ પણ જીવ અલૌકિકનો અધિકારી નહીં હોત. વિશેષ સમજવાને માટે ઋષિમૂનિઓના યજ્ઞથી, આત્મા સમજમાં આવી (આત્માની ઓળખ થઈ). આ યજ્ઞોથી જ્ઞાન સમજમાં આવ્યું. આ યજ્ઞોથી યંત્ર પકડમાં આવ્યા, આ યજ્ઞોથી આધ્યાત્મિક દૃષ્ટિ મળી, આ યજ્ઞોથી અચેતન જીવોની વચ્ચે ચેતન રૂપ ભગવાન વારંવાર જન્મ લઈને આવ્યા, આ યજ્ઞોના બળથી સદ્-ગ્રંથોનું પ્રાગટય થયું. પૃથ્વીના નવ ખંડોમાં અનાદિકાલથી ભરત ખંડમાં અનવરત સર્વાધિક યજ્ઞ થયા. આ યજ્ઞોને કારણે ભારતમાં સૌથી વધુ વખત ભગવાન પ્રગટયા. આ યજ્ઞોને કારણે યજ્ઞ કર્મમાં આવાહન કરવાથી સર્વાધિક દેવતા ભારતમાં જ થયા. આજ યજ્ઞોના પ્રભાવથી અસૂરને મારવાવાળા યુદ્ધોનો વિજય સૌથી વધુ ભારતમાં જ થયો.

આ યજ્ઞ કોઈ મહા પુરૂષાર્થનું શ્રોત છે. એના આધારે આપ શ્રીઆચાર્યજી મહાન છે. અત: પ્રાત: સાયં યજ્ઞ કરે છે. અગર આ યજ્ઞ આચાર્યશ્રીના પૂર્વજોમાં આરાધ્ય ના હોત તો શ્રીમહાપ્રભુજીનું પ્રાગટય કોઈ મહાપુરૂષના રૂપમાં થતું. આપ ભગવત્ સ્વરૂપથી પ્રગટયા છે, તેમાં યાજ્ઞીક માર્ગ જ મૂલ કારણ છે.

(૧) યજ્ઞ કરવાથી જ્ઞાન થાય છે, અને જ્ઞાન વગર મુક્તિ થતી નથી. (૨) યજ્ઞથી દોષ ભષ્મ થાય છે જેમના દોષ ભષ્મ થાય છે તેમને માટે યજ્ઞ વિષ્ણુ છે. ''યજ્ઞો વૈ વિષ્ણુ'' વિષ્ણુથી વૈષ્ણવ થાય છે. વૈષ્ણવને ત્યાં ભક્તિ સદેહ બિરાજે છે. મુક્તિ અને ભક્તિ બંનેમાં કોઈ એકની પણ પ્રાપ્તિ ને માટે યજ્ઞ કોઈપણ જગ્યાએ મૂલ કારણ છે.

અત: આચાર્યશ્રી અથવા શ્રીવલ્લભકુલમાં કે આપના વંશમાં આજે પણ યજ્ઞરૂપી અગ્નિ આરાધ્ય છે. 卐



॥ શ્રીબેઠકજીમાં પીછવાઈ – ચંદરવો અને ટેરો ॥

શ્રીબેઠકજીમાં પીછવાઈ અને ચંદરવા હોવા ઘણા આવસ્યક છે. કારણ કે આચાર્યની માન્યતા ભગવત્ તુલ્ય છે. આચાર્ય બધા ધર્મશાસ્ત્રોના પ્રગટ સ્વરૂપ છે અને બધા ધર્મશાસ્ત્ર ભગવત્ રૂપ છે. બે ભગવાન એક જેવા એક સાથે નથી રહેશે. કારણ કે બ્રહ્મ એક હોય છે, બ્રહ્મ બે નથી હોતા. એટલા માટે શ્રીઠાકોરજીની પાસે ટેરાની આડમાં શ્રીભાગવતનો પાઠ કરી શકે છે અને રાખી શકે છે. ખૂલ્લા દર્શનમાં પાઠ કરી શકતા નથી, ન તો ભાગવત્ વગેરે ગ્રંથ રાખી શકાય. ખૂલ્લા દર્શનોમાં લીલાની પ્રમુખતા (મુખ્યતા) છે. ત્યાં ભગવત્ ઈચ્છ અને જીવની-સેવકની વિનંતી જ હોય છે. મંદિરની દહેલીની અંદર ભીતરમાં અને જ્યાં સુધી શ્રીઠાકુરજીની દષ્ટિ છે ટેરાની અંદર-ભીતર સુધી.

અહીં ધર્મગ્રંથોમાં આજ્ઞા અને નિયમ હોય છે. જ્યાં સુધી ભગવત્ ઈચ્છા અને વિનંતીની પ્રધાનતા-મુખ્યતા છે એ સેવામાં આજ્ઞા અને નિયમનો પ્રવેશ થતો નથી. શ્રીઠાકુરજીની સામે જે ટેરો છે, તે પરદો નથી હોતો, કારણ કે પુષ્ટિ પ્રભુ અને પુષ્ટિ સેવક બન્નેની વચ્ચે કોઈ પણ પ્રકારનો પરદો (પર્દા) નથી હોતો. અતઃ પુષ્ટિ હવેલીમાં ટેરો હોય છે. એ ટેરો શ્રીયશોદાજીની આજ્ઞારૂપ પ્રભાવ છે. નિજ મંદિરની નીચેની દેહરી શ્રીયશોદાજીની ઈચ્છા છે. એટલા માટે વચ્ચેના દરવાજામાંથી થઈને આવાગમ (આવવું-જવું) નિષેધ છે. કારણ કે શ્રીયશોદાજીની ઈચ્છાનું ઉલ્લંઘન કરી શકતા નથી. ટેરામાંથી જોઈ પણ નથી શકતા. કારણ કે શ્રીયશોદાજીની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકતા નથી. 卐



॥ શ્રીમહાપ્રભુજીના શૈયા મંદિર ॥



શ્રીભગવદ્ સેવા અર્થે જે જીવ જગતમાં જન્મ લઈને આવ્યા છે, તે કેટલી પણ ઊંચા સ્તરની સાધના કરે, પરંતુ સંસાર પરક કામનાનો સ્પર્શ થશે જ અને તે કામના પરક સ્પર્શ અથવા લૌકિક ચિંતન સેવામાં આળસ, પ્રમાદ, વિલંબ, અનિચ્છા, અરૂચી અથવા ભારરૂપ થઈ જાય છે. અગર કંઈ છે તે પણ શ્રીમહાપ્રભુજીના ચરણની અભિલાષા અથવા પ્રાપ્તિ જ છે. આ વાતને સમજવાને માટે આપણે એક શાસ્ત્ર વિધિ ઉપર ધ્યાન આપવું પડશે. જેમ ભગવાન લૌકિકમાં પોતાના ભક્તોની ભક્તિને સુરક્ષીત રાખવાને માટે જ નિયમ પૂર્વ પોઢે છે (શયના સ:શક્તિભી). જ્યારે શ્રીઠાકુરજી પોઢી જાય છે ત્યારે સંસારમાં પ્રલય થઈ જાય છે. આ પ્રલયમાં અમાનવીય ચરીત્ર અને દુષ્કર્મની પ્રવૃત્તિનો નાશ થઈ જાય છે. જ્યારે શ્રી ઠાકુરજી જાગે છે ત્યારે શુદ્ધ ચિત્તવાળા ભક્તોની ભક્તિ જ બાકી (શેષ) રહે છે. આ લીલાને ધ્યાનમાં રાખવા માટે શ્રીમહાપ્રભુજીને પોઢવાને માટે બેઠકજીમાં શૈયામંદિરની ભાવના છે. જેમ આકાશમાં વાદળમાંથી વરસવાવાળી બુંદ કેટલી પણ શુદ્ધ હોય, પૃથ્વી ઉપર પડીને માટીના સંપર્કમાં આવી જાય છે. એવી રીતે આત્મજ્ઞાન અને સદ્ધર્મ પરક સેવાભાવી અથવા સમર્પિત કેવો પણ જીવ હોય, તે લૌકિક ધરાતલમાં ક્યાંયને ક્યાંય દોષ,નો અધિકારી થઈ જાય છે. જીવના આ પ્રકારના દોષોને નિવૃત્ત કરવાને માટે શ્રીમહાપ્રભુજી શૈયા મંદિરમાં પોઢે છે. જેમના શયનથી જે પ્રલય પ્રગટ થાય છે.

એમના સેવકોના સમગ્ર (બધા) દોષ, એમની નીદ્રારૂપી પ્રલયમાં સમાપ્ત થઈ જાય છે અને તે જીવ શ્રીમહાપ્રભુજીના જાગ્યા પછી શ્રીની સેવામાં પહોંચે છે, ત્યારે ત્યાં બધુ જ મંગલ પરક થતું જોવામાં આવે છે. આ બધુ જ 'મંગલા' નામથી પ્રસિદ્ધ છે. નહીં તો 'જાગરણ' નામ હોત.

આ વિષયમાં વિશેષ ભાવના 'મંગલ મંગલં' આ પદથી લેવી કે બધુ જ મંગલ છે. કારણ કે શયન રૂપી પ્રલયમાં ભગવદ્ સ્વરૂપની જેમ લૌકિક માયાને નષ્ટ કરવાના ઉપાયથી શ્રીમહાપ્રભુજીએ પોતાના સેવકની દોષ બુદ્ધિરૂપ લોકમાયા - સંસારીક્તા લોપ કરી. આ કામ કરવાને માટે જ શ્રીમહાપ્રભુજી પોઢે છે પોતાના સુખ માટે નહીં.

એટલા માટે મંદિરના મંદિર વસ્ત્ર અને ઝારી-બંટા, સોહની સેવા, મંગલ ભોગની તૈયારીની સાથે જ કીર્તન પ્રાત: (સવારે) ભૈરવ રાગમાં ગાવામાં આવે છે.

''જૈ જૈ શ્રીવલ્લભ પ્રભુ વિઠ્ઠલેશ સાથે, નીજ જન પર કરત કૃપા ધરત હાથ માથે | દોષ સબન કે દૂર કરત ભક્તિભાવ હીયે મેં ધરત...''

એટલા માટે આ પદ પ્રથમ ગાવાની રીત છે. અત: આશ્રય અને વિનંતી પૂર્વક સેવકો એ પણ પોત-પોતાના ઘરમાં સેવાથી પહોંચ્યા પછી માનસીમાં શ્રીમહાપ્રભુજીને પોઢાવવા જોઈએ. શુદ્ધ ચિત્ત તથા ભાવ પરક થઈને પોતાના હૃદયને પણ શ્રીમહાપ્રભુજીનું શૈયામંદિર જાણે-માને અને શ્રીબેઠકજીમાં જે શૈયામંદિર છે, એને ત્યાંના સંબંધિત લીલા પ્રકરણથી જોડાએલા ભગવદીયનું હૃદય જાણે-માને.

જ્યાં શ્રીબેઠકજી છે ત્યાં શૈયામંદિરની ભાવના હોય છે અને એ કહી ગયા છે કે આ શૈયામંદિર કોઈ વિશીષ્ટ ભગવદીયની ગોદી અથવા હૃદય છે અને તે સુકુમાર અને કોમળ હશે. આ ભાવનાથી શ્રીબેઠકજીનું સ્વરૂપ રજનું બનેલુ હોય છે. જે વ્રજગોપીઓની અને શ્રીકૃષ્ણની લીલા સ્થલી એવં રાસ મંડલીની રજની સુકુમારતાનું પ્રતિક છે. ભાવના તો ત્યાં સુધીની છે કે શ્રીબેઠકજીની છત, વૃક્ષ અને ડાળીઓથી બની છે. આસપાસની ભૂમિ (જગ્યા) પણ રજથી ધન્ય અને સંપન્ન હોવી જોઈએ. શ્રી બેઠકજીની ચાર દીવાલ પણ સુકા લાકડા વગેરેથી બનેલી હોવી જોઈએ કારણ કે બધી વનસ્પતી છે. ''વૈષ્ણવાહી વનસ્પતય:'' આ વનસ્પતી જ વૈષ્ણવ છે અને વૈષ્ણવોના હૃદયમાં શ્રીમહાપ્રભુજી પોઢે એટલું જ ઉચીત છે.

હવે જો આપણે શ્રીબેઠકજીને વિવિધ પ્રકારના પાષાણો (પથ્થરો)થી સુશોભિત કરીને બનાવીએ છે, તો એમાં શું સંદેહ રહી જાય છે કે આપણા હૃદય પથ્થર છે, અને કઠોર પણ છે. શ્રીમહાપ્રભુજી તો કૃપા માર્ગના સર્વસ્વ છે છતાં પણ પાષાણ હૃદયમાં પોઢે છે, છતાં પણ લોક એમના માર્ગમાં આવતા ગભરાય છે. શું એ બતાવી શકે છે કે આનાથી પણ કૃપાલુ કોઈ આચાર્ય છે ? મહાન તો બધા આચાર્ય છે. શ્રી બેઠકજીનું ભાવનાત્મક સ્વરૂપ જો કીમતી પથ્થરોથી બન્યુ છે, તો તે એક આપણા પોતાનું મનોરંજન છે. આમાં ભાવુક્તાની પ્રમાણીક્તા ભાવ સાથે નથી.

જ્યાં પણ શ્રીમહાપ્રભુજીની બેઠકજી બિરાજે છે એ બેઠકજી જ્યાં તિલક થાય છે તે નંદાલયનું સ્વરૂપ છે. અહીં બધા નંદાલયની લીલા સંબંધી ચર્ચા થાય છે. ભગવત્ સેવા સંબંધી બધા ક્રિયાત્મક કાર્ય શ્રીમહાપ્રભુજીની આજ્ઞા લઈને જ કરવામાં આવે છે. કારણ કે પુષ્ટિમાર્ગીય સેવા એક યજ્ઞનું જ સ્વરૂપ છે. કોઈપણ યજ્ઞ આચાર્યની દેખરેખ અને એમની ઉપસ્થિતિ તથા આજ્ઞા પ્રમાણે જ થવી જોઈએ. આ લૌકિક સિદ્ધાંત બતાવવામાં આવ્યો છે. જ્યાં વૈદિક કાર્ય સમ્પન્ન થાય છે.

નંદાલયમાં ગર્ગાચાર્યજીની આજ્ઞા પ્રમુખ-મુખ્ય છે. જેમની આજ્ઞા વગર યદુવંશમાં કોઈ કાર્ય સમ્પન્ન થતુ નથી. અહીં પણ ગર્ગાચાર્યજીનો અધિકાર શ્રીઆચાર્યજીને છે. આપણે ત્યાં ગાદી-તકીયા ગર્ગાચાર્યજીના અધિકાર સ્વરૂપ છે અને એ અધિકારનું તિલક પણ આચાર્યશ્રીને જ છે. નંદાલયમાં ગર્ગાચાર્યજીને ધોતી-ઉપરણા નંદરાયજીની તરફથી ભેટ કરવામાં આવે છે. આ રીતે શ્રીમહાપ્રભુજીને માટે કાયમી (સદા) છે.



શ્રી બેઠકજીમાં શૈયામંદિરની ભાવના નિકુંજનું રહસ્ય છે. કારણ કે ગર્ગાચાર્યજીનો અધિકાર વ્રજભાન કુલમાં પણ છે. અહીંની લીલા સ્વામિનીજી સ્વરૂપ હોવાને કારણે નિકુંજ પરક છે. નિકુંજમાં પણ સ્વામિનીજી સ્વરૂપ હોવાને કારણે શ્રીમહાપ્રભુજીનું પૂર્ણ વર્ચસ્વ છે. અહીંયા શ્રીઆચાર્યજીનું સ્વરૂપ નીત્ય લીલામાં અધિકાર રાખવાવાળું છે. નિકુંજમાં થવાવાળી નીત્ય લીલા અતિ-રહસ્ય પૂર્ણ છે, આ વાત ફક્ત શ્રીમહાપ્રભુજીની પાસે જ સુરક્ષીત છે. શ્રીમહાપ્રભુજી જેના ઉપર કૃપા કરવા ઈચ્છે, રહસ્ય વાર્તા પ્રસંગ એમને સંભળાવીને દાન કરી શકે છે. બહારના કોઈપણ સેવક સાથે ગોપીજન સીધી વાત (સંવાદ) નથી કરતા. ફક્ત શ્રીમહાપ્રભુજીના માધ્યમથી જ જાણકારી મળી શકે છે. આ જાણકારી ના ઈચ્છુક અને પ્યાસા ભક્તોને માટે શ્રીગુસાંઈજી એ 'સર્વોત્તમ' સ્તોત્ર પ્રકટ કર્યો છે. આ પાઠના માધ્યમથી વલ્લભ ક્યારેક નિકુંજના ભાવ દાન કરવાની કૃપા કરી દે છે. નંદાલયનું જે રહસ્ય છે તે ઉત્તમ રહસ્ય છે. શ્રીસુકદેવજી એ રાજા પરીક્ષીતને શ્રીભાગવત્ સંભળાવ્યું ત્યારે રાજા પરીક્ષિતને નંદાલયની લીલાને માટે ''ઉત્તમ શ્લોક'' શબ્દનો પ્રયોગ કર્યો છે,

क उत्तम श्लोक गुण गुणानुवादात् । (શ્રીમદ્ ભાગવત ૧૦ સ્કંધ - અધ્યાય ૧ - શ્લોક ૪)

આથી નિકુંજની લીલાઓ આપો આપ સર્વોત્તમ થઈ જાય છે. નંદાલયના આંગણાંમાં ભક્તિ રમે છે અને નિકુંજમાં ભક્તિનું પોષણ થાય છે. ત્યાં લોટ, દાળ, અન્ન, વસ્ત્રથી પોષણ નથી થતું. ત્યાં તો ભક્તિનું પોષણ વ્રજશ્રીમંતીનીઓની કૃપા કોરથી જ થઈ જાય છે. ''**पोषणं तदनुग्रह**'' એટલા માટે નિકુંજનો અનુગ્રહ સર્વોત્તમ છે. આ રસ ચર્ચાની પ્રાપ્તિને માટે સર્વોત્તમ સ્તોત્ર સર્વોપરી છે. શ્રીમત્ પ્રભુચરણે એનો પ્રારંભ આનંદઃ પરમાનંદથી કર્યો છે. નંદાલયની લીલાનું નામ આનંદ છે, નિકુંજની લીલાનું નામ પરમાનંદ છે. આનંદમાં બધાનો પ્રવેશ સ્વીકાર્ય છે. પરમાનંદમાં કેવળ સ્ત્રીભાવનો જ પ્રવેશ છે પુરૂષ ભાવનો નથી. એટલા માટે શ્રીકૃષ્ણએ રાસ પ્રારંભ કરતા પહેલા વ્રજગોપોને બ્રહ્માનંદમાં સ્થિર કરી દીધા હતા અને વૃન્દાવનની નિકુંજલીલાઓમાં રાસ કરવાને માટે ગોપીજનોને વેણુનાદથી આવાહન કર્યું હતું. અહીં પુરૂષ ભાવનો પ્રવેશ નથી. અહીંથી શ્રીમહાપ્રભુજીના શૈયા મંદિરનો રસ્તો છે. આ ભાવ સ્વરૂપ શ્રી આચાર્યજીના ચરણોમાં આપણું મન સ્થિર રાખવાને માટે ભાવના બતાવી છે.

''ભૂલ જીન જાય મન અનત મેરો, રહો નિશદિન શ્રીવલ્લભાધીશ પદકમલસો લાગ બની મોલ કો ચેરો.''

ત્યાં વ્રજગોપીઓએ શ્રીકૃષ્ણના માટે પોતાની જાતને ''અશુલ્કદાસકા''એટલે ''બીના મોલકી ચેરી'' કહી છે. શ્રીમહાપ્રભુજીના શૈયામંદિરમાં રાસ રસની દિવ્યતા અલૌકિક સ્વરૂપથી નીત્ય બિરાજે છે. એમાં સેવા કરવાવાળા સેવકો ''દમલાજી''ની આજ્ઞા લીધા વગર જવાનો અધિકાર નથી.

શ્રીમહાપ્રભુજીના શૈયામંદિર સેવાની પ્રણાલી શ્રીઠાકુરજીના શૈયામંદિર જેવી (સરખી) હોય છે. એને નિજધામ પણ કહે છે. આ નિજધામ-ચરણારવિંદની છાયામાં વ્યાપી વૈકુંઠનું પોષણ થાય છે.



॥ શ્રીબેઠકજીમાં ઉત્સવ પ્રણાલિકા ॥

શ્રીમહાપ્રભુજીની બેઠકમાં નંદાલય અને હવેલીની રીતે ઉત્સવ માનવામાં આવે છે. એ ઉત્સવને મનાવવામાં ક્યારેક પ્રકારાંતર ધ્યાનમાં આવે છે. એ સમયે ક્યાંક નિષ્ઠાવાન ભગવદીયોના હૃદયમાં ઘણા પ્રકારના સંસય જાગૃત થાય છે. જેમાં કોઈ બેઠકમાં પલના થાય છે. શ્રાવણના મહિનમાં હિંડોળા થાય છે. હિંડોળામાં ઝૂલવાને માટે કોને પધરાવવા ? તો આ પરિસ્થિતિમાં શ્રીસ્વરૂપ અથવા શ્રીનાથજીના ચિત્રજી બિરાજમાન કરાવીને હિંડોળાનો મનોરથ પુરો કરવામાં આવે છે. આ સમયે ઉપરોક્ત નિષ્ઠાવાન ભગવદીય કહે છે કે ''આ તો શ્રીનાથજી ઝૂલે છે, શ્રીમહાપ્રભુજી નહીં.'' પ્રથમ દષ્ટિએ કોઈ ભેદભાવની વાત નથી અંતરંગભાવથી શ્રીનાથજીની વગર શ્રીમહાપ્રભુજી નથી. શ્રીમહાપ્રભુજીની વગર શ્રીનાથજી નથી. એને વિશેષરૂપથી સમજવાને માટે આવા ભગવદીયોએ ''સૌંદર્ય નીજ હૃદગતં''. આ શ્લોકની ઉપર સમજીને વિશ્વાસ કરવો જોઈએ. અગર હિંડોળામાં શ્રીનાથજીનું ચિત્રજી છે તો સાથે શ્રીમહાપ્રભુજી અવશ્ય બિરાજે છે નિશ્ચય છે જ અને છે. છતાં પણ દર્શન કરવાવાળા ભગવદીયોને આત્મ સંતોષ થતો નથી અને ભાવના પોષણની ઉણપ છે તો એમણે શ્રીનાથજીનું ચિત્ર અને શ્રીમહાપ્રભુજીની બેઠકજી બન્નેના એક સાથે દર્શન કરે જેમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીના પ્રથમ મિલનનું ધ્યાન-સ્મરણ આવતું હોય જેથી ભાવ દોષનો સંગમ થાય નહીં. શ્રીજીના જેટલા પણ મનોરથ થાય છે તે બધા શ્રીમહાપ્રભુજીથી પ્રમાણીત થઈને શ્રીજીમાં સિદ્ધ થાય છે. એ મનોરથ શ્રીમહાપ્રભુજીથી પ્રમાણીત હોય છે. એ મનોરથોનો મૂળ પ્રકાર શ્રીમહાપ્રભુજીની બેઠકોમાં જ સ્થિત છે. અતઃ શ્રીઠાકોરજીના બધા મનોરથ શ્રીબેઠકજીમાં થવા આવશ્યક છે. એમાં ફક્ત સામગ્રી દૂધ ઘરના સિવાય સખડી-અનસખડી-નાગરી પોતાના વંશના (ગોસ્વામી બાળકો) દ્વારા સિદ્ધ કરેલી સામગ્રી આરોગે છે. આ પ્રકારની સામગ્રી બીજાની દ્વારા આરોગાવી વિચારવાની વાત છે. કારણ કે આચાર્યશ્રીનું યાજ્ઞીત જીવન છે. વેદની તૈતરીયા શાખાના કારણથી અન્ય વેદ શાખામાં જન્મેલા વ્યક્તિના હાથથી સિદ્ધ કરેલ સામગ્રી આરોગવાનો નિયમ નથી. એની સાવધાની રાખવી જરૂરી છે.

શ્રીઠાકોરજીની લીલાઓના પ્રકાર ભેદમાં બે નામ મુખ્ય છે, એક 'આનંદ લીલા' અને બીજી 'પરમાનંદ લીલા' આનંદલીલા નંદાલયના સંબંધવાળી છે. જેમાં બધાનો અધિકાર હોય છે અને પરમાનંદ લીલા આ યમુનાપુલીન ઉપર બિરાજમાન દ્વાદશ નિકુંજમાં જ થાય છે. ત્યાં ફક્ત સ્ત્રીભાવ અથવા સ્વામિનીભાવ જ ગ્રાહ્ય-સ્વીકાર્ય છે. અન્ય ભાવનો ત્યાં પ્રવેશ નથી. નિકુંજમાં જે લીલા થાય છે તે સ્વતંત્ર હોય છે. તેમાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીની ઈચ્છા મુખ્ય હોય છે. શાસ્ત્ર સીમાનો અધિકાર નથી. ત્યાં જે સુખદ્ લીલાઓ થાય છે ત્યાં ક્યારેક ક્યારેક નિકુંજની અધિષ્ઠાત્રી પ્રમુખ સ્વામિનીજીએ સુખની ચર્ચા-વાતો પોતાની અંતરંગ સખીઓને સંભળાવે છે. તે ફક્ત સાંભળવાની

અધિકારી છે, દર્શનની અધિકારી નથી. એ સાંભળવાવાળી સખી એ ઉત્તકૃષ્ટ લીલાને જોવાને માટે જ્યારે વિષમ તાપમાં વ્યાકુળ બને છે ત્યારે ક્યારેક કૃપા કરીને શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકોરજીની આજ્ઞા લઈને એ લીલાનો પ્રકાર બહાર સિદ્ધ કરાવે છે અને પરમાનંદનો અનુભવ કરે છે. એને મનોરથ કહે છે. એટલા માટે કોઈ ખાસ વિશિષ્ટ મનોરથની આરતી શ્રીવલ્લભકુલના બાલકો દ્વારા જ કરવામાં આવે છે.

નિકુંજોમાં જે પરમાનંદ રસ હોય છે, તે પરમાનંદ રસ બહારના મનોરથમાં નિધિ સ્વરૂપથી બિરાજમાન હોય છે. એ મનોરથોની ચર્ચા અવર્ણનીય છે. એ શાસ્ત્રોથી ઉપર છે. એટલા માટે ભગવદીય વૈષ્ણવોનો સ્વધર્મ હોય છે કે એમાં નિકુંજની રીતનું દર્શન કરે. વેદ-વિધિ-શાસ્ત્ર પ્રમાણનું અનુસંધાન ના કરે. નિત્ય દર્શનમાં પણ કીર્તન સામવેદનું સ્વરૂપ છે અને એ સામવેદ નિજ મંદિરથી બહાર જ રહે છે. ક્યારે પણ કીર્તનીયા નિજ મંદિરની અંદર પ્રવેશીને કીર્તન કરતા નથી. કારણ કે શ્રીઠાકોરજીની વેદની ઉપર કૃપા છે અંદર પ્રવેશવાની આજ્ઞા નથી. એ બતાવવું જરૂરી છે કે દર્શન ખુલ્યા હોય કે ના ખુલ્યા હોય, કોઈ પણ ભગવદીયે કીર્તનયાજીની આગળ ઊભા રહેવાનો અધિકાર નથી. કીર્તનીયાની આગળ ઊભા રહેવાથી વેદને પીઠ દેવા બરાબર છે અને વેદને પીઠ બતાવવી માનવ ઉચીત ધર્મ નથી.

અખિલ વિશ્વ બ્રહ્માંડમાં મહારસ દાનની સામર્થ્યના કારણે શ્રીઠાકોરજીના ૨૪માંથી પ્રમુખ-મુખ્ય ૨૨ અવતાર જ્યાં ત્યાં પુષ્ટિરસવાળા ભક્તોના કારણે બિરાજે છે. અંતર જગતના આ બધા અવતાર ચર્સણી નામની મહા અલૌકિક સામર્થ્યના સહારે પોતાની આરાધના કરવાવાળા દેવતાઓની સાથે જ્યારે ભૂતલ ઉપર પધારે છે ત્યારે પુષ્ટિ હવેલીઓમાં એ અવતારોના પુનઃ આગમનને કારણે કોઈ ઉત્સવ શ્રીવલ્લભની પ્રકાર શૈલીથી મનાવવામાં આવે છે. એટલા માટે જે ઉત્સવોમાં શ્રીઠાકુરજીને તિલક થાય છે ત્યાં બે વખત તિલક થાય છે અને બે અક્ષત ધરાવવામાં આવે છે. ઘંટા નાદ-ઝાલર-શંખ-ઝાઝ-પખાવજની ધ્વનીની વચ્ચે આ પ્રકાર થાય છે.

“नमो ब्रह्मण्य देवाय गोब्राह्मण हीतायच, जगत हीताय कृष्णाय नमो नमः।।”

અહીં ત્રણ પ્રકારના ભક્તોને સુખ આપવા માટે ત્રણ વાર નમો શબ્દને પ્રયોગ કરવામાં આવ્યો છે. નિર્ગુણ ભક્તોને સ્વયં શ્રીવલ્લભ રસ આપે છે. પુષ્ટિમાર્ગના જેટલા પણ ઉત્સવ છે એમાં મોટાભાગના ઉત્સવ અંતર (ભીતરી) જગતથી આવેલા છે. ચાર જયંતિ, નંદમહોત્સવ, રાધાષ્ટમી વગેરે ઉત્સવોમાં શ્રીમહાપ્રભુજી સ્વયં બિરાજે છે. એટલા માટે ઉત્સવમાં પહેલું તિલક શ્રીમહાપ્રભુજી દ્વારા થાય છે. બીજું તિલક જેમનો મનોરથ છે તેમના પરીકર દ્વારાનું થાય છે.

શ્રીમહાપ્રભુજીની બેઠકમાં આ ઉત્સવો થતા નથી, તો ઉત્સવોમાંથી ભક્તિમાર્ગ નિરસ બની જશે. ભગવદ્ લીલાનું મૂળસ્થાન જેમ ગો-લોક અથવા વ્રજ છે એવી રીતે પુષ્ટિમાર્ગીય ઉત્સવોને માટે મૂળ ગો-લોક અથવા વ્રજ શ્રીમહાપ્રભુજીની બેઠક છે.

(વિશેષ પ્રમાણને માટે શ્રીહરિરાયજી મહાપ્રભુજી દ્વારા પ્રકટ ‘શ્રીવલ્લભમાં ચોવીશ અવતારનું સામ્યવાદ’ વાંચો.) 卐

॥ શ્રીબેઠકજીમાં ઝૂલા પલંગડી ॥

ભક્તિ નવ પ્રકારની છે. શ્રીયમુનાજીના કારણે ઉજ્વલ ભક્તિ સ્વતંત્ર રૂપની હોય છે. આવી રીતે નિકુંજ દ્વાદશ (૧૨) હોય છે. એવી રીતે એક સ્વતંત્ર નિકુંજ શ્રીબેઠકજી છે. એને નવ નિકુંજ (નવલ નિકુંજ) કહેવાય છે. નવ નિકુંજમાં શ્રીઠાકોરજી ઝૂલા વગર રહેતા નથી અને શ્રીસ્વામિનીજી વગર ઝૂલતા નથી.

જેમ શ્રી યમુનાપુલિનની નિકુંજમાં આઠ સખી રહે છે, આઠ સખીની પાસે સેવા પરચારગી માટે બીજી પાંચ સખી રહે છે. આઠ અને પાંચ મળીને તેર સખીઓ છે. શ્રીમહાપ્રભુજીની બેઠકમાં એકલા શ્રી દામોદરદાસજી હરસાનીજી તેર (૧૩) સ્વરૂપ ધારણ કરે છે એટલા માટે દામોદરદાસજીનું પૂર્ણ નામ શ્રી...દા...મો...દ...ર...દા...સ...જી...હ...ર...સા...ની...જી... અને આ તેર અક્ષર... દામોદરદાસના ગુણાતીત સ્વરૂપ છે.

ઘણી જગ્યાએ શ્રી બેઠકજીના શૈયામંદિરમાં ઝૂલા પલંગડી બિરાજે છે. તે અતિશય બાળ ભાવના પોષણને માટે છે.

બાળક ભાવનો અર્થ - ''બાલે-બાલે'' (રોમ-રોમ)માં, ક - બ્રહ્માંડ, (રોમ-રોમમાં બ્રહ્માંડ છે) જેને આ બ્રહ્માંડમાં પુષ્ટિ જીવ જ્યાં બિરાજે છે. એમને રસદાન શ્રીમહાપ્રભુજી બેઠકજીના શૈયામંદિરના ઝૂલા પલંગડીમાંથી દાન કરે છે.

અષ્ટછાપ વાળાઓએ ગાયું છે કે ''પ્રગટે પુષ્ટિ મહારસ દેન'' મહારસનો અર્થ અતિશય સુક્ષ્મ રસ. આ મહારસ દાનનો આભાસ મહારાસમાંથી આવ્યો છે.

卐



|| શ્રી બેઠક મંદિર (ગૃહ)માં પ્રવેશ કરવાના નિયમ ||

નિયમ	કારણ તાત્પર્ય
૧. બેઠકજીની પવિત્રતાને ધ્યાનમાં રાખવી. અપવિત્ર થઈ જાય તો ગોબરથી લીપવું જરૂરી છે.	૧. નિત્ય ગોલોકની ભાવનાને કારણે ગોમય ગોબરથી જ શુદ્ધિ માનવામાં આવી છે. "गोवा में अग्रत: पातु"
૨. બેઠકજીમાં આસન પાથરીને ના બેસાય અને ખુરશી ઉપર પણ ના બેસાય.	૨. શ્રીઆચાર્યજી પ્રભુ દેવાધિ દેવ છે. એમની આગળ કોઈપણ પ્રકારનું પ્રભુત્વ ચાલતુ નથી.
૩. દીવો-અગબત્તી વગેરે સળગાવવા નહીં.	૩. પુષ્ટિમાર્ગમાં ભાવ પ્રધાન છે. સેવા માર્ગ છે. પૂજા માર્ગ નથી. જ્યોતી સ્વરૂપ 'ચક્ર'જી બિરાજે છે. કૃત્રિમ દીપક જરૂરત નથી.
૪. પુર્ણપુરુષોત્તમ શ્રીઆચાર્યજીને ત્યાં અન્ય દેવી-દેવતાઓનો જપ-પાઠ-આરાધના વિગેરે કરવા નહીં.	૪. અનન્યતા ના સિદ્ધાન્તથી "देव नमस्कार: केशवं प्रति गच्छति" સાધન - સાધ્ય પ્રભુ જ છે.
૫. બેઠકજીમાં કોઈપણ પ્રકારની કોઈની આગળ યાચના (માંગણી) કરવાની મનાઈ છે.	૫. આપશ્રી અન્તર્યામી છો. "भक्तवाञ्छाकल्पतरु" છો. એટલે જ બીજાથી યાચના (માગણી) ભગવદ્ અપમાન છે.
૬. આચાર્યશ્રીની સન્મુખ (સાનિધ્યમાં) બેઠકજીમાં કોઈ બીજાને હાથ ન જોડવા.	૬. સર્વેશ્વર શ્રીમહાપ્રભુજીની સમક્ષ કોઈ બીજાને માન આપવું અથવા મોટું જાણવું સારું નથી.
૭. બેઠકજીમાં ભોજન કરવું પ્રસાદ મુખમાં નાખવો (લેવો) ઉચિત નથી.	૭. આપશ્રી સન્મુખ મોઢું ખોલવું, હસવું, એઠું મોઢું લઈને જવું કે ઊભા રહેવું અપરાધ છે.
૮. બેઠકજીમાં પગની ઉપર પગ ચઢાવીને, પગ પહોળા કરીને અથવા પીઠ દઈને બેસવાની મનાઈ છે.	૮. આપશ્રી જ્યાં બિરાજો છો ત્યાં શીલ સંકોચ, દૈન્ય રાખવું, અસભ્યતા સર્વેશ્વરની સામે ના કરવી. નામાપરાધ છે.
૯. બેઠકજીમાં હાથ ઘસીને સેવા સૂકા હાથથી કરવાની મર્યાદા છે.	૯. ગોલોક ભાવનાથી સર્વત્ર પવિત્રતા જરૂરી છે. અપેક્ષા છે, હાથ રગડવાથી (ઘસવાથી) પવિત્રતાનો ભાવ છે.
૧૦. બેઠકજીમાં ફોટો વગેરે લેવાની મનાઈ છે.	૧૦. ફોટો-દૂરબીન ભગવદ્ ધ્યાનમાં અડચન કરે છે. બાલ ભાવથી પણ એ યોગ્ય નથી.
૧૧. બેઠકજીમાં રજ લગાવો, તાળાનો સ્પર્શ કરો. દરેક વસ્તુ ધોઈને લેવી.	૧૧. શ્રીબેઠકજીમાં અસંખ્ય ગોપીજનો સાથે આપશ્રી સ્વામિનીજી ક્રીડા કરો છો. જેથી ભજનાનંદ પ્રાપ્ત થાય.
૧૨. મોટેથી બુમો પાડવી, ધમાલ કરવી, ઝઘડો કરવો, લઢવું યોગ્ય નથી.	૧૨. બાલ ભાવને સમજનારાઓ માટે આ બધું વર્જીત છે. અયોગ્ય છે.
૧૩. બેઠકજીમાં છત્રી, લાકડી, પગરખાં - જુતા લઈને જવું નહીં.	૧૩. આપશ્રી બધાના છત્ર છે, એમની સન્મુખ છત્રધારી ન હોય, ચામડુ પણ અપવિત્ર છે, યોગ્ય નથી.
૧૪. લસણ-કાંદા-માદક દ્રવ્ય લઈ જવા નહીં.	૧૪. ઉત્તેજના વાળા પદાર્થની મનાઈ છે. બુરી ચેષ્ટા, દુર્વાસનાદિ પણ મનાઈ છે.
૧૫. બેઠકજીની વ્યવસ્થાને અનુકૂળ આચરણ કરવું.	૧૫. તીર્થમાં ભગવદ્ ધામને પોતાના નિવાસ જેવો જાણે-આચરણ કરે. વિપરીત આચરણથી પ્રભુ અપ્રસન્ન થાય છે.
૧૬. દર્શનમાં, પદગાનમાં, કીર્તનમાં ચિત્તને (ધ્યાનને) લગાવવું. માથે પાઘ (ટોપી અથવા માથે ઓઢીને) પહેરીને કીર્તન કરવા.	૧૬. સંસારવાસના છોડીને આપશ્રીના ચરણારવિંદમાં આશ્રય રાખીને તેનું ચિંતન-સ્મરણ કરવું સર્વશ્રેષ્ઠ છે.

॥ શ્રીઆચાર્યજીની ગુપ્ત બેઠકજી ॥

આપણે ત્યાં પુષ્ટિમાર્ગમાં શ્રીગુસાંઈજીના જયેષ્ઠ ભ્રાતા શ્રીગોપીનાથજી ની માટે વિચાર કરવાથી ખબર પડે છે કે એમનું મૂલ સ્થાન-સ્થલ કયાં-કયાં છે. ત્યારે તેનું કોઈ પણ પ્રતિક ચિન્હ મળતુ નથી. એનો અર્થ એવો નથી કે આપણે કોઈ સંદેહ માં રહીને જીવન જીવીએ. શ્રીગોપીનાથજી માં શ્રીમહાપ્રભુજીનું ધ્યાન સતત અને નીરંતર છે અને તે પણ રુપ અને ચિત્રવાળુ નહી, લીલાવાળા રૂપ નું ધ્યાન છે. દશમ સ્કંધની કારીકાઓમાં જે કારીકા,

नमामि हृदये शेषे लीलाक्षीराब्धिशायिनम् ।
लक्ष्मीसहस्त्रलीलाभिः सेव्यमानं कलानिधिम् ॥

ઉપરોક્ત કારીકામાં શ્રીમહાપ્રભુજી એ સમસ્ત ભગવત્ લીલા ઓ પોતાના હૃદયમાં ખેલાઈ રહેલી બતાવી છે. ત્યારે શ્રી ગોપીનાથજી શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં નિરંતર એજ લીલાઓનું ધ્યાન કરતા રહે છે. જેવી પણ માનસી સેવા મળતી રહે છે, એનાથી કરતા રહે છે. અને જ્યારે એમણે ક્યારે કોઈ પણ તીર્થ સ્થાનોમાં શ્રીમદ્ભાગવત નું પારાયણ કર્યુ છે, ત્યારે સંપ્રદાયમાં શ્રીમહાપ્રભુજીની સાનીધ્યતામાં જે સ્વરૂપમાં લીલા થઈ રહી છે એ સ્વરૂપને મુખ્ય જાણીને શ્રીમદ્ભાગવત્ પાઠ કર્યો છે ત્યાં શ્રીમહાપ્રભુજીની ગુપ્ત બેઠક નામથી પ્રસિધ્ધ છે. જ્યારે તે બેઠકો શ્રીગોપીનાથજીની બેઠકો છે. અગર કોઈ એ હિસાબ લગાવીને વિચાર કે શ્રીમહાપ્રભુજી નું ક્યાંય કસું પણ ગુપ્ત નથી, તો બેઠક ગુપ્ત કેવીરીતે થઈ. કારણ કે શ્રીગોપીનાથજી ના શ્રીભાગવત્ પાઠ ને શ્રીમહાપ્રભુજીએ સાક્ષાત પ્રગટ થઈને સાંભળ્યા છે. આ રહસ્ય ને શ્રીગોપીનાથજી નું ગુપ્ત રહસ્ય માનવામાં આવે છે એને શ્રીમહાપ્રભુજી ની ઉપસ્થિતી માની ને પોતાની ઉપસ્થિતીને એક બાજુ એ કરી દીધી છે. આવા ઉદાર આ જગતમાં કોણ મળશે ? જે જગ્યાઓ ઉપર શ્રીમહાપ્રભુજીની હોવાના લેખ અને બેઠક પ્રમાણ મળે છે અને તે જગ્યા પર બેઠકો નથી તે બધી જગ્યાએ ગુપ્ત બેઠક કહેવામાં આવી રહી છે. આપણે બધા લોકો ગુપ્ત શબ્દનો અર્થ ખોવાયેલી જ માનીએ છીએ. બની સકે કે કોઈ રાજાના આક્રમણ-બેઠક ગુપ્ત થઈ ગઈ, કોઈએ કબ્જો કરી લીધો હોય-બેઠક ગુપ્ત થઈ ગઈ, આવી ગયુ હોય કોઈ કુદરતી તોફાન-બેઠક ગુપ્ત થઈ ગઈ હશે અને એ બેઠકોના લેખ-ઈતિહાસ અને સંકેત સંપ્રદાયમાં મળે છે. શ્રીગોપીનાથજી ના ભાગવત પાઠ ના સમયે ‘नमामि हृदये शेषे‘ વાળા શ્રીમહાપ્રભુજી ગુપ્ત રૂપથી



બિરાજ્યા તે ગુપ્ત બેઠક છે. મૂલ રૂપથી તે શ્રીગોપીનાથજીની જ બેઠક છે. આ ભ્રમ ઠીક એવો જ છે જેવી રીતે શ્રીગોપીનાથજી નો અર્થ કૃષ્ણ થાય છે, બલદેવજી થાય છે એવું નથી જણાતું.

જેવી રીતે ઘણા પ્રસંગોમાં શ્રી ગોપીનાથજીનો અર્થ શ્રી બલદેવજીમાં બતાવ્યો છે. (જેમ શ્રીગોપીનાથજી નો અર્થ બલદેવજી થયો એવીજ રીતે ગુપ્ત બેઠકોનો અર્થ શ્રીગોપીનાથજીની બેઠક થયો)

જે લોકો વર્તમાનમાં નવી પ્રણાલિકાની અનુસાર શ્રી કૃષ્ણ સેવા છોડીને શ્રીમહાપ્રભુજી નું જ ધ્યાન-યોગ ચલાવી રહ્યો છે, એ ધ્યાન-યોગ પુષ્ટિમાર્ગમાં શ્રીગોપીનાથજીથી જ પ્રેરીત છે. પરંતુ શ્રીપુષ્ટિ પુરુષોત્તમ શ્રીકૃષ્ણની લીલાઓનું નંદાલયના નિયમની અનુસાર ગોપીઓની ભવભાવનાની અનુસાર શ્રીમહાપ્રભુજીના હૃદયમાં જ જોવું બહુજ દિવ્ય અને અલૌક્કિ મહાભાગ્યસાળીઓનો અધિકાર છે. આ પગથીયા રસ્તો કંઈક વધારે કઠીન (અઘરો) છે, એટલા માટે પહેલા પણ ચાલ્યો નહીં, જ્યારે તે પહેલાનો સમય સુગમ અને અનુકુળ હતો. હવે જ્યારે સમય કઠીન અને પ્રતિકુલ છે ત્યારે તે લીલા સમાજમાં કેવી રીતે ચાલી સકે, ફેંસલો ભવિષ્યના હાથમાં છે. એ શ્રીકૃષ્ણ લીલા ‘‘નમામિ હૃદયે શેષે’’ વાળા પ્રગટ રૂપથી શ્રીગુસાઈજીની કૃપાવલોકન પટતાથી શ્રીવલ્લભગૃહમાં, વૈષ્ણવોના ગૃહમાં જેવી પણ છે, સુગમતાથી જોવા મળે છે. અહીં ની જે સેવા શ્રીગુસાંઈજીની દ્વારા પ્રગટ છે એ સરળ માર્ગના મણકા બનવાનો પ્રયાસ કરવો જોઈએ એને છોડીને અગર રીત-સિધ્ધાંત અને શાસ્ત્ર વિચાર ના ચક્કરમાં પડીસું તો શ્રી શુકદેવજી જે રાસપંચાધ્યાયીના પ્રારંભની ૧૩ (તેર) માં શ્લોકમાં કહે છે કે વેરભાવ રાખવાવાળા શીસુપાલ ઈત્યાદી ને પણ સદ્ગતી મળી ગઈ, પછી કૃષ્ણ પ્રિયાંઓની તો વાતજ શું કરવાની ? ઉધ્ધારતો સિધ્ધાંતવાદીઓનો પણ થશે. સિધ્ધાંત વિપરીતવાળાઓનો પણ થશે પરંતુ એ સમજવામાં વાર લાગસે કે ઉધ્ધાર કૃષ્ણસેવાથી થયો કે શ્રીમહાપ્રભુજી એ હાથ પકડવાથી થયો ?



श्रीमद्वल्लभाचार्यचरण के श्रीहस्ताक्षर

શ્રી પુરુષોત્તમલાલજી લેખવાલા





॥श्रीहरि:॥

॥श्रीमदाचार्यस्य लेखपत्रम्॥

तैलगु लिपि में उपर्युक्त लेख श्रीमदाचार्य चरण ने उज्जैन के अपने पुरोहित श्रीनरोत्तमजी को निम्नानुसार लिखकर दिया ।

"श्रीमद्विष्णु स्वामि मत के वल्लभ अवन्तिका के नरोत्तम पुरोहित को मान्य करते है संवत् १५४६ चैत्र शुक्ल १"

॥ હસ્તાક્ષરની સેવા ॥

આપણા માર્ગમાં ભગવદ્ નામ અને ભગવદ્ સ્વરૂપમાં સમાનતા છે. એટલા માટે કેટલીક જગ્યાએ પુષ્ટિમાર્ગમાં લેખ અથવા **હસ્તાક્ષરજી** બિરાજમાન છે. આ લેખ અથવા હસ્તાક્ષર સ્વરૂપાત્મક છે. એટલા માટે સખડી, અનસખડી, નાગરી ભોગ આવતો નથી. કારણ કે હસ્તાક્ષર નિતાંત બાલરૂપ છે. બાલક પોતાના નામથી પરિચીત છે, કર્તવ્ય બોધ અને દિનચર્યાથી પરિચીત નથી. અત: તે **ફક્ત** બિરાજમાન જ છે. એમની બાલકની માફક દેખરેખ, સાર-સંભાળ રાખવાની પૂર્ણ સેવા છે. 卐

अथ वल्लभादिग्रंथस्थलवर्णनम् । श्रीवल्लभविठ्ठल सुतन, ग्रन्थसुथल बहु कीन ।। मनरंजन भूतलविषें, ते अब कहहु प्रवीन ।।१।। **श्रीवल्लभाचार्यकृतग्रन्थनामानि ।** दोहा - यमुनाष्टक नवरत्न अरु, बालबोध जलभेद ।। अंत:करण प्रबोध अरु, कृष्णाश्रयजु अखेद ।।२।। पंचपद्य सेवाजु फलं, भक्तिवर्धिनी ज्ञांन ।। स्वसिद्धांत मुक्तावली, निरोधलक्षण मान ।।३।। निजसिद्धांत रहस्य अरु, चतु:श्लोक सुखदांन ।। निर्णयकर संन्यासकौ, ग्रंथ कीन नृपमांन ।।४।। पुष्टी प्रबल प्रवाह मधि, मर्यादाजु मिलाय ।। आश्रय धैर्य विवेककौ, पृथक ग्रंथ कियराय ।।५।। सहसनाम नामावली, मधुराष्टक सुधदांन ।। सेवाफलजु विवर्ण किय, परवृढाष्टक मांन ।।६।। शिक्षाश्लोक निबंध अरु, पत्र विलंबन मांन ।। व्याससूत्र जयमिनि विषे, भाष्य कीन बलवांन ।।७।। पूर्व मिमांसा कारिका, गायत्रीपर भाष्य ।। श्रीभागवंतजु पीठका, वेदजु वल्लभ आष्य ।।८।। बृहद्भाष्य अनुभाष्य अरु, दशम अनुक्रम अर्थ ।। किय सुबोधिनी भागवत, वल्लभभाव समर्थ ।।९।। स्कंध चार अध्यायपर, ब्रह्मनैनगुणवांन ।। पूरण दशम सुबोधिनी, एकादश अनुमांन ।।१०।। ग्रंथ कीन पैंतीसभू, श्रीवल्लभ सुखदांन ।। भक्ति मार्गसंपादिनिक, भूपतिमांन सुजांन ।।११।।

(सम्प्रदायकल्पद्रुम)

।। શ્રીમદ્ શ્રીવલ્લભચાર્યજી વિરચિત ગ્રન્થો ।।

(૧) બ્રહ્મસૂત્રાણુભાષ્યમ : બ્રહ્મસૂત્રો પરનું ભાષ્ય શ્રીમદ્‌વલ્લભે ૩-૨-૩૩ સુધી લખેલું છે. ત્યાર બાદનું ભાષ્ય શ્રીમદ્ વિઠ્ઠલેશ પ્રભુ ચરણે પૂરૂ કરેલ છે. **(૨) પૂર્વમીમાંસાભાષ્યકારિકા : (૩) જૈમિનિસૂત્રભાષ્યમ : (૪) શ્રી ભાગવત સુબોધિનીજી :** શ્રી ભાગવત પુરાણ પરનાં શ્રી વલ્લાભાચાર્યજીનાં સુબોધિનીજી પ્રથમ ત્રણ સ્કન્ધ, ચોથા સ્કન્ધ પરનાં ૬ અધ્યાય અને સાતમા અધ્યાયનાં ૧૩ શ્લોકો સુધી, ત્યાર બાદ સંપૂર્ણ દશમ સ્કન્ધ અને ૧૧મા સ્કન્ધના ચાર અધ્યાય અને પાંચમા અધ્યાયના પ્રથમ શ્લોક સુધી. **(૫) ગાયત્રી ભાષ્યમ :** ગાયત્રીમન્ત્ર પરનું શ્રી વલ્લાભાચાર્ય વિરચિત ભાષ્ય. **(૬) પત્રાવલંબનમ્ :** કાશી વિશ્વનાથનાં મંદિર પર લગાડેલો માયાવાદી પંડિતોને આપેલો જવાબ. **(૭) ભાગવત દશમસ્કન્ધાનુક્રમણિકા :** શ્રી ભાગવતપુરાણનાં દશમ સ્કન્ધ પર શ્રી સુરદાસજી માટે રચાઈ હતી. **(૮) તત્વાર્થ દીપનિબન્ધ : ૧.** શાસ્ત્રાર્થ પ્રકરણ **૨.** સર્વનિર્ણય પ્રકરણ **૩.** ભાગવતાર્થ પ્રકરણ. **(૯) યમુનાષ્ટકમ્ :** શ્રીયમુનાથજીનું સ્તવન **(૧૦) બાલ બોધ :** શ્રી નારાયણદાસ માટે રચેલો ગ્રન્થ. **(૧૧) સિધ્ધાન્તરહસ્યમ્ :** શ્રી અચ્યુતદાસ સેનોઢીયા માટે રચેલો ગ્રન્થ. **(૧૨) પુષ્ટિપ્રવાહ મર્યાદાભેદ :** (પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહ માર્ગોનો ભેદ) **(૧૩) સિધ્ધાન્તરહસ્યમ્ :** (સિધ્ધાન્ત નું રહસ્ય) **(૧૪) નવરત્નમ :** શ્રી ગોવિન્દ દૂબે - ખેરાલુના (ગુજરાત) માટે ગ્રન્થ રચાયો. **(૧૫) અંત:કરણ પ્રબોધ :** (અંત:કરણને ઉદ્દેશીને બોધ) **(૧૬) વિવેક ધૈર્યાશ્રય :** (વિવેક, ધૈર્ય અને આશ્રય) **(૧૭) શ્રીકૃષ્ણાશ્રય :** (શ્રી કૃષ્ણનો આશ્રય) (શ્રી બુલામિશ્ર, લાહોરના રહેવાસી માટે રચ્યો) **(૧૮) ચતું:શ્લોકી :** (ચાર પુરૂષાર્થોની સમજ) (શ્રી રાણા વ્યાસ તથા શ્રી ભગવાન દાસ સાચોરા માટેની રચના) **(૧૯) ભક્તિવર્ધિની :** (ભક્તિ દૃઢ થવી શ્રી પુરૂષોત્તમ જોષી માટે લખાયેલો ગ્રન્થ. **(૨૦) જલભેદ :** (જલનો ભેદ - વક્તાઓનો ભેદ) **(૨૧) પંચપર્દાનિ :** (શ્રોતાઓનો ભેદ) **(૨૨) સંન્યાસ નિર્ણય :** શ્રી નરહરિ સંન્યાસી માટે રચાયેલો ગ્રન્થ. **(૨૩) નિરોધલક્ષણમ્ :** રાજા દૂબે અને માધવ દૂબે માટે રચના. **(૨૪) સેવાફલમ્ :** શ્રી વિષ્ણુદાસ છીપા માટે રચાયેલો ગ્રન્થ. **(૨૫) પંચશ્લોકી :** (પાંચ શ્લોકોનો ગ્રન્થ) **(૨૬) શિક્ષા શ્લોકા :** (શ્રી વલ્લભાચાર્યજીનો અંતિમ ઉપદેશ) **(૨૭) મધુરાષ્ટકમ :** (શ્રી કૃષ્ણ દર્શનની મધુર આઠ શ્લોકની અનુભૂતિ) **(૨૮) શ્રી પરિવૃઢાષ્ટકમ્ : (૨૯) શ્રી કૃષ્ણાષ્ટકમ્ : (૩૦) શ્રી ગિરિરાજધાર્યાષ્ટકમ્ : (૩૧) શ્રી ગોપીજનવલ્લભાષ્ટકમ્ : (૩૨) શ્રી પુરુષોત્તમનામ સહસ્ત્રમ્ : (૩૩) ત્રિવિધનામાવલી :** 卐



॥ શ્રીવલ્લભજીનો અસ્પર્શયોગ ॥

વલ્લભાખ્યાનમાં સૂચવેલ છે કે ‘‘વચન નિશ્ચય શ્રીનાથે માંગ્યું’’ એટલે પંઢરપુરસ્થ શ્રીવિઠ્ઠલનાથજીનાં સ્વરૂપમાં શ્રીવલ્લભની દૃષ્ટિ પડતાં તરત જ આવિર્ભાવે પ્રકટ થઈ અસ્પર્શ યોગવાળા રાસ રસૈક લુબ્ધ શ્રીનાથજીએ જ વચન માંગ્યું છે તેમાં જરા પણ સંશય નથી અને આવા જ પ્રકારનો નિચેનો દાખલો ખુબ યાદ કરવા જેવો છે.

શ્રીવલ્લભાચાર્યજીનો ઉગ્ર પ્રતાપ જ એવો છે કે - જેમાં અને જે પર જેવી દૃષ્ટિ કરે ત્યાં તેવા રૂપે જ થાય છે, તેમાંજ રા પણ આશ્ચર્ય નથી. એક વખત શ્રીઆચાર્યજી મહાપ્રભુ કોઈ નગરના બજારમાં થઈને પધારતા હતા. ત્યારે વચમાં એક કંસારાની દુકાન આવી ત્યાં ધાતુનાં રમણિક સ્વરૂપો ઉપર આપશ્રીની દૃષ્ટિ પડી અને શ્રીવલ્લભપ્રભુએ જરાક વિચાર્યું કે ગ્વાલ મંડલી ઘણી સુંદર બિરાજી રહી છે. એટલામાં દુકાનમાં પંક્તિબદ્ધ સજાવેલા ક્રય સ્વરૂપો તમામ શ્રીમહાપ્રભુજીની પાછળ પાછળ ચાલવા લાગ્યા, એવું ભક્તજનોની વાર્તામાં પ્રસિદ્ધ છે. આ ઉપરથી ચોક્કશ સમજાય છે પરબ્રહ્મ પુરુષોત્તમ મર્યાદાપુરુષોત્તમનો અસ્પર્શયોગ કરે તેમાં જરા પણ નવાઈ જેવું નથી.

અસ્પર્શયોગ એને કહેવાય છે કે રસાત્મક પુરુષોત્તમ મર્યાદા-ધર્મ વિશિષ્ઠ સ્વરૂપમાં આવિર્ભાવે થઈ, તેની સાથે કામ જેટલો જ સંબંધ સ્વેચ્છા પૂર્વક કરી લઈ, ત્યાંથી અલગ થઈ જાય છે. તેને અસ્પર્શયોગ કહે છે.

ઉપક બતાવેલા શ્રીનાથ વિઠ્ઠલનાથ અને શ્રીમહાપ્રભુજી રૂપ નિધાન છે. કારણ બન્ને સ્વરૂપ અંશકલા આવેશાદિ અવતારોના આધાર રૂપ સાક્ષાત પરબ્રહ્મ વૃન્દાવનસ્થ ગોપીપતિ જ છે. સ્વેચ્છાથી લીલા કરવાને માટે ભિન્ન સ્વરૂપે પ્રગટ થયા છે.

શ્રીબેઠકજીમાં બિરાજમાન શ્રીવલ્લભાચાર્યજીની સેવામાં સન્મુખ થનારા પોતાના સેવકો જેવા ભાવની ભક્તિ કરે છે તેવા ભાવનું આપશ્રી એ પ્રકારનું દાન કરે છે તેમાં સંશય નથી. 卐

॥ શ્રીવલ્લભાચાર્યનિજધામગમન ॥



मुदित जु काशी जाय फिर, श्रीवल्लभ द्विजराय ।।
रामदूति निज घाटपर, उत्त्क द्विजन बुलवाय ।।४७।।
वेदाश्रम प्रभु ग्रहण किय, तात वचन परमांन ।।
भाषणादिजल त्याग करि, मन मोहन धरिध्यान ।।४८।।
रुद्रचौगुणौ दिवस प्रभु जातवेद धरिरूप ।।
किय प्रयाण निज धामकों, रवि वेधतजु अनूप ।।४९।।

(सम्प्रदायकल्पद्रुम)

એક દિવસે રાત્રીના સમયમાં શ્રીનાથજીએ પ્રત્યક્ષ દર્શન દઈને શ્રીમહાપ્રભુજીને **કહ્યું** કે '' તમે શ્રીભાગવતની સુબોધિની ટીકાને સંપૂર્ણ કરવાના આગ્રહને લીધે અમારી આજ્ઞા બે વાર તો ના માની પણ હવે એ આગ્રહ છોડી દઈને લોકોને સન્યસ્ત ધર્મ દેખાડો અને તુરત અમારી પાસે આવો આ ત્રીજીવારની ભગવદાજ્ઞા થતાં શ્રીમહાપ્રભુજીએ અંત:કરણ પ્રબોધ નામનો ગ્રંથ બનાવીને તેમાં પોતાના મનને સમજાવ્યું કે ''હું સેવકધર્મનો સ્વીકાર કરીને પૃથ્વીપર આવ્યો છું તો ધર્મમાં સ્વામીની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું યોગ્ય નથી. જો કે પ્રથમ શ્રીભાગવતની વ્યાખ્યા કરવાના આગ્રહથી બેવારની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે તો પણ હવે આ ત્રીજીવારની આજ્ઞાનું સર્વથા ઉલ્લંઘન કરવું નહી. ''આ પ્રમાણે મનને સમજાવી, તે સમયમાં પ્રથમ સ્કંધની દ્વિતીય સ્કંધની અને તૃતિય સ્કંધની સુબોધીની પુરી થઈને ચતુર્થ સ્કંધના થોડાક અધ્યાયોની થઈ હતી તેને ત્યાંથી જ છોડી દેતાં દશમસ્કંધને પોતાનું નિરોધ સ્થળ જાણી દશમ સ્કંધની સુબોધીની પુરી કરી અને થોડાક એકાદશ સ્કંધના અધ્યાયોની સુબોધિની કરી લઈને સમયનો અતિક્રમ થવાના ભયથી સન્યાસ નિર્ણય નામતો ગ્રંથ કર્યો અને તેમાં પોતાના માર્ગમાં પ્રાકૃત સન્યાસનો નિષેધ કરી ભક્તિમાર્ગિય સન્યાસનું વિધાન કર્યું. પછી શ્રીમહાપ્રભુજીએ પોતાના બીજા પુત્ર શ્રીમદ્‌ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથજીમાં પોતાના સઘળા માહત્મ્યનું સ્થાપન કરી, કોઈ યુક્તિથી પોતાની પત્ની શ્રીમહાલક્ષ્મીજી પાસે ઘરનો ત્યાગ કરવાની આજ્ઞા લઈ, કોઈ નજાણે એવી રીતે એકલાજ ત્રીવેણીજીના તટ ઉપર આવી, ત્રિદંડ વિધિ કરી, નારાયણેંદ્રતીર્થ નામના સન્યાસીથી પ્રૈશમંત્રનું ઉચ્ચારણ કરીને સન્યાસ લીધો, આ વૃત્તાંત સાંભળવાથી સર્વે સેવક લોકો શોકાતુર થઈને પોતાની પાસે આવતાં પોતે તેઓનું સમાધાન કર્યું કે ''અમે સ્વરૂપથી સર્વદા બીરાજમાન છીએ માટે તમોને અમારો વિયોગ બાધ નહી કરે. તમો જ્યારે એકાગ્ર થઈને અમારૂ સ્મરણ કરશો ત્યારે અમે તમોને દર્શન દેશું અને તમારા સઘળા મનોરથ પૂર્ણ થશે. આ સન્યાસની લીલા તો અમે કોઈ નિમિત્તથી લોકોને દેખાડવાને વાસ્તે અને અસુરી જીવોને વ્યામોહ કરવાને વાસ્તે કરી છે.'' આ પ્રમાણે સમાધાન કરી સર્વેને વિદાય કર્યા પછી શ્રીમહાપ્રભુજી ''અહીં રહી શું તો લોક સમુદાયને લીધે ચિત્તની એકાગ્રતામાં વિક્ષેપ થશે અને કાશીમાં રહેનારા સન્યાસીઓને સન્યસ્તમાર્ગ દેખાડવો પણ છે.'' એવો વિચાર કરી એકાએક ઘાટ ઉપર બીરાજ્યા. ત્યાં ચાળીશ દીવસ સુધી એક આસનથી, અનશનવ્રતથી અને ધ્યાનમુદ્રાથી રહી ચાળીશમે દિવસે મધ્યાહન સમયમાં શ્રીગંગાજીના પ્રવાહ ઉપર મધ્યપ્રવાહપર્યેત જઈ પ્રવાહથી સૂર્યમંડળપર્યેત એક અખંડ દંડાકાર તેજનો પુંજ દેખાડીને પૃથ્વી ઉપરથી અંતર્ધાન થઈ ગયા. એ સમયમાં કાશીમાં રહેનારા સર્વે લોકો ધન્ય ધન્ય કહીને પરસ્પર કહેવા લાગ્યા કે ''સાચો સન્યાસ તો શ્રી વલ્લભાચાર્યજીએજ કર્યો.'' 卐

॥ શ્રીવલ્લભની સૃષ્ટિ ॥



શ્રીવલ્લભ તો કરુણા રસના સમુદ્ર છે. એ સમુદ્રમાં અનેક અનુપમ રત્નો છે. એમાનું એકાદ રત્ન જેને લાંધે તેનું અહોભાગ્ય જ જાણવું. એ રત્નો અલૌકિક છે, અનુપમ છે, અદ્વિતીય છે, આધિદૈવિક છે, રસમય છે, ભાવમય છે. આનન્દમય છે, જ્યાં જુઓ ત્યાં રસ, જ્યાં જુઓ ત્યાં આનંદ. દરેક અવયવ રસમય. એકે એક અવયવ આનન્દમય, 'रसोवैस:' 'रसश्ह्वेवाऽयं लब्ध्धाऽऽनन्दी भवति' 'आनन्द मात्र करपादमुखोदरादि', 'आनन्द मयोभ्यासात्' - વગેરે એ જ સૂચન કરે છે.

શ્રીગુસાંઈજી, શ્રીગિરિધરજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી અને શ્રીપુરુષોત્તમજીના ચરિત્રથી સ્પષ્ટ સમજાય છે. 'स्ववंशे स्थापिताशेष स्वमाहात्मय: सम्यापह:' - એ શ્રીસર્વોત્તમજીમાં આલેખાએલી-પરમ દયાળુ શ્રી ગુસાંઈજીની અનુભવાત્મક આર્ષ વાણી પણ શ્રીવલ્લભ ગમે તે સ્વરૂપે બિંદુ સૃષ્ટિમાં સદા સર્વથા બિરાજે છે જ એજ સચોટ સૂચન કરે છે. શ્રીવલ્લભને તો શ્રી ગોવર્ધન-શ્રીગિરિરાજજી ઘણા જ પ્રિય ત્યાં જ એમનો વાસ. ત્યાં જ વસવા ઘણા જ આતુર ત્યાં થતી લીલામાં જ મગ્ન. સદાયે જુગલ કિશોરની લીલામાં જ રત. 'गोवर्धन स्थित्युत्साहस्तल्लीला प्रेमपूरित:' - એ શ્રીગુસાંઈજીની અનુભવાત્મક વાણી આનોજ નિર્દેશ કરે છે. એ તો દેખીતી વાત છે કે દરેકને બિંદુ સૃષ્ટિ કરતાં નાદ સૃષ્ટિ વધારે પ્રિય હોય છે. તેથી તો શ્રી દામોદરદાસજીને 'દાસ અને રજો ક્ષત્રાણીને દાસી કહ્યા છે. 'दास दासी प्रिय: पति' - એ નામ તો શ્રી દામોદરદાસ અને રજોક્ષત્રણીને લીધે જ સાર્થક છે. શ્રીદામોદરદાસજી તો કૃપાના ધામ છે. શ્રી દામોદરદાસજી જ્યાં આવી ગયા ત્યાં સારીયે નાદ સૃષ્ટિ આવી જ ગઈ. શ્રીગિરિધરજી જ્યાં પધાર્યાં ત્યાં સારીયે બિંદુ સૃષ્ટિ આવી જ ગઈ. આ બધાયે સ્વરૂપોનું મિલન તો સારાયે વ્રજમાં-ગોકુલમાં આધિદૈવિક વ્રજમાં ગોકુલમાં જ થાય. આ સ્વરૂપો જેવા તેવાં નહીં ગમે તેને મળે નહીં. એને મેળવવાની ગમે તેની ગુંજાશ નહીં. એને તો સાચા જ ભગવદીયો મેળવી શકે-તાદશીજન જ એનો અનુભવ કરી શકે - વલ્લભ સૃષ્ટિ જ તેનો આનન્દ માણી શકે. શ્રીવલ્લભના કૃપાપાત્ર જ રસાનન્દ ભોગવી શકે. તે આનન્દમય બને - આનન્દરસ માણે. ભગવદ્ રસ પીએ એથી જ કહેવું પડે છે કે શ્રીવલ્લભમાં સૌ, સૌમાં શ્રીવલ્લભ. આનું નામ તે શુદ્ધ અદ્વૈત. આનું નામ તે શુદ્ધ અભેદ. શ્રીવલ્લભ ચાહે તે કરે. શ્રીવલ્લભ ધારે તે સ્વરૂપ ધારણ કરે. શ્રીનાથજી સાત નિધિ અને કોઈ પણ સેવ્યસ્વરૂપ. પછી તે ગમે ત્યાં બિરાજતાં હોય બિંદુ સૃષ્ટિને ત્યાં બિરાજતાં હોય કે નાદસૃષ્ટિને ત્યાં બિરાજતાં હોય, શ્રીગુસાંઈજી અને એમનો સમગ્ર પરિવાર, શ્રીદામોદરદાસજી અને એમનો સમગ્ર પરિવાર-પરિકર, સમગ્ર લીલા પ્રદેશ-સારોયે વ્રજપ્રદેશ, સઘળી લીલાસ્થલી, સમગ્ર લીલા-સામગ્રી વગેરે બધામાં જ શ્રીવલ્લભ. શ્રીવલ્લભમાં જ આ બધું સંયોગ સ્વરૂપે કે સાત્ત્વિક, રાજસ કે તામસ સ્વરૂપે, વસ્ત્ર સ્વરૂપે કે પાદુકા સ્વરૂપે, નિધિ સ્વરૂપે કે સેવ્યસ્વરૂપે, સાક્ષીભૂત સ્વરૂપે કે સ્વામિની

સ્વરૂપે ગમે તે સ્વરૂપે. શ્રીવલ્લભ શું નાદ સૃષ્ટિ કે શું બિંદુ સૃષ્ટિ, શું વ્રજ પ્રદેશ કે શું લીલાસ્થલી ગમે ત્યાં સદા સર્વથા સતત વિવિધ વિલાસ કરી રહ્યો છે. છતાં શ્રીવલ્લભ શ્રીવલ્લભીયો શ્રીવલ્લભીયો જ છે. નિધિ નિધિ જ. લીલાસ્થલી લીલાસ્થલી જ છે. બિંદુ અને નાદ સૃષ્ટિ તે સ્વરૂપે તે જ છે. આ રીતે શ્રીવલ્લભને નીરખજો, શ્રીવલ્લભને સેવજો, શ્રીવલ્લભનું રટણ કરજો, શ્રીવલ્લભનો આશરો રાખજો. શ્રીવલ્લભનો સહારો લેજો, શ્રીવલ્લભનાં અભેદ દષ્ટિએ વિવિધ સ્વરૂપો બતાવ્યાં. અભેદ દષ્ટિ કાયમ રાખજો. કોઈપણ એકાદ સ્વરૂપ અચાનક ઘેર પધારે તો તનમનધનથી સેવા કરજો. તે વખતે એમ ન વિચારશો કે આ તો નિધિનું સ્વરૂપ નથી, આ તો બિંદુ સૃષ્ટિ છે, આ તો નાદ સૃષ્ટિ છે. આ તો લીલા સામગ્રી છે, આ તો લીલા પરિકર છે. ટૂંકમાં શ્રીવલ્લભ જેમાં બિરાજે છે, શ્રીવલ્લભમાંથી જે જે આવિર્ભાવ પામ્યા છે તે તે કે તેમનો વંશજ કે તેમનો પરિવાર કે તેમનાથી સેવાએલું કોઈપણ સ્વરૂપ પધારે તો સેવા કરવાનું લગીરે ચુકશો નહીં. ચુકશો તો કરમના કાળા સમજજો. સેવા કરશો તો નવનિધિ પામશો. એ નવેનિધિ તે શ્રીવલ્લભમાંથી પ્રકટેલા બીજા નહીં.

આ સારીયે સૃષ્ટિ શ્રીવલ્લભની છે. શ્રીવલ્લભની સૃષ્ટિ તે શ્રીવલ્લભની સૃષ્ટિ. એથી જ વલ્લભીયોને શ્રીવલ્લભનું અને શ્રીવલ્લભની સૃષ્ટિનું સતત સ્મરણ, અનંત ચિંતન, અનન્ય શરણ, અખંડ સેવન - 'कृष्णाधरामृतास्वाद सिद्धिरत्र न संशयः' એ પરમદયાળુ શ્રીગુસાંઈજીની અનુભવવાણીનું સતત ફલ આપનારું છે, શ્રીવલ્લભમાંથી પ્રકટેલા ગમે તે સ્વરૂપની સેવા કરો. મન ફાવે તેની સેવા કરો પણ આસક્ત થઈને, વ્યસની બનીને, તન્મય બનીને, દેહાનુસંધાન ભૂલીને, રોકટોકની પરવા કર્યા વગર. મેણાટોણાંની દરકાર વગર સતત સેવે જ રાખો. અખંડ સ્મર્યા જ કરો. એમનો જ આશરો. એમના વગર સૌ ખાખ. મન ગોઠે તે કરો, પણ કરો. એકરસ થઈને, રસબસ થઈને, તન્મય બનીને, બધુ સમર્પીને - આ રીતે ગમે તે સ્વરૂપની સેવા કરશો તો પણ તમને ભગવદ્રસનું પાન થશે જ. એમાં મીનમેખ નહીં. પણ, એટલું ચોક્કસ માનજો કે જુદાઈ માનીને સેવા કરી, ઓછાવત્તાનો, નાનામોટાનો ફરક માનીને સેવા કરી તો પછી 'कृष्णाधरामृतास्वाद'ને અને તમારે અનંતગણું છેટું છે. એ છેટું ભાગવું વસમું પડશે. એ છેટું તમારાથી એમને એમ નહીં ભાગી શકાય. એ છેટું ત્યારે જ ભાંગશે કે જ્યારે જુદાઈ મરી જશે, જ્યારે જુદાઈ આપોઆપ ઓગળી જશે. જ્યારે સૌમાં શ્રીવલ્લભને અને શ્રીવલ્લભમાં સૌને નીરખાશે. જ્યારે બધે શુદ્ધ અદ્વૈતની દષ્ટિથી જોવાશે.

શ્રીવલ્લભ દ્વારા અવિરત સેવાયેલું સ્વરૂપ શ્રીવલ્લભીય છે. (શ્રીવલ્લભમાંથી આવિર્ભાવ પામેલું)

卐 **શ્રીજીવણલાલ છગનલાલ જોશી** (દયારામભાઈના પટ્ટશિષ્ય પ્રપૌત્ર)



॥ શ્રીમહાપ્રભુજીને વ્હાલા – "જે જન જાતિ કોઈ હોય રે" ॥

શ્રીમહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ આનંદ રૂપ શ્રીકૃષ્ણને જ બતાવ્યા છે. એટલા માટે પુષ્ટિમાર્ગમાં જીવ માત્રને કંઠી બ્રહ્મ-સંબંધ આપીને શ્રીકૃષ્ણની સેવાનો ઉપદેશ આચાર્યજીએ આપ્યો. આ વલ્લભ સંપ્રદાયમાં બધી જાતીના જીવ શરણ આવીને શ્રીકૃષ્ણની સેવા કરીને, આનંદની પ્રાપ્તિ કરી શકે છે. વાર્તા સાહિત્યના અધ્યયન કરવાથી આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ તથા આપના પુત્ર શ્રીમદ્ ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથજીએ કોઈ જાતિ ભેદ ભાવ વગર બધાને વૈષ્ણવ બનાવીને કંઠી બ્રહ્મ-સંબંધની દીક્ષા આપીને શ્રીકૃષ્ણની સેવા કરાવી અને આનંદની પ્રાપ્તિ ભજનાનંદ દ્વારા કરાવી.



મોહના ભંગીને વૈષ્ણવ બનાવ્યો, રસખાન પઠાનને શ્રીનાથજીના દર્શન કરાવ્યા અને પુષ્ટિમાર્ગની દીક્ષા આપી અને બીજા પણ કુમ્હાર, મેહા, ધીમર, જાતિના કોઈપણ જીવ હોય બધાએ કંઠી બ્રહ્મ-સંબંધની દીક્ષા લઈને શ્રીઠાકુરજીની સેવામાં મગ્ન બનીને સાચા આનંદની પ્રાપ્તિ કરી.

આ પ્રકારનો જાત-પાતનો ભેદ-ભાવ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ ૫૦૦ વર્ષ પહેલા જ સમાપ્ત કરી દીધો. અષ્ટછાપના શ્રીકૃષ્ણદાસજી શુદ્ર હતા છતા પણ શ્રીનાથજીના અધિકારી બન્યા અને એમના પદ આ વાતને પુષ્ટ કર્યા - "પંચમ વરણ છાપ છાપી"

શ્રીમહાપ્રભુ શ્રીવલ્લભચાર્યજીએ ચાર વરણથી ઊંચો એક પંચમ (પાંચમા) વર્ણની ઉત્પત્તી કરી અને છાપ લગાવી દીધી તે આ છે.

વલ્લભ-કુલ, વલ્લભ-સમ્પ્રદાયવાળાને આજ સુધી વલ્લભકુલિયા કહેવામાં આવે છે.

આપશ્રીએ જાત-પાતનો ભેદ દૂર કર્યો - પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ બ્રાહ્મણ હોય તે પણ અન્ય જાતિના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને ઘરે જાય ત્યારે પ્રસાદ, જલપાન આદર પૂર્વક કરે છે.

આનંદ શ્રીકૃષ્ણ ભક્તિમાં છે, પુષ્ટિ ભક્તિમાં છે તે ખરેખરાનો આનંદ છે.

બધી વાતોની એક જ વાત છે કે આનંદની પ્રાપ્તિ કરવી હોય તો શ્રીકૃષ્ણ ભક્તિ કરો, એમના ભક્તોનો સત્સંગ કરો, કોઈપણ જાતિનો હોય હરિ ભક્ત હોય, હરિ ભક્તોની જાત-પાત નથી. 卐

॥ श्रीवल्लभदर्शन षट्क विभूती ॥

राग रामकली

जयति लक्ष्मण तनुज कृष्णवदनानले । श्री मदिल्लमा गारु गर्भ रत्ने ।।
दैववृत जन समुद्धृति करण कृतनिजार्विभवन । विहित वहु विविध यत्ने ।।१।।

શ્રીમદ્ વલ્લભ ભટ્ટજીના પુત્ર, શ્રીકૃષ્ણના મુખારવિંદ અગ્નિ અવતાર, માતા ઈલ્લમાગારુજીના ગર્ભરત્ન દૈવીજીવ સમુદ્ધારને માટે સ્વયં પ્રગટ થઈને અનેક પ્રયત્ન કર્યા અને શ્રીવલ્લભાચાર્યજીનો જે વિજય થઈ રહ્યો છે ત્યાં આ દાસ ને ચિંતા કેવી ?

महा लक्ष्मी पतौ गोपीनाथ श्री । विट्ठलाभिध सुभग तनुज ताते ।।
प्रथित माया वाद वर्ति वदन ध्वंस । विहित निज दास जन पक्ष पाते ।।२।।

શ્રીમહાલક્ષ્મીના પતિ શ્રીગોપીનાથજી શ્રીવિઠ્ઠલનાથજી આ બંને સુભગ પુત્રોના પિતા, જેઓએ પ્રસિદ્ધ માયાવાદિઓના મુખ ધ્વંસ (મોઢા બંધ) કરીને આપના સેવકજનોનું પક્ષપોષણ કર્યું અને આપનો વિજય થઈ રહ્યો છે. એથી દાસને ચિંતા કેવી ?

पुष्टिपथ कथन रचितानेक सुग्रंथ । मथित भागवत पीयूष सारे ।।
रासयुवतिभाव भावित हृदय । सद्य मानस जनित मोद्भारे ।।३।।

પુષ્ટિમાર્ગના સ્વરૂપનું વિવરણ કરવાને માટે જેમણે અનેક ગ્રંથની રચના કરી. શ્રી ભાગવતનું અમૃત સ્વરૂપ પ્રગટ કર્યું. રાસ યુવતિ ભાવથી સતત ભાવવાલા હૃદયથી દયા યુક્ત મનથી આનંદવાળુ સ્વરૂપનો જ્યાં જય જય થઈ રહ્યો છે ત્યાં દાસને ચિંતા કેવી ?

निज चरण कमल धरणी परिक्रमण कृति । मात्र पावित वितत तीर्थ जाले ।।
कृष्णसेवन विहित शरण गति शिक्षण । क्षपित सन्देह दासैक पाले ।।४।।

આપના ચરણ કમલથી પૃથ્વી પરિક્રમા કરવાથી અનેક તીર્થોના સમૂહને જેમણે પવિત્ર કર્યા છે. પ્રભુ સેવા માટે આવેલા શરણાગતોનો જેમણે સન્દેહ દૂર કર્યો છે એવા જે આપના સેવકોની રખવાળી કરી રહ્યા છો, ત્યાં આ દાસને શું ચિંતા ?

निज वचन पीयूष वर्ष पोषित सतत । साहित्य पुरूष जन भृत्य युक्ते ।।
विविध वाचो युक्ति निगम वचनो दितै । रपिच वारित दुष्ट जन दुरूक्ते ।।५।।

આપના વચનામૃતોની વર્ષથી નિરંતર સાહિત્ય સેવી અને સામાન્ય જન અને નિષ્કામ સેવક જેમની પાસે છે, તે એમને યુક્તિ પૂર્વક વેદ વચનોનો ઉલ્લેખ કરીને ક્ષુદ્ર (સ્વલ્પ - અપૂર્ણ) વિચારવાળાઓની ઉક્તિ-કથનનું ખંડન કરીને જે નિરાકરણ કર્યું છે. આવા શ્રીવલ્લભની જ્યાં જય જય થાય ત્યાં દાસને શું ચિંતા ?

ईदशे सति शिरसि सर्वदा वल्लभे । सकल कर्तरिच भर्तरि दयालौ ।।
कैव परि देवना भवति हरिदासके । सकल साधन रहित जन कृपालौ ।।६।।

સર્વ કર્તા - સર્વા ભર્તા - સર્વ નિ:સાધન સેવકોની ઉપર કૃપાવાળા એવા દયાલુ શ્રીવલ્લભાધિશ્વર પ્રભુ સર્વદા માથે બિરાજતા હોય ત્યાં દાસને કેવી ચિંતા ?

સંપ્રદાયમાં કોઈ ગુણાનુવાદને પ્રગટ કરવાને માટે 'ચતુ:શ્લોકી' અથવા 'અષ્ટક'નું વિધાન છે. પરંતુ અહીં શ્રીહરિરાયજીએ છ શ્લોક આપીને 'ષટ્ક'નું વિધાન કર્યું છે. એ એટલા માટે કે આપ આચાર્યશ્રી વેદમાર્ગ પ્રણિત (પ્રતિપાદીત) કરવાને માટે 'ષટ્ ' દર્શનના સાર ગર્ભ રૂપ છે. એટલા માટે 'ષટ્ક' શ્રીહરિરાયજીએ લખ્યું છે.



॥ શ્રીવલ્લભકુલના વચનામૃત ॥

● ચૌરાસી વૈષ્ણવન કી વાર્તા શ્રી ગોકુલનાથજી પ્રગટ કિયે તાકૌ ભાવ શ્રીહરિરાયજી કહત હૈ સો લિખ્યતે - ૮૪ વૈષ્ણવની વાર્તા ।।૫૨।।

અબ શ્રીઆચાર્યજી મહાપ્રભુન કે સેવક, ભગવાનદાસ સારસ્વત બ્રાહ્મણ હાજીપુર કે તિનકી વાર્તા કૌ ભાવ કહત હૈ -

..... પાછે ભગવાનદાસ એક વર્ષ શ્રીઆચાર્યજી મહાપ્રભુન કે સંગ રહિ ટહલ કરી । ઉષ્ણકાલ મેં પંખા બડો બનાય મારગ મેં છાયા કરતે । જહાં આપ પોઢતે તહાં સુન્દર બિછૌના ધરતી સુધી કરિ બિછાવતે, રસોઈ કી પરચારગી કરતે... સો જા ઠિકાને શ્રીઆચાર્યજી મહાપ્રભુ બિરાજત હતે, તહાં ભગવાનદાસ ચૌંતરી કરિ નિત્ય પોતના કરતે । નિત્ય સબેરે ન્હાય કે દંડવત્ કરતે । યહ ભાવ જાનતે (જો) - યહાં સાક્ષાત શ્રીઆચાર્યજી બિરાજે હૈ. સો ભગવાનદાસ કોં દર્શન દેતે, વાર્તા કરતે । સો ભગવાનદાસ એસે શ્રીઆચાર્યજી કે કૃપાપાત્ર હતે । તિનકી વાર્તા કહાં તાંઈ કહિયે । (વાર્તા - ૫૨)

● દો સૌ બાવન વૈષ્ણવન કી વાર્તા શ્રીગોકુલનાથજી પ્રગટ કિયે તાકૌ ભાવ શ્રીહરિરાયજી કહત હૈં સો લિખ્યતે - ૨૫૨ વૈષ્ણવની વાર્તા ।।૧।।

અબ પ્રથમ સેવક સો શ્રીગુસાંઈજી કે નાગજી ભટ્ટ, જીનકો શ્રીગુસાંઈજી આપુ 'નાગિયા' કહતે, તિનકી વાર્તા કૌ ભાવ કહત હૈ -

.... ઔર શ્રીગુસાંઈજી નાગજી આગે છહ બેર દ્વારિકા કોં પધારે । સો છહો બેર શ્રીગુસાંઈજી નાગજી કે ઘર ઉતરે ।....

ભાવપ્રકાશ : સો શ્રીગુસાંઈજી કી બેઠક ગોધરામેં નાગજી કે ઘર મેં હતી । સો એક સમૈ શ્રી ગોકુલનાથજી દ્વારિકા પધારે । તબ ગોધરા ગામ માર્ગ મેં આયો । તબ આપુ શ્રી ગોકુલનાથજી નાગજી કૌ ઘર વા ગામ કે લોગન સોં પૂછેં, જો-હમ કોં નાગજી કૌ ઘર દિખાવો । સો નાગજી કે બંસ કૌ તો વહાં કોઉ હતો નાહીં । ઔર ઘર હૂ ગિર્યો પર્યો ઢીહા હોઈ રહ્યો હતો । સો સબ ઠૌર ગામ કે લોગન શ્રીગોકુલનાથજી કોં બતાઈ । તોઊ તહાં સબ શુદ્ધ કરિ કૈ કનાત દૈ કૈ શ્રીગોકુલનાથજી ભોગ સમર્પે । પાછે જબ શ્રીઘનશ્યામજી દ્વારિકા કોં પધારે તબ નાગજી કૌ ઘર ઔર શ્રીગુસાંઈજી કી બેઠક સમરાઈ કૈ ભોગ સમર્યો ।

સો વે નાગજી શ્રીગુસાંઈજી કે એસેં કૃપાપાત્ર ભગવદીય હતે । ઉનકી વાર્તા કૌ પાર નાહીં, સો કહાં તાંઈ કહિએ । (વાર્તા - ૧)

॥ શ્રીવલ્લભકુલના વચનામૃત ॥

● શ્રીમહાપ્રભુજી જીતને દિન ભૂતલપે બિરાજે, તામેં શ્રીઅંગમેં કછુ આભરન નાહીં ધર્યો. એક કંઠી ખરે મોતીનકી મહીન શ્રીકંઠમેં ધારણ કરતે, સો હુ શ્રીનાથજીનેં માગી, ‘‘કે જો આપશ્રી પ્રસાદી તો મેં ધરૂંગો.’’ તબ શ્રીમહાપ્રભુજીને શ્રીનાથજી કું શ્રીકંઠમેં ધરાઈ, સો કંઠી અદ્યાપિ ધરે હે. અભ્યંગ સમે સબ આભરણ વડે હોય, પરંતુ કંઠી તો સર્વથા વડી ન હોય. (વચનામૃત-૧૯)

● એક સમે શ્રીગોકુલનાથજી પરદેશ પધારે હતે ઓર બાલક સબ ઘર હતે. ઓર શ્રીગિરિધરજી તો લીલામાં પધારે, સો બાલકને શ્રીગિરિધરજીકી બેઠક શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી કી બેઠક સું ન્યારી રાખી. જબ શ્રી ગોકુલનાથજી પરદેશ સું પધારે. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી કે દર્શન કિયે, ઓર શ્રીગિરિધરજીકું ન દેખે, તબ ઓર બાલકન સું પૂછી, જો દાદાભાઈ કહાં હે ? તબ ઓર બાલકનને કહી, જો જેવન ઘરમેં હે, તબ શ્રીગોકુલનાથજીને કહી, જો ક્યોં ? ‘‘તાતજી મેં ઓર કાકાજી મેં ઓર દાદામેં કછુ ફેર હે ?’’ એસે કહી કે તીનો સ્વરૂપ પાસ પાસ પધરાયે. (વચનામૃત-૯)

-નિ.લી.પૂ.પા.ગો. શ્રી શ્રી ૧૦૮ શ્રીગોકુલાધીશ (મુંબઈ)

● શ્રીમદ્ ગોકુલમાં શ્રીગોકુલેશની બેઠક છે તે સારસ્વત કલ્પનું નંદાલય. મહાવનમાં જે ગોકુલ છે, તેમાં જે છઠ્ઠીનું પારણું છે, તે શ્વેતવારાહકલ્પનું નંદાલય. ગોકુલમાં શ્રીગોકુલનાથજીનું મંદિર છે તેમાં સમગ્ર નંદાલય છે.

● જે સ્વરૂપ ભૂતલ ઉપર બિરાજતું હોય તેના ચિત્રજીને ચરણ-સ્પર્શ ન થાય. તેના છાપેલા ચરણારવિંદને થાય. શ્રીમહાપ્રભુજીના ચિત્રજીને ભોગ ન ધરાય. પરંતુ શ્રીનાથજીનું મુખારવિંદ એજ શ્રીમહાપ્રભુજી એટલે શ્રીનાથજીને ભોગ ધરાય.

● અત્યારે જે ચાલી રહી છે તે તો શિક્ષા છે, ભગવદ્ - વાર્તા નથી. અત્યારે આ સારું અને આ ખરાબ આપણામાં આ ન્યૂનતા, આપણે આમ કરવું જોઈએ, તેની જ વાતો ચાલે છે. ભગવદ્ વાર્તા તો તેનું નામ કે જેમ શ્રીમહાપ્રભુજી દામોદરદાસને આજ્ઞા કરતા કે, ‘‘આજ કઈ વારસું ભગવદ્-વાર્તા ન ભઈ’’ કેવલ લીલા સંબંધી વાત તે જ ભગવદ્-વાર્તા.

● શ્રીમહાપ્રભુજીનો માર્ગ તો પરમ આસક્તિનો છે. કોઈ માણસ એક વાત કહે અને આપણને એ ઠીક ન લાગતી હોય ત્યારે એમ કહેવું કે તમને પ્રભુએ એ જાતનો અનુભવ કરાવ્યો હશે. પરંતુ એમ એવું કાંઈ હજુ જાણ્યું નથી, આમ કહેવું. પરંતુ તુ ખોટો છે, એમ કદી પણ ન કહેવાય. પણ એમ કહેવાય કે અમને ખાત્રી કરાવી આપો તો અમને પણ માન્ય છે.

● શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ એ કે આપશ્રી નિત્ય સિદ્ધા શ્રીસ્વામિનીજી છે. આપશ્રીનો સ્વકીયા રસ છે અને આપશ્રી નિત્ય વિપ્રયોગ રસમાં મગ્ન રહે છે, માટે આપશ્રીનું ઉષ્ણકાલમાં પ્રાકટ્ય છે.

● કંઠી આપણે શ્રીમહાપ્રભુજીના ભાવથી ધારણ કરીએ છીએ. અહર્નિશ તે દ્વારા આપણે શ્રીમહાપ્રભુજીને કંઠ અને હૃદયમાં ધારણ કરીએ છીએ.

● શ્રીમહાપ્રભુજી સેવક ઉપર સ્વરૂપ પધરાવી આપતી વેળાએ પંચામૃત કરાવી, ઝારી ભરી, ભોગ ધરી પોતે પ્રસાદ લેતા આ પુરાવો પ્રત્યક્ષ છે કે શ્રીઠાકુરજી સાક્ષાત્ છે. નહીતર આપશ્રી પ્રસાદ કેમ લે ?

● શ્રીમહાપ્રભુજી એકદમ ગૌર કે એકદમ શ્યમામ નથી તેનું કારણ એ કે આપશ્રી શ્રીઠાકુરજી અને શ્રીસ્વામિનીજીના સંશ્લેષનું સ્વરૂપ છે.

● શ્રીમહાપ્રભુજી વિરહનું સ્વરૂપ છે. તે આપશ્રી સંયોગ રૂપ જે સફેદ વસ્ત્ર તેનાથી ઢાંકે છે. શ્રીગુસાંઈજી સંયોગનું સ્વરૂપ છે તે આપશ્રી વિરહરૂપ જે કેસરી વસ્ત્ર તેનાથી ઢાંકે છે. એટલે જ્યાં પ્રકટ વિરહ ત્યાં ભીતર સંયોગ અને જ્યાં પ્રકટ સંયોગ ત્યાં ભીતર વિરહ. શ્રીસ્વામિનીજીને ઉપરથી સંયોગ છે પરંતુ ભીતર વિયોગ છે, કે જેનું દર્શન પલકાન્તર વિરહમાં થાય છે.

- નિ.લી. પૂ.પા. ગો. શ્રી શ્રી ૧૦૮ શ્રી રણછોડલાલજી મહારાજશ્રી,
રાજનગરવાળાના વચનામૃત

॥ શ્રીવલ્લભકુલના વચનામૃત ॥

॥ બેઠકજી અને ગાદીજી ॥

● (૩૧૭) બેઠક અને ગાદીજી વચ્ચે આ તફાવત છે. જ્યાં આપશ્રી બિરાજ્યા હોય અને આપશ્રીએ સપ્તાહ કરી હોય તે બેઠક. પરંતુ જે ભાવથી પધરાવવામાં આવે તે ગાદીજી.

બેઠકમાં સ્થાનની મુખ્યતા છે. તે સ્થાન પર ગાદીજી પધરાવ્યાં એટલે તેમાં આપશ્રીનો આવિર્ભાવ થયો. પરંતુ ગાદીજી જ્યાં બિરાજે છે ત્યાં પહેલાં ગાદીજી પધરાવાય છે અને તે ઉપર આપશ્રી આવીને બિરાજે છે. બેઠક અને ગાદીજી જ્યાં હોય ત્યાં આપશ્રી તિલક, કંઠી સ્વરૂપે બિરાજે છે. જીર્ણ વસ્ત્ર અથવા કંઠી બદલવાનાં હોય ત્યારે જીર્ણ વસ્ત્ર સરકાવવું. કંઠી બદલાવતી વેળાએ પણ તેમ કરવું. ક્ષણ પણ વિચ્છેદ ન થવો જોઈએ. આપણે પણ કંઠી બદલતી વેળાએ તેમ કરવું. ક્ષણ પણ વિચ્છેદ ન થવો જોઈએ. નહીંતર આસુરાવેશ થાય.

● (૩૧૮) શ્રીમહાપ્રભુજીનાં ચિત્રજી અથવા બેઠકજીને સખડી ભોગ ન ધરી શકાય. પરંતુ શ્રીનાથજીના હૃદયમાં સ્વામિનીજી ભાવે બિરાજતા શ્રીમહાપ્રભુજીને સખડી ભોગ ધરી શકાય. ધોતી અને ઉપરણાં ધરનારું સ્વરૂપ આચાર્ય સ્વરૂપે બિરાજે છે. માટે આ મર્યાદા રાખવામાં આવી છે. હસ્તાક્ષર, પાદુકાજી અથવા ચરણ બિરાજતાં હોય ત્યાં ભાવ સ્વરૂપે બિરાજે છે એટલે સખડીભોગ ધરી શકાય. હવે જ્યાં આચાર્ય સ્વરૂપે આપશ્રી બિરાજતા હોય ત્યાં જો સખડીભોગ ધરવામાં આવે તો તે આપશ્રી આરોગે નહીં અને તે અણપ્રસાદી સખડી આપણે લઈએ તો આપણી બુદ્ધિ બગડે.

● (૩૧૯) વિરહની બેઠકોમાં મેવો, દૂધઘર ભલે ધરે પરંતુ સખડીભોગ ન ધરી શકાય.

॥ શ્રીનરોડા બેઠક પ્રાકટ્ય ॥

● (૩૨૦) આપશ્રીની આજ્ઞાથી પ.ભ. ડોસાભાઈ વિઠ્ઠલદાસ અધિકારીએ શ્રી નરોડા બેઠકનું પ્રાગટ્ય કયે પ્રકારે થયું તે કહી સંભળાવ્યું તે અહીં ઉતારેલ છે.

શ્રીગિરિધરલાલજી મહારાજ શેરગઢવાળા, હું (એટલે ડોસાભાઈ) અને એક કોઈ ત્રીજાને સ્વપ્ન આવ્યું કે શ્રીમહાપ્રભુજીની બેઠક આ સ્થળે છે. બીજે દહાડે શ્રીગિરિધરલાલજી મહારાજે કેસરી વસ્ત્રો ધર્યાં અને મુકટો તથા મેવો સાથે લીધો અને બેઠકવાળા ખેતરમાં ગયા. પહેલાં હાલ જ્યાં સેવકીનું જલઘરું છે તેની સહેજ ઉત્તરે સહેજ ખોદવું શરૂ કર્યું. પરંતુ શ્રીગિરિધરલાલજીએ મને પૂછ્યું કે ‘‘બોલ ! બેઠકજીનાં તને ક્યાં દર્શન થયેલાં ?’’ મેં હાલ જ્યાં બેઠકજી છે એ જગ્યા બતાવી. પછી ત્યાં ખોદવું શરૂ કર્યું. થોડુ ખોદ્યું ત્યાં કડીંગ એમ અવાજ થયો. શ્રીગિરિધરલાલજીએ મારી પીઠ થાબડી અને આપ એ ખાડામાં કૂદી પડ્યા, આપની પાછળ હું કૂદી પડ્યો. તે વખતે જે કડીંગ અવાજ થયેલો તે ઝારીનો, અને તે ઝારીમાંથી જલની ધારા છૂટી. આપશ્રીની આજ્ઞાથી મેં તે શ્રીયમુનાજીનું પાન પણ કર્યું. પછી આપશ્રીને મેં પ્રશ્ન પૂછ્યો કે ઝારીમાં તો રેતી છે અને આ જલ ક્યાંથી ? જેવો મેં પ્રશ્ન કર્યો કે જલધારા અલોપ થઈ ગઈ. પછી અમે ખોદવું શરૂ કર્યું. ચોતરાનાં દર્શન થયાં અને એમ ખોદતાં ખોદતાં એવું થોડું નીકળ્યું કે જેના ઉપર આજે જ કર્યું હોય તેવું અર્ધું તિલક-પછી તે ખેતર વેચાતું લીધું અને ત્યાં બધું કર્યું. તે ખેતર નીલકંઠ મહાદેવવાળા બાવાનું હતું.

આ પ્રાગટ્ય થયું સં. ૧૯૫૯ના પોષ સુદ છઠને દહાડે અને શ્રીગુસાંઈજીની બેઠકનું પ્રાકટ્ય થયું પોષ વદ નોમને દહાડે. આ દહાડે શ્રીગિરિધરલાલજીને આનંદ તો માય જ નહીં. આપશ્રીએ શ્રીમધુસૂદનલાલજી મહારાજને પણ કહ્યું કે આપ કેસરી વસ્ત્રો ધરી પધારો. પરંતુ તાતજી શ્રીવ્રજરાયજી મહારાજ લીલા વિસ્તાર્યે હજી બાર માસ નહોતા થયા. એટલે શ્રીમધુસૂદનલાલજીએ ના પાડી અને કહ્યું કે મારે ગુજરાતમાં રહેવું અને ત્યાંનો રિવાજ સાચવવો પડે. બેઠકજી પ્રકટ થયાં એટલે અમે બધાયે અપરસ કરી મેવો સિદ્ધ કરી ભોગ ધરેલો. આ મારા એટલે ડોસાભાઈના અનુભવની વાત છે.

● (૩૨૧) જગન્નાથજીમાં હાલ જે બેઠક છે તે શ્રીગોવર્ધનલાલજી ટિકેત મહારાજે ભાવનાથી પ્રકટ કરી છે. પ્રાચીન બેઠક તો તિરોહિત થઈ ગઈ છે.

● (૩૨૨) ગણેશ સુતારે શ્રીવ્રજરાયજી મહારાજને બે ત્રણ વાર વિનંતી કરેલી કે મને અનુભવ થયો છે અને આપ બેઠક પ્રકટ કરો. પરંતુ આપશ્રીએ આજ્ઞા કરેલી કે અમે એમના કુળના બાળક છીએ. અમને આપ આજ્ઞા કરશે ત્યારે પ્રકટ કરીશું. પછી આપે લીલા કરી. અંતે વડોદરાવાળા શ્રીગિરિધરલાલજી મહારાજને આજ્ઞા થઈ એટલે એઓશ્રીએ પ્રકટ કરી.

卐

ત્યાં
મારી
ો. તે
છૂટી.
છયો
થઈ
એવું
ચાતું

જીની
ાનંદ
સરી
બાર
તમાં
ધાયે
વની

રાજે

પૂર્ણ પુરુષ પ્રમાણપન્થા, વ્યાખ્યાતા વેદાન્ત ।
ગ્રન્થ સર્વે રસરુપ કીધા, પોતાને સિદ્ધાન્ત ।।૬।। (વલ્લભાખ્યાન-૨)

‘‘શ્રીપુરુષોત્તમનો શુદ્ધ માર્ગ તથા સપ્રમાણ વેદાન્તના વિષયોનું વિવેચન, પોતાના શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તનુ સાર સુબોધિનીજી આદિ અનેક ગ્રન્થોમાં રસાનંદમય પ્રકટ કર્યું છે.’’



સૌજન્ય : અમિત અંબાલાલ, અમદાવાદ.

॥ શ્રી હરિ ॥

શ્રી સર્વોત્તમ નામાવલી

શ્રીઆચાર્યજીના અલૌકિક ૧૦૮ નામ





શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રીઆચાર્યજીના અલૌકિક નામોંને પ્રગટ કરવાને માટે અને શ્રીઆચાર્યજીના સ્વરૂપ તથા સ્વરૂપાન પ્રાગટયમાં હેતુનું નિરૂપણ કરવાને માટે પહેલા શ્રીપુરૂષોત્તમ સ્વરૂપની સ્તુતિ કરે છે, (મંગળ કાર્ય માટે) કારણ કે શ્રીપુરૂષોત્તમજ શ્રીઆચાર્યજીના મૂળભૂત છે. એમના જ મુખારવિંદ સ્વરૂપ શ્રીઆચાર્યજી છે.

પૂ.પા.ગો. ૧૦૮ ડૉ. શ્રીવાગીશકુમારજી મહોદયશ્રી
(કાંકરોલી યુવરાજ)ની આજ્ઞા અને અનુમતિથી.

૧. ॥ આનન્દાય નમઃ ॥





૨. ॥ પરમાનન્દાય નમઃ ॥

૩. ॥ શ્રીકૃષ્ણાસ્યાય નમઃ ॥





૪. ॥ કૃપાનિધયે નમઃ ॥

૫. ॥ દૈવોદ્ધારપ્રયત્નાત્મને નમઃ ॥





૬.॥ સ્મૃતિમાત્રાર્તિનાશનાય નમઃ ॥

૭. ॥ શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશનપરાયણાય નમઃ ॥





૮. ॥ સાકારબ્રહ્મવાદૈકસ્થાપકાય નમઃ ॥

૯. ॥ વેદપારગાય નમઃ ॥





૧૦. ॥ માયાવાદનિરાકર્ત્રે નમઃ ॥

૧૧. ॥ સર્વવાદિનિરાસકૃતે નમઃ ॥





૧૨. ॥ ભક્તિમાર્ગાબ્જમાર્તણ્ડાય નમઃ ॥

૧૩. ॥ સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૂતિક્ષમાય નમઃ ॥





૧૪. ॥ અંગીકૃત્યૈવ ગોપીશ વલ્લભીકૃત માનવાય નમઃ ॥

૧૫. ॥ અગીકૃતૌ સમર્યાદાય નમઃ ॥





૧૬. ॥ મહાકરુણિકાય નમઃ ॥

૧૭. ॥ વિભવે નમઃ ॥





૧૮. ॥ અદેયદાનદક્ષાય નમઃ ॥

૧૯. ॥ મહોદારચરિત્રવતે નમઃ ॥





૨૦. ॥ પ્રાકૃતાનુકૃતિવ્યાજ મોહિતાસુરમાનુષાય નમઃ ॥

૨૧. ॥ વૈશ્વાનરાય નમઃ ॥





૨૨. ॥ વલ્લભાખ્યાય નમઃ ॥

૨૩. ॥ સદ્રુપાય નમઃ ॥





૨૪. ॥ સતાં હિતકૃતે નમઃ ॥

૨૫. ॥ જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃતે નમઃ ॥





૨૬. ॥ નિખિલેષ્ટદાય નમઃ ॥

૨૭. ॥ સર્વલક્ષણસમ્પન્નાય નમઃ ॥





૨૮. ॥ શ્રીકૃષ્ણજ્ઞાનદાય નમઃ ॥

૨૯. ॥ ગુરવે નમઃ ॥





૩૦. ॥ સ્વાનન્દતુન્દિલાય નમઃ ॥

૩૧. ॥ પદ્મદલાયત વિલોચનાય નમઃ ॥





૩૨. ॥ કૃપાદગ્વૃષ્ટિ સંહૃષ્ટદાસદાસીપ્રિયાય નમઃ ॥

૩૩. ॥ પતયે નમઃ ॥





૩૪. ॥ રોષદક્પાતસંપ્લુષ્ટ ભક્તદ્વિષે નમઃ ॥

૩૫. ॥ ભક્તસેવિતાય નમઃ ॥





૩૬. ॥ સુખસેવ્યાય નમઃ ॥

૩૭. ॥ દુરારાધ્યાય નમઃ ॥





૩૮. ॥ દુર્લભાંઘ્રિસરોરુહાય નમઃ ॥

૩૯. ॥ ઉગ્રપતાપાય નમઃ ॥





૪૦. ॥ વાક્સીધુપૂરિતાશેષસેવકાય નમઃ ॥

૪૧. ॥ શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમાય નમઃ ॥





૪૨. ॥ તત્સાર ભૂતરાસસ્ત્રીભાવપૂરિત વિગ્રહાય નમઃ ॥

૪૩. ॥ સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમ્ણે નમઃ ॥





૪૪. ॥ વિમુક્તિદાય નમઃ ॥

૪૫. ॥ રાસલીલૈકતાત્પર્યાય નમઃ ॥





૪૬. ॥ કૃપયૈતત્કથાપ્રદાય નમઃ ॥

॥ ૪૭. વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશકાય નમઃ ॥





૪૮. ॥ ભક્ત્યાચારોપ્દેષ્ટ્રે નમઃ ॥

૪૯. ॥ કર્મમાર્ગપ્રવર્તકાય નમઃ ॥





૫૦. ॥ યાગાદૌ ભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશકાય નમઃ ॥

૫૧. ॥ પૂર્ણાનન્દાય નમઃ ॥





૫૨. ॥ પૂર્ણકામાય નમઃ ॥

૫૩. ॥ વાક્પતયે નમઃ ॥





૫૪. ॥ વિબુધેશ્વરાય નમઃ ॥

૫૫. ॥ કૃષ્ણનામસહસ્રસ્ય વક્ત્રે નમઃ ॥





૫૬. ॥ ભક્તપરાયણાય નમઃ ॥

૫૭. ॥ ભક્ત્યાચારોપદેશાર્થં નાનાવાક્યનિરુપકાય નમઃ ॥





૫૮. ॥ સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણપ્રિયાય નમઃ ॥

૫૯. ॥ તાદશવેષ્ટિતાય નમઃ ॥





૬૦.॥ સ્વદાસાર્થકૃતાશેષસાધનાય નમઃ ॥

૬૧. ॥ સર્વશક્તિધૃષે નમઃ ॥





૬૨. ॥ ભુવિ ભક્તિપ્રચારૈકકૃતેસ્વાન્વયકૃતે નમઃ ॥

૬૩. ॥ પિત્રે નમઃ ॥





૬૪. ॥ સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યાય નમઃ ॥

૬૫. ॥ સ્મયાપહાય નમઃ ॥





૬૬. ॥ પતિવ્રતાપતયે નમઃ ॥

૬૭. ॥ પારલૌકિકૈહિકદાનકૃતે નમઃ ॥





૬૮. ॥ નિગૂઢહૃદયાય નમઃ ॥

૬૯. ॥ અનન્યભક્તેષુ જ્ઞાપિતાશયાય નમઃ ॥





૭૦. ॥ ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારકાય નમઃ ॥

૭૧. ॥ ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃતે નમઃ ॥





૭૨. ॥ પૃથક્‌શરણમાર્ગોપદેષ્ટ્રે નમઃ ॥

૭૩.॥ શ્રીકૃષ્ણહાર્દવિદે નમઃ ॥





૭૪. ॥ પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસસુપૂરિતાય નમઃ ॥

૭૫. ॥ તત્કથાક્ષિપ્તચિત્તાય નમઃ ॥





૭૬. ॥ તદ્વિસ્મૃતાન્યાય નમઃ ॥

૭૭. ॥ વ્રજ પ્રિયાય નમઃ ॥





૭૮. ॥ પ્રિયવ્રજસ્થિતયે નમઃ ॥

૭૯. ॥ પુષ્ટિલીલાકર્ત્રે નમઃ ॥





૮૦. ॥ રહઃપ્રિયાય નમઃ ॥

૮૧.॥ ભક્તેચ્છાપૂરકાય નમઃ ॥





૮૨. ॥ સર્વાજ્ઞાતલીલાય નમઃ ॥

૮૩. ॥ અતિમોહનાય નમઃ ॥





૮૪. ॥ સર્વાસક્તાય નમઃ ॥

૮૫. ॥ ભક્તમાત્રાસક્તાય નમઃ ॥





૮૬. ॥ પતિતપાવનાય નમઃ ॥

૮૭.॥ સ્વયશોગાનસંહૃષ્ટહૃદયાંભોજવિષ્ટરાય નમઃ ॥





૮૮. ॥ યશઃપીયૂષલહરીપ્લાવિતાન્યરસાય નમઃ ॥

૮૯. ॥ પરાય નમઃ ॥





૯૦. ॥ લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃતે નમઃ ॥

૯૧. ॥ ગોવર્દ્ધનસ્થિત્યુત્સાહાય નમઃ ॥





૯૨. ॥ તલ્લીલાપ્રેમપૂરિતાય નમઃ ॥

૯૩. ॥ યજ્ઞભોક્ત્રે નમઃ ॥





૯૪. ॥ યજ્ઞકર્ત્રે નમઃ ॥

૯૫. ॥ ચુતર્વર્ગવિશારદાય નમઃ ॥





૯૬. ॥ સત્યપ્રતિજ્ઞાય નમઃ ॥

૯૭. ॥ ત્રિગુણાતીતાય નમઃ ॥





૯૮. ॥ નયવિશારદાય નમઃ ॥

૯૯. ॥ સ્વકીર્તિવર્દ્ધનાય નમઃ ॥





૧૦૦. ॥ તત્વસૂત્રભાષ્યપ્રદર્શકાય નમઃ ॥

૧૦૧. ॥ માયાવાદાખ્યતૂલાગ્નયે નમઃ ॥





૧૦૨. ॥ બ્રહ્મવાદનિરુપકાય નમઃ ॥

૧૦૩. ॥ અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતાય નમઃ ॥





૧૦૪. ॥ સહજસ્મિતાય નમઃ ॥

૧૦૫. ॥ ત્રિલોકીભૂષણાય નમઃ ॥





૧૦૬. ॥ ભૂમિભાગ્યાય નમઃ ॥

૧૦૭. ॥ સહજસુન્દરાય નમઃ ॥





૧૦૮. ॥ અશેષભક્તસમ્પ્રાર્થ્યચરણાબ્જરજોધનાય નમઃ ॥

॥ વ્રજના ઠાકોર – શ્રી વલ્લભાધીશ ॥

વ્રજ જેના રગેરગમાં રમી રહ્યું છે. વ્રજ જેનુ તમ-મન-ધન છે, વ્રજ જેનું જીવન છે, વ્રજ જેનું સર્વસ્વ છે એવા વ્રજના રસરસિયા રસિલા કહો કે, ‘‘વ્રજના ઠાકોર’’ એવા આપણા ગુરુદેવ શ્રી ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજે પોતાના ભૈયાબંધુઓ ગો. શ્રી ગોપાલલાલજી, શ્રી જીવણલાલજી (કાશી) શ્રી ગિરિધરલાલજી (વડોદરા) શ્રી મધુસુદનલાલજી (અમદાવાદ) આદિ બાળકો કે જેઓ વ્રજની ડગેડગની ભાવના જાણવા, સમજવા, વિચારવાવાળા હતા. આપ શ્રીમાનોએ સંવત ૧૯૩૪ની સાલમાં વ્રજયાત્રા કરી. તે વખતે આપશ્રીએ ઘણા મોટા ખર્ચે મહાન પરિશ્રમે, વ્રજનાં તમામ સ્થળોના ફોટા ઉતરાવેલા.

એ અણમોલ જવાહરી, બહુમુલ્યવાન કીમતી ચિત્રોનો અણમોલ ખજાનો મારા જેવા પામર પ્રાણીને ગો. શ્રી ૧૦૮ શ્રી શ્રી રવિકુમાર મહારાજશ્રી (કાંકરોલી-વડોદરા-ભરૂચ)ની અપાર કૃપા કરીને અમોને અહીં વલ્લભી સમાજને અલૌકિક વ્રજભૂમિ, અલૌકિક વ્રજલીલા, અલૌકિક વ્રજનાં સ્થળો અને એ સ્થળોનાં દર્શન ઘર બેઠા, પરિશ્રમ વિના થાય અને વૈષ્ણવ વૃન્દ એનો અલભ્ય લાભ મેળવે, અલૌકિક રસાસ્વાદ લે, સ્થળનાં દર્શન કરી લીલારસનું અવલોકન કરી ભક્તિરૂપી ફલ પ્રાપ્ત કરે એ ભાવનાથી પધરાવી આપ્યા છે. આવી અલૌકિક મહત્કૃપા આપશ્રી વલ્લભાધીશજી વિના કોણ કરે ?

આ ચિત્ર સંગ્રહ ૧૩૫ વર્ષ પૂર્વેની વ્રજભૂમિના અલૌકિક દર્શન કરાવે છે.

નાતર લીલા હોતી જૂની ॥ રાગ - ગૌરી
જોં પે શ્રીવલ્લભ પ્રકટ ન હોતે વસુધા રહેતી સુની ॥ ૧ ॥
દિન પ્રતિ નઈ નઈ છબી લાગત જ્યાં કંચન નગ ચુની ॥
સગુણદાસ યહ ઘરકો સેવક યશગાવત જાકો મુની ॥ ૨ ॥

卐

વ્રજના ઠાકોર
શ્રી વલ્લભાધીશ
૧૩૫ વર્ષ પૂર્વેની
વ્રજભૂમિ


શ્રીમદ્ ગોકુલ – શ્રી ઠકુરાણી ઘાટ


વ્રજયાત્રામાં શ્રીવલ્લભકુળ

વ્રજના ઠાકોર શ્રી વલ્લભાધીશ

૧૩૫ વર્ષ પૂર્વેની વ્રજભૂમિ



શ્રી મધુવન



શ્રી બહુલાવન



શ્રી કમોદવન



શ્રી રાધાકૃષ્ણ કુંડ

વ્રજના ઠાકોર
શ્રી વલ્લભાધીશ
૧૩૫ વર્ષ પૂર્વેની
વ્રજભૂમિ



શ્રી માનસી ગંગા



શ્રી આન્યોર



શ્રી પરાસોલી (ચંદ્રસરોવર)



શ્રી ગોવિંદકુંડ



વ્રજના ઠાકોર
શ્રી વલ્લભાધીશ
૧૩૫ વર્ષ પૂર્વેની વ્રજભૂમિ



શ્રી ગિરિરાજ પૂજન (જતીપુરા)



શ્રીકુંડ (કામવન)



શ્રી કુસુમ સરોવર



શ્રી ગહવરવન (મોરકુટી)

વ્રજના ઠાકોર
શ્રી વલ્લભાધીશ
૧૩૫ વર્ષ પૂર્વેની વ્રજભૂમિ

શ્રી સંકેતવન

શ્રી નંદગામ

શ્રી પાન સરોવર



શ્રી બરસાના



વ્રજના ઠાકોર
શ્રી વલ્લભાધીશ
૧૩૫ વર્ષ પૂર્વેની વ્રજભૂમિ



શ્રી સાંકરીખોર



શ્રી વિમલકુંડ (કામવન)



જાન-અજાન વૃક્ષ



શ્રી અપ્સરા કુંડ

વ્રજના ઠાકોર
શ્રી વલ્લભાધીશ
૧૩૫ વર્ષ પૂર્વેની
વ્રજભૂમિ



॥ શ્રી બેઠકજી - ૧૪ મી : શ્રીસુંદરશિલાકી - શ્રીમદ્ ભાગવત સંગતી ॥

અહીં આપશ્રીએ દિપમાલીકા ઉત્સવ (દિવાળી) અને સવાસેર ભાતનો અન્નકુટ શ્રીગિરિરાજજીને આરોગાવ્યો હતો. આ શ્રીઠાકુરજીની બાલ કેલી લીલાનું સ્મરણ માત્ર છે. કીર્તનોમાં કહ્યું છે, ‘‘સુંદરશીલા ખેલન કી ઠોર’’, આ સુંદરશીલા ગિરિરાજ પર્વતમાં જ્યાં છે ત્યાં નંદરાય અને યશોદાજીની પ્રાથમિક્તા છે. શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની સેવાનો જન્મ અહીંથી થયો છે. શ્રીગોવર્ધનધારણની લીલાની પછી શ્રીઠાકોરજી જ્યારે પણ અહીં ખેલવાને માટે આવ્યા ત્યારે પાછલી સ્મૃતિ (યાદ)માં અન્નકુટનો ખેલ ખેલ્યા, તેની સ્મૃતિમાં આચાર્યશ્રીએ અહીં અન્નકુટમાં માત્ર સવાસેર ભાતની સખડી આરોગાવી. એમ તો અહીં સખડી આરોગાવાનો રિવાજ શ્રીગુસાંઈજીએ રાખ્યો નથી, કારણ કે અહીં રસનું મહાત્મ્ય વધારે છે. ‘પોતના’ અને ‘ખાસા’ આ સ્થાનમાં સારી રીતે થઈ શકે તેમ નથી અને દર્શનાર્થી ભગવદીય પછીના દિવસે જ્યારે અહીંની રજ માથા ઉપર લગાવીને મુખમાં મૂકીને પોતાને ઘેર સેવા કરસે તો તેમને ત્યાનું દૂધઘર અને અનસખડી પણ સખડી થઈ જશે. કારણ કે માથા ઉપર લાગેલી રજ છે એને લુછી (હટાવી) શકતા નથી. શ્રીઠાકોરજીએ જ્યારે અન્નકુટ આરોગ્યો હતો ત્યારે સાત દિવસની, રાત-દિવસ વાળા વરસાદથી શુદ્ધિ થઈ ગઈ હતી.

દામોદરદાસ હરસાનીજીની ગોદમાં શ્રીમહાપ્રભુજી આપશ્રી જ્યારે પોઢયા હતા ત્યારે શ્રીનાથજી મળવા આવ્યા હતા, ત્યારે તેમને રોક્યા હતા. કારણ કે આપ બાલક છે. ગોદીમાં આવશો તો ખેલવા લાગશો, શ્રીમહાપ્રભુજીની નીંદ્રા તૂટી જશે અને એ નીંદ્રા નહોતી. ભગવદ્ સુખ વિચારવાની ગંભીર તંદ્રા હતી. તો આપના સુખોમાં ઉણપ આવશે. ‘‘આપ બાલક હૈ’’ એટલા માટે શ્રીનાથજીને રોક્યા. શ્રીમહાપ્રભુજીમાં દામોદરદાસજીનો અલૌકિક ગુરૂભાવ હતો. કેટલીક વાર શ્રીઠાકુરજી જોવા માંગે છે કે ‘‘અમારા ધર્મગ્યાતાઓના (શ્રીમહાપ્રભુજીના) સેવક કેવા છે?’’ અહીં દામોદરદાસજીએ શ્રીમહાપ્રભુજીમાં અદ્વિતિય સ્વામિની ભાવ જાણ્યો છે. રાસ પંચાધ્યાયીમાં શ્રીકૃષ્ણએ જ્યારે ગોપીઓને ધર્મોપદેશ આપ્યો છે. તો ત્યાંના ઉપસ્થિત પ્રણય ગીતમાં સ્વામિની ભાવવાળી ગોપીઓએ શ્રીઠાકુરજીને બોલતા અટકાવ્યા, ‘‘આપ ઐસા કહેને કે યોગ્ય નહીં હો. આપકો ખાલી બોલને કી આદત હૈ, કબ ક્યા બોલના ચાહિએ યહ જાનકારી નહીં હૈ.’’ એ આસય ને (કારણે) ધ્યાનમાં રાખીને દામોદરદાસજીએ કહી દીધું ‘‘કૃપયા ન પધારે’’. मेवं विभोऽर्हति भवान् गदितुं नृशंसं । (ભા. ૧૦ સ્કંધ પૂર્વાર્ધ - ૨૯ અધ્યાય - ૩૧ શ્લોક) અહીં શ્રીઠાકોરજીને શ્રીમહાપ્રભુજીએ ગોદમાં બિરાજમાન કરાવીને કપોલોનો સ્પર્શ કર્યો છે. આપને નંદરાયજીના સમયની સ્મૃતિ (યાદ) આવી ગઈ. ‘‘ગોદ બેઠે ગોપાલ કહત નંદરાય સો’’ (જે આ ભાવથી સૂક્ષ્મ અન્કુટ આરોગાવ્યો)

॥ કીર્તન સંગતી ॥

રાગ – બિહાગ

પોઢીયે લાલ નિવાસ અટારી ।।
લલિતાદિક સખિન જુર આઈ ફુલી રહી ફુલવારી ।।૧।।
રત્ન જટિત હીરા કે કટોરા ધરે અરગજા સંવારી ।।
અતિ અનુરાગ પરસ્પર દોઉ કરત લેપન પિય પ્યારી ।।૨।।
વૃન્દાવન કી સઘન કુંજમેં કુસુમન રાવટી સંવારી ।।
સૂરદાસ બલબલ જોરી પર તન મન ધન કીને બલિહારી ।।૩।।



॥ શ્રી બેઠકજી - ૧૪ મી : શ્રીસુંદરશિલાકી ॥

॥ શ્રી બેઠકજી - ૧૫ મી : શ્રીગિરિરાજજીકી બેઠકકો ચરિત્ર ॥

શ્રીગિરિરાજજીકે ઉપર શ્રીનાથજીકે મંદિરમેં દક્ષિણભાગ એક ચોંતરી હતી, તાપેં શ્રીઆચાર્યજી મહાપ્રભુનકી બેઠક હે, તહાં સેવાકે અવંકાશમેં આપ બિરાજતે. એક સમય શ્રીનાથજીકો સિંગાર કરિકેં આપ વા ચોંતરીપેં બિરાજે હતે. કારણ જો સામગ્રી સિદ્ધિ ભઈ ન હતી, તાતેં ગોપીવલ્લભમેં ઢીલ ભઈ. ઈતનેમેં શ્રીસ્વામિનીજ થાર લેકેં પધારે. તબ નુપૂરકો શબ્દ સુનિકેં શ્રીઆચાર્યજી દામોદરદાસતેં કહે જો દમલા, હમને તો ઢીલ કરી, પરંતુ શ્રીસ્વામિનીજી ગોપીવલ્લભકો થાર લેકેં પધારે હે. કયોં જો વે ઢીલ કેસેં સહે? તાતેં સિંગાર ભએ પાછેં ગોપીવલ્લભમેં ઢીલ ન કરની. પાછેં દેવપ્રબોધિની પર્યંત શ્રીગિરિરાજમેં શ્રીઆચાર્યજી બિરાજે. તહાં દોય પારાયણ શ્રીભાગવતકી કીએ. એક પ્રદક્ષિણા શ્રીગિરિરાજજીકી કીએ. (કોઈ સાતભીલિખે હે) પાછેં ગુલાલકુંડ, બિલછૂ, પરમંદરો શ્રીદામાસખાકો ગામ હે, તહાં આપ એક રાત્ર રહે. તહાંસોં દૂસરે દિન વિજય કીએ, સો જહાં આદિબદ્રિકો સ્વરૂપ ધરિકેં શ્રીજીને અપને સખાનકો દર્શન દીએ હે, નહાં સઘન બન હૈ, તહાં એક રાત્ર બિરાજે. તા પાછેં તહાંતે દૂસરે દિન ઈંદ્રકૂપમેં આચમન કરિ આગેં કામવન પધારે. યહ ચરિત્ર શ્રીઆચાર્યજીને શ્રીગિરિરાજજીકી બેઠકમેં પ્રગટ કીએ. **॥ ઈતિ શ્રીઆચાર્યજી મહાપ્રભુનકી શ્રીગિરિરાજકે મંદીરકી બેઠકકો ચરિત્ર સમાપ્ત. ॥** (શ્રીગિરિરાજ ઉપર શ્રીનાથજીના મંદિરમાં આ બેઠક પ્રગટ નથી.)

॥ 卐 ॥

॥ શ્રી બેઠકજી - ૧૫ મી : શ્રીગિરિરાજજીકી - શ્રીમદ્ ભાગવત સંગતી ॥



શ્રીગિરિરાજની ઉપર મંદિરમાં ગુપ્ત બેઠક ચોતરા ઉપર આપ બિરાજ્યા હતા. શ્રીનાથજીનું પ્રાગટ્ય કર્યું હતું, ત્યારે શ્રીનાથજીની સેવા આપ સ્વયં શ્રીમહાપ્રભુજી કરતા હતા. આપશ્રીની સાથેના સેવક શ્રીઠાકુરજીના દર્શન થોડા વખત માટે કરતા હતા અને શ્રીમહાપ્રભુજી દ્વારા કરવામાં આવતી શ્રીઠાકોરજીની સેવાના દર્શન ધ્યાન પૂર્વક અવશ્ય કરતા હતા, કારણ કે સેવામાં શ્રી ને સુખ મળે. શ્રીઠાકુરજીને ગોપી-વલ્લભ ભોગ આવવામાં વિલંબ થવાથી ક્લેશ યુક્ત જોઈને દામોદરદાસજીને આપશ્રીએ સમજાવ્યું કે શૃંગારની પછી ગોપી-વલ્લભ ભોગ આવવામાં મોડું થવું જોઈએ નહીં. શ્રીમહાપ્રભુજીએ આ પહેલા દામોદરદાસજીને કહ્યું છે, ‘‘દમલા, યહ મારગ તો કું પ્રગટ કીયો હૈ.’’ આ કારણે દમલાજીને રીત બતાવી-સીખવી. ‘बुयु ईमेकधष्य शिष्यस्य गुरुवो गुह्य मप्यो त् ।’ પોતાના પ્રિય શિષ્યને ગુરુજન ગુપ્તમાં ગુપ્ત વાતો બતાવે છે માટે ભાગવત્ ધર્મ અનુસાર દામોદરદાસજીને આ વાત બતાવી. ‘‘પ્રગટ વ્હે મારગ રીત બતાઈ’’

॥ 卐 ॥

॥ કીર્તન સંગતી ॥

રાગ – બિહાગ

સદા શ્રીગોવર્ધન મેં સ્થિત ।
સદા બિરાજેં શ્રીવલ્લભ વિઠ્ઠલ મહા મહોચ્છવ નિત્ત ।।૧।।
જગ્ય-ભોક્તા જો જગ્ય કરત હૈ, ભક્ત જનનિ કે હિત ।
‘છીતસ્વામી’ ગિરિધન શ્રી વિઠ્ઠલ લાગ્યૌ રહત નિત ચિત્ત ।।૨।।



॥ શ્રી બેઠકજી - ૧૫ મી : શ્રીગિરિરાજજીકી ॥

॥ શ્રી બેઠકજી - ૧૬ મી : શ્રીકામવનકી બેઠકકો ચરિત્ર ॥

કામવનમેં સુરભિકુંડ (શ્રીકુંડ) કે ઉપર છોંકરકે નીચે આપ શ્રીઆચાર્યજીકી બેઠક હે. આપ તહાં સાત દિન બિરાજે, ઓર ચોરાશી કુંડમેં સ્નાન કરિ શ્રીભાગવતકો એક પારાયણ કીએ. એક દિન રાત્રમેં શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ બિરાજે હતે, તહાં એક બ્રહ્મપિશાચ બહુત દિનનસોં સુરભીકુંડકી પારિકે ઉપર રેહેત હતો, વાને કોઈ એસો પાપ કીયો હતો જો વ્રજકી રજસોંહુ મુક્ત ન ભયો. સો જો કોઉ રાત્રમેં સુરભીકુંડકે ઉપર રહેતો તાકોં વહ ભક્ષણ કરિ જાતો. તાતેં વહાંકે તીર્થગુરૂને આપસોં વિનતી કરી જો મહારાજ, દિનમેં તો યહાં આપ સુખેન બિરાજો, પરિ રાત્રમેં આપ ગામમેં જાય બિરાજીયો. ક્યોં જો યહાં બ્રહ્મપિશાચ દુઃખ દેત હે. તબ યહ સુનિકેં આપ શ્રીઆચાર્યજી ચુપ કરિ રહે. કછૂ ઉત્તર ન દીએ, ઓર રાત્રિકો આપ ઉહાંઈ બિરાજે. જબ અર્ધરાત્ર ભઈ. તબ વહ બ્રહ્મપિશાચ નિકસ્યો. તા સમય એક વૈષ્ણવ ધોતી ધોયકેં અપરસ સુકાવત હતો. તાને દેખ્યો, સો દેખિકેં વા વૈષ્ણવને શ્રીઆચાર્યજી મહાપ્રભુનસોં વિનતી કરી જો મહારાજ, બ્રહ્મપિશાચ દૂરિદૂરિ ડોલત હે. તબ શ્રીઆચાર્યજી આપ કહે જો યહ આગિલે જન્મકો તો બ્રાહ્મણ હતો. યા કામવનકો રાજ્ય કરતો હતો. યાને બ્રાહ્મણનકોં બહુત ભૂમી દાન કરી હતી, પાછેં ફેરિ યાને લે લીની હતી. તા અપરાધ કરિકેં યહ બ્રાહ્મણ પિશાચ ભયો હે. દોયસો વર્ષ યાકો ભએ હે. સો વ્રજરજસોં હૂ યાકી મુક્તિ ન ભઈ. તબ વા વૈષ્ણવને વિનતી કરી જો મહારાજ, આપકે દર્શનતેં હૂ યાકી મુક્તિ ન ભઈ? તબ શ્રીઆચાર્યજીને વાપેં અપરસકી ધોવતીકો જલ છિરકવાએ. તા જલ કરિકેં વહ મુક્ત હોય ગયો. સો દિવ્ય શરીર ધરિકેં વૈકુંઠકો ગયો. તબ સુરભીકુંડપેં નિર્ભયતા ભઈ. પાછેં શ્રીઆચાર્યજી કદમખંડીપેં હોયકેં ચિત્ર વિચિત્ર શીલા હોયકેં ઉંચેગામ હોયકેં ભાનોખરિ પ્રભૃતિમેં સ્નાન કરિકેં શ્રીલાડિલીજીકે દર્શન કિયે, તથા અષ્ટ સખીનકે દર્શન કરિકેં આધેપર્વત કે ઉપર બિરાજે. તહાં આપકી બેઠક હે. યહ ચરિત્ર શ્રીઆચાર્યજીને કામવનકી બેઠકમેં પ્રગટ કીએ. ॥ ઈતિ શ્રીઆચાર્યજી મહાપ્રભુનકી શ્રીકામબનકી બેઠકકો ચરિત્ર સમાપ્ત ॥ ॥卐॥

॥ શ્રી બેઠકજી - ૧૬ મી : શ્રીકામવનકી - શ્રીમદ્ ભાગવત સંગતી ॥

શ્રીકુંડ, કામવનમાં આપશ્રીએ એક વૈષ્ણવની ધોયેલી ધોતીમાંથી ટપકતા જલ દ્વારા નરભક્ષી બ્રહ્મપીશાચનો મોક્ષ કરાવી વૈકુંઠ મોકલ્યો. જે આપને પણ ખાવા માટે આવ્યો હતો. અહીં આપશ્રીએ ભગવદીયતાનું મહાત્મ્ય બતાવ્યું છે. વૈષ્ણવની વાત તો બાજુએ રાખીએ. તેના વસ્ત્રોમાંથી પડતી-ટપકતી જલની બુંદો (ટીપાં)થી પણ જીંદગી સુધરી જાય છે. એટલા માટે વૃત્રાસુરે ''દાસાનુદાસનું જીવન માંગ્યું'', ''અહં હરેર તવ પાદૈક મૂલ દાસાનુદાસો ભવિસ્મીભુય'' (વૃત્રાસુર-ચતુઃશ્લોકી) એક વૈષ્ણવની સેવા કરવાથી આટલું વર્ચસ્વ મળી જાય છે. તો ભગવદ્ સેવાથી જે મળશે એના માટે તો શું કહેવું ? ॥卐॥

॥ કીર્તન સંગતી ॥

રાગ – સારંગ

ગુરુ બિનુ એસી કૌન કરે ।
માલા તિલક મનોહર બાનો લે શિરછત્ર ધરે ।।૧।।
ભવસાર તેં બુડત રાખે દીપક હાથ ધરે ।
સૂરસ્યામ ગુરુ એસો સમરથ છિન મેં લૈ ઉદ્ધરે ।।૨।।



॥ શ્રી બેઠકજી - ૧૬ મી : શ્રીકામવનકી ॥

॥ શ્રી બેઠકજી - ૧૭ મી : શ્રીગહવરબનકી બેઠકકો ચરિત્ર ॥

શ્રીઆચાર્યજી મહાપ્રભુનકી બેઠક બરસાના, ગેહવર બનમેં કુંડકે ઉપર હે, તહાં આપ સાત દિન બિરાજે, ઓર શ્રીભાગવતકી એક સપ્તાહ કીએ. ફેરિ એક દિન ગહવર બન દેખિવેકોં આપ પધારે. તહાં સિંહ, વ્યાઘ્ર બહોત દેખે. તાકે આગે દેખે તો તહાં એક અજગર પર્યો હે, ઓર વાકો ચેંટા બહુત કાટત હે. વાકો દેખિકેં શ્રીઆચાર્યજીકો દયા આઈ. તબ આપ દામોદરદાસતેં કહે, જો દમલા, યહ અજગર આગિલે જન્મમેં વૃન્દાવનકો મહંત હતો. યાને ઉદર ભરિવેકે લીયે સેવક બહુત કીએ હતે. ઓર દ્રવ્ય બહુત ભેલો કિયો હતો. સો સબ વિષય હેતુમેં લગાયો. ભગવત્ હેતુ મેં કછૂ ન લગાયો. ઓર ભગવદ્ ભજનહુ કછૂ નાંહી કિયો. તાતેં યહ મરિકેં અજગર ભયો હે. ઓર જિતને સેવક કિયે હતે સો સબ મરિકેં ચેંટા ભએ હે. સો અબ યાકોં કાટત હે. ઓર યાસોં કેહેત હે જો અરે અધર્મી ! તેને હમારો જન્મારો વૃથા ખોયો. તેને હમકોં સેવક કાહેકોં કીયે હતે? ઉદ્ધાર તો દોય બાતનસોં હોત હે. એક ભગવન્નામસોં તથા દૂસરો ભગવત્સેવાસોં. યા દોનોનમેં તેં કછૂ ન ભયો. ઓર યાને શ્રીવૃન્દાવનમેં વાસકીયો હતો, તાતેં યહ બ્રજહી મેં રહ્યો. સો બ્રજકો જીવ અનત (બીજે સ્થળે) નહિં જાત હે. જાતેં દુઃખ સુખ સબ બ્રજમેંહી ભોગત હે. સો અબ હમારી દૃષ્ટિ પર્યો હે, સો અબ અપને સબ સેવકન સહિત મુક્ત હોયગો. એસે આજ્ઞા કરિકેં શ્રીઆચાર્યજી મહાપ્રભુ અપને અંગુષ્ટકો ચરણોદક કરિકેં અપને સેવકન દ્વારા વાપેં છિરકવાયો. તબ તાહી સમય વાકો અજગર શરીર છૂટીકેં દિવ્ય શરીર ભયો. સો શિષ્યન સહિત વિમાનમેં બોઠકેં પાર ગયો, સો સિધો વૈકુંઠકો ચલ્યો ગયો. સો સબ વૈષ્ણવનકો તથા સબ બરસાનેકે બ્રજવાસીનકોં દિખાયો. સો દેખિકેં સબ વૈષ્ણવ પ્રસન્ન ભએ. તાપાછેં આપ બરસાનેતેં પધારે સો પીરી પોખર તથા પ્રેમસરોવર મેં સ્નાન કરિકે આપ સંકેતવટ પધારે. ॥ઈતિ શ્રીઆચાર્યજી મહાપ્રભુનકી શ્રીગહવરબનકી બેઠકકો ચરિત્ર સમાપ્ત ॥ ॥卐॥

॥ શ્રી બેઠકજી - ૧૭ મી : શ્રીગહવરબનકી - શ્રીમદ્ ભાગવત સંગતી ॥

વૃન્દાવનના મહંત શિષ્ય બનાવીને દ્રવ્ય લેતા હતા અને પોતાના સુખમાં (ભોગમાં) વાપરતા હતા. આ કારણે એમને અજગરની યોની મળી અને એમના શિષ્યોને મૃતદેહના ભોગનું સુખ કીડી-કીડાઓના દેહમાં મળ્યું. અજગરનું આયુષ્ય બહુ લાંબુ હોય છે. કીડીઓનું આયુષ્ય થોડું હોય છે અને ભોગ પણ બહુજ ઓછો મળે છે. ભગવદ્ રહસ્ય વિહીન ગુરુજનોને શિષ્યો દ્વારા આપવામાં આવેલું દાનનું દુઃખદ પરિણામ કીડીઓના સ્વલ્પ ભોગના સમાન અનેક જન્મો લઈને ભોગવવું પડશે. ગુરુ-શિષ્ય બંનેની મુક્તિ અસંભવ છે. જ્યારે ગુરુને શિષ્ય દાન આપે છે, ત્યારે તેમાં કપટના રસ્તે ગુરુ દ્વારા કોઈ બ્રાહ્મણને શિષ્ય બનાવીને તેના ધનનું હરણ કરી લેવું એ ગુરુને માટે પણ ઘોર નરકનો રસ્તો તૈયાર કરી દે છે અને આવામાં સામેથી ભગવદ્ કૃપા જ્યાં સુધી નહીં મળે ત્યાં સુધી દુઃખોમાંથી મુક્તિ મળવી અસંભવ છે. **नाहं हात्काहलं मन्ये विषं यस्य प्रतिक्रिया ।** (ભા. ૧૦ સ્કંધ ઉતરાર્ધ - ૬૪ અધ્યાય - 33 શ્લોક)

સૂરદાસજી એ પણ આવી જ રીતે મહાત્મ્ય જ્ઞાન પૂર્વક ગાયું છે. ‘‘ભરોંસો દ્રઢ ઈન ચરણન કેરો, શ્રીવલ્લભ નખ-ચંદ્ર છટા...’’

અહીં પોતાના અંગુષ્ઠ નખના જલથી આ અજગર અને કીડીઓનો ઉદ્ધાર કર્યો છે. આ પ્રભાવને સમજીને આપણે ત્યાં કેશર સ્નાનની રીત છે.

અહીં શ્રીમહાપ્રભુજી સ્વામિનીજી રૂપથી પોતાના ઘરમાં બિરાજમાન છે. એટલા માટે આપને આચાર્યરૂપમાં ન જોતા, ભગવદીયોએ શ્રીસ્વામિનીજી ભાવથી હૃદયંગમ કર્યા છે. ॥卐॥

॥ કીર્તન સંગતી ॥

રાગ - સોરઠ

ભાવ બિન માલ નફા નહિ પાવે ।
ભાવ બિન ભક્તન કો સર્વસ્વ ભાવ હી હૃદય બઢાવે ।।૧।।
ભાવ ભક્તિ સેવા સુમરન કર પુષ્ટિપથ મેં ધાવે ।
સૂર ભાવ સબ હી કો કારણ ભાવ હી મેં હરિભાવે ।।૨।।



॥ શ્રી બેઠકજી - ૧૭ મી : શ્રીકામવનકી ॥

॥ શ્રી બેઠકજી - ૧૮ મી : શ્રીસંકેતબટકી બેઠકકો ચરિત્ર ॥

શ્રીઆચાર્યજીમહાપ્રભુનકી બેઠક સંકેતબટકે સમીપ કૃષ્ણકુંડકે ઉપર છોકરકે નીચે બિરાજે હે, તહાં સાતદિન શ્રીભાગવતકો પારાયણ આપને કિયે. તહાં એક સ્ત્રી બહુત સુંદર ષોડશવર્ષકી અનેક આભૂષણ કરિકેં ભુષિત, રત્નજટિત ડાંડીકો ચમર હાથમેં લેકેં, શ્રીઆચાર્યજીમહાપ્રભુનકોં ચમર કરિવે લગી. સો જહાં તાંઈ શ્રીભાગવતકો પારાયણ હોય તહાં તાંઈ ઠાડી રહે. વાકોં વૈષ્ણવ બરજિવે લગે, તબ શ્રીઆચાર્યજી આપ નાંહી કીએ. એસેં સાત દિનલોં વાને ચમર કીયો. જબ કથાકો આરંભ હોય તબ વો આવે. જબ કથા સંપૂર્ણ હોય તબ અંતર્ધાન હોય જાય. પીછેં વાકોં કોઈ દેખે નહીં. તબ એક દિન એક વૈષ્ણવને આપસોં પૂછી જો મહારાજ, યહ સ્ત્રી કોન હે ઓર કહાંતે આવે હે? તબ આપ મુસિકાયકેં ચૂપ કરિ રહે. ફેર આપ આજ્ઞાકીએ, જો સંકેતદેવીકોં હમારે દર્શનકી તથા સેવાકી બહુત આરતી હતી, સો સેવા પ્રાપ્ત ભઈ હે. તાપાછેં તહાંતેં આગે પધારે, સો રીઠોરામેં શ્રીચંદ્રાવલીજીકે દર્શન કરિ નંદગામમેં પાન સરોવરપેં નેક દૂરિ નંદ છોકર હે, તહાં શ્રીનંદરાયજી દસેરાકે દિન પૂજન કરતે, તહાં આપ પધારે. તાકે નીચે શ્રીઆચાર્યજીકી બેઠક હે. યહ ચરિત્ર સંકેતબટકી બેઠકમેં પ્રગટ કીએ. ॥ઈતિ શ્રીઆચાર્યજી મહાપ્રભુનકી શ્રીસંકેતબટકી બેઠકકો ચરિત્ર સમાપ્ત ॥ ॥卐॥

॥ શ્રી બેઠકજી - ૧૮ મી : શ્રીસંકેતબટકી - શ્રીમદ્ ભાગવત સંગતી ॥

અહીં આપશ્રીએ ભાગવત પારાયણ સાત દિવસનું કર્યું છે. સાત દિવસોની અંદર એક અલૌકિક સોળ વર્ષની સુંદરી આવીને ચમ્મર ઢોળતી, કથા સાંભળીને જતી રહેતી, આ સંકેત દેવી છે. ચમ્મર ઢોળવું કિર્તી વિસ્તારનું સૂચન છે. ભક્તિની જે સેંકડો દાસીઓ છે, એમાંની એક દાસી સંકેત દેવી છે. એ બોલતી નથી. એ ભગવદીયોને સેવા માર્ગનો સંકેત આપે છે. સેવકો જે છે તે સંકેતની ભાષા સમજતા નથી, આજે સંકેતદેવીએ શ્રીમહાપ્રભુજીની સેવા કરીને, સેવા કરવાવાળાઓને આ સંકેત આપ્યો છે કે, ''સેવા કરવી છે તો આમની સેવા સીખો''. સંકેવનમાં શ્રીમહાપ્રભુજીનો આજ સંકેત છે. અગર સેવા સીખવી છે તો એક સંકેત યાદ રાખવો. सन्त्यज्य सर्वविषयांस्तव् पादमूलम् । (ભા. ૧૦ સ્કંધ પૂર્વાર્ધ - ૨૯ અધ્યાય - ૩૧ શ્લોક) વિષયોનો ત્યાગ પૂર્વક ચરણારવિંદના આશ્રય લેવાનો, આ ભાગવત્ના શ્લોકમાં સંકેત છે, ''સેવા નિભ જાયેગી'' (સેવા થઈ જશે) વિષયોનો ત્યાગ બ્રહ્મસંબંધથી જ થાય છે. ॥卐॥



॥ કીર્તન સંગતી ॥ રાગ – ગૌરી

સેવા મદન ગોપાલકી મુક્તીહૂતે મીઠી ॥
જાને રસિક ઉપાસક જીન શુકમુખહૂતે દીઠી ॥૧॥
ચરણકમલરજ મનવસી સબધરમ બહાઈ ॥
શ્રવણ કથન ચિંતન બઢ્યો પાવન યશગાઈ ॥૨॥
વેદપુરાણનિ રુપ કે રસ લિયો નિચોઈ ॥
પાનકરત આનંદ ભયો ડાર્યો સબ ધોઈ ॥૩॥
પરમાનંદ વિચારકે પરમારથ સાધ્યો ॥
રામકૃષ્ણ પદ પ્રેમસો લાલચ રસ બાધ્યો ॥૪॥



॥ શ્રી બેઠકજી - ૧૮ મી : શ્રીસંકેતબટકી ॥

॥ શ્રી બેઠકજી - ૧૯ મી : શ્રીનંદગામકી બેઠકકો ચરિત્ર ॥

અબ નંદગામમેં પાનસરોવરકે ઉપર શ્રીઆચાર્યજી મહાપ્રભુનકી બેઠક હે, તહાં ખટમાસલોં આપ બિરાજે. પાછે પારાયણ કીયે, ઔર આજ્ઞા કીએ, જો ઈહાં ઉદ્ધવજી ખટમાસલોં બિરાજે હે, તાતેં હમ ખટમાસ પર્યંત રહિકેં શ્રીનંદરાયજીકોં શ્રીભાગવત સુનાવેંગે, ઓર યહાંકે ક્રીડાસ્થલનકે દર્શન કરેંગે. તબ એક દિન શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ પાનસરોવર ઉપર બેઠે હતે, તા સમય એક મુગલ ઘોડાકું પાની પ્યાયવેકો લાયો, સો પાનસરોવરમેં પાની પ્યાયકેં લે ચલ્યો. તા સમય ઘોડાકે પેટમેં ફુરફુરી દોરિ, તાતેં વહ ઘોડા લોટ પીટીકે મરિ ગયો. સો વહ ઘોડા ચતુર્ભુજ સ્વરૂપ ધરિ વિમાનમેં બેઠિકેં વૈકુઠકો ગયો. તબ વાકોં સાત્વકીય આવિર્ભાવ ભયો, સો શ્રીઆચાર્યજીને દેખ્યો, તબ મસ્તક ધુનાયો. તાતેં વૈષ્ણવનનેં બિનતી કરી જો મહારાજ, ઘોડા મર્યો દેખિકેં આપને મસ્તક ધુનાયો તાકો કારન કહા? તબ શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ સબ વૈષ્ણવનકોં દિવ્ય દૃષ્ટિ દીએ, ઓર સબ વૈષ્ણવનતેં કહે જો તુમ ઊંચે દેખો. તબ સબ ઊંચી દૃષ્ટિ કરિકે દેખે, તો વે ઘોડા વિમાન સહિત વૈકુંઠકો ચલ્યો જાત હે. તા પાછેં દિવ્ય દૃષ્ટિ તો મિટિ ગઈ, તબ વા ઘોડાવારે મુગલને સબ વૈષ્ણવનતેં બિનતી કરી, જો તુમ મોકોં શ્રીઆચાર્યજી મહાપ્રભુનકો સેવક કરવાવો. તબ સબ વૈષ્ણવને શ્રીઆચાર્યજીસો વિનતી કરી, તબ આપ વા મુગલકો કહે, જો તેરો અંગીકાર દૂસરે જન્મમેં હોયગો. સો સુનિકેં વહ મુગલ ફિરી ગયો, પરંતુ વાકો અષ્ટપ્રહર શ્રીમહાપ્રભુનકો ધ્યાન રહે. સો દેહ છૂટે, પીછેં વાને નવાનગરમેં મોચીકે ઘર જાયકેં જન્મ લીયો. તબ સંગજીભાઈ વાકો નામ ભયો, સો મેલે મંત્ર વાપેં બહુત આવતે. વાને એક વૈષ્ણવસોં લડાઈ કરી. વાંપેં વીરવિદ્યા હતી સો વાને પ્રયોગ કરિકેં અર્ધરાત્રકોં વા વૈષ્ણવકોં મારિવેકોં બીર ભેજે. સો બીર વા વૈષ્ણવકે ઘર જાય સકે નાંહી. પાછેં ફિરીકેં, આયકેં વાસોં કહી જો વેતો શ્રીગુસાંઈજીકે સેવક હે. બડે મહાપુરૂષ હે. વિનસોં હમારી નાંહી ચલે. જબ સવારો ભયો, તબ વહ મોચી વા વૈષ્ણવકે પાવન આય પર્યો, ઓર વિનતી કરીકેં કહી, જો આપ તો બડે મહાપુરૂષ હો, આપ હમકોં સેવક કરો. તબ વા વૈષ્ણવને કહી જો તુમ મેલે જંત્ર મંત્ર છોડી દેઉ, તબ તુમકોં સેવક કરાવેં. તબ વા મોચીને સબ મેલે જંત્ર મંત્ર છોડિ દિયે. તબ કેતેક દિન પીછેં શ્રીગુસાંઈજી આપ શ્રીદ્વારકાજી પધારે, તબ નવાનગરકે સબ વૈષ્ણવનને વિનતી કરી, જો મહારાજ, કૃપા કરિકેં યાકો શરણ લીજીએ. તબ આપ આજ્ઞા કીએ જો યાકો અંગિકાર કરવેકો તો હમ ઈહાં પધારેહી હે. તબ શ્રીગુસાંઈજીને વા મોચીકો નામ દે બ્રહ્મ સંબંધ કરવાએ. કુમકુમ વસ્ત્રપેં ધરિકેં અપને ચરણારવિંદકી સેવા પધરાય દીએ. તબ વહ ધોતી ઉપરના પહરિવે લગ્યો ઓર બડી અપરસતેં સેવા કરતો. તબ તહાંકે બ્રાહ્મણ સ્માર્ત હતે સો સબ ઈર્ષા કરન લાગે. તબ ઉહાંકો રાજા જામંતકમાચી હતો. તબ વે બ્રાહ્મણ વા રાજાપેં જાયકેં પુકારે જો સુનો રાજાજી, ઈહાં એક અતિશૂદ્ર રહત હે સો વહ બ્રાહ્મણનકી ચાલ ચલત હે. સો સુનિકેં વા રાજાને વા મોચીકોં બુલાયેકેં પૂછી, જો તૂં બ્રાહ્મણનકી ચાલ કયોં ચલત હે? તબ વા મોચીને કહી જો મોકોં શ્રીગુસાંઈજી અપનો સેવક કરીકેં બ્રાહ્મણ કીયે હે. તબ યહ સુનિકેં રાજા બહુત પ્રસન્ન ભયો, ઓર કેહેન લગ્યો, જો બ્રાહ્મણ ભ્રષ્ટ હોય જાય સો તો શુદ્ર હોય જાય. પરંતુ કહૂં શુદ્ર બ્રાહ્મણ ભયો હે? જો દૂધમેંતેં છાછિ તો હોત હે, પરંતુ કહૂં છાછિમેં તેં દૂધ ભયો હે? તબ સંગજીભાઈને કહી જો રાજાજી, છાછિમેં તેં દૂધ હોય જાય તો આપ માનો? તબ રાજાને કહી, જો યહ બાત તો આછી હે. તા પાછેં રાજાને છાછિકી ચપટિયા (માટલું) ભરવાય મંગાઈ. તા સમય સબ સભા ભેલી ભઈ બેઠી હતી ઓર સબ બ્રાહ્મણ બેઠે હતે, તબ વે છાછિકી ચપટિયા સભાકે બીચમેં ધરી. તબ સંગજીભાઈને સબ સભાકે દેખતે કહ્યો જો મોકોં શ્રીગુસાંઈજીને બ્રહ્મસંબંધ કરાયકેં બ્રાહ્મણ કિયો હોય તો છાછિમેં તેં દૂધ હોય જૈયો? ઓર જો મેં મોચી હોઉં તો છાછકી છાછ રહિયો. તા પાછેં મટુકી ખોલે, તબ દેખે તો છાછિમેંતેં દૂધ ન્યારો હોય ગયો હે. તબ જામંતકમાચી તથા સબ બ્રાહ્મણ ચક્રત હોય રહે. તબ સબનને પ્રમાણ કિયો જો શ્રીગુસાંઈજીકે બ્રહ્મસંબંધકો બડો પ્રભાવ હે. પાછેં જામંતકમાચી તથા સબ બ્રાહ્મણ, શ્રીગુસાંઈજી ફિર વહાં પધારે તબ આપકે સેવક ભએ. તબ વે સબ અપરસસોં સેવા કરિવે લગે. તબ વા મોચીકોં કોઈ ટોકતો નાંહી, કયોં જો વા રાજાકો પરમાનો હોય ગયો. તહાં કેશવદાસ તથા ગોવિંદદાસ દોઉ ભાઈ સારસ્વત બ્રાહ્મણ હતે, તિનકે સંગતે વહ સંગજીભાઈ વૈષ્ણવ ભયો હતો. સો શ્રીઆચાર્યજી મહાપ્રભુનકી દૃષ્ટિ વા મુગલ ઉપર પરી હતી, તા કરિકેં વહ મુગલ બડો ભગવદીય ભયો હતો. સો વા સંગજીભાઈ કે સંગતે રાજા જામંતકમાચી ઓર સબ બ્રાહ્મણ ભગવદીય વૈષ્ણવ ભએ. સો શ્રીગુસાંઈજીકે સેવક ભએ, ઓર અનેક જીવનકો શ્રીગુસાંઈજી આપ ઉદ્ધાર કીએ. સો યાહી જન્મમેં વો સંગજીભાઈ લીલામેં પ્રાપ્ત ભએ. ઓર એસેં ચરિત્રનકો બહુત વિસ્તાર સંઘજીભાઈકી વાર્તામેં હે. યાસોં યહાં સંક્ષેપ માત્ર લિખે હે. યહ ચરિત્ર શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ નંદગામકી બેઠકમેં દિખાએ. પાછેં શ્રીઆચાર્યજી આપ તહાં સોં વિજય કિએ, સો કરહલા, અંજનોખરિ, પિસાયો, ખિદ્રબન, હોય જાવબટ હોયકેં આપ કોકિલાબન પધારે. ॥ ઈતિ શ્રીઆચાર્યજી મહાપ્રભુનકી શ્રીનંદગામકી બેઠકકો ચરિત્ર સમાપ્ત ॥

[શ્રીકરહલા - આ સ્થળે કુંડ ઉપર શ્રીમહાપ્રભુજીની બેઠક છે, તેમ શ્રીગુસાંઈજી તથા શ્રીગોકુળનાથજીની એમ ત્રણ બેઠકો સાથે સાથે છે. છતાં આ સ્થળનું ચરિત્રવર્ણન નથી. બેઠકો ત્રણે પ્રગટ છે. શ્રીગુસાંઈજી તથા શ્રીગોકુલનાથજીની બેઠકનું ચરિત્ર વર્ણન આગળ આવશે, પણ શ્રીમહાપ્રભુજીની બેઠકનું ચરિત્ર નથી.]

॥ 卐 ॥



॥ શ્રી બેઠકજી - ૧૯ મી : શ્રીનંદગામકી ॥

॥ શ્રી બેઠકજી - ૧૯ મી : શ્રીનંદગામકી - શ્રીમદ્ ભાગવત સંગતી ॥

છ માસ સુધી ભાગવત્ નંદરાયજીને સંભળાવ્યું હતું. આ છ મહીનામાં ઉદ્ધવજીના ભાવથી આપ અહીં બિરાજ્યા હતા. કારણ કે ઉદ્ધવજીનો મુખ્ય મુકામ ફરી ફરીને નંદગામ આવી જતો. નંદગામ વ્રજમંડળનું મધ્ય બિંદુ છે. પ્રતિદિન ઉદ્ધવજીથી નંદરાયજીની ચર્ચા થતી હતી, ઉદ્ધવજીની વાત નંદરાયજીના મનથી નીકળતી નહોતી અને બ્રહ્મભાવના જ્ઞાનથી બુદ્ધિમાં સંસય આવી ગયો. આપશ્રીએ નંદરાયજીને અહીં પુત્રભાવ ફરીથી હૃદયારૂઢ કરાવ્યો અને સમજાવ્યું કે શ્રીકૃષ્ણની આટલી લીલાઓમાં બ્રહ્મભાવ જ એક લીલા છે. પરંતુ આ લીલા તમારા ઘરની (નંદાલયની) નથી. આપના ઘરની તો બાલ - કિશોર - પોઘંડ - ઘર - વન અને વ્રજયમુનાપુલીનની લીલા છે. આ લીલાઓના કર્તા શ્રીકૃષ્ણ તમારા જેવા પિતા હોવા છતાં ક્યારે પણ બ્રહ્મભાવની લીલા વ્રજમાં નહીં કરે. આ વાત આચાર્યશ્રીએ શ્રીનંદરાયજીને ભાગવત સંભળાવી છ મહીનામાં હૃદયારૂઢ કરી. इति संस्मृत्य संस्मृत्य नन्दः कृष्णानुरक्तधीः । (ભા. ૧૦ સ્કંધ પૂર્વાર્ધ - ૪૬ અધ્યાય - ૨૭ શ્લોક)



॥ કીર્તન સંગતી ॥ રાગ - આસાવરી

શ્રીવલ્લભલાલ આંગન મધ્ય ખેલન ||
પહેલે પ્રગટ શ્રીયશોદા નંદન ગોપીનકોં રસ દેનન ||૧||
અબહી પ્રગટ શ્રીલક્ષ્મણ નંદન શ્રીભાગવત રસ એનન ||
પરમાનંદ પ્રભુકી છબિ નિરખત સુખ આવત નહી બેનન ||૨||

॥ શ્રી બેઠકજી - ૨૦ મી : શ્રીકોકિલાવનકી શ્રીમદ્ ભાગવત સંગતી ॥

કોકીલાવનમાં પાંચ શેર દૂધની ખીર સિદ્ધ કરાવી શ્રીઠાકુરજીને આરોગાવીને ચતુરાનાગાના એક હજાર શિષ્યોની સહીત ભોજન કરાવ્યું, છતાં પણ ખીર અક્ષય રહી (ખૂટી નહીં), અને ચતુરાનાગા સહીત શિષ્યોનો મનોરથ પણ પૂર્ણ કર્યો. શ્રીઠાકુરજીને જે વસ્તુનો ભોગ ધરવામાં આવે છે અને આરોગે છે તે પ્રસાદી ઘટતી નથી. પરંતુ તે વધતી જાય છે. હાલ વૈષ્ણવ આરોગાવતા પહેલા જ કહી દે છે કે વધારે ના કરતા, એટલું જ કરજો કે પાછળથી વધે નહીં. આ વિચાર શ્રીમહાપ્રભુજીની આ લીલાથી ઉચીત (યોગ્ય) નથી. શ્રીઠાકુરજીના ઉદરમાં સંપૂર્ણ વિશ્વ બિરાજમાન છે. એ વિશ્વની ગણત્રી અને સંખ્યા સીમાની બહાર છે. પરંતુ જ્યારે પોતાના ઉદરમાં સ્થિત શ્રૃષ્ટિમાંથી કોઈને ભૂતલ ઉપર ભક્ત બનાવીને જન્મ આપવા ઈચ્છે છે ત્યારે આપ સ્વયં શ્રીહરિ કોઈ અકિંચન ભગવદીયને ત્યાં તીનકા (કંઈક) અથવા કટોરી આરોગે છે. એટલામાંથી જ પોતાના ઉદર (પેટ)માં અનંત બ્રહ્માંડોનું પેટ ભરી દે છે.

यस्याहं अनुग्रहणामी हरसेत्‌दधनम् ।
ब्रह्मन यमनुगुह्णामि तद्विशो विधुनोम्यहम् ।

(ભા. ૮ સ્કંધ - ૨૨ અધ્યાય - ૨૪ શ્લોક)

જેમનો હું અંગીકાર કરવા ઈચ્છું છું, એમનું જ હું સ્વીકાર કરું છું. આંતરીક શ્રૃષ્ટિનો, બહારની સૃષ્ટિની ઉપર પ્રભાવ પાડે છે. આવી જ લીલા અહીં શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરી છે. ॥ 卐 ॥



॥ શ્રી બેઠકજી - ૨૦ મી : શ્રીકોકિલાવનકી બેઠકકો ચરિત્ર ॥

અબ કોકિલાબનમેં શ્રીકૃષ્ણકુંડકે ઉપર છોંકરકે નીચે જહાં શ્રીઆચાર્યજી મહાપ્રભુનકી બેઠક હે, તહાં એક માસ પર્યંત આપ બિરાજે હે, તહાં કોકીલાબનમેં નિંબાર્ક સંપ્રદાયકો ચતુરાનાગા કરિકેં વૈષ્ણવ હતો, વાકે સંગ હજાર નાગા સદા રહતે. વાને આઈકેં શ્રીઆચાર્યજી મહાપ્રભુનકોં દંડવત્ કરી ઓર વિનતી કરી જો મહારાજ, આપ વિષ્ણુસ્વામીકે મત કે આચાર્ય હો, જગતમેં વિજય કિયો હે, માયામતકો ખંડન કિયો હે, ઓર ભક્તિમાર્ગકો સ્થાપન કિયો હે, તાતેં હમારે હજારો સાધુ હે તિનકોં ખીરકો ભોજન આપ કરવાવો. તબ શ્રીઆચાર્યજી આપ આજ્ઞા કીએ જો બહુત આછો, ઇનકોં ભોજન કરવાવેંગે. તબ આપ કૃષ્ણદાસતેં કહે, જો કંહૂતે પાંચશેર દૂધ લાવો. તબ કૃષ્ણદાસ નંદગામમેં તેં પાંચશેર દૂધ લાએ. તબ આપ શ્રીઆચાર્યજીને વાસુદેવદાસ છકડાસોં કહી, યાકી ખીર કરિકેં ઇન હજારન વેરાગીનકોં જિમાય દેઉ. તબ વાને ખીર સિદ્ધિ કરી. શ્રીઆચાર્યજીમહાપ્રભુ અપની દૃષ્ટિ કરિકેં દેખે. તબ દેખત માત્ર વહ ખીર અક્ષય હોય ગઈ. તાપાછેં ઉન વેરાગીનતેં આપને કહી, તુમ પાતરિ દોનાં લેકેં અપની પંગતિ કરિકેં બેઠો. તબ વે નાગા સબ પંગતિ કરિકેં બેઠે. વાસુદેવદાસ છકડા જિમાયવે લગે. તબ સબ નાગાનકોં જિમાઈ દીએ. પાછેં સબ વૈષ્ણવ ભલી ભાંતરસો જે ઉઠે, ઓર ખીર પાંચ શેર, જ્યોંકી ત્યોં રહી. નિબટી નાંહી. પાછેં આપ આજ્ઞા કીએ, જો ઇહાંકે બંદરનકોં તથા મોરનકોં ખવાય દેઉ. તબ ઉનહું કોં ખવાયે. તોહુ ખીર જ્યોંકી ત્યોં રહી, નિબટી નાંહી. તબ આપ આજ્ઞા કીએ, જો યહ ખીર મેંને દૃષ્ટિ કરિકેં પ્રસાદી કરિ દઇહે તાતેં તોકોં કછૂ બાધા નાંહિ, તું લે જા (ખાઇજા) છોડે મતિં. તબ એક હાંડી લાયકેં તામેં વા ખીર ઠલાયકેં વાસુદેવદાસ છકડા લે ગએ. તબ વહ ખીર નિબટી. યહ ચરિત્ર દેખીકેં ચતુરાનાગા દોઉ હાથ બાંધિ ગરેમેં પટુકા ડારિકેં આઇ કેં શ્રીઆચાર્યજી મહાપ્રભુનકું દંડવત્ કરી, ઓર વિનતી કરી જો મહારાજાધિરાજ, આપ તો પૂર્ણ પુરુષોત્તમ હો. આપકો સ્વરૂપ કોને જાન્યો નાંહિ. અબ આપ કૃપા કરિકેં મોકોં આપનો સેવક કરિએ. તબ આપ શ્રીઆચાર્યજી આજ્ઞા કીએ જો તુમ સેવકહી હો. જો આગે હમારે નાંતી શ્રીગોકુલનાથજી નામ કરિકેં પ્રગટ હોંયગે, સો તુમકોં સેવક કરેંગે. તબ ચતુરાનાગાને વિનતી કરી જો મહારાજ, તહાં તાંઇ મેરે શરીરકી યહ સ્થિતિ કેસેં રહેગી? તબ આપ આજ્ઞા કીએ જો તેરી ડેઢસેં વર્ષકી આયુષ્ય હે. તામેં અબ ચાલીસ વર્ષ તોકોં ભએ હે, બાકી એકસો દશ વર્ષ કે ભીતર તેરો અંગીકાર કીયો જાયગો. પાછેં ચતુરાનાગા આછો ભગવદીય ભયો, સો બ્રજમેં પર્યટન કરતો. એક સમય ચતુરાનાગા ચલે જાત હતે, તબ એક વૃક્ષમેં જટા અરૂઝી, સો સુરઝાવન લાગે, સો સુરઝાવતિ સમે વૃક્ષકો પતૌઆ ટૂટિ પર્યો. તબ તીન દિન તાંઇ ઠાડે રહે, ઓર જટા સુરઝી નાંહી. સો શ્રીનાથજીને આઇકેં જટા સુરઝાઇ. વાકોં શ્રીનાથજી કે શૃંગારકો નેમ હતો. કેતેક દિન પાછેં જબ પાદશાહને સબકી માલા ઉતરવાઈ હતી, તબ એક દિન શ્રીગોકુલનાથજી મથુરા પધારે હતે. માર્ગમેં ચતુરાનાગા મિલ્યો, તબ માલા ન દેખી, તબ આપ ચતુરાનાગાસોં આજ્ઞા કીએ જો અરે ચતુરાનાગા! હમ ગૃહસ્તી હોય કેં માલા નાહિ ઉતારત હે, ઓર તું વેરાગી હોયકેં માલા કયોં ઉતારી? તેરો પાદશાહ કહા કરતો? તબ વહ પાવન પર્યો, ઓર આંખિનમેં આંસુ આયગએ, ઓર બિનતી કરી જો મહારાજ, આપ કૃપા કરિકેં માલા પહેરાઓ તો પેહેરૂં. તબ શ્રીઆચાર્યજીમહાપ્રભુનકો વચન સુધિ કરિકેં વાકું શ્રીગોકુલનાથજીને માલા દઇ, ઓર વાકો સેવક કિયો. તબ તેં શ્રીગોકુલનાથજી વાકે ઉપર બહુત પ્રસન્ન રહેતે. સો વાને એક ધમાર બનાઈ હે, ઓર તામેં એસે કહ્યો હે જો (સારંગી પ્રતાપતેં પાએ ગોકુલનાથ) યહ ધમાર શ્રીગોકુલનાથજીકે વહાં ગાઈ જાત હે. પાછેં જબ એકસો પચાસ વર્ષકી અવસ્થા પૂર્ણ ભઈ, તબ વા ચતુરાનાગાને જાયકેં ગોવિંદ કુંડપેં સમાધિ લગાઈ, સો લીલામેં જાયકેં પ્રાપ્ત ભએ. યહ ચરિત્ર શ્રીઆચાર્યજીમહાપ્રભુ આપ કોકિલાવનકી બેઠકમેં પ્રગટ કીએ. **॥ ઇતિ શ્રીઆચાર્યજી મહાપ્રભુનકી શ્રીકોકિલાબનકી બેઠકકો ચરિત્ર સમાપ્ત ॥**

(આ ચતુરા નાગાનું સમાધિનું સ્થળ ગોવિંદ કુંડ ઉપર છે.)

॥ 卐 ॥

॥ કીર્તન સંગતી ॥ રાગ – આસાવરી

ભરોસો શ્રીવલ્લભહી કો રાખો ॥
સગરે કાજ સરેંગે છિન મેં ઈનહી કે ગુણભાખો ॥
નિશદિન સંગકરો ભક્તન કો અસમર્પિત નહીં ચાખો ॥
વલ્લભ શ્રીવલ્લભ પદરજબિન ઔરતત્વ સબ નાખો ॥



॥ શ્રી બેઠકજી - ૨૦ મી : શ્રીકોકિલાવનકી ॥

॥ શ્રી બેઠકજી - ૨૧ મી : શ્રીભાંડીરવનકી બેઠકકો ચરિત્ર ॥

અબ શ્રીઆચાર્યજી કોકીલા બનસોં વિજયકીએ, સો બડી બઠેન, છોટી બઠેન, તથા કોટવન હોઈકેં શેષશાઇ પધારે. તહાં એક રાત રહે. તા પાછેં ફેરિ તહાંતેં રામઘાટ, ગોપીઘાટ, ગુંજાબન, નિવારબન, યે સબ ઉપવનકે દર્શન કરીકેં ચીરઘાટ, નંદઘાટ, હોઈકેં ભાંડીરબન પધારે. તહાં આપકી બેઠક હે તહાં બિરાજે, તહાં સાત દિનકો શ્રીભાગવતકો પારાયણ કીએ. તહાં એક મધ્વાચાર્ય સંપ્રદાયકો વ્યાસતીર્થ સ્વામી મહંત રહેતો હતો. વાકો એક મહાસ્થલ હતો, સો વાને આયકે શ્રીઆચાર્યજીસોં કહી, જો મેરે લાખન તો સેવક હે, બડી ગાદી મધ્વાચાર્ય સંપ્રદાયકી હે, ઓર મેરો ઘર દક્ષણમેં હે, ઓર બડે રાજા મેરે સેવક હે. ઓર મેરે સેવક માધવેંદ્રપુરી હે, તિનકે સેવક કૃષ્ણચેતન્ય ભએ. સો અબ લક્ષાવધિ તો મેરે પાસ રૂપૈયા હે. સો સબ મેં આપકોં દેઉ, ઓર યહ ગાદી આપ લાયક હે, તાતેં આપ બિરાજો. તબ શ્રીઆચાર્યજીમહાપ્રભુ કહે, જો યાકો પ્રતિઉત્તર હમ કાલ્હિ દેઇંગે. તબ વે અપને આશ્રમમેં ગયો. પાછેં અર્ધરાત્ર ભઈ તબ કોઉ ચારિજને મુગદર લેકેં આએ. તિનને વાકો બહુત માર્યો, સો વે મારતતો જાય પરી દીસે નાંહીં. તબ યાને કહી જો તુમ કોન હો? તબ ઉન મારનહારેનને કહી, જો હમ શ્રીઆચાર્યજીમહાપ્રભુનકે દૂત હે, તેરી કહા સામર્થ્ય હે જો તું શ્રીઆચાર્યજીમહાપ્રભુનકો ગાદીપેં બેઠારે? તાસોં જો તું આગનો ભલો ચાહે તો શ્રીઆચાર્યજી કે પાવન પરિયો. નાંહિ તો હમ તોકોં ઠોર મારેંગે. તબ પ્રાતઃકાલ વહ મહંત આયકેં શ્રીઆચાર્યજીકે પાવન પર્યો, ઓર બિનતી કરી જો મોકોં સેવક કરો. મેને આપકો સ્વરૂપ જાન્યો નાંહી, સો ક્ષમા કરો. તબ શ્રીઆચાર્યજી વાસોં કહે, જો તું તો સેવકહી હે. તબ વા વ્યાસતીર્થસ્વામીને બિનતી કરી જો મહારાજ, કૃપા કરીકે મોકોં શરણ લીજિયે. તબ શ્રીઆચાર્યજીમહાપ્રભુ આપ વાકો અંગિકાર કીએ. પાછેં ઉહાંતેં આપ બેલવન તથા ભદ્રબન હોયકેં માનસરોવર પધારે. યહ ચરિત્ર આપ ભાંડીરવનકી બેઠકમેં પ્રગટ કીએ. ॥ ઈતિ શ્રીઆચાર્યજી મહાપ્રભુનકી શ્રીભાંડીરબનકી બેઠકકો ચરિત્ર સમાપ્ત ॥ ॥卐॥

॥ શ્રી બેઠકજી - ૨૧ મી : શ્રીભાંડીરવનકી - શ્રીમદ્ ભાગવત સંગતી ॥

ભાંડીરવનની બેઠકમાં માધવ સંપ્રદાયના કોઈ આચાર્યએ શ્રીમહાપ્રભુજીને માધવ સંપ્રદાયની ગાદી ઉપર અધિપતિ (બેસવાનો) થવાનો આગ્રહ કર્યો. આચાર્યશ્રીએ એમને કહ્યું કે આનો જવાબ અમો આપને કાલે આપીશું. રાત્રે એ મહંતને કોઈ ચાર શક્તિઓએ ડરાવ્યા અને કહ્યું કે ‘એમની પાસે જઈને ક્ષમા માંગો’. એ ચાર શક્તિઓ કોણ હતી તે તેને દેખાઈ નહીં અને તે ઘણા જ ગભરાઈ ગયા. ભગવાનના સિવાય, ભગવાનના પ્રતિનિધિ સ્વરૂપ શંખ, ચક્ર, ગદા, પદ્મ હોય છે. એમનું સ્વરૂપ દર્શન બધાને થતું નથી. અનુભવ અને આભાષ કોઈને પણ થઈ શકે છે. માધવ સંપ્રદાયના મહંતે જે વાત કહી હતી તે શ્રીમહાપ્રભુજીને લૌકિક પુરુષ સમજીને કરી હતી, અને ગાદી અધિપતિ થવાનો લોભ (લાલચ) આપ્યો હતો. જ્યારે વિદ્યાનગરની સભામાં શાસ્ત્રાર્થ થયો હતો ત્યારે માધવ સંપ્રદાયના પ્રતિનિધિને આપશ્રીએ સહજમાં નિરૂત્તર કર્યા હતા. તો કોણ આચાર્યશ્રી શુદ્ધાદ્વૈતની સન્મુખ જે ન્યૂન બલવાળા છે કે તેનો લોભ રાખે. આ આશયથી એ ચાર શક્તિઓએ સમજાવ્યા કે જાઓ ક્ષમા માંગો. અહીં એ ભવિષ્યવાણીનું સ્વરૂપ લક્ષણ છે, જેમાં ભગવાને કહ્યું હતું કે, ‘‘હું એક સો સોમયજ્ઞની પછી સ્વયં પધારીશ’’. તો આ સ્વયં ના સ્વરૂપનું લક્ષણ છે. જ્યાં એમના આયુધ જવાબ આપે છે.

વિશેષ : વર્તમાન સમય સુધી જે જોવામાં આવે છે કે કોઈ પણ ધર્માચાર્ય, ધર્માધિકારી થઈને શિષ્ય સંખ્યા વધારે છે. સ્વયં પોતાને અને શિષ્યોને ધાર્મિક હોવાની વાતો કરે છે. આ પ્રક્રિયાથી ધાર્મિક ક્ષેત્રમાં યશ અને વૈભવ વધે છે અને મૂલ ધર્મ પાછળ રહી જાય છે. આચાર્યશ્રીનું સ્વરૂપ શિષ્ય પરંપરાની સંખ્યા વધારવાનું નથી. જે મૂલ ધર્મ છે જેને ભગવત્ ધર્મ કહીએ છીએ, અને જે ભાગવતથી પ્રગટેલો છે એને સંભાળીને સૌમ્ય બનાવી રાખવાને માટે છે. જેમાંથી ભગવત્ સુખરૂપી સેવાનું પ્રાગટ્ય છે. આ વાત અનામ-અરૂપવાળી અદશ્ય શક્તિ, શંખ-ચક્ર-ગદા-પદ્મ જાણે છે. આ ભેદને સમજાવીને ક્ષમા માંગવાનું કહ્યું, ‘‘नलकुवर मणी ग्रीव’’. ॥卐॥

॥ કીર્તન સંગતી ॥ રાગ – બિહાગ

શ્રીવલ્લભ ભલેબુરેદોઉ તો તેરે ।।
તુમહી હમારી લાજબડાઈ વિનતિ સુનો પ્રભુ મેરે ।।૧।।
અન્ય દેવ સબ રંકભિખારી દેખે બહુત ઘનેરે ।।
હરિપ્રતાપ બલ ગિનત નકાહૂં નિડર ભયે સબચેરે ।।૨।।
સબજત તુમ શરણાગત આયે દઢકર ચરવણગહેરે ।।
સૂરદાસપ્રભુ તુમ્હારે મિલેતેં પાયે સુખજુ ઘનેરે ।।૩।।



॥ શ્રી બેઠકજી - ૨૧ મી : શ્રીભાંડીરવનકી ॥

॥ શ્રી બેઠકજી - ૨૨ મી : શ્રીમાનસરોવરકી બેઠકકો ચરિત્ર ॥

સો તહાં માનસરોવરપેં આપ તીન દિન બિરાજે, શ્રીભાગવતકો પારાયણ કીએ. સબ સેવક આપકે સાથ હતે, સો એક દિન અર્ધરાત્રીકેં સમય દામોદરદાસ દેખે તો શ્રીઆચાર્યજીમહાપ્રભુ આપ તહાં નાંહિ હેં. સો પ્રહર એક પીછેં પુરૂષોત્તમકાંતિ સ્વરૂપકો દર્શન આપ દીએ. તબ દામોદરદાસને કહી જો મહારાજ, આજ અનિર્વચનીય સુખ ભયો. અદ્ભુત દર્શન ભયો. પાછેં આપ આજ્ઞા કીએ જો દમલા, આજ શ્રીસ્વામિનીજીને ગાઢો માન કિયો હતો, સો વહ માન-મોચન કરાયકેં શ્રીસ્વામિનીજીકોં શ્રીનાથજીકે પાસ પધરાયકેં આવત હોં. સો દર્શન દામોદરદાસકોં ભયો. ઓર સબ વૈષ્ણવ નિદ્રાવશ હતે. તા પાછેં શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ લોહબન, રાવલ, શ્રીબલદેવજી, મહાવન, ચિંતાહરણઘાટ, તથા બ્રહ્માંડઘાટ સ્નાન કરી, રમણસ્થલ હોય, ગોપકૂપમેં સ્નાન કરી, ઉતલેશ્વરઘાટ, યશોદાઘાટ, ગોવિંદઘાટ હોયકેં પાછેં અપની શ્રીગોકુલકી બેઠકમેં આય બિરાજે. જન્માષ્ટમીકો ઉત્સવ શ્રીગોકુલમેં કીએ. સો વૃક્ષમેં ચાદર બાંધિકેં શ્રીઆચાર્યજી મહાપ્રભુને શ્રીનવનીતપ્રિયજીકોં પાલને ઝૂલાએ. ઓર સબનકોં તો રત્નજટિત પાલનેકે દર્શન કરવાએ. તહાં ગોપી, ગ્વાલ, શ્રીનંદરાયજી તથા શ્રીયશોદાજીને પ્રગટ દર્શન દીએ. તહાં બડો નંદમહોત્સવ ભયો. સો જબ વે સ્વરૂપ પાછે પધારીવે લગે, તબ શ્રીનંદરાયજી ઓર શ્રીયશોદાજીને શ્રીઆચાર્યજીસોં કહી, જો કછુ વરદાન માગો. તબ આપ કહે, જો આપ તો આપ સાક્ષાત્ પધારે હો, ઓર બેર હમ સ્વાંગ બનાવેંગે, તામેં આપ અપનો આવેશ ધરિયો. કયોં જો અબ તો આપ સાક્ષાત્ પધારે હો, ઓર આગે જો ન પધારોગે તો વૈષ્ણવનકોં અભાવ હોયગો. તબ સબ સ્વરૂપનને કહી જો અસ્તુ. શ્રીમહાપ્રભુ આપને પહલેં નંદમહોત્સવકો ઉત્સવ તો કાશીમેં શેઠ પુરુષોત્તમદાસકે ઘરમેં કિયો હતો, ઓર દૂસરો નંદમહોત્સવ શ્રીગોકુલમેં કીએ. સો કાહેતેં જો ભગવજ્જન્મભૂમિ હે. તહાં દર્શન કીએ, પાછેં શ્રીમથુરા પધારે. તહાં વિશ્રાંતઘાટપેં બિરાજીકેં પ્રથમ પરિક્રમા પુરી કરી. ઉજાગરચોબેકો એકસો રૂપૈયા દીએ, તીન બેર શ્રીઆચાર્યજી આપ પૃથ્વી પરિક્રમા કીએ. તા બેર તીન વ્રજપરિક્રમાહુ કીએ, પરંતુ વિસ્તારકે લીયે યહાં નાંહિ કહે હે. જેસેં પ્રાચીન સ્વરૂપનકેં મુખતેં સુની હતી સોઈ લિખે હે. બ્રજવન યાત્રામેં તો શ્રીઆચાર્યજીકી ૨૨ બેઠક હે. તહાં શ્રીઆચાર્યજી મહાપ્રભુ અલૌકિક ચરિત્ર દિખાએ હે. **॥ ઇતિ શ્રીઆચાર્યજી મહાપ્રભુનકી શ્રીમાનસરોવરકી બેઠકકો ચરિત્ર સમાપ્ત ॥**

(હાલ પણ પ્રતિ જન્માષ્ટમીએ શ્રીગોસ્વામી બાલકો શ્રીનંદ, શ્રીયશોદાજીનો સ્વાંગ કરે છે. તેમાં સાક્ષાત આવેશ આવે છે. તે આ શ્રીનંદરાયજીએ શ્રીમહાપ્રભુજીને આપેલા વચનાનુસાર છે.) ॥卐॥

॥ શ્રી બેઠકજી - ૨૨ મી : શ્રીમાનસરોવરકી - શ્રીમદ્ ભાગવત સંગતી ॥

દામોદરદાસજી હરસનાજીને પુરુષોત્તમ કિર્તી દર્શન અને માનલીલાના દર્શન કરાવ્યા. શ્રીસ્વામિનીભાવ સંપન્ન શ્રીકૃષ્ણની સેવામાં જે નવ રસ છે એમાં શૃંગાર મુખ્ય છે. શૃંગારમાં પણ રાત્રી લીલામાં માન મુખ્ય છે. માનલીલાની વગર રસની વૃદ્ધિ નથી થઈ શકતી. સાહિત્યના ગ્રંથોમાં કહ્યું છે કે, નાયક જ્યારે નાયીકાથી અનુનય અને વિનય કરીને એમનું માન દૂર કરે છે, ત્યારે નાયકમાં રસની વૃદ્ધિ થાય છે. અહીં શ્રીમહાપ્રભુજીએ માન મનાવીને અનુનય વિનય કરીને શ્રીસ્વામિનીજીને શ્રીનાથજીની પાસે પધરાવ્યા. નંદાલયની સેવામાં સંપૂર્ણ વ્રજની લીલા સાંગોપાંગ નિવાસ કરે છે. એટલા માટે ઉત્સવના દિવસ છોડીને રસવૃદ્ધિના માટે માનના પદ ગાવામાં આવે છે. જેમ સાગરમાંથી ચૌદ રત્ન પ્રગટ થયા, સેવા સાગરમાંથી એકલી રાધાજી રૂપી રત્ન પ્રગટ થયું. ‘‘વ્રજમેં રતન રાધિકા ગોરી’’. માનલીલાનું ગુપ્ત રહસ્ય રાસ પંચાધ્યાયીમાં એક સખીના નામથી છે. अनयाऽऽराधितो नूनं भगवान् हरिरीश्वरः । (ભા. ૧૦ સ્કંધ પૂર્વાર્ધ - ૩૦ અધ્યાય - ૨૮ શ્લોક) આ જે પણ ગોપી છે, માન લીલામાં આ જ મુખ્ય છે. ॥卐॥

॥ કીર્તન સંગતી ॥ રાગ – બિહાગ

મધુર વ્રજદેશ વશ મધુરકીનો ।।
મધુર ગોકુલ ગામ મધુર વલ્લભનામ,
મધુર વિઠ્ઠલભજન દાન દીનો ।।૧।।
મધુર ગિરિધરન આદિ સપ્ત તનુવેણુ નાદ,
સપ્તરંધ્રન મધુર રુપલીનો ।।૨।।
મધુર ફલફલિત અતિ લલિત પદ્મનાભપ્રભુ,
મધુર અલિ ગાબત સરસ રંગભીનો ।।૩।।



॥ શ્રી બેઠકજી - ૨૨ મી : શ્રીમાનસરોવરકી ॥

॥ શ્રી બેઠકજી - ૨૩ મી : શ્રીસૂકરક્ષેત્રકી બેઠકકો ચરિત્ર ॥

અબ સૂકરક્ષેત્ર – સોરમજીમેં શ્રીઆચાર્યજીમહાપ્રભુનકી બેઠક હે, તાકો સોરમઘાટ કહેત હે. એક સમય શ્રીઆચાર્યજી મહાપ્રભુ'આપ બિરાજે હતે. તહાં કૃષ્ણદાસમેઘનકો ઉપદેષ્ટા મુરૂ હતો, તાકે દર્શનકો કૃષ્ણદાસ શ્રીઆચાર્યજીકી આજ્ઞા બિનુ ગયે. તબ વાને કૃષ્ણદાસસોં કહી, અરે કૃષ્ણદાસ! તૂં મેરો સેવક હોયકેં શ્રીઆચાર્યજીકો સેવક કયોં ભયો? તબ કૃષ્ણદાસને કહી જો મેરે ગુરૂ તો આપહી હો. આપહીકી કૃપાસે મેંને શ્રીપૂર્ણપુરૂષોત્તમ પાએ હે. તબ વાને કહી જો તિહારે કહેતેં પૂર્ણપુરુષોત્તમ કયોં હોઈ? તબ કૃષ્ણદાસને બરતી અગ્નિ હાથમેં લેકેં યહ કહી, જો શ્રીઆચાર્યજીમહાપ્રભુ આપ શ્રીપૂર્ણપુરૂષોત્તમ હોય તો અગ્નિ મોકોં મતિ જારૈ, ઓર જો અન્ય હોય તો યહ અગ્નિ મોકોં ભસ્મ કરિ દીજિયો. એસે કહીકેં એક મૂહુર્ત લોં અગ્નિ હાથમેં રાખી. તબ વા ગુરૂને અગ્નિ હાથમેં સોં ગિરવાય દઈ. એસો શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ માહાત્મ્ય દિખાયે. ઓર એક સમય વહાં શ્રીઆચાર્યજી આપ શ્રીગંગાજીમેં સ્નાન કરત હતે, તહાં આપકે બડે ભાઈ કેશવપુરી પૃથ્વી પરિક્રમા કરત આય મિલે. સો શ્રીગંગાજીકે પરલેપાર નાવ વિના ચલે જાયકેં સંધ્યાવંદન કિયે. પાછેં વેસેઇ ચલે આયકેં શ્રીઆચાર્યજીકે નિકટ ઠાડે રહે. સો અપની સિદ્ધાઈ શ્રીઆચાર્યજી મહાપ્રભુનકોં દિખાઈ. સો યહ બાત આપકોં આછી ન લગી. તબ શ્રીઆચાર્યજી આપ આજ્ઞા કીએ જે સિદ્ધાઈ તો, ભગવત્સેવા હે, સો તો કરિ નાંહિ, યા સિદ્ધાઈ તેં કહા સિદ્ધ ભયો? તબ દૂસરે દિન વિનકી સબ સિદ્ધાઈ આપને હરી લઈ. તબ દૂસરે દિન વે વેસેઈ ગંગાપાર જાયવે લગે, તબ ડુબને લગે. તબ શ્રીઆચાર્યજીકો નામ લેકેં પુકારન લગે. તા સમય શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ ગંગાકિનારેપેં સંધ્યાવંદન કરત હતે, તહાંતે આપની ભુજા પસારિકેં શ્રીગંગાજીકી મધ્ય ધારામેં તે કેશવપુરીકોં તટપેં કાઢી લીયે. યહ ચમત્કાર દેખિકેં કેશવપુરી શ્રીઆચાર્યજી મહાપ્રભુનકે પાવન પર્યો, ઓર કહી જો આપ તો ઈશ્વરકો અવતાર હો. યહ ચરિત્ર શ્રીઆચાર્યજી મહાપ્રભુ સોરમ ઘાટકી બેઠકમેં પ્રગટ કીએ. ॥ ઈતિ શ્રીઆચાર્યજી મહાપ્રભુનકી શ્રીસોરમઘાટકી બેઠકકો ચરિત્ર સમાપ્ત. ॥

॥ 卐 ॥

॥ શ્રી બેઠકજી - ૨૩ મી : શ્રીસૂકરક્ષેત્રકી - શ્રીમદ્ ભાગવત સંગતી ॥

કૃષ્ણદાસ મેઘન પોતાના પૂર્વ ગુરુની આજ્ઞાથી વિપરીત શ્રીમહાપ્રભુજીના મુખથી શ્રીસુબોધિનીજી સાંભળતા હતા. પૂર્વ ગુરુએ શ્રીવલ્લભાચાર્યજી પૂર્ણપુરુષોત્તમ છે એનું પ્રમાણ માંગ્યું ત્યારે કૃષ્ણદાસ મેઘને હાથમાં અગ્નિ પકડીને (રાખીને) કહ્યું કે, ''આચાર્યશ્રી પૂર્ણપુરુષોત્તમ છે, તો મારા હાથ ન બળે'' અને એમના હાથને કોઈપણ પ્રકારની ક્ષતી ના થઈ. જ્યારે બે ગુરુ સમાનતાના આધાર ઉપર એકબીજાને સામે હોય ત્યારે કોણ શ્રેષ્ઠ છે ? શાસ્ત્રો કહે છે, ''कृष्ण सेवा परंम विक्ष दंभादी रहीतं नरं''ને ગુરુ માનવા જોઈએ. કૃષ્ણદાસ મેઘનના પૂર્વ ગુરુ પૂર્ણ વિદ્વાન હતા, પરંતુ કૃષ્ણ સેવા પરક નહોતા અને શ્રીમહાપ્રભુજીમાં આ સ્વરૂપ વિશદ્ રુપથી હતું. એટલા માટે અગ્નિ પરીક્ષામાં કૃષ્ણદાસ મેઘન સફળ થયા. કૃષ્ણદાસજીના નામની આગળ મેઘન વિશેષણ છે. મે-મારો, અઘ-અપરાધ, ન-મારો દોષ નથી. મેં શ્રીમહાપ્રભુજીને નિર્દોષ ભાવથી સમજ્યા છે, તે ''મેઘન''. तमग्निमपिबत्तीत्रमनन्तोऽनन्तशक्तिधृक् । (ભા. ૧૦ સ્કંધ પૂર્વાર્ધ, ૧૭ અધ્યાય, ૨૫ શ્લોક) આ લીલા સુકર ક્ષેત્રની છે. અહીં આદિ વરાહનું પ્રાગટ્ય છે. વરાહ યજ્ઞાત્મક સ્વરૂપ છે. અહીં સ્વયં અગ્નિકુંડથી પ્રગટ થવાવાળા શ્રીમહાપ્રભુજીનું પ્રમાણ ''મેઘન''ના હાથમાં બિરાજીને અગ્નિએ આપ્યો છે.

॥ 卐 ॥

॥ કીર્તન સંગતી ॥ રાગ – સારંગ

શ્રીવૃન્દાવન ચંદ વદન રુચિ અગ્નિરુપ પ્રકટે હેં દેહધર ।।
માયિકમત પાખંડકે દાહક શીતલતા સુન નામ શ્રવણ કર ।।૧।।
વ્રજપતિ અતિ રતિ પ્રકટ હોય કેં જેજન શરણ આયે તાકે ઉર ।।
શ્રીવલ્લભ સબ સિદ્ધિ આનંદનિધિ વલ્લભ સાધન તજી પાયનપર ।।૨।।



॥ શ્રી બેઠકજી - ૨૩ મી : શ્રીસૂકરક્ષેત્રકી ॥

॥ શ્રી બેઠકજી - ૨૪ મી : શ્રીચિત્રકૂટકી બેઠકકો ચરિત્ર ॥

અબ ચિત્રકુટપે શ્રીઆચાર્યજી મહાપ્રભુનકી બેઠક હે, સો કાન્તાનાથ પર્વતકે સમીપ હે, તહાં શ્રીરામચંદ્રજીને ચાતુર્માસ કીયો હે, તહાં આપ શ્રીઆચાર્યજીને શ્રીભાગવતકો પારાયણ કરીકેં ૧૬ દિન વાલ્મીકિ રામાયણકો પાઠ કિયો. તબ શ્રીહનુમાનજી એક પાવસોં ઠાડે હોયકેં શ્રીઆચાર્યજી મહાપ્રભુનસોં કથા શ્રવણ કરે. તબ આપ આજ્ઞા કિયે, જો તુમ બેઠિકે કથા શ્રવણ કરો. તબ શ્રીહનુમાનજી કહે, જો મેરે તો યહી સંકલ્પ હે. તબ શ્રીઆચાર્યજી આપ આજ્ઞા કીએ જો યહાં કાંતાનાથ પર્વત હે સો શ્રીગિરિરાજકો ભાઈ હે, તાતેં હમકોં ઈનકેં ઉપર પાંવ ન ધરનો. તબ કાંતાનાથને મનમેં વિચાર્યો, જો મેરે ઉપર શ્રીઆચાર્યજી પધારે તો આછો. તબ એક બ્રાહ્મણકો સ્વરૂપ ધરિકેં કાંતાનાથપર્વત શ્રીઆચાર્યજીકે પાસ આયો. તબ આઈકેં બિનતી કરી જો મહારાજ, શ્રીજાનકીજી ઓર શ્રીરામચંદ્રજી મેરે હૃદય શિખરપેં બીરાજત હે, ઉનને આજ્ઞા કરી હે જો તુમ શ્રીઆચાર્યજી મહાપ્રભુસોં જાયકેં કહો, જો હમકોં ભુખ લગી હે, કછૂ સામગ્રી લેકેં પધારો. તા સમય શ્રીઆચાર્યજી આપ શ્રીઠાકુરજીકો ભોગ ધરિકેં બિરાજે હતે. તબ દામોદરદાસતેં કહી, જો કેલાકી ફરી સમારો. તબ પકે પકે કેલાકી ૪૨ ફરી સમારિકેં દામોદરદાસને સિદ્ધ કરી. તામેં મિશ્રીતથા ઈલાયચી ડારી ઓર ગુલાબજળ પધરાયો. તબ કૃષ્ણદાસમેઘનને બિનતી કરી જો મહારાજ, ગુલાબજલ તો ખાસા શ્રીઠાકુરજીકો હે. તબ શ્રીઆચાર્યજી આપ મુસિકાઈકેં ચૂપ કરિ રહે. પાછેં આજ્ઞા કીએ જો શ્રીરામચંદ્રજી હું મર્યાદા આદિપુરુષોત્તમ હે, તાસોં કછુ ચિંતા નાંહી. તા પાછેં એક કારિકા કહી ‘‘સેતુંબંધનમાત્રૈકં ચરિતં હરિસંમતમ્ દોષભાવાય નારીણાં લંકાસ્થાનં નિરૂપિતમ્’’ પાછેં કાંતાનાથકી સિખરપેં આપ પધારે. તહાં દેખે તો એક રત્નશિલાકે ઉપર શ્રીરામચંદ્રજી ઓર શ્રીજાનકીજી બિરાજે હે, ઓર શ્રીલક્ષ્મણજી શેષરૂપ હોયકેં છાયા કરત હે, ઓર હનુમાનજી હાથ જોરીકેં ઠાડે હે. તહાં આપ પધારે, તબ શ્રીરામચંદ્રજી શ્રીઆચાર્યજીસોં મિલે. પાછેં હાથ પકરીકેં રત્નશીલાપેં બેઠારે. તબ શ્રીઆચાર્યજીમહાપ્રભુનને વહ સામગ્રી આગેં ધરી, સો દોઉ સ્વરૂપ આરોગે. તામેકો પ્રસાદ શ્રીલક્ષ્મણજી તથા શ્રીહનુમાનજીકોં દિયે. તા પાછેં શ્રીઆચાર્યજીમહાપ્રભુ ઓર શ્રીરામચંદ્રજી એક મુહૂર્તતાંઈ વાર્તા કીએ. તબ પરસ્પર બહુત આનંદ ભયો. તબ શ્રીરામચંદ્રજી કહે જો મોકોં આપકે હાથસોં આરોગનો હતો તાતેં તુમકોં બુલાએ. પાછેં શ્રીઆચાર્યજી આજ્ઞા લેકેં નીચે અપની બેઠકમેં પધારે. યહ ચરિત્ર શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ ચિત્રકૂટકી બેઠકમેં પ્રગટ કીએ. **॥ ઈતિ શ્રીઆચાર્યજી મહાપ્રભુનકી શ્રીચિત્રકુટકી બેઠકકો ચરિત્ર સમાપ્ત. ॥** ॥卐॥

॥ શ્રી બેઠકજી - ૨૪ મી : શ્રીચિત્રકૂટકી - શ્રીમદ્ ભાગવત સંગતી ॥

ચિત્રકુટમાં સોળ દિવસ સુધી રામાયણનો પાઠ કર્યો હતો. આપશ્રી વલ્લભજીએ જનકજીને ત્યાં શિવ ધનુષ્ય ભંગ લીલામાં પરશુરામ પ્રસંગમાં શ્રીરામચંદ્રજીને સોળ કલાનું સ્વરૂપ સ્વીકાર કર્યુ હતું. આચાર્યશ્રી વલ્લભથી ભીન્ન બધા આચાર્યોએ રામચંદ્રજીને બાર-કલાનું માન્યુ છે. અહીં સોળ દિવસ પાઠ કરવાનું કારણ રામચંદ્રજીનું સ્વરૂપ છે. વાલ્મીકી રામાયણનો પાઠ કર્યો છે. ‘‘શ્રીરામચરિત્રમાનસ’’ આ વાક્યમાં સોળ માત્રા હોય છે, જે શ્રીરામના સ્વરૂપથી માનવામાં આવે છે. શ્રીરામચંદ્રજીની સાથે શ્રીસીતાજી સાક્ષાત ભક્તિરૂપ અભિનવ રાજલક્ષ્મી છે, અને કેળુ લક્ષ્મીનું જ ફળ છે એને રંભાફળ પણ કહેવામાં આવે છે. આ શ્રીસીતાજી શ્રીરામચંદ્રજીને ઘણા જ પ્રિય છે. કારણ કે તેની અંદરનો ભાગ અને હૃદય અતિ કોમળ હોય છે. તે શ્રીમહાપ્રભુજીએ શ્રીરામ અને સીતાજીને આરોગાવ્યા અને લક્ષ્મણજી ત્યાં શુદ્ધ ધર્મ શેષ બનીને છાયા કરી રહ્યા છે. એટલે વૈકુંઠ ત્યાં બિરાજમાન હતું, હનુમાનજી ત્યાં હાથ જોડેલા સ્વરૂપમાં બિરાજમાન હતા. એટલે દસ ભક્તિ સદેહે ઉપસ્થિત હતી. શ્રીહનુમાનજીનું સ્વરૂપ અથર્વવેદના સ્વરૂપમાં છે અથવા તો કહીએ કે વેદ સહેદે જેમની સેવામાં બિરાજમાન છે. આવા ઉત્તમ લક્ષણોથી યુક્ત પ્રભુને શ્રીમહાપ્રભુજી જે ભાવથી આરોગાવી શકે છે, એવો ભાવ બીજો ક્યાં ? આ ચિત્રકુટના મર્યાદા પ્રભુનું સ્વરૂપ માર્કણ્ડેય, વાલ્મીકી, શંકર, બ્રહ્મશ્રી યાગ્યવલ્ક ભારદ્વાજ, યોગેશ્વરેશ્વર શ્રી શુકદેવજી દ્વારા આસ્વાદિત સ્વરૂપ છે. ‘કુટ’ - હૃદયને કહેવાય છે. ઉપરોક્ત ઋષિઓના હૃદયમાં આ ચિત્ર છે. એટલા માટે આ પર્વતનું નામ ચિત્રકુટ છે. ચિત્રકુટની પર્વત માલાનું નામ ‘કાંતાનાથ’ છે. કાંતા શ્રીસીતાજીના આપ એક જ પતિરૂપ થઈને રખવાળા છે. અતઃ કાંતાનાથનો ઉલ્લેખ છે. ‘‘ચિત્રકુટ મેં રમ રહે, રહેમન અવધ નરેશ ।
જાપર વિપધ પરત હૈ, સૌ આવત એહી દેશ ।।’’ ॥卐॥

॥ કીર્તન સંગતી ॥ રાગ – સારંગ

શ્રીવલ્લભનાથ કૌ રુપ કહા કહોં ? પ્રગટે હૈં સબ સુખ કે સાગર ।।
લીલા-ભાવ જો પ્રગટ જનાવત કીનોં હૈ સબ જગત ઉજાગર ।।
દેખિ-દેખિ જો યહ નિધિ આઈ ગહોં જો ચરન-સરન મનદઢકર ।।
‘છિતસ્વામી’ ગિરિધર રસ બરસત અપુને જીવ પર અતિ કરુનાકર ।।



॥ શ્રી બેઠકજી - ૨૪ મી : શ્રીચિત્રકૂટકી ॥

॥ શ્રી બેઠકજી - ૨૫ મી : શ્રીઅયોધ્યાકી બેઠકકો ચરિત્ર ॥

અબ અયોધ્યામેં સરયુકે તીર ગુસાંઈઘાટપેં શ્રીઆચાર્યજી મહાપ્રભુનકી બેઠક હે તહાં બિરાજે. પાછેં એક સમય આપ અયોધ્યાજીમેં કોઈક સ્થલકે દર્શન કરિવેકોં પધારે. વા સ્થલપેં વાલ્મીકિરામાયણ હોત હતી. તહાં શ્રીહનુમાનજી શ્રવણ કરત હતે. તબ હનુમાનજીને કહી જો આપ કૃષ્ણઉપાસક હોયકેં શ્રીરામચંદ્રજીકી પુરીમેં પધારે હો? તબ શ્રીઆચાર્યજી કહે, જો હમતોં અપને શ્રીઠાકુરજીકી સસુરારિ જાનકેં પધારે હે. ઓર તુમ નગ્ન હોયકેં કથા સુનોહો, તાતેં એક લંગોટી લગાયકેં કથા સુનો તો આછો. સો વાહી દિનતેં જહાં રામાયણ હોત હે તહાં એક વસ્ત્ર બિછાવત હે. પાછેં શ્રીહનુમાનજીને કહી જો આપ અયોધ્યાકોં શ્રીકૃષ્ણકી સસુરારિ કેસેં બતાઈ સો કહો. તબ આપ કહે જો પૂર્વે અયોધ્યાકો રાજા અગ્નિજિત હતો. તાકી બેટી શ્રીસત્યાજી હતી, સો શ્રીકૃષ્ણકોં વ્યાહી હતી. જબ સાતબેલ નાથે હે, તબ અગ્નિજિતને શ્રીસત્યાજીકો વ્યાહ કીયો, તાતેં સસુરારિ કહી. પાછેં શ્રીરામચંદ્રજીકી બેઠકમેં શ્રીઆચાર્યજીમહાપ્રભુ મિલિવેકોં પધારે. તબ શ્રીઆચાર્યજી કહે જો 'મર્યાદાપુરૂષોત્તમાય નમઃ' તબ હનુમાનજીકોં સુનિકેં બડો સંદેહ ભયો, સો અંતઃકરણહીમેં રાખે, કાહુસોં કહ્યો નાંહિ. પાછેં શ્રીરામચંદ્રજી અપને મેહેલમેં પધારે, તબ હનુમાનજીકો સંદેહ જાનીકેં શ્રીરામચંદ્રજીને વિનકો શ્રીઆચાર્યજીકે પાસ પઠાએ, જો યહ સામગ્રી હે સો શ્રીઆચાર્યજીકોં દે આવો. તબ હનુમાનજી વહાંતેં ચલે, સો દેખે તો શ્રીરામચંદ્રજીકો સ્વરૂપ ધરિકેં શ્રીઆચાર્યજીમહાપ્રભુ આપ બેઠે હે. તબ હનુમાનજીને દંડવત્ કરી ઓર વહ સામગ્રી આગે ધરી. તા પાછેં હનુમાનજી શ્રીરામચંદ્રજીકે પાસ આઈ કેં સર્વ વૃત્તાંત કહે. તબ શ્રીરામચંદ્રજી કહે, જો યે મેરો સ્વરૂપ ધરિ લેય, પરંતુ મોસોં ઈનકો સ્વરૂપ ધર્યો નાંહી જાય. યાકો આશય યહ હે જો શ્રીરામચંદ્રજી તો શ્રીપુરૂષોત્તમકે હાસ્યકો અવતાર હે, સો દ્વિતીયસ્કંધકી શ્રીસુબોધિનીજીકે સાતમે અધ્યાયમેં આપ કહે હે, જો હાસ્ય તો શ્રીમુખતેં પ્રગટ હોત હે; ઓર શ્રીઆચાર્યજી તો પૂર્ણપુરૂષોત્તમકે મુખારવિંદકી અધિષ્ઠાતા, અલૌકિક, આનંદ સમયકી અગ્નિરૂપ હે. સો યહ નિશ્ચે ભયો. યહ ચરિત્ર શ્રીઆચાર્યજીમહાપ્રભુ આપ અયોધ્યાજીકી બેઠકમેં પ્રગટ કીએ. ॥ ઈતિ શ્રીઆચાર્યજીમહાપ્રભુનકી શ્રીઅયોધ્યાકી બેઠકકો ચરિત્ર સમાપ્ત ॥

॥ 卐 ॥

॥ શ્રી બેઠકજી - ૨૫ મી : શ્રીઅયોધ્યાકી - શ્રીમદ્ ભાગવત સંગતી ॥

અહીં શ્રીમહાપ્રભુજીએ શ્રીરામચંદ્રજીને ''મર્યાદાપુરુષોત્તમ નમઃ'' એવું કહ્યું આથી શ્રીહનુમાનજીને કંઈક સંદેહ ઉત્પન્ન થયો. શ્રીરામચંદ્રજીએ શ્રીહનુમાનજીનો સંદેહ દૂર કરવાને માટે શ્રીવલ્લભની પાસે કાંઈક આપીને મોકલ્યા. શ્રીહનુમાનજીએ આચાર્યશ્રીનું સ્વરૂપ અને શ્રીરામચંદ્રજીના સ્વરૂપમાં સમાનતા જોઈ અને જણાવ્યું કે એ (શ્રીવલ્લભ) અમારું સ્વરૂપ ધારણ કરી શકે છે અને હું (રામ) એમનું સ્વરૂપ ધારણ કરી શકતો નથી. એનું કારણ એ છે કે, મારા, રામચંદ્રજીમાં પુષ્ટિમાર્ગની ફક્ત ચાર લીલાઓ છે અને એમનામાં તો પુષ્ટિલીલાના અપાર-સાગર હિલોરા લઈ રહ્યા છે. જે કામને હું કાલરૂપી ધનુષ્ય હાથમાં લઈને કરું છું, એ કામને આપ (શ્રીવલ્લભ) ઈચ્છા માત્રથી કરી શકે છે અને તે પણ પુષ્ટિ સંબંધી. હું જે કામ કરું છું તે ફક્ત લોક-વેદ પરક હોય છે, મને એટલો જ અધિકાર છે. આપને લોક-વેદથી ઉપર થઈને પુષ્ટિ અધિકાર છે. એ જે ગોપીજનોમાં રહે છે એમની સામે અમારી મર્યાદા નગણ્ય છે. (લોકવેદની સુદ્રઢ શ્રૃંખલા તૃણ સમ તોરી) એ તે ગોપીઓના યુથ નાયક શ્રીસ્વામિની સ્વરૂપ છે.

ॐ नमो भगवते उत्तमश्लोकाय नम । (ભા. ૫ સ્કં. ૧૯ અ. - 3 શ્લોક રૂપી મંત્ર) આ મંત્રના અર્થથી રામચંદ્રજી મર્યાદા પુરુષોત્તમ સ્વરૂપ છે.

જ્યારે શ્રીરામચંદ્રજીએ પોતાની ઉત્તર અવસ્થામાં યજ્ઞ કર્યો હતો, ત્યાં એમણે આચાર્યનું માન - અત્યાધિક કર્યું હતું.

आचार्याय ददौ शेषां यावती भूस्तदन्तरा ।। (ભાગવત ૯ સ્કંધ - ૧૧ અધ્યાય - 3 શ્લોક) આપશ્રી રામચંદ્રજી આચાર્યને હંમેશા માન આપે છે.

॥ 卐 ॥

॥ કીર્તન સંગતી ॥ રાગ - સારંગ

હમારે મદનગોપાલ હેં રામ ।
ધનુષબાન વર વિમલ બેનુકર પીત વસન ઔર તનઘનશ્યામ ।।૧।।
અપની ભૂજા જિન જલનિધિ બાંધ્યો રાસ રચ્યો જિન કોટિક કામ ।।
દશશિર હત જિન અસુર સંહારે ગોવર્ધન ધાર્યો કર વામ ।।૨।।
વે રઘુવર યહ જદુવર મોહનલીલા લલિત વિમલ બહુમાન ।।
પરમાનંદ પ્રભુ ભેદ રહિત હરિ સંતન મિલિ ગાવત ગુનગ્રામ ।।3।।



॥ શ્રી બેઠકજી - ૨૫ મી : શ્રીઅયોધ્યાકી ॥

॥ શ્રી બેઠકજી - ૨૬ મી : શ્રીનૈમિષારણ્યકી બેઠકકો ચરિત્ર ॥

અબ શ્રીઆચાર્યજીમહાપ્રભુનકી બેઠક નૈમિષારણ્યક્ષેત્રમેં ગોવિંદકુંડકે ઉપર છોંકરકે નીચે હે, તહાં આપ સાત દિનકો શ્રીભાગવતકો પારાયણ કીએ હે. એક દિન જપ પાઠ કરિકેં, જહાં અદશ્ય અઠ્યાસી હજાર શૌનકાદિક ઋષિ યજ્ઞ કરત હતે તહાં ગુપ્ત રીતિસોં ઉનકે યજ્ઞમેં આપ પધારે. તબ સબ બ્રાહ્મણને પ્રશંસા કરી, ઓર આસનપેં પધરાયકેં શ્રીઆચાર્યજીકી બહુત પૂજા કરી, ઓર એક શ્લોક કહે. ॥ નૈષ્કર્મ્ય મપ્યચ્યુત ભાવવર્જિતં ન શોભતે જ્ઞાનમલં નિરંજનમ્ ॥ કુતઃ પુનઃ શશ્વદભદ્રમીશ્વરે ન ચાર્પિતં કર્મ યદપ્યકારણમ્ (શ્રીભા. પ્ર. સ્કં. અ. ૫ શ્લોક ૧૨) યા શ્લોકકી વ્યાખ્યા આપ શ્રીઆચાર્યજીને તીન પ્રહર તાંઈ કીએ. પાછેં સબ વૈષ્ણવન કે પાસ આપ બાહિર પધારે. સો દેખે તો સબ વૈષ્ણવનકૂં મૂર્છા આઈ હે. તબ કમંડલુમેંતેં જલ લેકેં છિરકે. તબ સબ સાવધાન ભએ. તબ સબનને દંડવત્ કરિકેં પૂછી જો મહારાજ, તીન પ્રહરતેં આપ વિના હમારે પ્રાણ બહુત કષ્ટ પાવતહે. તબ આપ કહે, જો ઈહાં અઠ્યાસી હજાર શૌનકાદિક ઋષિ હે સો યજ્ઞ કરે હે તા યજ્ઞ કે દર્શન કરિવે ગએ હતે. તહાં ઉનને શ્રીભાગવતકો પ્રશ્ન કીયો, તાકી વ્યાખ્યા કરતે કરતે તીન પ્રહર વ્યતીત ભએ. યહ ચરિત્ર શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ નૈમિષારણ્યકી બેઠકમેં પ્રગટ કીએ.

॥ ઈતિ શ્રીઆચાર્યજીમહાપ્રભુનકી નૈમિષારણ્યક્ષેત્રકી બેઠકકો ચરિત્ર સમાપ્ત ॥

॥卐॥

॥ શ્રી બેઠકજી - ૨૬ મી : શ્રીનૈમિષારણ્યકી - શ્રીમદ્ ભાગવત સંગતી ॥

અહીં આપશ્રીએ શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. નૈમિષારણ્યમાં અઠ્ઠયાસી હજાર ઋષીઓ યજ્ઞ કરતા હતા. પહેલા તો તે મુર્તિમાન સ્વરૂપથી બિરાજતા હતા, છતાં પણ અદશ્યરૂપથી બિરાજે છે અને યજ્ઞાનુષ્ઠાન કરે છે અને તે પણ નિષ્કામ ભાવથી. ગીતા સહીત વિવિધ ગ્રંથોમાં નિષ્કામ કર્મની પ્રબળ ભાવના સમજાવવામાં આવી છે અને આ નિષ્કામ કર્મયોગથી મોટા-મોટા મનિષી, સ્થિર જીવનવાળા થઈ ગયા. આ અઠ્ઠયાસી હજાર અદશ્ય મુનિઓની વચ્ચે આચાર્યશ્રીએ ત્રણ પ્રહર ભાગવતના શ્લોકના ચતુર્થાંષિનો "नैष्कर्म्यमप्यच्युतभाववर्जितं।" (ભાગવત ૧ સ્કંધ - ૫ અધ્યાય - ૧૨ શ્લોક) ખુલાસો કર્યો. અગર કોઈ નિષ્કામ કર્મયોગ સારી વાત છે, તો તે ભગવત્ સુખનો વિચાર્યા વગરની સારી વાત હોઈ શકે જ નહીં. પુષ્ટિમાર્ગમાં એવા પુષ્પોનો આદર કરવામાં આવે છે. જેમાંથી અત્તર પ્રગટ થાય છે. અન્ય પુષ્પો કામના નથી, જે કેટલા પણ મુલ્યવાન હોય. કર્મ ભલે ને કર્મનિષ્કામ થઈને, કૃષ્ણથી પણ ગીતા દ્વારા વર્ણવેલા હોવાથી કેટલા પણ સારા હોય, પરંતુ ભગવત્ સુખનો તેમાં વિચાર નથી તો તે નિષ્કામ કર્મ યોગ ભક્તોને કામનો નથી ભલે ને તે ભગવાનના કામનો હોય.

ભાવાત્મક જગતમાં ઋષિઓની ભાગવત ધર્મ વ્યાખ્યા ફરીથી સુદ્રઢ થઈ ગઈ. આ વ્યાસ અને નારદના સંવાદની વ્યાખ્યા પૂર્ણ કરી છે. ॥卐॥

॥ કીર્તન સંગતી ॥ રાગ – સારંગ

શ્રીવલ્લભકી હોં બલિહારી ।
સબહિન કોં વચનામૃત સીંચત કહિ અંતર દુઃખહારી ।।૧।।
નવનિકુંજ મંદિરકી લીલા નિત્ય વિહાર વિહારી ।।
રસિક મનકી આસા પૂજી હોંતોં શરણ તિહારી ।।૨।।



॥ શ્રી બેઠકજી - ૨૬ મી : શ્રીનૈમિષારણ્યકી ॥

॥ શ્રી બેઠકજી - ૨૭ મી : શ્રીકાશીજીકી બેઠકકો ચરિત્ર ॥

અબ શ્રીકાશીમેં શેઠ પુરૂષોત્તમદાસ કે ઘર શ્રીઆચાર્યજીમહાપ્રભુનકી બેઠક હે. પ્રથમ આપ તહાં નંદમહોત્સવ પ્રગટ કીયે હે.'તા સમય શ્રીનંદરાયજી, શ્રીયશોદાજી, શ્રીવૃષભાનજી, ઉપનંદાદિ ગોપ, ગ્વાલ, તથા વ્રજભક્ત સાક્ષાત્ સ્વરૂપાત્મક પધારે. નંદમહોત્સવ ભયો, તહાં વિશ્વેશ્વરજી મહાદેવજી દર્શનકોં પધારે હે. યે પ્રસંગ શેઠ પુરૂષોત્તમદાસકી વાર્તામેં વિસ્તાર કરિકેં લિખે હે. પત્રાવલંબન ગ્રન્થ શ્રીઆચાર્યજીમહાપ્રભુ આપ યહાંહી પ્રગટ કિયો હે. ઓર તહાં શ્રીકૃષ્ણપૂર્ણપુરૂષોત્તમ સ્થાપન કિએ, ઓર માયામત ખંડન કિયો. સો કાશીમેં મત્તમાતંગ પંડિત હતે, તિન સબનકોં નિરૂત્તર કીએ. વે કેહેત હતે જો ભાષ્ય તો તીન હે, ચોથો ભાષ્ય વિવેચન નાહી હે. સો ઉનકોં જીતિકેં શ્રીઆચાર્યજીમહાપ્રભુ અણુભાષ્ય નિરૂપણ કીએ. શંકરકો વિરૂદ્ધ મત હતો, તાકો ખંડન કીએ. સો વા પત્રાવલંબન ગ્રંથકે તીસ શ્લોકનમેં માયાવાદી પંડીતનકો નિરૂતર કરિ દિએ. તબ વે મહાદેવજીકે દ્વારપેં મરને બેઠે, ઓર કહે જો આપ શંકરાચાર્યકો સ્વરૂપ ધરિકેં બ્રહ્મકો નિરાકાર સ્વરૂપ વર્ણન કીયો હે, તા મતકો શ્રીવલ્લભાચાર્યજી ખંડન કરિકેં સાકારબ્રહ્મકો સ્થાપન કીએ હે. તબ આપ શ્રીમહાદેવજી સ્વપ્નમેં આજ્ઞા કીએ, જો શ્રીઆચાર્યજી કહે સો સત્ય હે. સો વિશ્વેશ્વરજીકી પ્રતિમાસોં યહ શબ્દ ભયો. ‘‘સત્યં સત્યં ચ સત્યં ચ સત્યં શ્રીવલ્લભોદિતમ્ ॥ પ્રવર્તા ચ પ્રવર્ત્યં ચ પ્રવર્તેત પુનઃ પુનઃ ॥ ૨ ॥ પ્રવર્તય શંકર પ્રતિ ॥’’ સોયાકો આશય કહે જો શ્રીવલ્લભાચાર્યજી કહે સો સત્ય હે, તાહી પ્રમાણ ચલનો. પદ્મપુરાણમેં શ્રીમહાદેવજીકોં જીવનકોં બહિર્મુખ કરિવેકી આજ્ઞા કીએ, સો ‘‘ત્વં ચ રૂદ્ર મહાબાહો, મોહશાસ્ત્રં પ્રકાશય ॥ પ્રકાશં કુરૂ ચાત્માનમપ્રકાશં ચ માં કુરૂ ॥’’ ઓર આપ કાશીમેં બહુત દિનલોં બિરાજે. સો તહાં યજ્ઞોપવીત, વ્યાહ સબ કાશીમેં કિયો. યહ ચરિત્ર આપ કાશીમેં શેઠ પુરૂષોત્તમદાસ કે ઘર કી બેઠકમેં પ્રગટ કીયે હે.

॥ ઇતિ શ્રીઆચાર્યજી મહાપ્રભુન કી શ્રીકાશીમેં શેઠ પુરૂષોત્તમદાસકે ઘર કી બેઠકકો ચરિત્ર સમાપ્ત ॥

॥ 卐 ॥

॥ શ્રી બેઠકજી - ૨૭ મી : શ્રીકાશીજીકી - શ્રીમદ્ ભાગવત સંગતી ॥

શેઠ પુરુષોત્તમદાસના ઘરમાં આપશ્રીએ નંદમહોત્સવનો મનોરથ કર્યો હતો. એમાં નંદરાયજી, યશોદાજી અન્ય વ્રજભક્ત સ્વરૂપ સહિત પધાર્યા હતા અને ત્યાં ભગવાન વિશ્વેશ્વર પણ પધાર્યા હતા. શ્રીવલ્લભના આદિ પૂર્વજોને આજ્ઞા થઈ હતી, ‘‘આપને ત્યાં સો સોમયજ્ઞ થયે હું કૃષ્ણ સ્વયં આવીસ.’’ જ્યાં સ્વયં કૃષ્ણ છે ત્યાં આપનો પરીકર પણ સાથે છે. જ્યારે આપશ્રીએ કૃષ્ણ જન્મ કર્યો ત્યારે નંદાદીક ગોપોએ પ્રગટ થઈને દર્શન આપ્યા અને ભગવાન શંકર પોતાની જ્ઞાન ભૂમિમાં પુષ્ટિ પુરુષોત્તમનો સાક્ષાત જન્મ પોતાના ઘરમાં જોઈને ઘણા જ પ્રસન્ન થયા. અહીં આપશ્રીએ આપનો સર્વોપરી ગ્રંથ ‘‘અણુભાષ્ય’’ પ્રગટ કર્યો છે અને ‘‘પત્રાવલંબન’’નો સંદેશો પણ ‘‘વિશ્વનાથ મંદિર’’ના માધ્યમથી પ્રસારીત કર્યો. એવું અહીં એટલા માટે કર્યું, આ નગરીના માલીક વિશ્વનાથ છે અને તે માલીકની સામે જ પોતાના વિચાર સ્પષ્ટ રીતે સ્વીકાર કરાવ્યા.

त्वं हि ब्रह्म परं ज्योतिर्गूढं ब्रह्मणि वाङ्मये । (ભાગવત ૧૦ સ્કંધ ઉતરાર્ધ - ૬૩ અધ્યાય - ૩૪ થી ૪૫ શ્લોક) (દ્વારકાનાથની ભગવાન રુદ્ર દ્વારા ભક્તિમાર્ગીય સ્વરૂપ પરક સ્તુતિ)

॥ 卐 ॥

॥ કીર્તન સંગતી ॥ રાગ – બિહાગરો

જે જે જન બિછુરે પ્રભુ તેં તે અભૈપદ કરન ।
કાસી મેં પ્રભુ પત્રાવલંબન કીનોં મયામત હરન ।
શ્રીભાગવત પુરાન વેદ મથિ શ્રીગોવર્ધન ધરન ॥૧॥
કો કહિ સકૈ ગાન ગુન ઈનિ કે આગમ નિગમ-વરનનન ।
‘છીતસ્વામી’ પ્રભુ પુરુષોત્તમ નિધિ શ્રીવિઠ્ઠલેસ સદન ॥૨॥



॥ શ્રી બેઠકજી - ૨૭ મી : શ્રીકાશીજીકી ॥

॥ શ્રી બેઠકજી - ૨૮ મી : શ્રીકાશીકી દૂસરી (હનુમાનઘાટકી) બેઠકકો ચરિત્ર ॥

અબ શ્રીઆચાર્યજીમહાપ્રભુનકી દૂસરી બેઠક કાશીમેં હનુમાનઘાટકે ઉપર હે, તહાં આપને સન્યાસ ગ્રહણ કિયો હે. તબ એક માસ તાંઈ શ્રીઆચાર્યજી આપ એક શિલા ઉપર બિરાજે. અન્નજળ સબ ત્યાગ કીયો. તા સમય બહિર્મુખ બ્રાહ્મણનને પૂછી જો તુમ સન્યાસ ગ્રહણ ઉપદેશ કોનસોં લીયો? તબ આપ સન્યાસ નિર્ણયગ્રંથ લિખિકેં દીએ. સો વાકોં બાંચિકે વે નિરૂત્તર હોય ગયે. તા પાછેં ફેરિ બહુત પંડિત ભેલે હોય કેં આયે. તબ આપ ભયંકર ઝલઝલાયમાન અગ્નિકો દર્શન દીએ. તબ સબ ભય પાયકેં પાછે ફિરિ ગયે. (રોષદક્પાતસમ્લુષ્ટભક્તદ્વિડ્) યહ નામ શ્રીસર્વોત્તમજીમેં નિરૂપણ કીયો હે. તા પાછેં પુષ્યનક્ષત્રકી વ્યાપ્તિ હોય કેં, અભિજિત કાલમેં અસાડ સુદિ ૨ ઉ. ૩ કે દિન, શ્રીગંગાજીકે જલમેં આપ કટિતાંઈ બિરાજે. તબ ચાલીસ હાથમેં તેજકે પુંજકો ‘‘ભંવરા’’ ભયો, સો આકાશ તાંઈ છાય રહ્યો. સો દોય મુહૂર્તલોં કાશીકે વાસીનને સબને દેખ્યો. તબ વે કહે, જો હમને અબલોં શ્રીઆચાર્યજીકો સ્વરૂપ જાન્યો નાંહી. જો યે તો ઈશ્વર હે. તા પાછેં શ્રીઆચાર્યજી સબનકે દેખત સ્વધામ પધારે. યહ ચરિત્ર કાશીમેં હનુમાનઘાટકી બેઠકમેં દિખાએ. ॥ઈતિ શ્રીઆચાર્યજીમહાપ્રભુનકી શ્રીકાશીકી દૂસરી (હનુમાનઘાટકી) બેઠકકો ચરિત્ર સમાપ્ત ॥ ॥卐॥

॥ શ્રી બેઠકજી - ૨૮ મી : શ્રીકાશીકી - શ્રીમદ્ ભાગવત સંગતી ॥

પંચગંગા ઘાટની આ શીલા ઉપર અન્ન-જલ ત્યાગ કરીને બિરાજ્યા. કોઈએ પૂછ્યું કે આપે સંન્યાસ દિક્ષા કોની પાસે લીધી ? ત્યારે આપશ્રીએ ત્યાંની રજમાં ‘‘સન્યાસનિર્ણય’’ ગ્રંથ લખ્યો. પ્રશ્ન કરનારા નિરૂત્તર થઈ ગયા, શાસ્ત્ર એને કહેવાય છે જે વેદ પરક હોય. કોઈપણ યોગ્ય વ્યક્તિ અગર ઈચ્છે તો એમને પોતાના ગૃરુ માનીને આચરણ કરી શકે છે. એવું જ વેદ પરક શાસ્ત્રોમાં લખ્યું છે કે ‘‘आश्रमादाश्रमं गच्छे’’ (ભા. ૧૧ સ્કંધ - ૧૭ અધ્યાય - ૩૮ શ્લોક)

સનાતન ધર્મનો નિયમ છે કે એક આશ્રમથી બીજા આશ્રમમાં સ્વધર્માચરણ નિભાવવાને માટે સ્વત: પ્રવેશ કરે. કોઈની આજ્ઞાની રાહ જોવાની ના હોય. બ્રહ્મચર્ય આશ્રમથી, ગૃહસ્થાશ્રમમાંથી વાનપ્રસ્થ ત્યાર પછી સંન્યાસમાં પ્રવેશ છે. આવી રીતે આપશ્રીએ સંન્યાસ લઈને શાસ્ત્ર ‘પણ’ પ્રમાણીક ગુરુ છે. આ શાસ્ત્રોના અધ્યયન, અભ્યાસ કરવા યોગ્ય છે. આપના અંતરધ્યાન થવાની લીલાના સમયે અગ્નિપૂંજની ઊંચાઈ ચાલીશ હાથની હતી. આવું ત્યાં ઉપસ્થિત ભગવદીયો એ દર્શન કર્યા.

જ્યારે સોમયજ્ઞ કરવામાં આવે છે ત્યારે છેલ્લા દિવસે યજ્ઞ કરતા આચાર્ય પોતાના શિષ્યોને અને પરિવારજનોને ઘણા ઊંચા મંચની ઉપરથી આશિર્વાદ આપે છે. આ મંચની ઊંચાઈ અનુમાનીત ચાલીશ હાથની હોય છે. એટલા માટે અગ્નિપૂંજ ચાલીશ હાથ ઊંચો હતો અને તેજપૂંજમાંથી પ્રગટેલા એ તેજપૂંજમાં પ્રવેશ કરી ગયો.

જીવનની મર્યાદાનો આ ઉત્કર્ષ છે. જેવી રીતે ભગવાન શ્રીરામને સરયૂના માર્ગથી પ્રવેશ કર્યો, એવી રીતે આપે ભગવદ્ ચરણોદકના માર્ગથી પ્રવેશ કર્યો. ॥卐॥

॥ કીર્તન સંગતી ॥ રાગ – બિહાગરો

વંદેહં તં વિમલ હુતાશં ।।
જાતેં પ્રકટ પ્રદીપ શ્રીવિઠ્ઠલ અમલ અદ્દભૂત તિમિર ભ્રમનાશં ।।૧।।
ઉઠત સ્ફુલિંગ વિષદ નિજ સેવક વચનમૃદુ પ્રેર મારુત બિલશ્વાસં ।।
અન્ય ભજન દાવાનલ ચહુઁદિશ માયાવાદ મનુજ મૃગ ત્રાસં ।।૨।।
શીત સમીપ દુરજન તાપક અનુભવ ઉભય એક ગુણ ભાસં ।।
દેવાનન જડ અમિત સમીર વશ પુરુષોત્તમ મુખ પદ્મ વિકાસં ।।૩।।
વાગીશજ્ઞ રસજ્ઞ વરણ પુનિ અતુલ સ્વભાવ ગૃહીત રુચિ ગ્રાસં ।।
અખિલ ધરા પદપરસ પુત કૃત વ્રજ યમુના વિહરત રુચિ રાસં ।।૪।।
શ્રીવલ્લભ વિઠ્ઠલસુત ગિરિધરનર ભુષણ મતિમૂઢ પ્રકાશં ।।
શ્રીલક્ષ્મણસુત બિષ્ણૂસ્વામિપથ શ્રૃતિવચ મંડન કહે વિષ્ણૂદાસં ।।૫।।



॥ શ્રી બેઠકજી - ૨૮ મી : શ્રીકાશીકી દૂસરી (હનુમાનઘાટકી) ॥

॥ શ્રી બેઠકજી - ૨૯ મી : શ્રીહરીહરક્ષેત્રકી બેઠકકો ચરિત્ર ॥

